# પરિવ્રાજક

(એક કથાનક)

આલેખક:
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

કીમત
સાડાત્રણ રૂપીઆ

આલેખક-પ્રકાશક:
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ;
મુક્તમ્પુર; ભરૂચ

પ્રત ૧૦૦૦
કીમત સાડાત્રણ રૂપીઆ
પ્રથમ આવૃત્તિ

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦, ગીરગામ રોડ
મુંબઇ, ૨.

# અનુક્રમ


| વર્ણક | | | | | પાનું |
|---|---|---|---|---|---|
| | પ્રસ્તાવના | ... | ... | ... | |
| ૧ | ભીમપુરીનો ભેટો | ... | ... | ... | ૧ |
| ૨ | અકસ્માત | ... | ... | ... | ૧૬ |
| ૩ | એ રાત | ... | ... | ... | ૩૮ |
| ૪ | "પિલાવ"ને પ્રારબ્ધ | | ... | ... | ૫૧ |
| ૫ | વસિષ્ઠગુફા પહોંચ્યા | | ... | ... | ૭૬ |
| ૬ | ગંગા | ... | ... | ... | ૯૬ |
| ૭ | બીજી રાત | ... | ... | ... | ૧૧૯ |
| ૮ | ગંગાની વાત | ... | ... | ... | ૧૩૬ |
| ૯ | બ્રહ્મચારી બાબા | ... | ... | ... | ૧૪૮ |
| ૧૦ | મોહનાનન્દજી જલપ્રવાહમાં | | ... | ... | ૧૭૪ |
| ૧૧ | શોકમોહ | ... | ... | ... | ૨૦૩ |
| ૧૨ | શવની શોધ | ... | ... | ... | ૨૧૯ |
| ૧૩ | જ્યારે શિવા બોલે છે | | ... | ... | ૨૩૧ |
| ૧૪ | પરિવ્રાજક | ... | ... | ... | ૨૪૬ |
| ૧૫ | છેલ્લો પ્રસંગ | ... | ... | ... | ૨૬૫ |
| | શુદ્ધિપત્ર | ... | ... | ... | ૨૯૩ |


★

# પ્રસ્તાવના

આ પુસ્તકના બીજા વર્ણકમાં અણધાર્યા પ્રસંગોનું ચિત્ર દોરતાં **"અકસ્માત્"** શબ્દ વિષે કૈંક લખાઈ ગયું છે; એવી જ રીતે આ કથાનક લખવાની મનોવૃત્તિ અને આશય અકસ્માત્ ઊભાં થયાં અને પુસ્તકરૂપે પ્રકટ થાય છે. આશય છે દૃષ્ટાન્તો દ્વારા સામાન્ય સાધકને સાધન, સાધના અને સાધ્ય વિષે કૈંક સ્પષ્ટતા કરી આપવાનો.

ગોખતાં પણ મુશ્કેલીથી સ્મૃતિક્ષેત્રમાં અર્થારોપણ થાય એવા ભારોભાર અર્થઘન શબ્દો અને વાકયોવાળાં તત્ત્વજ્ઞાનની ચર્ચાવાળાં, શાસ્ત્ર–પ્રમાણોને ગોઠવી–ભરીને ભૂતકાળને સત્–સુવર્ણયુગ સિદ્ધ કરવાનાં રૂઢિચુસ્ત પાંડિત્યવાળાં, રિદ્ધિ–સિદ્ધિ અને ચમત્કારોને વીજળીના ઝબકારા કે કડાકા–ધડાકા જેવા અલંકાર વાપરીને રોચક–મોહક બનાવેલાં, જનસમૂહને ભગવાન કે ભક્ત–સન્તોની પાછળ શ્રધ્ધાન્ધ બનીને દોડતા કરવાની ઘેલછા વધારનારાં તથા ઐશ્વર્યનાં ગુણગાનવાળાં પુસ્તકોમાં હેતુ ગમે તેવો શુધ્ધ હોવા છતાં સાધન, સાધના તથા સાધ્ય વિષેની સમજણમાં કયાંક અપૂર્ણતા લાગે છે: કારણ કે એ બધાંમાં જીવનની વાસ્તવિકતા કરતાં અતિવાદ અને અતિશયોકિત જણાય છે.

તર્કમૂલક અને દૃષ્ટાન્તબોધક એવા બે પ્રકારના ગ્રન્થભંડાર પરાપૂર્વથી ઉભરાતા આવ્યા છે. અદ્વૈત, કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુધ્ધાદ્વૈત, દ્વૈત, અચિંત્ય દ્વૈતાદ્વૈત, અને ત્રૈત–ઉપરાન્ત સગુણ ઇશ્વરના સંપ્રદાય-બધ્ધ ઇષ્ટદેવો, અવતારો, આચાર્યો, સંસ્થાપકો, ગુરુઓ–એ બધાની સર્વોપરિ સત્તા અને ઇષ્ટતા વિષે તર્કપ્રધાન સભાજિત ગ્રન્થોનો પાર નથી. તર્કકુશલોનો એ બુધ્ધિવિનોદ–વિલાસ છે; એમાં સાધન-સાધનાનો નિર્ણય કરવાની યુકિતઓ છે; તર્કપૂર્ણ મીમાંસા છે; સૃષ્ટિ,

સ્થિતિ તથા લયની પ્રક્રિયાઓ છે; સૃષ્ટિ, સમાજ અને ધર્મ–અધર્મ તથા કર્મ–અકર્મ–વિકર્મની સમસ્યા ઉકેલવાની વિપુલ સામગ્રી ભરી છે,–છતાં એ બધા ગ્રન્થોનાં વાચન–શ્રવણ, મનન, અને અનુશીલન માટે સાધકને કષ્ટકર અને વિકટ પરિસ્થિતિ ઊભી થાય છે, જ્યારે કથાનકો, સંવાદો, કે દૃષ્ટાન્તોના અપરોક્ષ અભ્યાસ કે સ્વાધ્યાયથી સરલતા સાંપડે છે, જે સન્તોનાં જીવનદર્શનમાં આપણને સહજભાવે પ્રત્યક્ષ થાય છે.

નિવૃત્તિપરાયણ શાસ્ત્રોમાં એક બાજુ શાસ્ત્રસિધ્ધાંતની ચર્ચાનાં પુસ્તકોનો વિપુલ ભંડાર છે, જ્યારે એની સાથે સાથે જ સંવાદ, કથાનકો કે દૃષ્ટાન્તોવાળાં પાત્રોનાં આચરણને ચીલે ચાલતાં સાધના સફલ થાય તેવાં વૃત્તાંતવાળાં પણ ઘણાં પુસ્તકો છે.

વેદવાઙ્મયમાં કથાનકો આવે છે; ઉપનિષદ્–સમૂહોમાં સંવાદોની ગૂંથણી છે; તંત્રગ્રન્થો પણ સંવાદરૂપે લખાયેલા છે. પંચમવેદ જેવું મહાભારત તો પ્રવૃત્તિ–નિવૃત્તિ માર્ગનાં બન્ને પાસાંને સરખી રીતે અજવાળે છે. વાલ્મિકી રામાયણ, અધ્યાત્મ–રામાયણ, યોગવાસિષ્ઠ મહારામાયણ, ત્રિપુરારહસ્ય જ્ઞાનખંડ, પુરાણો તથા ઉપપુરાણો, કથાસરિત્સાગર, હિતોપદેશ, પંચતંત્ર વગેરે સંસ્કૃત–ભાષાયુગનાં ઘણાં પુસ્તકો બીજા વર્ગમાં આવે છે. તર્કપ્રધાન ગ્રન્થો કરતાં દૃષ્ટાન્તબોધક ગ્રન્થોની સંખ્યા બહુ મોટી છે, એ જ બતાવે છે કે જિજ્ઞાસુ, ભક્ત, કે સાધક એવા જે નામથી અધ્યાત્મમાર્ગના પથિકને ઓળખી શકાય, એને દૃષ્ટાન્તબોધક ગ્રંથો જ વિશેષ ઉપકારક, સરલ અને સહજ જ્ઞેય થઇ પડે છે.

ભારતભરની પ્રાકૃત ભાષામાં પણ અસંખ્ય પુસ્તકો એવા જ ઉદ્દેશથી લખાયાં છે–લખાય છે. દૃષ્ટાન્તોમાં કલ્પના, અનુમાન કે અતિશયોક્તિ હશે. સંભવ–અસંભવનાં શંકાસ્પદ પ્રસંગો કે પાત્રો

હશે, પરન્તુ એ તો નાનાવિધ ભૂમિકાવાળા લોકસમૂહના અધિકાર-ભેદનો પ્રશ્ન છે. દૃષ્ટાન્તને વાસ્તવિક ન માનતાં એના સાર-ગર્ભને જ ગ્રાહ્ય-સ્વીકાર્ય માનવો એ સર્વમાન્ય સિધ્ધાન્ત છે, એટલે કથામાંથી 'નવલકથા' ઉદ્ભવે એ અસંભવિત વાત નથી.

અને વર્તમાન યુગમાં તો વીરપુરુષોનાં, દેશનાયક કે દેશસેવકોનાં ચરિત્રો વિગતવાર લખાય છે, એટલું જ નહિ પણ હવે તો પોતે જ પોતાની 'કથા' લખવાની પધ્ધતિ પણ પ્રચલિત થઈ છે. ક્ષત્રિય-યુગમાં ભાટ-ચારણોના ચોપડામાં ક્ષત્રિયોનાં જ નહિ, પણ પ્રત્યેક વર્ણ અને જાતિનાં વૃત્તાંતો લખાયેલાં છે, કે જે વીરત્વ-ભરી વાણીથી રાજ્યસભાઓ કે લોકમંડળો ગાજી ઊઠતાં-આનન્દકિલ્લોલ કરતાં. પરન્તુ જનરૂચિ તો એવી છે કે જોઈ-સાંભળીને જ જીવન ઘડવું જોઇએ. નવતર પ્રયોગો કરીને પોણોસો-સો વર્ષના ટૂંકા આયુષ્યને નિષ્ફલ પરિણામમાં વેડફી નાંખવા કરતાં હજારો વર્ષથી માનવ-સમાજે-માનવીય સમૂહના પણ વિજ્ઞાનવૃધ્ધ ઋષિવર્ગ જેવા પૂર્વજોએ પ્રયોગો ઉપર પ્રયોગો કરીને જે જીવનસાર શોધી કહાડ્યો છે, પ્રયોગો અને પરિણામને નોંધી રાખ્યાં છે, એવા સફલ અને નિર્ભ્રાન્ત જીવનરથના સાધનમાર્ગને સ્વીકારીને એ જ રાજમાર્ગે અગ્રસર બનીને પાશવીય જીવનમાંથી દૈવી જીવન જીવવું-એન જ ઉત્તમ માનેલું છે. શિવ, વિષ્ણુ કે બ્રહ્માની, દશાવતારની અને તેમાંએ શ્રી. રામભદ્ર કે શ્રી. કૃષ્ણચંદ્રની મહિમાવંતી જીવનલીલા અને એમની ઉપાસનાથી જેટલાં જીવન દિવ્ય અને ધન્ય બન્યાં છે, તેટલાં યુક્તિ, તર્ક, કે પ્રમાણગ્રન્થોથી નથી બની શકયાં એ નિર્વિવાદ છે. પ્રત્યેક આચાર્યે પોતપોતાના ઇષ્ટદેવના સગુણ સ્વરૂપની ઉપાસનાથી સામર્થ્ય કેળવ્યું છે; પોતપોતાના ઇષ્ટદેવનાં મુક્તકંઠે ગુણગાન ગાયાં છે. સંસ્કૃત ભાષાનાં સ્તોત્રો, ગ્રન્થોનાં માહાત્મ્ય-પ્રકરણો, તથા

લોકસમૂહને ધર્મપોષક નીવડે એવાં વ્રતોમાં પણ જ્યાં જુઓ ત્યાં અમુકે આમ વ્રત-તપ કર્યાં, અને આમ સફલતા મળી એ માહાત્મ્યથી પ્રેરાઈને જ માનવસમાજ શુધ્ધ ધાર્મિક પંથે ઉન્નતિ સાધી શક્યો છે.

ગુજરાતી ભાષામાં પણ પ્રેમાનંદે આખ્યાનો ગાયાં છે, શામળે પણ લોકરૂચિને પોષક થાય તેવી વાર્તાઓને કાવ્યમાં ઊતારી છે; અનેક કવિઓએ મહાભારત તથા રામાયણને ગુજરાતી ભાષામાં વર્ણવીને લોકસમૂહને શબ્દબ્રહ્મની ઉપાસના કરાવી છે.

સ્વ. ઈ. સૂ. દેસાઈકૃત ચંદ્રકાન્તગ્રન્થ વાર્તારૂપે જ ઘણું શીખવે છે; શ્રી. નૃસિંહાચાર્યે પણ એવાં પુસ્તકો લખ્યાં છે; સદ્દગત શ્રી. મણિલાલ ન. દ્વિવેદીએ અંગ્રેજી વાર્તાના ગુજરાતી અવતારરૂપે ગુલાબસિંહ લખીને યોગ-વેદાન્તનું રહસ્ય સમજાવ્યું છે. આવા પ્રયત્નો ઘણા લેખકોએ પોતપોતાની મતિ-ગતિ-શક્તિ અનુસાર કર્યા છે અને કરશે, એ સ્વભાવધર્મ છે. આવા ગ્રન્થોના વાચન-શ્રવણથી પ્રાચીન સાધકોના જીવન પ્રસંગોનો શાસ્ત્રીય સાધનાની કસોટીપર કસ કહાડીને નવીન સાધક પોતાના જીવનરથને સુરક્ષિત રીતે ગન્તવ્ય સ્થાને દોરી શકે છે: આ લાભ વિશેષ વાસ્તવિક અને વ્યાવહારિક અનુભવનો છે; કેવલ તર્કનાં ઉડ્ડયનનો નથી.

સ્વજીવનની સાધકદશામાં સત્સંગ ચર્ચા અને વાચન-મનનના પરિણામે 'અકસ્માત્' લખવાની મનોવૃત્તિ ઊઠી; 'ઉત્થાન'માં એ કથાનક પ્રકટ થવા માંડ્યું, જે આજે પુસ્તકરૂપે પ્રકટ થાય છે.

એ સાધન-સાધનાના મધુસંચય નિમિત્તે ભારતનાં પુણ્યતીર્થોમાં તેમજ અન્ય એકાન્તિક સ્થાને વિરાજતા અનુભવી તત્ત્વવિદ્દ સન્તોની શોધમાં વિહાર કરતાં જે સાધક કે સિધ્ધોની હારમાળાનાં દર્શન થયાં,

એમાં કાલધર્મે ક્યાંક વિપરીત અવસ્થાઓ જોવામાં આવી, તો ક્યાંક વિરલ, વિમલ, સહૃદય અને પરિપક્વ સ્વાદુ ફલની પેઠે ગળીને નિરભિમાની બની બેઠેલા અનુભવી મહાનુભાવોનાં દર્શન-સ્પર્શન સાંપડ્યાં: એ બધામાંથી વીણી તારવી કાઢેલાં અધૂરાં-પૂરાં પાત્રોને વીણી-વણીને આ કથાનક ઘડાયું છે.

પ્રસંગો સાચા છે; પાત્રોમાં નામફેર છે; ક્યાંક એક જ પાત્રમાં અને એક જ સ્થાનમાં પ્રસંગો અને પાત્રોની મેળવણી-ખીલવણી કરી છે. ઝીણી વિગતો અને જટિલ શાસ્ત્ર ચર્ચાને જાણી જોઇને ટૂંકાવી છે.

કર્મ, ઉપાસના અને જ્ઞાનની માર્ગત્રયી; દ્વૈત-ભક્તિ અને મંત્રયંત્ર માટેની તાંત્રિક પ્રણાલિકા; સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની ગુણત્રિપુટી; પુરુષપ્રકૃતિની બેડલી; ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પુરૂષાર્થ ચતુષ્ટયી; -એ બધામાં અત્યારના મન્થનકાલના સંક્રાંતિયુગને લીધે, સાધન-સાધનાના ધ્યેય પંથીઓને **સત્ય-પરમસત્ય-નિર્ભેળ સત્યનાં** દર્શન-અનુભવ તથા અનુભવી આચાર્યોનાં દર્શન-કૃપા સાંપડવાં વિરલ-વિકટ છે. કારણ કે સાધકના પોતાના દૃષ્ટિમાર્જનના સાધનમાં જ બહિર્મુખતાને લીધે ક્યાંક ઊણપ-દોષ અવશ્ય રહી જાય એ સ્વાભાવિક છે. સન્તસાધુઓના વ્યાવહારિક જીવનના "બજારે"માં કેવલ બાહ્ય દૃષ્ટિથી જ **પરમસત્ય**ની શોધ કરવી અઘરી છે. જીવનના પ્રત્યેક પ્રસંગે, શરીર વનવાસી હોય કે નગરવાસી, એકાન્તમાં હોય કે જનસમૂહમાં પરન્તુ અન્તર્મુખ મનોદશાની પ્રથમ ગુરુકુંચી એ છે કે પ્રત્યેક ક્ષણે આસપાસનાં પાત્રો કે પ્રસંગોમાંથી આત્મબોધ મેળવતાં શીખી લેવું. એ આત્મકલા સરલતાપૂર્વક મનોગત-હસ્તગત થઇ જવી જોઇએ. આચાર્યો કે શાસ્ત્રો પ્રેરણાનું બલ કે ઉપદેશ-સંકેત કરશે, પણ ઉન્નતિ-અધોગતિનાં પ્રયાણ તો સ્વપ્રયત્નને જ અધીન છે. ઇશ્વરકૃપા, શાસ્ત્રકૃપા કે ગુરુકૃપાના મંગલમય મંદિરમાં આત્મકૃપા જ પાયાનું ચણતર-

ભણતર-ગણતર છે. આત્મકૃપા એકડો છે જ્યારે બીજી ત્રણેય કૃપા શૂન્યરૂપ છે. આત્મકૃપાના એકડા ઉપર ઇશ્વરકૃપાની શૂન્ય ચડે ત્યારે આત્મકૃપા ( પુરુષ પ્રયત્ન ) દસ ગણી વધે છે; એમાં શાસ્ત્રકૃપાની બીજી શૂન્ય ઉમેરતાં આત્મકૃપા સોગણી વધે છે અને ગુરુકૃપાની છેવટની શૂન્ય ઉમેરતાં તો એ સહસ્રગણી બની જાય છે—જાણે સહસ્રરશ્મિઓ વેરતા સૂર્યનારાયણની સુવર્ણજ્યોતિ !

સન્માર્ગી સાધકોને આત્મકૃપાને માર્ગે અજવાળાં થાય, સંવેગમાં સરલતા વધે, "જ્ઞાન બજાર"માં ઘૂમતાં રખડતાં **પરમસત્યનો** "બજારભાવ" પૂછતાં ક્યાંક "**સાચોમાલ**"—સત્યવસ્તુ ઓળખી પારખીને ખરીદી શકાય; એ અમૂલ્ય અમર વસ્તુની કીમત મરણશીલ જન્મજન્માન્તર ભોગવતા ત્રણેય શરીરનું સમર્પણ છે—વણમાગ્યું બલિદાન છે; અહંકાર—દેહબુધ્ધિની બ્રહ્મયજ્ઞમાં પૂર્ણાહુતિ છે. એવાં જ્ઞાનચક્ષુ ઉઘડવા—ઉઘાડવા—ઉઘડાવવા માટે ઇશ્વર, શાસ્ત્ર, આચાર્ય અને આત્મા, એ ચારેયની કૃપાદૃષ્ટિ—વૃષ્ટિની અનિવાર્ય ઉપયોગિતા છે.

'સાચોમાલ' ખરીદવો હોય તો પૂરેપૂરી કીમત ચૂકવવી પડે. આત્મદર્શન, બ્રહ્મદર્શન, ઇશ્વરદર્શન, દેવદર્શન, વગેરે દર્શનોની ઝંખનાની પાછળ બુધ્ધિના સૌમ્ય સ્થિર પ્રકાશની પુણ્યજ્યોત હૃદયંગમ હોવી જોઇએ. ઋષિઓ, અવતારો, અવધૂતો, આચાર્યો, સન્તો જે ચીલો પાડી ગયા છે, એ માર્ગે ચાલતાં જરાયે ભૂલ પડવાની શંકા નથી; પણ બ્રહ્મદીપક પામીએ તો બ્રહ્મદર્શન થાય. બ્રહ્મ નિર્ગુણભાવે સર્વવ્યાપક છે, અલબત્ત મનબુધ્ધિથી અગમ્ય અને ઇંદ્રિયોથી અદૃષ્ટ. એ અદૃષ્ટ અને અગમ્યને ઓળખવું, જોવું, જાણવું અને મ્હાણવું હોય તો નામરૂપવાળા સગુણબ્રહ્મ—ઇશ્વરનું દર્શન પહેલાં થવું જોઇએ. અગ્નિ તત્ત્વરૂપે સર્વવ્યાપક અને સામાન્ય સત્તાવાન્ હોવા છતાં, એ પદાર્થોના ઘર્ષણથી એ ઇંદ્રિયગોચર અને એકદેશી બનીને

વિશેષ સત્તાવડે પ્રકાશ આપે છે. તેવીજ રીતે બ્રહ્મ સામાન્ય સત્તાવડે સર્વવ્યાપક હોવા છતાં, ગુરુશિષ્યના કૃપા-ભક્તિના મન્થનવડે સગુણ સ્વરૂપ બનીને ઇશ્વરસ્વરૂપે વિશેષ વ્યક્તિમાં પ્રકટ થાય છે. બ્રહ્મવિદ્ વ્યક્તિમાં નિર્ગુણ બ્રહ્મ સગુણ સ્વરૂપે વ્યક્ત થઇને દર્શન આપે છે. એથી જ શાસ્ત્રો કહે છે કે ઇશ્વર, ગુરુ અને આત્માનો વાસ્તવિક રીતે અભેદ હોવા છતાં, સ્વરૂપે ત્રણેય નિર્ગુણ હોવા છતાં, એ દેહધારી દેહી ગુરુમૂર્તિ ઇશ્વરતુલ્ય છે, એટલે એમને નમસ્કાર. જિજ્ઞાસુને આત્મા હજુ અદૃષ્ટ છે; ઇશ્વર પ્રત્યેક પ્રાણી પદાર્થમાં સચ્ચિદાનન્દસ્વરૂપે વિરાજમાન છે એથી અસંખ્ય નામરૂપધારી છે; એ સગુણ બ્રહ્મ ઇશ્વરને પ્રત્યક્ષ કરવા માટે બ્રહ્મવિદ્‌ના એક જ નામધારી મૂર્તિમાન શરીરમાં ગુરુબુધ્ધિ કરવી, ગુરુપ્રતિષ્ઠા સ્થાપવી એ છે વિશેષભાવે એક જ મૂર્તિમાં બ્રહ્મદર્શન. એક જ સ્થાને બ્રહ્મદર્શનના અભ્યાસની પરિપકવ-પ્રૌઢી અવસ્થા થતાં અને બ્રહ્મવિદ્ ગુરુની "તત્ત્વમસિ" આદિ મહાવાકયના ઉપદેશ દ્વારા થતી બ્રહ્મતત્ત્વની વ્યાપક અનુભવદશા પામતાં, ઇશ્વર, ગુરુ, અને આત્માનો વ્યાવહારિક ભેદ રહેવા છતાં, પ્રજ્ઞામાં અભેદ અનુભવવાનો બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. આ બધું ત્યારે જ બને જ્યારે બ્રહ્મભક્તિ, ઇશ્વરભક્તિ, ગુરુભક્તિ, સન્તભકિત વગેરેનો વાસ્તવિક અભેદ સમજાય અને રાજસિક-તામસિક "**અહંભક્તિ**" (મિથ્યા જીવભાવનો અહંભાવ-દેહાધ્યાસ-દેહબુધ્ધિ-દેહ જ હું છું, એવી ભ્રાન્તિ) શુધ્ધ બનીને સાત્વિક અહંભાવ શેષ રહે. એવો જીવન્મુકત બ્રહ્મવિદ્ દેહના પ્રારબ્ધક્ષય સુધી જિજ્ઞાસુઓના અજ્ઞાન અંધકારને નિર્મૂળ કરવા યથાસ્વભાવ વ્યવહાર કર્યા કરે.

મારી પોતાની સામાન્ય સમજણનો લાભ અન્ય સહગામી સન્માર્ગીઓને. યથાશકિત સંકેત પૂરતો પણ મળે, વાસ્તવિક રાજ-માર્ગની કૈંક ગતાગમ થાય, વિઘ્નોને દૂર કરીને આત્મજ્ઞાનને માર્ગે

બ્રહ્મભાવ પર્યન્ત પહોંચતાં સુધી રોકટોક વિના ચાલ્યા જવાય, એવા અન્તર્મુખી મનોભાવથી આ કથાનક લખાયું છે.

વાર્તા લખવાનો અભ્યાસ કર્યો નથી, તેથી ટેવ પણ નથી; આવડત તો છે જ નહિ, એટલે લખવાના મનોભાવમાં કૈંક 'અકસ્માત' જ લાગ્યા કર્યો છે. સાક્ષરો, વિવેચકો કે એવી લેખનકલાના પરીક્ષકો કે પ્રવીણોના હાથમાં આ પુસ્તક 'અકસ્માત્' પણ આવી પડે–ચડે અને વંચાઇ જવાય તો લેખકની અણઆવડતને એ ઉદાર મહાનુભાવો અવશ્ય યાદ રાખીને જ વાંચવાની કૃપા કરે.

જેઓને ગમે, ઠીક લાગે, તેઓ પણ સારાસાર વિવેક વાપરીને વાંચે–વિચારે કે કૈંક ગ્રહણ કરે એવી વિનંતિ પણ અસ્થાને નથી.

જ્ઞાનસાધન આશ્રમ;<br>મુક્તમ્પુર–ભરૂચ<br>તા. ૭–૭–૫૬

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# પરિવ્રાજક

## વર્ણક પહેલો

### ભીમપુરીનો ભેટો

વિ. સં. ૨૦૦૧ના ચોમાસામાં હું હરદ્વાર-હૃષીકેશની યાત્રાએ ગયો ત્યારે ખાસ કરીને હૃષીકેશ બહુ નવું લાગ્યું. હવે તો એ શહેર બની ગયું છે. રેલવે સ્ટેશનથી ગામ તરફ જતાં રસ્તા ઉપર મોટાં પાકાં મકાનો બંધાયાં છે, પ્રમાણમાં વસ્તી પણ વધી છે; ઋષિઓના એ સ્થાનમાં હવે છૈયાંછોકરાંવાળાં કુટુંબોની ભરમાર વધી પડી છે. હોય એ તો! આવા રમણીય ગંગાતટનો લાભ એ શા માટે ન ઉઠાવે? એમને ય ઈશ્વરભજન માટે ત્યાગી મહાત્માઓના જેટલો જ અધિકાર કેમ નહિ? એમના જેટલો અને જેવો કદાચ નહિ હોય!

શ્રાવણ મહિનાના પંદરેક દિવસ ત્યાં રહ્યો એ દરમ્યાન જૂનાં નવાં સ્થાનોમાં વિહાર કરવા નીકળી પડતો. પ. સ્વ. રામતીર્થના સ્મારક સ્થાનસમા રામાશ્રમ પુસ્તકાલયની ઉપરના ડુંગરાઓ મને બહુ ગમે છે. ત્યાંથી ઉપર ચડીને લક્ષ્મણઝૂલા ઉપરના તપોવનમાં ઊતરી પડવું અને વધારે મન થાય તો લક્ષ્મણઝૂલાનો ગંગાપુલ ઊતરીને સ્વર્ગાશ્રમ જવું, અથવા આજ કાંઠે બ્રહ્મપુરીમાં જઈને કોઈ એકાન્ત સ્થળે ભગવતી ગંગામૈયાને કાંઠે એના કલકલસંગીતમાં ઓમ્‌નો ધ્વનિ-અર્થ ભરી નેત્રને અવિરત વહેતા જલપ્રવાહ ઉપર રમાડવાં, ચિત્તને જલપ્રવાહના અનાહત ધ્વનિમાં પરોવી એકાગ્રતાનો દિવ્ય આનંદ અનુભવવો, એ જૂની ટેવ સાંભરી આવી.

હૃષીકેશ એટલે આન્તર તાપથી શાંતિ શોધતા, આધ્યાત્મમાર્ગી મનુષ્યોનું અનેરું યાત્રાસ્થાન. આખા ભારતમાં ન હોય તેવી સગવડવાળું બાબા કાલીકમલીવાળાનું, મારવાડી દાનવીરોએ પોષેલું અન્નક્ષેત્ર; ત્યાર પછી પણ પંજાબી ક્ષેત્ર એટલું જ ઉપકારક છે, અને સંતસાધુઓની પ્રેરણાથી સેવાભાવી સજ્જનોદ્વારા સ્થપાયેલાં નાનાં નાનાં બીજાં ઘણાં યે અન્નક્ષેત્રો અને સદાવ્રતો છે કે જેમાં ગમે તેવા ધોળાંભગવાંના ભેદ વિનાના જિજ્ઞાસુઓને ઉદરનિમિત્તની ચિંતાથી એ સ્થાનો મુક્ત રાખે છે.

ગંગા, યમુના, નર્મદા, ગોદાવરી, કાવેરી વગેરે તીર્થમાતાઓને કાંઠેકાંઠે કેટલાં યે એકાન્ત સ્થાનો છે કે જ્યાં તીર્થંકર બનાવતા સંત-સાધુઓ રહે છે; પરમ તત્ત્વોનો શોધક સાધક એમનાં દર્શનસ્પર્શન માટે જાય તો સ્થાન મળે, અન્ન મળે, પ્રેમળ હૂંફ મળે, અને એના ત્રિતાપને ભુલાવી પરમાત્માના શીતલ આનન્દના તૃપ્તિપાનથી માંડી થોડાં છાંટણાં સુધીનું દાનસેવાકાર્ય અધિકાર પરત્વે અવશ્ય મેળવે જ.

ઘણાં તીર્થસ્થાનો જોયાં છે, પણ હૃષીકેશ જેવી સગવડ બીજા સ્થાને નથી. અલબત્ત પાછલાં ત્રીસેક વર્ષ પહેલાં જેવી હતી તેવી નથી રહી. છેલ્લાં યુદ્ધોએ તો અન્નવસ્ત્રને મોઘાં કરીને રાગદ્વેષ, પ્રપંચ, લોભ, મોહ, વૈરવૃત્તિ જેવાં ભેદ વધારે એવાં તત્ત્વોને એટલાં બધાં સસ્તાં કરી મૂક્યાં છે કે માનવ જ્યાં જ્યાં પગલું પાડે, ત્યાં ત્યાં જાણે હિંસા, અગવડ અને ભૂખમરાની હૈયાહોળીના તણખા વેરતો જાય છે!

અહીં અન્નક્ષેત્ર છે, સંતસાધુઓ માટે પાકાં મકાનો ઉપરાંત ઘાસની કુટિઓ બાંધવાની વ્યવસ્થા છે; ત્રીસ-ચાળીસ વર્ષ ઉપર તો એ એટલું બધું સસ્તું હતું, કે બેપાંચ જેટલા રૂપિયામાં દસ–પંદર ચોરસ ફૂટની પર્ણકુટિ બંધાઈ જતી. ચોરીનું નામનિશાન નહિ અને ત્યાંના નિવાસી પાસે અન્નજલનાં કાષ્ટ પાત્ર તથા શરીરાચ્છાદન માટેનાં વસ્ત્ર ઉપરાંત બીજું હોય શું?

૩

જ્ઞાનવૃદ્ધ સંતો પાસે જિજ્ઞાસુઓ સ્વાધ્યાય કરે, સત્સંગ મેળવે, સેવા કરે અને અનાયાસ પ્રાપ્ત થતી તન-મનની તિતિક્ષા કેળવે. સવાર-સાંજ સત્સંગનું વાતાવરણ એટલું જોરથી જામેલું હોય કે જેના ને તેના મુખ ઉપર શાંતિ અને આનંદની ફોરમ ઊડતી હોય!

આવું જૂનું હૃષીકેશ અત્યારે નથી; વસ્તી વધી છે, પાકાં મકાનોની હારદોરીઓ બંધાય છે. નિવૃત્તિને બહાને બંગલાઓ બંધાયા છે, દુકાનો ગોઠવાઇ છે અને છેલ્લે ન કહેવા જેવી વાત કહી નાખવી પડે છે કે અંગ્રેજ રાજ્યના મહાન શાપ જેવા શરાબની દુકાનો પણ છે! અલબત્ત ક્યાંક એકાંતમાં.

આવું જૂનું હૃષીકેશ જોયું અને પહેલાંના એકાન્ત તપોભૂમિ જેવા એ સ્થાનને શહેર બનતું જોતાં, એકાન્તની જૂની ટેવ પ્રમાણે પહાડોમાં ફરવા નીકળી પડ્યો. હાથમાં કમંડલુ, ખભે ઓઢવાપાથરવાનાં વસ્ત્ર, એક લાકડી અને થોડું ચવાણું લીધું! બપોરે પાછાં અવાય કે સાંજે એ નક્કી નહોતું! અને વનફલની આશા હવે વનમાં નહિ, પણ મોટાં શહેરોની ભવ્ય દુકાનોમાં જ રાખવાનો જમાનો છે, એટલે વનમાં પાણી, પથ્થર, વૃક્ષની છાયા, અને બહુ બહુ તો બિલ્વફલ; એ પણ ઋતુ હોય તો મળે—નહિ તો ૐ શાંતિ!

ગંગામાતાની ગોદ મૂકીને ઉપર પહાડમાં ચાલવા માંડ્યું; જન-સંસર્ગ તો ટાળવો જ હતો એટલે કોઈ ગામડાની દિશા લેવી નકામી હતી. ત્રણેક માઇલ ઊંચે ચડ્યો. હવે જુવાનીના પગ નહોતા; થાક લાગ્યો. માતાના પ્રેમાળ પાલવ જેવા પથરાયેલા એક વિશાળછાય ઝાડ નીચે બેઠો. કમંડલુના પાણીથી તરસ છિપાવી, પણ હજુ પહાડની ટોચે નહોતો પહોંચ્યો. આરામ લીધો; થોડે દૂર કંઇક ઝરણાનું ધીમું ગાન સંભળાયું, ઊઠીને એ તરફ જતાં એ પાસે જ સાંપડ્યું. નવું પાણી ભર્યું. હાથ મોં ધોઈ ત્યાં બેઠો. રસ્તો નહોતો, વન જ હતું. પાછળથી પગરવ સંભળાયો, થોડી જ વારમાં એક ગ્રામવાસી

કુહાડી સાથે ઝરણા પાસે આવીને પાણી પીવા બેઠો. અહીંના આસપાસના લોકો આવી રીતે જંગલમાં ફરતા સાધુઓને જોઈને નવાઈ નથી પામતા; એટલે મેં જ પૂછ્યું:

"લાકડાં કાપવા નીકળ્યા હશો?"

"ના મહારાજ, સવારની એક ગાય જંગલમાં ખોવાઈ ગઈ છે; શોધવા નીકળ્યો છું. તમે ક્યાં નીકળ્યા છો? ફરવા? આ બાજુ વસ્તી તો બહુ દૂર છે ને તે પણ નીચેના ભાગમાં. ઉપર ચડતાં તો બારેક વાગશે. ત્યાં વસ્તી નથી, ભિક્ષાનું શું કરશો? હૃષીકેશ પહોંચશો ક્યારે?" એણે સાધુઓના રીતરિવાજ પ્રમાણે જ વાત કરવા માંડી.

"ના, ભિક્ષાબિક્ષાની આજ પરવા નથી. ઉપર સુધી જવું છે, પછીની વાત પછી. સાંજે હૃષીકેશ પહોંચાશે એટલે બસ."

"ઉપર પાણી ક્યાંય નથી, સાથે લેતા જજો, ચડતાં તરસ લાગશે."

"એ તો કમંડલુમાં લઈ જઈશ." મેં એની ચિંતા મુકાવી.

"નવા નવા જ છો કે પહેલાં આવ્યા'તા કદી?" ટેકરા ઉપર જવાના ઉદ્દેશની એને સમજણ ન પડી. એની દયાની લાગણીએ આવો પ્રશ્ન પૂછાવ્યો.

"ના રે ભાઈ! છેલ્લાં બારેક વર્ષથી તો નથી આવ્યો. તે પહેલાં તો ઘણું યે રહ્યો છું; બ્રહ્મપુરી, શિવપુરી બધાં જોયાં છે. વસિષ્ઠગુફા પણ જોઈ છે. બધે ફર્યો છું. દસેક દિવસથી અહીં આવ્યો છું, પણ આ હૃષીકેશ હવે શહેર બની ગયું, એટલે એકાન્તમાં ફરવા નીકળ્યો છું."

ગંગાજીના બે કાંઠામાંથી એક કાંઠે બદરીનારાયણનો માર્ગ પહેલાં હતો; સામે કાંઠે તપોવન (લક્ષ્મણઝૂલાની ઉપરનો પ્રદેશ) અને એ જ કાંઠે આગળ જતાં બ્રહ્મપુરી, પછી શિવપુરી, ત્યાંથી પણ આગળ જતાં વસિષ્ઠગુફા વગેરે સ્થાનો છે. આ બધાથી હું પરિચિત છું એટલું દેખાડવા મેં ઉપર પ્રમાણે જવાબ આપ્યો.

"બાવાજી, હવે તો શિવપુરીમાં સંતો રહે છે. હૃષીકેશમાં એકાન્ત ન રહ્યું. બ્રહ્મપુરી ત્રણેક માઈલ હોવાથી યાત્રાળુઓ ત્યાં ઉજાણી કરવા જાય છે, એટલે ઘણા સંતોએ શિવપુરીમાં કુટિઓ બાંધી છે. ત્યાં જાઓને, ઠીક એકાંત મળશે. જગ્યા તો તમે જોયેલી જ છે."—એણે મને નવી વાત સુઝાડી, જૂનું બ્રહ્મપુરી એટલે એક ઝરણાની આસપાસ બેત્રણ ઘાસની કુટિઓ અને હૃષીકેશના અન્નક્ષેત્રમાંથી અન્નની સગવડ મેળવીને રહેનારા એટલા જ સંતો. ત્યાંના ઝરણાનું પાણી ખરાબ; ઉપરાંત મચ્છરના ત્રાસને લીધે તાવનું પણ જોર જામે, એટલે ત્યાં વધારે વસ્તી નહિ.

ત્યાંથી આગળ જતાં ભાગીરથીને એક મોટી નદી ભેટે છે. એ સંગમ ઉપર પાંચસાત ઘરનું એક ગામ એ શિવપુરી. સંતો ત્યાં ચાલ્યા ગયા! એમની પાછળ ત્યાં પણ સેવાભાવી કે કુતૂહલપ્રિય ગૃહસ્થીઓ નહિ જાય એની શી ખાતરી? જ્યાં જ્યાં સંતસાધુઓ ત્યાં ત્યાં કૃપાલોભી ગૃહસ્થાશ્રમીઓ! જ્યાં જ્યાં દાનધર્મી શેઠિયાઓ ત્યાં ત્યાં ધર્મપોષી સંતસાધુઓ—પરસ્પર ચાલ્યું જ જાય છે આ ચક્ર! અસ્તુ!

"તમે ક્યાં રહો છો? કેટલેક દૂર?" એની વધારે પડતી પણ જરૂરી માહિતી આપવાની વૃત્તિથી ઉત્તેજિત થઈને મેં પૂછ્યું.

"શિવપુરીથી ઉપર એક બીજું નાનું ગામ છે. શિવપુરી નીચે ખીણમાં છે; મારું ગામ ઉપર છે, નાતજાત તો તમારી જ મહારાજ; અમારા પૂર્વજ પુરી નામના હતા, એટલે અમે પણ એ જ સંપ્રદાયના મહારાજ! કેટકેટલીએ પેઢીઓ થઈ ગઈ; અમે અત્યારે ઘરબારી છીએ, ખેડુત છીએ, છોકરો જરા બહાર જઈને અંગ્રેજી ભણ્યો છે ને આગ્રા જંકશને રેલવેમાં નોકરી કરે છે."

શ્રી શંકરાચાર્યના કેવલાદ્વૈત સંપ્રદાયના દ્વારકા, રામેશ્વર, જગન્નાથ અને બદ્રીનારાયણ, એમ ચાર મઠ; અત્યારે તો બદ્રીનારાયણના મઠની

હયાતી નથી; જોષીમઠના નામે કોઇ શંકરાચાર્ય સંભળાય છે ખરા, પણ જોષીમઠની જગ્યામાં કશું યે નામનિશાન નથી. રામેશ્વરનો દક્ષિણી મઠ મૈસૂર રાજ્યની હદમાં ગયો અને ત્યાં એ શૃંગેરી મઠ નામે ઓળખાય છે. અત્યારે તો દરેક મઠની શાખાપ્રશાખા, ભાગવિભાગ, આચાર્ય-સ્થાન માટે કોર્ટકચેરીનો આશ્રય, એવું એવું ઘણું યે ચાલે છે.

શ્રી શંકરાચાર્યના અસંખ્ય શિષ્યો તો હશે, પણ એમાં પ્રતાપી અને પ્રભાવશાલી તો ચાર જ: શ્રી પદ્મપાદ, ત્રોટક, હસ્તામલક અને સુરેશ્વર; આ ચારે ય ચાર મઠના અધિપતિ તરીકે ગોઠવાયા હતા ત્યાર પછી કોણ જાણે કઇ પદ્ધતિથી, રિવાજથી કે રૂઢિથી શિષ્યોની પાછળ-દશ નામ લાગુ પડ્યાં; ઘણા સંન્યાસીઓને પૂછ્યું છે પણ સમાધાન થાય એવો ખુલાસો નથી મળ્યો. નામ જ એવાં છે કે એમાં રહસ્યોની કલ્પના કર્યા જ કરો: (૧) ગિરિ; (૨) પુરી, (૩) ભારતી, ૪) તીર્થ, (૫) આશ્રમ, (૬) વન, (૭) અરણ્ય, (૮) પર્વત, (૯) સાગર, (૧૦) સરસ્વતી, અત્યારે તો શંકર સંપ્રદાયમાં દીક્ષિત થયેલો સંન્યાસી પોતાના નામ પાછળ આ નામને જોડે છે. દરેક શાંકર સંન્યાસી દશનામી સંન્યાસી તરીકે પણ એ નામોને લીધે જ ઓળખાય છે.

આવું જ બીજા સંપ્રદાયોમાં પણ બનેલું છે. મત્સ્યેન્દ્રનાથ ગોરક્ષ-નાથની પરંપરામાં જે દીક્ષિત થાય એ 'નાથ' નામ પાછળ લગાડે છે. અત્યારે તો ભગવાં વસ્ત્ર ધારણ કરનારા ઘણા બીજા સંપ્રદાયો અને એનાં સંતસાધુઓ છે. વિસ્તાર આગળ ઉપર પ્રસંગ આવ્યે થઇ રહેશે.

મંદવિરાગના કાચા રંગને ઊડી જતાં વાર શી? એકાદ પ્રલોભનનો પ્રસંગ પડ્યો કે વિષયજલ સાધકને ધોઈ ને ધોળા મૂળા જેવો કરી મૂકે; સંન્યાસ જેવા ચતુર્થ આશ્રમમાં કેટલાંક ભયંકર પ્રલોભનો છે. સંસારના ત્રિતાપથી બળીઝળી રહેલો માનવસમુદાય શાંતિ અને શાંતિનાં સાધન માટે અધ્યાત્મપંથે વળેલા સંતસાધુઓ પાસે જ જાય એ સ્વાભાવિક છે, પરન્તુ પ્રત્યેક ચતુર્થાશ્રમી કે ભગવદ્ભક્તિનો આશ્રય

લેનાર વ્યક્તિ એ પંથે જતાં વચમાં જ સ્ખલનવશ થયો છે કે નહિ, એની પૂરતી દેખરેખ રાખી શકાય એટલા માટે પહેલાં ગુરુશિષ્યની પરંપરા હતી. સંપ્રદાયનું બંધારણ જ એવું હતું કે કોઈ પણ અનુભવી આચાર્ય પાસે આજ્ઞાકારી શિષ્ય બન્યા વિના કોઈથી ઉપદેશને બહાને જનસંસર્ગ સ્વીકારી શકાય જ નહિ : સંપ્રદાય, પંથ, મત, વગેરે વધી પડયા છે, પુસ્તકો છપાઈ ગયાં અને લોકસમૂહમાંથી છેલ્લી એક સદીથી ધાર્મિક શિક્ષણપરંપરા નષ્ટપ્રાય : થઈ ગઈ; સંતસેવા અને ગુરુભક્તિના સર્વોત્તમ સિદ્ધાન્તનો ઉભયપક્ષે દુરુપયોગ વધી પડયો; મંત્રયંત્ર, દોરાધાગા, દવા અને કીમિયાની ધૂને આ ચતુર્થાશ્રમીઓને એટલા તો સ્વતંત્ર અને સ્વચ્છંદી બનાવી મૂકયા કે એમનું સંગઠન શિથિલ બન્યું. ગાંજો, ભાંગ જેવાં વ્યસન વધતાં ગયાં અને ન કલ્પી શકાય તેવાં અભક્ષ્ય ખાનપાન અને રહેણીકરણીએ માઝા મૂકી. પરિણામ એ આવ્યું કે અન્ય આશ્રમી કરતાં કંઈક વિચિત્ર આચરણ કરે, અટપટો વેશ પહેરે નિસ્પૃહતાની તમોગુણી બેપરવાવાળી વાણી બોલી લોકનો તિરસ્કાર કરે—અરે ન વર્ણવી શકાય એવી ટોળીઓ જ સંતસાધુઓને બહાને ઘૂમવા લાગી, શિષ્યપરંપરા તૂટી પડી, કોઈ કોઈને કહે એવું રહ્યું નહીં; દેશમાંથી આ વર્ગનું નામનિશાન અંગ્રેજી રાજ્યના વસ્તીપત્રકમાંથી નીકળી ગયું અને રખડુ, ભામટા, ભિખારી જેવા વર્ગમાં કેવળ નકામા વર્ગ જેવા જ નહિ પણ સમાજના બોજારૂપ એમને ગણી કાઢયા.

શ્રી શંકરાચાર્યના મઠ વિસ્તારની આમ્નાય છે. ચારે મઠનો મુખ્ય આચાર્ય જ ઉપદેશ આપે અને ભારતના અમુક અમુક દેશમાં જ એ પોતાનો ધર્મપ્રચાર કરે; એ સીમા ઓળંગીને બીજા પ્રદેશમાં જવાનો કોઈ ને અધિકાર પણ નહોતો. ઉપદેશ આપવાનો પણ મુખ્ય આચાર્યને જ અધિકાર. બીજા બધા જેમ જેમ તૈયાર થતા જાય તેમ તેમ મુખ્ય આચાર્યના પ્રમાણપત્રને આધારે જ વિચરે અને વર્ણાશ્રમધર્મની મર્યાદા સાચવે. આ બધું અંગ્રેજી અમલમાં તૂટયું, કાશી જેવાં વિદ્યાક્ષેત્રમાં

સંસ્કૃત વિદ્યાનું અધ્યયન રહ્યું, પણ એ બધું પંડિતોની વાગ્જાળમાં અટવાઇ પડ્યું અને આચાર્યો, સંતો કે અનુભવી સાધુઓએ પોત પોતાની અનોખી શૈલીથી સ્વભાષામાં ઉપદેશક્રમ ચાલુ રાખ્યો. ભારતવર્ષના પ્રત્યેક પ્રદેશમાંથી આપણને આવા સંતોનાં દર્શન થાયછે. ગુજરાતના નરસિંહ, અખો, પ્રીતમ, ભોજો, ધીરો, મીરાં તેમજ અન્ય દેશના મહાકવિ તુલસીદાસથીમાંડી શીખ સંપ્રદાયના ગુરુ નાનકદેવ. પરંપરાશુદ્ધ શિષ્યો, કબીર તેમજ અન્યાન્ય જે સંતો થયા એમણે પોતપોતાના દેશકાળમાં પોતાના ચારિત્ર્યબળથી સંગઠન ગોઠવ્યું; પરન્તુ મુસલમાની અને અંગ્રેજી રાજ્યના છેલ્લા ૭૦૦-૮૦૦ વર્ષના અમલમાં ધર્મસત્તાને રાજ્ય-સત્તાનુ જે પીઠબળ મળ્યા કરતું તે તૂટી પડ્યું, તેથી રાજ્યબલના અભાવે એમાં સ્વચ્છંદ પેસી ગયો.

સાધુઓ ફરતા થઈ ગયા, ગૃહસ્થાશ્રમીઓએ ચતુર્થાશ્રમીઓને પોષવાની રૂઢિ કાયમ રાખી અને તેમાં યે વર્ણે બ્રાહ્મણક્ષત્રિય છતાં ખેડૂત તરીકે જીવન ગાળતા, પરાણે નિર્વાહ ચલાવતા એ હિમાલયવાસીઓ અર્ધામાંથી પણ ટુકડો રોટલો આપી તપશ્ચર્યાને બહાને ત્યાં જનારા સાધુઓની સેવા કરતા; નદીઓ કે ઝરણાંને કાંઠે ઘાસલાકડાંની કુટિઓ બાંધવી એ રમતની વાત હતી અને ભિક્ષા યથેચ્છ મળી રહેતી એટલે બીજી કશી ચિંતા હોય જ શાની?

વૈરાગ્યનો કાચો રંગ ધોવાઇ જાય એવા ઘણા પ્રસંગો ત્યાં બની જતા. સંક્ષેપમાં કહેવાનું એ કે એમાંથી ઘણા પાછા હઠીને ગૃહસ્થાશ્રમી બની જતા. એમના વંશજો કરોડો કુટુંબરૂપે ભારતવર્ષમાં છે કે જેઓ મિલકતદાર, ગામધણી, જાગીરદાર, વેપારી કે એવા એવા બધી જાતના ધંધાદારીઓ બની બેઠા છે. સાધારણ રીતે આપણે એમને ગોસાંઇ (ગોસ્વામી) તરીકે ઓળખીએ છીએ. એમાં ગિરિ, પુરી, ભારતી- આ ત્રણ નામ વધારે સાંભળવામાં આવે છે.

"ઓહો! ત્યારે તમે ય સંન્યાસીના વંશજ છો એમ ને? શું નામ છે?" થોડી કુતૂહલવૃત્તિથી મેં પૂછ્યું.

"મારું નામ ભીમપુરી છે. અમે ત્રણ ભાઇઓ અને બે બ્હેનોમાં હું વચેટભાઈ. શરીર ખૂબ જ હૃષ્ટપુષ્ટ. કામકાજ અને તોફાન બન્ને સરખાં કરું, ખાઉં પણ પુષ્કળ, એટલે મારૂં નામ નાનપણથી ભીમપુરી રાખેલું. અમારા બાપદાદાના નામ ઉપરથી જ આ શિવપુરી વસેલું છે." એણે જવાબ આપતાં આપતાં કંઇક ચમકારો અનુભવ્યો. મને પણ કંઇક અવાજ આવતો હોય એમ સંભળાયું.

"મહારાજ! કાંઇક પગલાં સંભળાય છે કે ગમેતેમ હોય પણ પાસે જ ખળભળાટ થાય છે; જોઉં ગાય તો આ બાજુ નથી આવી?" એમ કહીને એ ચાલી નીકળ્યો.

હું વિચારમગ્ન બન્યો. આદ્ય શંકરાચાર્યના અધિકારવાદ ઉપર શિક્ષણ આપવાની પદ્ધતિ ઉપર વિચારે ચડ્યો. ચાર વર્ણ અને ચાર આશ્રમની પ્રાચીન વેદોક્ત પ્રણાલિકાને એમણે કેટલી બધી વ્યવસ્થિત કરી છે! વર્ણના બંધનમાં સંસ્કારને કેળવીને ઉત્તરોઉત્તર આશ્રમને પગથિયે પગથિયે ચડતાં ચડતાં, ત્યાગના સર્વોચ્ચ શિખર ઉપર જીવાત્માને પહોંચાડવો, એ ધ્યેય ક્યાં અને આજે વિના ધ્યેયનું વર્ણાશ્રમની સંકરતાવાળું જીવન ક્યાં?

વાદળાં ચડવા માંડ્યાં. થોડીવારમાં પવન ફૂંકાવા માંડ્યો. પર્વતીય પ્રદેશમાં વાવંટોળ કે વાદળાંને ચડી આવતાં વાર શી? મેં કપડાં સંકેલીને ખભે નાંખ્યાં, પવનની ઝડીઓમાં છત્રી ઉઘાડીને કોરા રહી શકાય તેવી રીતે ઝાડની ઓથે જઇ ને બેઠો.

વાવાઝોડુ વર્ષ્યું, વાદળાં તૂટવા માંડયાં, વરસાદ શરૂ થયો, પવનથી વૃક્ષો નાચવા માંડ્યાં, ઉપર ઉપરથી કપડાં ભીંજાવાના શ્રીગણેશ થયા. હર હર મહાદેવ! ચાલો આનંદ છે!

સુસવાટાભેર પવન ફૂંકાય છે, વરસાદની ઝાપટો વાગે છે, ઝાડમાંથી પણ હવે પાણી ટપકવા માંડ્યું. ક્યાં જવું? કઇ તરફ? પાછા વળવું? ઉપર જવું? એમ વિચાર કરૂં છું ત્યાં તો ભીમપુરી દોડતો, હાંફતો, એકદમ કૂદતો મારી સન્મુખ હાજર થયો.

"ચાલો ચાલો, મહારાજ! નાસો, ગાયબાય તો નથી, વાઘનાં પગલાં છે. અવાજ પણ એનો હતો. આ બાજુ આવી ચડે કદાચ! મારી પાછળ પાછળ ચાલ્યા આવો."

જરા યે વિલંબ કર્યા વિના એણે મારું કમંડલુ હાથમાં લીધું, મેં શરીર પર કપડાં લપેટયાં, છત્રી જેમતેમ ઉઘાડી રાખીને આગળ ભીમપુરી અને પાછળ હું એમ સીધા ચાલવા માંડયું—ઝપાટાભેર; દોડાય એવી તો જગ્યા જ નહોતી, વરસાદ અને પવન બન્નેએ મૈત્રી બાંધીને એકસામટા હુમલા શરૂ કર્યા હતા. એના ઘૂઘવાટામાં વાઘનો અવાજ નહિ જેવો પણ સંભળાતો તો હતો જ. એના અવાજ કરતાં પણ એની દોડધામની ધમપછાડ વધતી જતી હતી.

"અલ્યા ભીમપુરી! સાંભળ, દોડતાં દોડતાં પણ મૃત્યુ જ આવી ભેટવાનું હશે તો દોડવું નકામું જ છે! શાંતિથી સંભાળીને ચાલ જરા! વરસાદ વધતો જાય છે, બપોર છે એટલે અંધારું થવાને વાર છે, તું કયે રસ્તે લઇ જાય છે એતો જાણતો જ હોઇશ. ધીરે ચાલ, ભાઇ!"

"મહારાજ! આપની વાત સોળે આના સાચી! મોતમાંથી ભગવાન પણ બચાવી ન શકે એ વાત ખરી, પણ જાણીજોઇને કાંઇ વાઘના મોંમાં કોળિયો થવા જવાય છે? બચવાની બુદ્ધિ પણ ભગવાન જ સુઝાડે છે ને?" એણે ભારતવર્ષના આબાલવૃદ્ધ મનુષ્યોના મુખમાંથી વાતવાતમાં સરી પડતું તત્ત્વજ્ઞાન વહેતું મૂકયું.

વાત ગળે ઊતરે એવી લાગી. જન્મમૃત્યુ ઇશ્વરને ત્યાં તો નિર્માણ થઇ ચૂકયાં છે. શરીરના જેવા કર્મભોગ હશે તે જ પ્રમાણે ગતિમતિ થશે ને સૂઝશે એ ચોક્કસ છે. મનુષ્યની દૃષ્ટિમાં જ જન્મમૃત્યુ અકસ્માત્ છે, કારણ કે એને અજ્ઞાનનાં પડળ છે, તેથી જે કાળે જે બને છે તે ઇશ્વરપ્રેરિત કે કર્મવશાત્ છે એમ એ જાણી કે જોઇ શકતો નથી. શરીર સ્વાભાવિક રીતે બચવા પ્રયત્ન કરે એમાં પુરુષાર્થની અયોગ્યતા કયાં આવી? એમ કરતાં પણ મૃત્યુ ભેટે તોપણ હાનિ કયાં છે?—બચવાનો

પ્રયત્ન અને પ્રારબ્ધથી જ મૃત્યુ એ બન્ને એક જ સિક્કાની બે બાજુ છે, બન્ને યથાર્થ છે, બન્નેમાં સમદૃષ્ટિ રાખવી એ જ સાચું જ્ઞાન છે. ભીમપુરીના મનોભાવ મને સાચા લાગ્યા, એની સમજણ સીધી લાગી. મૌન રાખીને ચાલવામાં વેગ વધાર્યો! બનવાનું હશે જ તે બનશે એ શાંતિ તો હતી જ.

અર્ધો ગાઉ, પોણો ગાઉ પંથ કપાતો જતો હતો અત્યાર સુધી સ્મરણમાં જ નહોતી રહી એ ઘડિયાળ સાંભરી. ઓહો! બપોરના ત્રણ વાગી ગયા હતા, ચવાણું બગલથેલીમાં હતું પણ ભૂખ તો ત્યારે જ લાગે કે જ્યારે એનો વિચાર કરવાનો વખત આવ્યો હોય! ભીમપુરીનો ભેટો થયો, ભીમપુરીને વાઘનો નહિ તો વાઘના અવાજનો ભેટો થયો, અમને બન્નેને વરસાદ અને તોફાનનો ભેટો થયો એટલે ભગવાનની આપેલી ભૂખનો ભેટો આજીવન સાથી જેવો છતાં ક્યાં ય ખોવાઇ ગયો! દોઢ બે કલાકમાં કેટલું ચાલ્યાં હોઇશું એ જાણવા મેં પૂછ્યું, "કેટલેક આવ્યા છીએ? ક્યાં જવું છે?"

"આપણે જવું છે મારે ગામ. પણ રસ્તો જરા અવળો લેવો પડયો છે. પગકેડી પણ સીધી નથી, શિવપુરીથી થોડે જ ઉપર અમારાં બેત્રણ ઘર છે, ત્યાં પહોંચ્યા વિના આરો નથી. વરસાદ જરા બંધ થાય તો જલદી જઇ શકાય, હવે બહુ દૂર નથી." એણે સાંત્વન આપ્યું.

પરન્તુ ઇશ્વરનું નિર્માણ તો એ જ જાણે! અમે એક ભેખડની કોર ઉપર ચાલતા હતા, પર્વત ઉપરથી વરસાદના પાણીના ધોધ પડતા હતા, ડહોળાં પાણીમાં લાકડાં અને પથ્થર ધસીને નીચે ગબડતાં હતાં. એટલામાં એક ઝરણું આવ્યું: ભીમપુરી બોલી ઉઠયો: "રસ્તો બદલવો પડશે, આ તો નાનુંશું ઝરણું છે, પણ આજે ઉપરનાં પાણી વધી પડયાં છે ને પાર ઊતરવું અઘરું છે."

"કેમ ભલા, નહિ ઊતરાય?" બહુ પહોળો પટ નહોતો દેખાતો એટલે મને એનું બોલવું સમજાયું નહિ.

"આ પહાડ કાચો છે, પાકા પથ્થર અહીં બહુ થોડા. માટીનો ભાગ વધારે. એટલે પથ્થર છૂટા પડી જાય, માટી ધસી પડે, પટ પહોળો નથી પણ એમાં પગ મૂકવાનું જોખમ ખેડવા જેવું નથી. પાર કરવા જતાં જો લપસ્યા તો નીચે ભગવાનના ધામમાં." એણે ઝરણાને કાંઠે ઊભા રહીને મારા તરફ મોં ફેરવીને સચિંત ભાવે કહ્યું.

"ત્યારે ?"

"ત્યારે શું ? થોડી વાર અહીં જ બેસીએ હવે ! વાઘની બીક તો હવે નથી રહી. જુઓને, એ અવાજ તો બંધ થઈ ગયો છે. વરસાદનું જોર થોડું બંધ થાય ત્યારે આ પાણી ઊતરશે. તમે બહુ પલળી ગયા છો, સવારના ભૂખ્યા છો, થોડો આરામ કરો અને બેસો !" મને બેસવાનું કહીને એણે બેસવાની પહેલ કરી, હું યે બેઠો.

એણે ગજવામાં હાથ નાંખીને એક ચામડાનો બટવો કાઢ્યો, અંદરથી તમાકુ તથા ચકમક પથ્થર કાઢીને ચલમ ભરી સળગાવી ને ધુમાડાની ફૂંકથી શરીર ગરમ કરવા માંડ્યું. વરસતા વરસાદમાં એની તમાકુ અને દીવાપથ્થર કોરાં રહ્યાં હતાં. ચામડાની કોથળી એની બગલમાં હતી. અને એક વાત હું કહેવાની જ ભૂલી જાઉં છું. સાગનાં પાન બહુ પહોળાં હોય છે. પહાડના લોકો ચારપાંચ પાનને પતરાવળાની પેઠે સળીઓથી સાંધીને છત્રી તરીકે એનો ઉપયોગ કરે છે. એ સાધન એણે અમે ચાલ્યા તે પહેલાંથી જ કરી લીધું હતું.

"ચલમ પીશો મહારાજ ! અરે. પણ તમે કંઈ ખાધું જ નથી, ખાવાનું પલળી ગયું કે ખવાય એવું રહ્યું છે, જુઓ તો ખરા," એણે ચલમનો વિવેક દાખવી મારી ક્ષુધાવૃત્તિ ઉશ્કેરી. મને લાગ્યું કે એને પણ ભૂખ તો લાગી હશે, જોઉં તો ખરો કે ખાવાનું પેટમાં નાંખવા જેવું રહ્યું છે કે નહિ ?

મેં બગલથેલીનું બટન ખોલીને અંદરથી કાગળનાં બે પડીકાં કાઢ્યાં, એમાં એકમાં હતા શેકેલી મગફળીના દાણા અને ચણા, બીજામાં તળેલી મગદાળ અને થોડી સેવ. પલળ્યાં તો નહોતાં, ઠંડી હવાએ

એને નરમ કર્યાં હતાં. જે થાય છે તે સારું જ થાય છે. મારા હાલતા દુ:ખતા દાંતને ચાવવામાં ઓછી તકલીફ આપવા જ ભગવાને વરસાદ વરસાવ્યો. સેવ અને દાળ ખૂબ જ નરમ બની ગયાં હતાં.

"ભીમપુરી! ખવાય એવું તો છે હોં, જરા પાસે આવો. તમને ય ભૂખ તો લાગી જ હશે ને! છત્રી નીચે રાખીને જ આપણે ખાવું પડશે." મેં એને આમંત્રણ આપ્યું. કોણ કોનું મહેમાન?! એણે આનાકાની કર્યા વિના પાસે આવીને પડીકામાંથી લેવા માંડ્યું.

પણ આજ અપશુકન જોઇ ને જ નીકળાયું હશે કેમ? ઉપરથી પહાડની ભેખડ તૂટીને લપસતી લપસતી પાણીમાં વહેવા માંડી, આડી અવળી જશે, ઉપર પડશે, એવા વિકલ્પો કરવાની પણ ફુરસદ ક્યાંથી હોય? એ તો આવી પડી, અમે નાઠા; સારું થયું કે બન્ને એક જ દિશામાં દોડયા, નહિ તો પછી સોએક કદમનું વચમાં એવું અંતર પડી ગયું હોત કે સામસામી વાત થાત, પણ મળવું હોય તો ત્રણેક માઇલ ઉપર ચડીને ઉતરી આવે ત્યારે મળાય. શી પર્વતની મજા છે!

હું બેઠો હતો તે દિશામાં જ ઊભો થઈને દોડવા માંડયો. એ મારી પાછળ પહોંચ્યો ને મારો હાથ પકડીને બેસી પડયો. મારે ઊભા રહેવું પડયું. ભેખડ ધસીને નીચે ગઇ હતી, રસ્તો લપસણો કાદવવાળો બનીને તોફાની ક્રૂર અને મશ્કરા માણસની પેઠે અમને હસતો હતો.

પાછા વળીને એ બધું જોયું. હું ઊભો છું પણ ભીમપુરી બેસીને પોતાનો ડાબો પગ તપાસે છે એ તો ત્યારે જ મેં જાણ્યું કે જ્યારે રસ્તાનો વિચાર પડતો મૂકીને એણે મારો હાથ છોડી દીધો. એના ડાબા પગમાં મોટો ચીરો પડયો હતો. ધારવાળા પથ્થરે એને ચમત્કાર બતાવ્યો; પગની વચ્ચે બરોબર ચારેક આંગળ લાંબો લાલ લીટો દેખાતો હતો. સદ્‌ભાગ્યે લોહી બહુ નહોતું લાગતું. હું પણ બેસી ગયો, કપડાથી પગ ચોખ્ખો કરતાં જણાયું કે ઘા ઊંડો નહોતો, એટલું જ નહિ પણ નસનાડીમાં જરા યે વાગ્યું નહોતું. ચામડીઓનાં બધાં પડ

ચિરાયાં હતાં. કપડું ફાડીને પાટો બનાવ્યો પણ પગ ધોવાનું પાણી તો હવે કમંડલુમાં બચ્યું હોય તેટલું જ! વરસાદનો ધોધ બંધ થયો હતો, ઝરમર છાંટણાં હતાં, ઝરણાની જગ્યાએ તો માટીનો ધોધ વહેતો હતો. ઉપર ક્યાંકથી ધોવાઇને ધોળા દૂધ જેવી માટીનો, ભૈયાઓની રબડી જેવો પ્રવાહ વહેતો હતો! ખરેખર! આંખ તો ઠરતી હતી—એમાં મીઠાશ ભરાતી હતી, પણ અકસ્માત્ આવે છે ત્યારે એકલા જ થોડા આવે છે?

કમંડલુના પાણીની પગ ઉપર થોડી ધાર કરી, વરસાદનાં છાંટણામાં પગ ધર્યો એટલે ઘામાંથી ધૂળ ધોવાઇ અને પાટો બાંધી લીધો.

ભીમપુરી લંગડાતો ઊભો થયો. એની પાસે તો ટૂંકા હાથાની કુહાડી એટલે ટેકો આપતાં જમણી બાજુ એને ત્રણેક વેંત વાંકા વળવું પડતું હતું. "ચાલો મહારાજ! સામી દિશામાં જ. આગળ અર્ધોક માઇલ ચાલ્યા પછી કેડી આવશે." જંગલના ભોમિયાની આજ્ઞા થઈ.

છત્રી બંધ કરીને મેં બગલમાં મારી. કમંડલુ હવે મારે ઉપાડવાનું હતું. એક હાથમાં લાકડી અને બીજા હાથમાં કમંડલુ પકડીને મેં સાંખ્યદર્શનનાં પંગુપ્રધાનપુરુષમાંથી એકની પેઠે એ ચાલતો હતો, તેની પાછળ પાછળ ચાલવા માંડયું.

સાંખ્ય દર્શન કહે છે કે પુરુષ અને પ્રધાન (પ્રકૃતિ) બન્ને મળે ત્યારે વિશ્વનો વ્યવહાર થાય. બન્ને પંગુ છે, અંગહીન છે, એક પગ વગરનું છે છતાં દેખતું છે, બીજું આંધળું છે પણ પગવાળું છે. બન્ને પરસ્પર સહાયક બને ત્યારે વિશ્વરચના થાય અને વ્યવહાર ચાલે.

ભીમપુરી લંગડો અને દેખતો, હું દેખતો પણ રસ્તાની માહિતી વગરનો આંધળો. આગળ એ અને પાછળ હું એમ બન્ને કલાકની અર્ધા માઇલની ઝડપે વાંકીચૂકી કેડી બનાવતા, પથ્થર અને માટીમાં ખૂંદતા આથડતા કીડીને વેગે ચાલવા માંડયા. ઘડિયાળ જોયું. છએક

જાગવા આવ્યા હતા. ભગવાન શિવસ્વરૂપ હિમાલયે કૃપા કરી અને ભગવતી પાર્વતીજીની કૃપાથી વરસાદ તદ્દન બંધ પડ્યો. વૃક્ષોનાં પાંદડાં અતિતૃપ્તિનાં ફોરાં છાંટતાં હતાં. એક બીજી સદ્ભાગ્યની વાત હતી શ્રાવણ મહિનાની અજવાળી રાતની. વરસાદ ગયો એટલે વાદળાં નહોતાં, પણ

હજુ સૂર્યાસ્ત નહોતો થયો. અજવાળું અમને માર્ગ દેખાડી શકે એમ હતું. સીધા અમે શિવપુરી તરફ રસ્તો કાપે જતા હતા. કેટલેક દૂર છે એ વિષે પૂછવાનું જ મને સાંભર્યું નહોતું. જંગલમાં એકાન્તે ફરવાની મોજ માણવા હું નીકળ્યો હતો, ફરીને સાંજે હૃષીકેશ પહોંચવું હતું અને આખા દિવસના મનમાન્યા આનંદથી હૈયાને તૃપ્ત કરીને અપૂર્વ આનન્દ ભોગવવાની જે લાલસા ઊભી થઇ હતી તેનું આ મનોરમ દૃશ્ય !

અને મજા જ છે તો ! માનવકલ્પનાની લાઇનદોરી પ્રમાણે જ જગતમાં બધું બને, તો પછી મનુષ્યને ઇશ્વર હોવાનો દાવો કરતાં કેટલી વાર !! ઇશ્વિર તો ડગલે ને પગલે એમ કહે છે કે, " પામર માનવી ! હું સર્વજ્ઞ છું, મારી ઇચ્છાથી અણુઓમાં ગતિ પૂરાય છે, હું ધારું એમ જ થાય ! તું તો માત્ર મારું એક રમકડું, મારે રમવું હોય તે રીતે તારા જેવાં અસંખ્ય રમકડાંના હેરફેર કરીને હું રમું ! તને ફાવે ત્યાં રાખું, મૂકું તેમજ તારે રહેવાનું ! મારાં આનંદ અને રમત ( લીલા )માં વિઘ્ન કરનાર તું કોણ ? મારા આનંદમાં તું આનંદ માન, હું સદાસર્વથા આનંદમય છું, તું પણ એમ જ રહે. જીવ ! સ્વરૂપમગ્ન રહીને સુખી થા !

પાએક માઇલ ગયા હોઇશું ત્યાં સામેથી એક તેરચૌદ વર્ષનો છોકરો આવ્યો. જાણે અમને તેડવા જ આવ્યો હોય ! ભીમપુરી તો રસ્તાના ઉંદર હતા એટલે વાટ ભૂલવાનો પ્રશ્ન જ નહોતો. એકાદ કલાક પછી ઘેર પહોંચી જવાનો એને સંતોષ હતો. સંતાપ હતો કેવલ મને, અને તે પણ ખાસ કરીને એના પગનો. સાથેસાથે આશ્ચર્ય હતું હૃષીકેશ પહોંચ્યું ત્યાં સુધીના પળેપળે પલટાતા પ્રસંગોની વિચિત્રતાનું !

## વર્ણક બીજો

**અકસ્માત**

ભીમપુરીનો ઘવાયેલો પગ કાદવના ખાડામાં પડ્યો; જમણા પગને જોરથી દબાવી એ પગને ખેંચી તો કાઢ્યો, પણ પગ લગભગ ઢીંચણ સુધી કાદવથી ખરડાઇ ગયો. ત્યાંથી ખસીને પાસેના એક પથ્થર ઉપર ત્યાં જ એ બેસી ગયો. એનું બેસી જવું, અને પેલા છોકરાનું સામેથી દેખાવું, એ બન્ને એક જ સાથે બનતાં એણે બૂમ મારી :—

" અલ્યા જોગલા! તું ક્યાંથી? આમ આવ તો, આજ તો મુસીબતમાં એવા ફસ્યા છીએ કે ન પૂછો વાત!" એમ કહીને મારી સામે જોતાં જરા હસ્યો.

છોકરો ઉતાવળે પાસે આવ્યો. આરામથી બેઠા હોય તેવા લાગતા અને મારી સામે જોઈને હસતા ભીમપુરીને જોઈને એને મુસીબતનો મર્મ ન સમજાયો; સંદિગ્ધ ચહેરે એની અને મારી સામે નજર ફેરવવા માંડી.

" મહારાજ! કમંડળમાં પાણી હોય તો લાવો, પગ ખરડાઈ ગયો તે ધોવો પડશે. જોગલા આમ આવ તો!" એમ કહીને કમંડલુ લેવા ભીમપુરીએ હાથ લંબાવ્યો.

આટઆટલા વરસાદમાં પણ કમંડલુએ રંગ રાખ્યો, જ્યાં હોય ત્યાં એનું પાણી ખૂબ વપરાયું. છતે ઝરણે અને વરસાદે કમંડલુ ન હોત તો તરસ્યા રહેત : પેલું ભ. ગી. માં યાવાનર્થ ઉદપાને સર્વત: સંપ્લુતોદકે–વાક્ય

અમસ્તું જ ભગવાને બોલી નાખ્યું હશે ! કમંડલુના પાણીથી પગ ધોવા માંડ્યો. ઘામાં માટી ભરાઈ ગઈ હતી, પાટો ખસી ગયો હતો: લોહી પાછું વહેવા માંડ્યું હતું, પણ આપણા ભીમપુરી તે ભીમપુરી જ. પાસેના છોડના પાંદડાં તોડીને રસ નીચોવીને ઘા ઉપર રેડ્યો અને પાટો સજ્જડ બાંધી દીધો.

જોગલો બેઠો બેઠો જોયા કરતો હતો. આ કઈ જાતની વનસ્પતિ છે એ જાણતાં છતાં મેં પૂછ્યું : "આ શાનાં પાંદડાં છે ?"

"કડાછાલનાં, એ ઇંદ્રજવનો છોડ પણ કહેવાય; એના મૂળની કે થડ-ડાળની છાલ તે કડાછાલ. લાંબી લાંબી શીંગો એને લાગે, એમાંથી બીજ નીકળે તે ઇંદ્રજવ : એનો ઉપયોગ તો પેટ માટે છે, પેટની જીવાત મારે. મને એમ થયું કે કડવી ચીજ છે, પેટની જીવાત મારે છે, તો એનો રસ ફાયદો નહિ કરે તોપણ જીવાત અટકાવવાનો ગુણ તો વાપરશે જ. ઘેર ગયા પછી જોઈ લેવાશે. જોગલા ! ચાલ આ મહારાજની બગલથેલી ઉપાડી લે, આપણે થોડા ઉપર જઈને રસ્તે પડીએ. તું આ તરફ કેમ આવ્યો ?" એણે વૈદકની વાતનો અજબ ઉપયોગ કર્યો.

"મામા, હું પણ ગાય જોવા નીકળ્યો છું. તમને આવતાં બહુ વાર થઈ, એટલે મામીએ મને મોકલ્યો: તમે અહીં છો એની મને ખબર નહોતી," જોગલે જવાબ આપ્યો. તેમાંથી મને એના સગપણની ખબર પડી, નામ જરા વિચિત્ર તો પહેલેથી જ લાગેલું હતું.

પહાડમાં બ્રાહ્મણોમાં હવે તો ભણતર વધ્યું છે, અને એમ. એ., બી. એ., તથા ડોક્ટર, વકીલો થયા છે. સરકારી નોકરીમાં પણ ઘણા સારા અધિકાર ભોગવે છે, એટલે સારાં નામ પાડે છે, પણ બીજી ક્ષત્રિય જેવી વર્ણમાં કેટલાંક નામો બહુ વિચિત્ર હોય છે : જોગલામાં જોગી, મૂળ યોગી, એવું કૈંક નામ હશે.

ચાલવા માંડ્યું. વરસાદ બંધ થયો હતો. રાત પડી ગઈ હતી. છૂટાંછવાયાં વાદળાં ઘૂમવા માંડ્યાં હતાં, ચંદ્ર તથા તારામંડળ ઉપર

પથરાઇને વૈષ્ણવમંદિરોનાં દર્શનની પેઠે ચંદ્ર અને તારકમાળની ઝાંખી કરાવતાં હતાં. મામો અને ભાણેજ આગળ અને હું પાછળ એમ અમે ચાલ્યા જઇએ છીએ.. મેં તો હવે એવી ધીરજ ધરી હતી કે જે થાય તે ઠીક થાય છે; હૃષીકેશ જ્યારે પહોંચાય ત્યારે ખરૂં; સાધુ સંન્યાસીને એવી ચિંતા શી? અમાંયે કંઇક રહસ્ય તો હશે જ.

"મામા, સ્વામીજી આવ્યા છે; આવ્યા હતા તો વહેલા પણ તમને મળવા માટે રોકાયા છે; સવારે ભિક્ષા કરીને ગયા હતા તે પાછા બપોર પછી આવીને બેઠા છે." જોગલાએ મૌન તોડયું ચાલો ત્યારે, રાતે કોઇ મહાત્માનો ભેટો થશે, એમ મને લાગ્યું.

"ત્યારે તું ઝટ આગળ ચાલવા માંડ. આપણા નવા ઘરમાં સ્વામીજી તથા આ મહારાજ એમ બે ય માટે પથારી તથા ખાવાનું તૈયાર કરાવ. દુઃખતે પગે મને આવી પહોંચતાં વાર લાગશે." ભીમપુરીએ અમારા સ્વાગતની તૈયારી કરાવવા માંડી.

"પણ મામા, મામીને તો તમે ગયા ત્યારનો વીંછી કરડયો છે; બહુ ઝેરી લાગે છે. એ તો લોથપોથ થઈને પડયાં છે; જમણે હાથે કરડયો છે. ઘણી યે દવાઓ કરી. સોમલો ઉતારવા યે આવ્યો હતો પણ ઉતર્યો નથી."

જોગલે ધીરે ધીરે ઘરની મુસીબત કહેવા માંડી. આજ તો મુસીબતનો જ વાર હશે! મામાને પગે વાગ્યું છે જાણી એણે અત્યાર સુધી ધીરજ રાખી હતી. વહેલાં ઘેર જવાનું ન કહ્યું હોત તો એ વાત પણ ન કહેત કદાચ.

જોગલો આગળ થયો ને ઝડપ વધારી. અમારી અંધપંગુની જોડી તો હવે ઠેકાણે પહોંચે ત્યારે ખરી. એ ધીરે ધીરે અદૃશ્ય થયો.

"મહારાજ! આજ તો આખો દિવસ અમાસનો જ ઊગ્યો હોય તેમ લાગે છે. ગાય ગઈ છે તે આવે ત્યારે ખરી. મારો પગ ઘવાયો; ઘેર વીંછી કરડયો; વરસાદ પડયો; કયારીઓના પાળા તૂટયા હશે તો ડાંગરને નુકસાન થયું હશે એ જુદું : જલદી પહોંચીએ એટલે

નિરાંત. જોગલાની મામી તો આજ કથળી પડી લાગે છે.''—એમ કહીને એ બેસી ગયો, અને પાટો છોડીને સખત બાંધી લીધો. ''ચાલો, હવે જરા જલદી કરીએ, મન માર્યા વિના નહિ ચાલીએ તો બહુ મોડું થશે.'' એણે સાજા માણસની પેઠે ચાલવા માંડયું મેં ધીમાં પગલાંનો થાક ઉતારવા ઉતાવળ કરી: ઉતાવળે ચાલનારને ધીમું ચલાય તો ઊલટા પગ ભરાઈ જાય મને ઉતાવળે ચાલવાની આદત હોવાથી હું તો કીડીવેગથી કંટાળી ગયો હતો.

''ભીમપુરી! આજ તો ખરેખરું વીત્યું છે નહિ? હું સહેજ ફરવા નીકળ્યો; અને તમે મળ્યા; તમારી ગાય ખોવાઈ; વાઘનો અવાજ આવ્યો; વરસાદ પડયો; વંટોળ આવ્યો; પહાડની ભેખડ ધસી આવી; તમને પગમાં વાગ્યું; ઘેર વીંછી કરડયાના સમાચાર મળ્યા; મારૂં હૃષીકેશ તો આજ તમારે ત્યાં જ થશે; કેવી ઈશ્વિરની લીલા છે!'' મેં સંક્ષેપમાં અકસ્માત્‌ની વિગતો સાંધી.

''હોય, મહારાજ! ધાર્યું જ હંમેશાં થાય એમ ધારીને દિવસ થોડો ઊગેઆથમે છે; અમારે જંગલમાં તો આવી વાતની નવાઈ જ નહિ! પણ તમે બહુ હેરાન થયા આજ! હવે જલદી ઘેર પહોંચીએ એટલે નિરાંત. બહુ દૂર નથી હવે. થોડી વારમાં જ પહોંચી જશું.' એણે ટાપશી એવી રીતની પૂરી કે જાણે કશો ગભરાટ રાખવાનું કારણ જ ન હોય.

પર્વતીય જીવન અને તેમાં પણ હિમાલયના પ્રદેશનું; વાદળાંની રમત તો એવી ઝડપી અને તોફાની હોય છે કે વરસાદના દિવસોમાં કયારે શું થશે એની ખબર જ ન પડે. રસ્તો કપાય છે; ભીમપુરીએ લંગડા પગને ભૂલીને સાજા માણસની પેઠે ચાલવા માંડયું છે. સામે કંઈક વસ્તીના અવાજ સંભળાવા માંડયાં છે. પણ વાહ પરમેશ્વર! આ શું! ગાયનો અવાજ આવ્યો, ભીમપુરી અકસ્માત્‌ ઊભો રહ્યો અને ઉપરથી ગાય ઊતરી આવી. આવી તેવી પાસે જ ઊભી રહી; જાણે ખોવાઈ જ નથી.

"મહારાજ, ગાય આવી; વાહ રે માતાજી! શી લીલા તમે આજ કરી બતાવી? ક્યાં રખડી આવ્યાં? દેવી! ભગવાને કઈ દિશામાં વાંસળી વગાડીને તમને રમવા બોલાવ્યાં હતાં?" એમ કહીને ગાયની પાસે ગયો; પીઠ પર હાથ ફેરવ્યો; શાંત મૂક ભાવે ગાય પ્રેમની હૂંફ અનુભવતી હોય તેમ એના તરફ મીઠી આંખે જોતી જોતી ઊભી રહી.

"મહારાજ! રાત પડી એટલે ગાય પાછી આવી; જોયું? ઘર કોને વહાલું નથી? ચાલો એક વાતની તો નિરાંત થઈ" એમ કહીને ગાયને આગળ કરી. "ચાલો, માતાજી! ઘેર હવે!" અમે ત્રણ પ્રાણી થયાં. આગળ ગાય, પાછળ એના ગોપાલક ભીમપુરી અને સૌની પાછળ વિસ્મયતાને ઘોળતો, પીતો હું, એમ ચાલવા માંડ્યું.

હવે નીચે ઊતરવાનું હતું. પગકેડી મળી આવી હતી, રસ્તો વધારે ચોખ્ખો અને અવરજવરવાળો હતો; પાંચેક માઈલ ચાલ્યા અને મકાન દેખાયાં.

"ભીમપુરી! પેલા સ્વામીજી કોણ છે? ત્યાં જ રાત રહેવાના છે એટલે જૂના ઓળખાણવાળા હશે નહિ!" મારી ઉત્સુકતાએ પ્રશ્ન પૂછાવ્યો.

"મહારાજ! એ સ્વામીજી છેલ્લાં વીસપચીસ વર્ષથી અમારે ત્યાં આવે જાય છે. ચોમાસામાં નીચેના પ્રદેશમાં ફરી આવી કારતકથી લગભગ વૈશાખ સુધી પર્વતોમાં ફરે છે. ને મારે ત્યાં તો લગભગ દર મહિને આવી જાય છે. અમે પહાડી લોકો પૈસેટકે ગરીબ. પ્રારબ્ધયોગે જન્મ અમને અહીં મળ્યો; ટાઢતડકો વેઠીએ, ગરીબી ભોગવીએ અને બીજાં પણ કષ્ટ વેઠીએ; એટલું તપ કરવા જ ભગવાને અહીં ગોઠવ્યા હશે કદાચ. પણ અમે તો અમારા સ્વભાવથી કરીએ છીએ. મનમાં તો સંસાર ભર્યો હોય અને કુટુંબકબીલાની જંજાળમાં દુઃખ ભોગવીએ. એ કાંઈ તપ કહેવાય? ઈશ્વરને માટે તો અમે કાંઈ જ તપ કરતા નથી અમારાથી કશું યે નથી બનતું, આપના દેશના લોકો ઘરબાર, જંજાળ, ભોગવૈભવ છોડીને આ ભૂમિને તપોદેશ માનીને ભિક્ષાદ્વારા ઉદરપોષણ

કરી ઈશ્વરના ભજન માટે એકાંતે રહેવા આવે, એમની સેવા કરવાનુ અમને અહોભાગ્ય મળે, એટલાં અમારાં પૂર્વપુણ્ય. આંગણે આવી ચડેલા અભ્યાગતને ય રોટલોઓટલો આપવો એ તો, મહારાજ! આપણા ધર્મની ગળથુથી છે. આવા સંતો અનેક આવે છે ને અહીં નદીનાળાંને કાંઠે ઘાસપાનની ઝૂંપડીમાં રહીને, અમારે લુખો-સૂકો રોટલો કે છાશનું પાણી પીને ભજનધ્યાન કરે. એમની સેવા કરીએ તો અમારાં મન પણ ચોખ્ખાં થાય. એમનાં દર્શનને બહાને અમને ભગવાન સાંભરે એ ઓછું છે? આ સ્વામીજી મારા પિતાજીની હયાતીથી પહેલાં આવતા જતા હતા; ધીરે ધીરે સહવાસ વધ્યો અને હવે તો અમે એમનાં બાળકો હોઈએ એવી સંભાળ રાખે છે. ધર્મધ્યાનમાં અને નીતિમાં વાળે છે અને દુઃખમાં હિંમત આપે છે.

"આમ તો હું યે સંન્યાસીનો જ વંશ જ છું. નાનપણમાં હિન્દી ભણવા દેહરાદૂન ગયો હતો. ત્યાંથી આવીને હૃષીકેશની પાઠશાળામાં થોડું સંસ્કૃત ભણ્યો, પૂજાપાઠ શીખ્યો, પણ બાપદાદાની જમીન સંભાળવા ઘેર રહ્યો. મોટા ભાઈ કુંવારા જ મરી ગયા; નાનો ભાઈ માંદો પડ્યો એટલે બૈરી નાસી ગઈ; એ બિચારો નબળોદૂબળો, પણ થાય એટલું કામકાજ કરે છે; એટલે ઘરખેતીનો બહેનભાણેજોનો બધો ભાર મારે માથે પડ્યો. સંસ્કૃત કે અંગ્રેજી ભણ્યો હોત તો શહેરી નોકર કે આળસુ વાતોડિયો બન્યો હોત, તેના કરતાં આ ખેતી સંભાળીને બેઠો છું એટલે સગાસંબંધી સચવાય છે. આપ જેવા સંતસાધુની મૂઠી લોટ કે રોટલા-ઓટલાથી બને એટલી સેવા થાય છે. અને સૌથી મોટી વાત એ સેવા-સત્સંગમાંથી એટલી સમજાઈ કે નીતિથી રહીએ તો મનમાં શાંતિ રહે છે; ધર્મથી ચાલીએ અને પોતાનું કર્મધર્મ સંભાળીએ તો આ ખેતીના ધંધામાં નથી જૂઠું બોલવું પડતું, નથી કોઈ કપટપ્રપંચની રમત રમવી પડતી. મજૂરી કરવી, ઘરસંસાર ચલાવવો અને પેટ ભરતાં બચે એમાંથી દાનપુણ્ય કરીને મનમાં નિરાંત રાખવી. સરકારી નોકરોની થોડી કનડગત પહેલાં હતી; એમની હાજરી ભરવી બહુ વસમી છે પણ સીધે રસ્તે ચાલીએ તો પછી બહુ સતામણી નથી રહેતી.

"સ્વામીજીની સાથે વધારે ઓળખાણ અને એમની આવજા થઈ એમાં મને જ લાભ થયો છે. છોકરાંછૈયાં બધાં સંતોષ અને શાંતિથી રહે છે; ઘરમાં કલેશ તો થતો જ નથી અને વ્યવહારમાં પણ એ એવી રૂડી શિખામણ આપે છે કે કોઇનું બગાડવું નહિ, વ્યવહારમાં ગમ ખાવી, આપીને રાજી થવું, પણ લેવાની લાલસા રાખીને પરભવનો બોજો ન વધારવો.

"અને બીજી એમની વાત તો એમને મળો ત્યારે પૂછી જોજો ને! સારા ભણેલાગણેલા છે. ઉંમર પણ હવે તો મોટી થવા આવી છે. આપ કદાચ ઓળખતા પણ હશો. હૃષીકેશમાં ઘણા મહિનાઓ રહે છે; ઉપર ઉત્તરકાશી વગેરે ઠેકાણે પણ જાય આવે છે: આજ મારે ત્યાં પધાર્યા છે એમ જોગલે કહ્યું, એ મારાં સદ્ભાગ્ય."

એણે પોતાની જીવનનીતિ વિગતવાર કહી સંભળાવી; સત્સંગનું મહાત્મ્ય ગાયું. પર્વતની સાધારણ પ્રજાની સંતસાધુની સેવાભાવના સમજાવી અને ફલતઃ એની શાંતિની સાક્ષી આપી. આવા જીવનમાં ક્યાં અસંતોષ રહે એ વિચારમાં હું પડયો. ભારતવર્ષનો સનાતન ધર્મ તો છે સેવા અને શાંતિનો; કર્મકાંડ કરો કે ઉપાસના, આત્મજ્ઞાન મેળવો કે ઇશ્વરદર્શન માટે ઝંખો, બધામાં લક્ષ્ય તો ત્રિવિધ ભાવે ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ—ત્રણે ય પ્રકારની શાંતિ એ પરમ ધ્યેય; આધિભૌતિક એટલે બાહ્ય જગતની શાંતિ. વિશ્વમાં ગમે તેટલી ઊથલપાથલ થાય, આકાશપાતાળ ભેટે, પણ મનમાં એવી ધીરજ રહે કે વિશ્વકર્તાની ઇચ્છા પ્રમાણે બધું બને છે. મારે તો અચલ ચિત્ત રાખવું અને એની ઇચ્છા એ જ મારી ઇચ્છા, એમ સમજીને શાંતિ સાચવવી એ પહેલી શાંતિ. બીજી શાંતિ આધિદૈવિક એટલે આંતર મનની-જગતની. સમસ્ત વિશ્વની સૂક્ષ્મ શક્તિઓ જેવાં આપણાં દેવદેવીઓ પોતાના દૈવી અને આસુરી સ્વભાવ પ્રમાણે સંસારસમુદ્રમાં મંથન કરે, ત્યારે એમાંથી ઝેર અને અમૃત બન્ને ઊભરાય. દૈવી અને આસુરી તત્ત્વોની સનાતન યુદ્ધ-લીલામાં મંથન એમાંથી પહેલું વિષ નીકળે. ભગવાન પાર્વતીપતિએ એનું પાન કર્યું અને કંઠમાં રાખ્યું, તેથી એ નીલકંઠ કહેવાય છે;

અને કંઠમાં વિષ રાખીને હૃદયમાં અમૃત રાખનાર ભગવાન મહાકાલ સંસારને હૃદયમાં ઊતરવા જ દેતા નથી, એ એનું એક રહસ્યમય સામર્થ્ય છે. એવી જ રીતે હૃદયમાં અમૃત રાખી સંસારવિષને કંઠ (મન) માં રાખી વ્યવહાર ચલાવવો.

આત્મા અમૃતસ્વરૂપ છે; અનાત્મ સંસાર વિષમય છે. એટલે ત્રીજી રહી આધ્યાત્મિક એટલે આત્મવિષયક શાંતિ કે જે ઉપરની બન્ને શાંતિનો મૂલ આધાર છે. સ્થૂલ જગતના વ્યવહારમાં શાંતિ હોય, આંતરિક ઉપાસનાના બળથી ચિત્તમાં દેવ-દેવતાની પ્રસન્નતા રહેતી હોય છતાં આત્માનું અમૃત ન પીવાય તો એ બધાં અસંતોષ, અતૃપ્તિ, રાગદ્વેષ જેવાં અસંખ્ય દ્વંદ્વરૂપ વિષને દૂર કરી શકતાં નથી. તેથી છેલ્લી આત્મશાંતિ એ જ સર્વોત્તમ શાંતિ છે.

સંસારમાં ત્રિવિધ તાપ છે તેથી ત્રિવિધ શાંતિ માટેના સાધનો છે; આધિભૌતિક શાંતિ માટે કર્મકાંડ, આધિદૈવિક માટે ઉપાસના, અને આધ્યાત્મશાંતિ માટે આત્મજ્ઞાન. ત્રણે ય શાંતિ માટેનાં સાધનમાં આચાર્યશરણ, સત્સંગ, સંતસેવા, શાસ્ત્રશ્રવણ, તત્ત્વમનન અને સ્વરૂપનું નિદિધ્યાસન વગેરે મુખ્ય સાધન છે. ભીમપુરીને સત્સંગનો યત્કિંચિત્ લાભ મળ્યો છે, એમ એના કહેવા ઉપરથી અનુમાન કર્યું.

"ગાય દૂધ આપે છે કે નહિ?" આગળ ચાલી જતી ગાયનો વિચાર આવતાં મેં પૂછ્યું.

"એની વાછરડી ત્રણેક મહિના પહેલાં મરી ગઇ ત્યારથી દૂધ થોડું આપે છે અને તે પણ સવારે એક જ વાર; વિયાવે પણ આઠેક મહિના થઇ ગયા," ભીમપુરીએ સવાલ પૂરતો જ ટૂંકો જવાબ આપ્યો.

દૂર દેખાતાં એનાં મકાનો પાછાં અદૃશ્ય થવા માંડયાં. સાંજે પગે ચાલતા હોત તો કેટલા ગાઉ હશે એની કલ્પના પણ હું કરી શકત; પરંતુ ધીમી ચાલ, અર્ધભીંજાયેલાં કપડાં, રાતનો વખત, આગળ ગાય અને મારી સચિંત સ્થિતિ—એ બધાંએ મનને એવું રોકી રાખ્યું હતું કે દૂર કે પાસેનો પ્રશ્ન જ મનમાં ઊઠતો નહોતો.

મકાન દેખાતાં બંધ થયાં જાણી મેં પૂછ્યું:

"પાસે આવતાં જઈએ છીએ પણ મકાનો દેખાતાં કેમ બંધ થયાં?" મારા પ્રશ્ન વખતે જ રસ્તો નીચે ઊતર્યો; મને તરત જ કારણ સમજાતાં કહ્યું: "હાં, પણ આપણે નીચે ઊતરવા માંડ્યા એટલે નીચેની ઝાડી આડી આવી ગઈ, ખરું?"

"હા, મહારાજ! જુઓને, હવે તો ઘરનાં માણસોનો અવાજ પણ સંભળાવા માંડ્યો. કૂતરું પણ ભસ્યું." જવાબ આપતી વખતે જ એ બધું બન્યું અને મેં પણ સાંભળ્યું.

નીચે ઊતર્યા પછી રસ્તો જરા પહોળો થયો; ગાય ઉતાવળી થઈ અને વગરબોલ્યે થોડો જ વખત ચાલ્યા હોઈશું, ત્યાં તો મકાનના પાછળના ભાગમાં આવી પહોંચ્યા. ભીમપુરીએ જોગલાને બૂમ મારી. જોગલો સામે આવ્યો અને ગાયને જોઈને આનંદમાં આવી ગયો.

"મામા, ગાય ક્યાંથી મળી?"

"તારા ગયા પછી એની મેળે જ વાટમાં આવીને સાથે થઈ. જા, બાંધી લે. કેમ છે તારી મામીને? ભીમપુરીએ પહેલાં પૂછવા જેવો પ્રશ્ન તરત જ પૂછ્યો.

"ઠીક છે, હાથે દવા ચોપડી છે; હમણાં જ ઊંઘી ગયાં છે:" જોગલાએ શાંતિથી કહ્યું.

"ઉઠાડીશ નહિ હમણાં, ખાવાનું તો ગંગાએ કર્યું છે ને?" આજે તો ખૂબ ભૂખ લાગી છે; દૂધ મંગાવ્યું છે સ્વામીજી માટે?" સ્વાગતનો પ્રશ્ન એનાં યજમાનહૃદયમાંથી નીકળી પડ્યો.

"હા, મામા; ગંગામાસી દૂધ લઈ આવ્યાં છે અને ખાવાનું પણ તૈયાર છે. એમ તો મામી પણ હવે હુશિયાર છે. સ્વામીજી સ્નાન કરવા ગયા હતા તે હજુ આવ્યા નથી. ઝરણા પાસે કે ટેકરી ઉપર બેઠા હશે; તમે આવો ત્યારે બોલાવવાનું કહી ગયા છે, હું જાઉં છું." એમ કહીને જોગલો ઝાંપામાંથી બહાર નીકળી ગયો. અમે ઘરતરફ ચાલ્યા.

પહાડી પ્રદેશમાં, ખાસ કરીને હિમાલયમાં પથ્થર અને માટીથી

ચણેલાં મકાનોની સંખ્યા વધારે હોય છે. હજારથી બેત્રણ હજારની વસ્તીવાળાં મોટાં શહેરોની બાંધણી તો લગભગ આપણાં શહેરો જેવી જ હોય છે. બજાર હોય, સીધા રસ્તા હોય, પથ્થર અને ચૂનાનાં ચણેલાં મકાન હોય, માળ પણ હોય, પણ એવાં શહેરો તો મુખ્ય મુખ્ય મોટી નદીઓને કાંઠે જ હોય છે. બાકીનો વસ્તીનો ભાગ જ્યાં કોઇ નાની નદી કે ઝરણાંનાં પાણી વાળીને ખેતરમાં લઇ શકાય એમ હોય ત્યાં જ મકાનો બાંધીને રહે છે. આવાં નાનાં ગામમા પંદરવીસ કે તેથી પણ ઓછાં ઘર હોય. એકાદ મકાનની વસ્તીને પણ કાંઇક નામ પાડીને ગામ તરીકે ઓળખાવે છે.

મકાનોની બાંધણી પથ્થર તથા માટીની, વચમાં લાકડાં નાખીને કરેલો માળ, ને છાપરામાં લાકડાંનાં જાડાં પાટિયાં ઉપર સ્લેટ જેવા કાળા પથ્થરનાં ચોસલાં મૂકીને નળિયાં જેવું કરે છે. નીચેના મકાનમાં ઢોર બંધાય અને ઉપરના ભાગમાં રહેવાનું, એવો સાધારણ રિવાજ રાખે છે. જંગલમાં વાઘનો ભય હોવાથી શિયાળામાં જ્યારે લોકો મકાનની અંદર સૂએ છે, ત્યારે ઢોરઢાંખરને નીચે ભોંયતળિયે અંદર બાંધીને સાંકળ મારી રાખે છે. ઉનાળામાં જ્યારે ઘરનાં માણસો ખુલ્લામાં બહાર સૂએ ત્યારે જ ઢોર બહાર બંધાય છે.

આવાં માળવાળાં મકાન ભીમપુરીનાં હતાં. સફેદ તથા પીળી માટીથી બહારથી ધોળેલાં એ મકાન સ્વચ્છ અને સુઘડ દેખાતાં હતાં. ઘરમાં ફાનસનો દીવો હતો. એક જ ઓસરીએ બે મકાનમાં બબ્બે ઓરડા હતા અને રસોડું જુદું હતું. પથ્થરમાટીની ચણેલી નીસરણી ઉપરથી અમે ઉપર ગયા. ઓસરીમાં જોગલાની મામી, કામળામાં લપેટાઇને સૂતી હતી. ઉપર ચડતાં ઘરમાંથી આધેડ વયની એક બાઇએ નીકળીને મને નમસ્કાર કર્યા; ભીમપુરી અંદર ગયા અને જોગલાની માસી, ભીમપુરીની એ વિધવા બહેન ગંગાએ મને બાજુના મકાન તરફ જવા કહ્યું; હું ધીરે પગલે અંદર ગયો. બે ખંડવાળા એ માળામાં આગળના ઓરડામાં બે પથારીઓ હતી. એક પથારી પાસે ચારપાંચ પુસ્તકો,

ખીંટી ઉપર એકએ કપડાં. એક લોટોપ્યાલો અને ખૂણામાં મોટી પહાડમાં વપરાતી લાકડી પડી હતી. ખાલી પથારી મારા માટે સમજીને હું ત્યાં બેઠો. અર્ધપલળેલાં કપડાં કાઢ્યાં; ખીંટીઓ ઉપર પહોળાં કર્યાં. કમંડલુ બાજુમાં મૂક્યું, છત્રી ખુલ્લી કરીને ખૂણામાં સૂકવી. "નારાયણ" બોલી વિશ્રાંતિ લેવા આસન જમાવ્યું. થોડું મનોમન્થન ચાલ્યું.

અકસ્માત! હૃષીકેશની યાત્રા, ત્યાંથી વનવિહાર, તેમાં ભીમપુરીનો ભેટો, વાઘની બૂમ, વરસાદ, ભીમપુરીને પગે ઘા, જોગલો, ગાય, ભીમપુરીના ઘર તરફ પ્રયાણ, કોઈ સ્વામીજી આવ્યાના ખબર, ભીમપુરીની સમજણવાળી જીવનઝરમર અને આ રાત્રિવાસ! અકસ્માત! ક્યારે? ક્યાં જવાશે? એ બધું અકસ્માત!

ત્યારે આ સમસ્ત જીવન જ અકસ્માત નહિ? ક્યાંથી? કયા લોકમાંથી? ચેતનની પ્રેરણાથી? જડના સંયોગોમાંથી? શામાંથી આ શરીર, મન, બુદ્ધિ, પ્રાણ, એ બધાં આવિર્ભાવ પામ્યાં? કેમ શા માટે? અકસ્માત! કોણ જાણે? કોણ જાણી શકે? શા માટે જાણે?

શા માટે જીવન ધારણ થાય? શરીરમાં પૂરાયેલા પ્રાણસ્થૂલ ફેફસામાં ધમનની પેઠે ફૂંકાય, શ્વાસોચ્છ્વાસ ચાલે, પ્રાણ–અપાનના ઘર્ષણથી અગ્નિ પ્રદીપ્ત થાય, અન્નજલની આહૂતિ આપવી પડે, શરીર વૃદ્ધિક્ષીણતા અનુભવે, શ્વાસ ઊડી જાય, પ્રાણનાં ઘર્ષણ તૂટે, શરીર બેભાન થાય, વિશેષ ચૈતન્ય જેવો અહંભાવ લીન થાય-શા માટે, ક્યાંથી, અકસ્થત।

જીવે ત્યાંસુધી જઠરાગ્નિને આહૂતિ આપવા અન્નજલ જોઈએ, ઇંદ્રિયોની દ્વારા પૃથ્વીપટ ઉપર અન્નવસ્ત્ર મેળવવા પરિશ્રમ કરે, વિના પરિશ્રમે વૃષ્ટિથી ઊગતાં અન્નફલથી માંડીને જડ વિજ્ઞાનની સહાયતાથી સ્વાદુ ભોજનસામગ્રીના ગંજ ખડકે, ગુફા કે કોતરથી માંડી ૧૦૦-૧૨૫ માળનાં આલેશાન મકાન બાંધે, દેશવિદેશમાં ઘૂમવા માટે પોતાના પગ ટૂંકા પડતા હોય એમ બળદગાડાથી વિમાન સુધીનાં વાહન વાપરે, વનવાસી પશુપક્ષી જેવો જ પ્રાણધારી મનુષ્ય ટાઢતડકો ન વેઠી શકે,

સ્વદેહના રક્ષણમાંથી ઊભી થયેલી જિજીવિષાથી પ્રેરાઈ હિંસક બને અને વસ્ત્રપરિધાનમાં ભાતભાતના તાણાવાણા ગૂંથી શૃંગાર સજે. ઉદરનિમિત્ત, શીતઉષ્ણ, સ્વરક્ષણ અને આવાં સ્વશરીરના ક્ષેત્રમાંથી સમૂહગત વાસના જાગે, દયા કે ભાઇચારાને બહાને અસંખ્ય જૂથ જાગે, જાતીય વાસનાને પોષતા સ્ત્રીપુરુષના અધિકારો ઘડાય, થોથાંપોથાં લખાય, લલિત કલા પોષાય, લાકડીથી માંડીને અણુબોમ્બ સુધીનાં હિંચક ઓજારહથિયાર તૈયાર કરે, અને પોતે જ સર્વોપરિ હોય તેમ યુદ્ધની નોબતો ગાજે; સંસ્કૃતિ, સ્વરક્ષણ, સ્વદેશપ્રેમ, માનવપ્રેમ,–આવાં અવાં અસંખ્ય નિમિત્તો ઊભાં કરે અને સ્વરાજ્ય કે સામ્રાજ્યની રાક્ષસી ભૂખ ભાગવા કેટકેટલા ઉધમાત કરે એ કયાં કોઇથી અજાણ્યું છે? શા માટે? અકસ્માત?

પશુપક્ષીઓ વનવિહારમાં સંતુષ્ટ રહે, કોતરોમાં ભરાય કે વૃક્ષની ઉપર માળા બાંધે. જાતીય ભુખ તો પ્રત્યેક પ્રાણધારીમાં છે જ; અરે; નવીન શોધ તો એટલે સુધી પહોંચી કે પેલા આણુબોમ્બમાં પણ નરનારીના ભેદ છે! અણુઓમાં પણ સ્ત્રીપુલ્લિંગની સૃષ્ટિ છે;–વાહ રે આ વિશ્વક્રમ–શા માટે? અકસ્માત?

શી શી વાતો કરીએ! અત્યાર સુધીનાં અસંખ્ય કોટ યુગના પરિણામ જેવાં, આવકજાવક, નફાતોટા જેવાં દ્વંદ્વનાં સરવૈયાં જેવાં કેટકેલી ભાષામાં પુરાણો સંભળાયાં, મુખાગ્ર રહ્યાં, લખાયાં છપાયાં અને એ પુરાણ કે ઇતિહાસમાં, વિશ્વના ઉકેલમાં, સૃષ્ટિના રક્ષણસંહારમાં સાર શોધતા માનવજીવોએ કેટકેટલી મથામણ, માથાફોડ લમણાઝીક કરી છે. એવા પણ ઉલ્લેખ છે કે અમુક ઋષિએ દસ હજાર વર્ષ તપ કર્યું, બીજા કોઇ એ પચ્ચીસ ત્રીસ હજાર કે લાખ વર્ષ તપ કર્યું:–એ બધાં તપ્યાં, ગરમ થતાં, ઉકળ્યાં,–અને ઉકળાટનું પરિણામ? કોણ નિર્ણય કરે? કોણ જાણે? અકસ્માત! પગ નીચે જોઇ એ તો પૃથ્વી અને પર્વતો છે; એમાં પાણીના મહાસાગરો, સરોવરો, નદીનાળાં ભર્યાં છે. આકાશ તરફ આંખ વાળીએ તો સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર અને ગ્રહોનાં જ્યોતિમંડળો

ઘૂમે છે. પૃથ્વી શાના આધારે રહી છે? ઊભી છે, સ્થિર છે, ચાલે છે? શોધાશોધ કરી મૂકી અને હિસાબકિતાબની સહાયથી ગણતરી બાંધી. બધાને ગતિમાન માન્યાં. એટલે જ આ જગત નામ પાડ્યું. જેટલું સ્થૂલ ગતિમાન પ્રત્યક્ષ જણાય કે અનુમાન થાય એ બધું જગત: પણ શા માટે? અકસ્માત!

સ્થૂલને જુએ, ઓળખે, કલ્પે, દ્વંદ્વ અનુભવે, સર્જન, સ્થિતિ અને સંહાર થાય, યુદ્ધ ખેલાય, એ બધું કોણ અનુભવે?–અને અનુભવનારું મન પણ નિત્ય અવનવું બન્યા કરે, પરિણામ પામે, ફેરફાર થાય, ખસ્યા કરે, સરકતું જ રહે, સંસરે–એ સંસાર; બધું જાણે મનોમય જ હોય નહિ! મન હોય તો સ્થૂલ છે એમ કહે કોણ? સ્થૂલને સાચું–સત્ય કે ગતિમાન છે એમ જોઇને જગત્ નામ કોણ પાડે? એટલે બધું મન જ છે. મન સરે છે, ઠીકઠીક સરે છે –એ જ સંસાર? શા માટે અકસ્માત?

"કેમ ભીમપુરીજી! આજ કંઇક બહુ ફરી આવ્યા!" નીચેથી સ્વામીજીની બૂમ પડી! એ ઉપર ચડતા હતા.

'અકસ્માત'ની તર્કપરંપરા તૂટી. મનમાં જ હસવુ આવ્યું કે આ અકસ્માતનો મનોવાદ કોઇ સાંભળે જાણે તો એમ જ કહે કે અલ્યા તું જ અકસ્માત! કોઇ મશ્કરો મિત્ર હોય તો મારું નામ જ અકસ્માત રાખે; નહિ?

ભીમપુરી પોતાના ખંડમાંથી બહાર આવ્યો અને સ્વામીજીની સાથે થઇ મારા ખંડમાં પ્રવેશ કર્યો. મેં પથારીમાંથી ઊભા થઈ "ૐ નમો નારાયણાય, સ્વામીજી!" એ અમારા સંન્યાસીઓના નમોવાચક વાક્યનો વિવેક દાખવ્યો.

"ૐનમો નારાયણાય, મહારાજજી!" સામે એવો જ વિવેક અને પ્રેમભર્યો પ્રતિઘોષ થયો. "ઓહો, સ્વામીજી! આપ છો? મને તો જોગલાએ કહ્યું કે કોઇ સ્વામીજી મહારાજ મામાની સાથે આવ્યા છે. આ બાજુ આમ ક્યાંથી? કેટલેક સુધી જવું છે?" એમણે ઓળખતા હોય તેમ પ્રશ્નો પૂછવા માંડયા.

મારા મગજમાં 'અકસ્માત્' ગુંજ્યા કરતો હતો; હૈયે તે હોઠે આવ્યું. "સહેજ સ્વભાવે, અકસ્માત્!" આટલું બોલતાં મનમાં કૈંક ભોંઠપ આવી; હસવું આવ્યું—શી અકસ્માતની પરંપરા છે! બસ બધું જ અકસ્માત્:આ આમ કેમ છે થાય કે થયું ક્યાંથી? શામાંથી?— એમ પૂછવું એ 'કસ્માત્'—ન સમજાય એટલે માનવું અને કહેવું તે 'અકસ્માત્' એનું બીજું નામ પ્રસંગનું અજ્ઞાન.

એમણે સ્નાન કરેલું ભીનું વસ્ત્ર સૂકવવા માંડયું: વચમાં બૂમ મારી, "જોગલા, ગંગા માસીને કહે કે હવે મારા માટે દૂધ લાવે. ભીમપુરી, સ્વામીજી માટે રસોઇ તો કરાવી રાખી છે." એમના બોલવા ઉપરથી આ કુટુંબ સાથેના ગાઢ પરિચયનું મને અનુમાન થયું મને સંબોધીને કહ્યું: "ક્ષમા કરજો, સ્વામીજી! ઝાંખા દીવામાં ઓળખાણ ન પડી! હજુ તો પરમ દિવસે જ આપણે મળ્યા હતા હૃષીકેશમાં; હું તો તે જ દિવસે નીકળીને વસિષ્ઠગુફા ગયો હતો; આજ ત્યાંથી આ બાજુ નીકળી આવ્યો. અહીં આવ્યો ત્યારે ભીમપુરી નહોતા; જોગલાને શોધવા મોકલ્યો, એ આવ્યો ત્યારે જાણ્યું કે કોઇ સંન્યાસી મહાત્મા સાથે છે; વાઘની બૂમની, આ તરફ ન છૂટકે રસ્તો પકડવાની, ભીમપુરીને પગે વાગવાની બધી વાત એણે કરી." એટલું બોલીને કંઇક સાંભરી આવ્યું હોય તેમ એમણે ભીમપુરીને કહ્યું:—"ભીમપુરી! ઘરમાં ચાલો તો જરા."

સાથે મારા તરફ નજર કરીને કહ્યું: "આવું છું સ્વામીજી! આપ તો બહુ થાકી ગયા હશો?" ભીમપુરીને લઇને બાજુના ઘરમાં ગયા.

આ સંન્યાસી મહાત્મા હૃષીકેશમાં ઘણીવાર મળેલા. કોઈવાર ઘાસની કુટિમાં તો કોઇ વાર સંન્યાસીઓના પાકાં મકાનવાળા આશ્રમમાં કે કોઇ ધર્મશાળામાં ઓરડીમાં રહે, બહુ ખાસ મળતાવડા નહિ. રામાશ્રમના પુસ્તકાલયમાં ઘણીવાર પુસ્તક લેવા આવે ત્યારે મળીએ; છતાં વાતચીતનો પ્રસંગ ભાગ્યે જ બનેલો. નામઠામ, દેશભાષાનો પણ ખાસ પ્રસંગ નહીં પડેલો; અને હૃષીકેશમાં સાધુઓની ખાશ વિશિષ્ટતા જ

એ છે કે પરસ્પર મળવાબોલવાનું બહુ ઓછું. બધા એકાન્તસેવન અને સ્વાધ્યાય માટે આવેલા હોય. સત્સંગ કે શ્રવણ માટે જનારામાં એકદેશી સ્વભાવના હોય તેઓ પરિચય વધારે. પરન્તુ એ પણ બહુ જ થોડા. વ્યવહાર વિના પરિચય કે સંગના ગુણદોષ ઊપજે નહિ, એટલે વ્યવહારને ઓછો કે નામશેષ કરીને કેવળ તત્ત્વચિંતનાર્થે રહેતા આ ભિક્ષુસમાજમાં અનિવાર્ય કામપ્રસંગ વિના મળવાહળવાનું, બોલવાચાલવાનું વધી જાય તો આગળ ચાલતાં ગામગપ્પાં કે દેશહોળાણનાં જાળાં બંધાતાં વાર ન લાગે.

સ્વામીજી સાથે વિશેષ પરિચય નહિ, નામ પણ જાણું નહિ; જોયા મળ્યા છીએ એ વાત સાચી; પરન્તુ એમણે જ જ્યારે 'મળ્યા'ની વાત કરી એટલે મારો સંકોચ દૂર થયો. સ્વામીજી અને ભીમપુરી પાછા અમારા ઓરડામાં આવ્યા, ભીમપુરીના હાથમાં વાડકો ઢાંકેલો લોટો હતો. એ લોટો મારી પાસે મુકાવીને સ્વામીજી બોલ્યા :

"સ્વામીજી! મને હમણાં જ યાદ આવ્યું. આપને તો ચાની ટેવ છે એ મને અચાનક યાદ આવ્યું એટલે ચા કરાવી લાવ્યો. આજ તો થાકયાપાકયા અને પલળ્યા પણ છો એટલે પહેલાં ચા પીઓ, જમવાનું થશે પાછળથી. જરા મોડું થશે તો યે ક્યાં હવે માથે વરસાદ્વરસે છે?" એમનો અંદર જવાના કારણનો ભેદ ઉકેલાયો.

"મહારાજ! આ તકલીફ શા માટે કરાવી! પહેલાં એવું હતું કે ચા વિના નહોતું ચાલતું પણ હવે તો ટંક બે ટંક કે એકાદ દિવસ ચલાવી શકાય છે." મેં વિવેક તો દાખવ્યો પણ લોટામાંથી પ્યાલામાં ચા કાઢવા માંડી.

"સ્વામીજી! તમે હૃષીકેશમાં પહેલાં રહેતા ત્યારે હંમેશાં અવારનવાર તમારી કુટિમાં ચા થતી એ હું જાણું છું. બહારનાં યાત્રાળુઓ સત્સંગ માટે આવે ત્યારે પંજાબી સન્તો પાસે મેવા, બદામ કે ફલ લઇ જાય, તેમ તમારી પાસે ચાખાંડનાં પડીકાં લાવે એટલે સુધી તો તમારી ચાની વાતો થતી." થોડું હસતાં હસતાં સાચી જ વાત કહીને વધા રોનકટતા દાખવી.

ભીમપુરી પાછો ઘરમાં ચાલ્યો ગયો. સ્વામીજી પોતાના આસન ઉપર નિરાંતે બેઠા. મેં ચા પીવા માંડી પણ એ ચા એટલે અર્ધો શેર દૂધમાં નવટાંક ખાંડ અને અધોળેક પાણી નાખી. થોડાં ચાનાં પાંદડાંનો ઉમેરો કરી મીઠી મજાની ભેંસના દૂધની જ જાણે લિજ્જત આપતી હોય, તેવી દૂધની લસ્સી જેવી ચા.

મને ગળપણ ઓછું માફક આવે ને જીભને પણ અકારું લાગે, ચા પણ જરા ઠીક રંગવાળી, દૂધ બહું જ ઓછું–એ બધું ય હવે તો નભાવી લેવાનું. આટલા પ્રેમથી સત્કાર, એક સંન્યાસી મિત્રના હૃદયનો ઉમળકો અને પર્વતીય યજમાનનું મોંઘા અનેરા ભાવનું આતિથ્ય—એ બધાના બદલામાં મારે એ સ્વાદ ઉપર સંયમ રાખીને પીધા વિના છૂટકો હતો?—ધીરે ધીરે પી ગયો; એક કામ પત્યું. સ્વામીજીએ સામેથી થોડા એલાયચીના દાણાનો મુખવાસ ધર્યો; એ તો અનુકૂળ હતું.

રાત અહીં જ ગાળવાની હતી એટલે મનમાં સ્વસ્થતા આવી. સ્વામીજી અને હું પરસ્પર આસન પર ગોઠવાયા.

"સ્વામીજી ! આ બાજુ ઉત્તરાખંડમાં વિચરો છો કે નીચે પ્રદેશોમાં આવી ચ્હડો છો?" મેં પ્રશ્ન કર્યો.

"મહારાજ! નીચેના પ્રદેશમાં બધે ય ફર્યો છું અને હજુ પણ જાઉં છું; ટાઢ સહન થઇ શકે તેટલો વખત અહીં રહું છું. આ બાજુ એકાન્ત સારી મળે છે. એક તો આ પહાડી લોકોની નિઃસ્વાર્થ સેવા હોય છે, બીજું ખોટી ચર્ચા કે નકામા પ્રશ્નો પૂછવાની લમણાઝીક નહિ; ત્રીજું દર્શન કરીને જ પાપ ધોવરાવાની લોકોની ઘેલછા નહિ, એટલે ભીડ જામે નહિ. મતલબ કે એમની આપણા માટેની સમજણ પરસ્પર અનુકૂળતા કરી આપવાની હોય છે; અને એકાન્ત માટે આપણે આ બાજુ આવ્યા છીએ, એ દૃષ્ટિ એમની મને બહુ ગમે છે. આ તરફ બે ત્રણ હજારની વસ્તીવાળાં શહેરો ગણાય તેવાં મુખ્ય મુખ્ય ગામ છે, કે જ્યાં અમલદારો રહેતા હોય, પાકાં મકાન હોય, તારટપાલ

હોય, અંગ્રેજી નિશાળ હોય એટલે ભણેલાની વસ્તી હોય, વેપારીની દુકાનો હોય-એવું હોય ખરું; છતાં પણ એકંદરે એ આપણી પાસેથી વાદવિવાદ, ચર્ચા, વ્યવહારમાં ઉપયોગી થવાની આશા. કે એવી સાંસારિક અર્થ માટેની ભાંજગડમાં નથી પડતા. પરમાર્થ માટેના ચિંતવનમાં નિમગ્ન રહેનારા સાધુ સંતો પાસેથી સદ્‌ભાવ, આશીર્વાદ, તટસ્થ શાંતિ, અને નિર્મળ ચારિત્રદર્શનની આશા જ્યાં સુધી સંસારીઓ રાખે ત્યાં સુધી પરસ્પરનો સંસર્ગ વિકાર નથી ઉપજાવતો. કશાં ઘર્ષણ ઊભાં નથી થતાં. વ્યવહાર અને પરમાર્થ— એ દિશાના આશ્રમો જ જુદા જુદા છે. ગૃહસ્થાશ્રમ અને સંન્યાસી એ બન્ને આશ્રમોમાં પ્રવૃત્તિ-નિવૃત્તિનો ભેદ છે; અને અત્યારના જમાનામાં હિમાલય જેવા પહાડી પ્રદેશમાં, કે ગામડામાં એ વધારે સચવાય છે. બાકી તો સ્વામીજી! માણસજાત બધેય એકસરખી. એકલો આપણી અનુકૂળતાનો વિચાર કર્યા કરીએ તો ક્યાં રહેવું, એ પ્રશ્નનો ઉકેલ જ ન આવે.'' એમણે એ રીતે પરિવ્રાજક જીવનની થોડી હકીકત કહી નાખી.

સંન્યાસ-આશ્રમમાં એક એવી શાસ્ત્રાજ્ઞા છે કે એમના પૂર્વાશ્રમ સંબંધેની હકીકત કે વાતચીત ન થાય; પૂછાય જ નહિ. અમા પરસ્પર વધારે શી વાત? પરન્તુ સ્વપ્રાંત, સ્વભાષા, લોકાચાર વગેરેનો સામાન્ય ભેદ હોય છે. એ જાણ્યા વિના લોકજીવનના સંસ્કારની ખબર શી રીતે પડે? અને શાસ્ત્રાજ્ઞા તો નીચે પ્રમાણે છે:—

नामगोत्रादिचरणं देशंकालं श्रुतं कुलम् ।
वयोवृत्तं वृत्तशीलं रव्यापयेन्नैव सद्यतिः ।।

નામ, ગોત્ર, દેશ, કુલ, ઉંમર, વગેરે બધાં પ્રકટ ન કરવાં એવું જ્યાં કહ્યું છે એનો ત્યારે અર્થ શો? પૂર્વાશ્રમની વાત પ્રકટ ન કરવી એ મુખ્ય આદેશ છે, અને અત્યારે તો સ્વ-જીવનની મહત્તા 'જીવનચરિત્ર' ખુલ્લું કરવામાં છે: પુરાપ્રાચીન ઋષિમુનિઓ, સંતસાધુઓ તેમજ લોકોપકારી સંતોની આજીવન રહેણીકરણીની સાંગોપાંગ કથા અત્યારે નથી સાંપડતી એ જૂના સાહિત્ય ઉપર આક્ષેપ છે; અને સ્વજીવન ન

આલેખનારાનાં જીવનો બીજા ઉકેલી-લખી નાખે એમાં અતિશયોક્તિ જ ભરેલી છે, એવાં દ્રષ્ટાન્તો પણ ભાટચારણો અને કવિઓના પ્રશંસાગાન-માંથી મળી આવે છે; બન્ને પક્ષે ભયસ્થાન તો છે જ :—કરવું શું ?

સંન્યાસના બે પ્રકાર છે; (૧) વિવિદિષા સંન્યાસ અને (૨) વિદ્વત્ સંન્યાસ. વિવિદિષાનો શબ્દાર્થ છે (આત્મ)જ્ઞાન મેળવવાની ઇચ્છા; વિદ્વત્નો અર્થ છે આત્મજ્ઞાન મેળવી ચૂકેલો. વિવિદિષા સંન્યાસીને માટે કેટલાએક વિધિનિષેધો છે; એમાં સ્વગ્રામ અને સ્વ-પ્રાન્તથી દૂર રહેવું, કોઇ પણ સ્થળે બે ત્રણ દિવસ કરતાં વધારે ન રહેવું, નિર્જન એકાન્તમાં રહેવું, ભિક્ષા માટે જ લોકસંસર્ગ રાખવો, નિત્ય-કર્મ તરીકે અમુક સંખ્યાના જપ, સ્વાધ્યાય વગેરે અવશ્ય કરવાં, સત્સંગીઓ સાથે વાતચિતમાં વ્યવહારવાર્તા ન કરવી વગેરે કડક નિયમોમાં ખાસ રહસ્ય છે. પૂર્વાશ્રમમાંથી જ્ઞાનની ઇચ્છા માટે નીકળી આવેલા વિવિદિષુ સંન્યાસીનું ચિત્ત હજી વિક્ષેપથી ભરેલું હોય છે; વ્યવહાર અને વ્યવહારના સંબંધોને દૂર રાખી, એને કેવળ ભૂલીને પરમ-તત્ત્વનું ચિંતવન થઈ શકે એટલે જન સંસર્ગ અને વ્યવહારનો ત્યાગ કરેલો હોય છે; એવી દશામાં એને પૂર્વવૃત્તાંત યાદ દેવડાવવો એ એના જ્ઞાનધ્યાનમાં વિઘ્નકર છે. જે ભૂલવાની એ મનતોડ મહેનત કરી રહ્યો છે, એ જ યાદ દેવડાવવું એ ઉભય પક્ષે મહાપાતક છે. પૂર્વવૃત્તાંતની વિસ્મૃતિ વિના આત્મસ્મૃતિ જાગ્રત ન થાય અને આત્મસ્મૃતિ જાગ્રત થયા વિના વ્યવ-હારપરમાર્થના ભેદાભેદ ઓગળે નહીં. સમદૃષ્ટિ કે બ્રહ્મદૃષ્ટિ ઊઘડે નહીં, એક વિક્ષેપ કાઢવા જતાં બીજો વિક્ષેપ ઊભરાઇ પડે, એવા સંજોગોથી દૂર રાખવા માટે પૂર્વવૃત્તાંત એ પોતે યાદ ન કરે અને કોઇ અણસમજુ પૂછે તો શાસ્ત્રની આજ્ઞા દ્વારા એને શાંત કરે: વિદ્વત્ સંન્યાસીને એવા નિયમોથી બાંધી લેવાની જરૂર નથી રહેતી.

અમે બન્ને તો આવા બનાવોથી રીઢા થયેલા હતા. સહજ સ્વભાવે જે વ્યવહાર કરતાં આત્મસ્મૃતિ ન ભૂંસાય એવો વ્યવહાર સહજ રીતે ચાલ્યા કરતો હતો અને એ જ રીતે વાતો કરવા માંડી.

"સાચી વાત છે, સ્વામીજી! લોકરૂચિ છેલ્લાં વીસ-ત્રીસ વર્ષમાં બહુ બદલાઇ ગઈ છે. દેશસેવા અને દેશભક્તિની ધૂનમાં બીજાને ઉપદેશ આપવાની પદ્ધતિ એટલી બધી વધી પડી છે કે વક્તાશ્રોતાની જમાતો ઊભરાઇ પડી છે. 'આમ કરો ને તેમ કરોનું' ળુમરાણ વધી પડયું છે, અને બીજી એક વાત એ છે કે સંન્યાસીઓ કાંઈ પણ દેશને ઉપયોગી જીવન ગાળે છે કે નહિ, એની ચર્ચાનો અંત જ નથી. જ્યાં જાઓ ત્યાં શ્રોતાનાં ઝુંડ આવે એ બધા તમે આમ કેમ કરો છો? આમ કેમ નહિ? કયાંના છો? કયાં જન્મ્યા? પહેલાં કયાં હતા? શું ભણ્યા છો? પરણ્યા હતા કે કુંવારા? શા દુઃખે ઘર છોડયું? કયા દેશના છો? આવા હજારો અંગત પ્રશ્ન જ પૂછયા કરે છે. અને તાજું તાજું આ અસહકારનું મોજું ફરી વળ્યું એમાં તો ખાદી કેમ પહેરતા નથી? ચરખો કાંતો તો શું બગડી જાય? હરિજનવાસમાં જાઓ ને એમને જ્ઞાન આપો, લોકોની સાથે ભળોહળો ને એમને બોધ આપો; મતલબ કે શાળા-પાઠશાળા કે વિદ્યાલયોનાં જેવું શિક્ષણ સૌને આપો, એવા ઉપદેશની તડી પાડે છે!" મેં એમને આ બાજુના વાતાવરણનો ખ્યાલ આપ્યો. મનમાં જરા એમને ચકાસી જોવાની વૃત્તિને લીધે આમ કહ્યું.

ભીમપુરીએ અંદર આવીને મને કહ્યું:—"મહારાજ! ભિક્ષા માટે ચાલો. અંદર આવશો કે અહીં લાવી આપું?" સ્વામીજી તરફ ફરીને બોલ્યો, "આપનું દૂધ અહીં લાવું ને!"

"અહીં જ ભિક્ષા અને દૂધ લાવને!" સ્વામીજીએ તોડ કાઢયો. ભીમપુરી બાજુના ઘરમાં ગયો. મારા કથનથી સ્વામીજી કંઇક સચિંત બન્યા હતા અહીં વાતો થતી જાય અને ભિક્ષાનું કામ પણ પતાવી લેવાય એ મતલબથી એમણે એમ કહ્યું હશે એમ લાગ્યું.

"મહારાજ! એ વિતક તો અત્યારે સામાન્ય થઇ પડયું છે પણ મેં પહેલાં કહ્યું તેમ પહાડોમાં એવી ભાંજગડ ઓછી છે. એમ થવાનાં કારણો કયાં થોડાં છે? વર્ણ અને આશ્રમની સુંદર વ્યવસ્થા તૂટી પડી; તૂટી પડવામાં પણ કારણભૂત તો આપણો સમાજ છે. ચાર વર્ણના

ભાગલા પડતાં પડતાં એક બ્રાહ્મણવર્ણમાં જ ચોરાસી ભાગ પડયા. એમાં પણ ઊંડા ઊતરીને જુઓ તો એ એક એક ભાગમાં પણ પાછાં તડ અને ગોળ ચીતરાયાં છે. કયાંથી કન્યા લેવી અને કયાં આપવી, કોની સાથે ભાણાવ્યવહાર અને કયાં કયાં કન્યાવ્યવહાર કરવો એમાં બહુ ઝગડા વધી પડયા. વર્ણનો જૂનો શાસ્ત્રીય સિદ્ધાન્ત ભૂંસાઇ ગયો. અજાણ્યાની સાથે વ્યવહાર કરવામાં આશંકા અને ભય વધી પડયાં. તેથી સૌએ પોતપોતાની નાતજાતની ટૂંકી વાડાબંધી કરી. જે કિલ્લાઓ એમનું રક્ષણ કરતા હતા એજ કિલ્લાઓમાં પૂરાઇને હવે તો લડી મરવાનો વખત આવ્યો છે. એવી કિલ્લાબંધી વર્ણમાં કયાં સુધી નભે ? કેદમાં પૂરાયેલાં અકળાય ત્યારે રક્ષણ માટેના કિલ્લા જ તોડવા માંડે એમાં નવાઇ શી ?'' એટલેથી વાત અટકી. ભીમપુરી હાથમાં મારા માટેની ભિક્ષા અને ગંગા હાથમાં દૂધનો લોટો લઇને આવી પહોંચ્યાં. અમે શાંત બન્યા, વાત ગંભીર વિચારોની ચાલતી હતી એટલે બોલ્યાચાલ્યા વિના પરમાત્માના અભિન્ન સ્વરૂપ જેવા પેટભગવાનને આહૂતિ આપવાની તૈયારી કરવા માંડી.

મારી થાળીમાં ઘઉંના રોટલા કહીએ તો ચાલે એવી ખાસી મજેની જાડી અને આઠદસ આંગળ જેટલી પહોળી રોટલી, વાડકીમાં આખા અડદની દાળ, ફુદીના અને લીલાં મરચાંની ચટણી તથા એક વાડકામાં અર્ધોક શેર દૂધ હતાં. અડદની દાળ મને—મારા સ્વાદને બંધ બેસે એવી ચીજ હતી. પંજાબ અને પહાડી પ્રદેશમાં આખા અડદની દાળ (શાક!) કરવાનો રિવાજ છે. ગુજરાતમાં આખા મગ કરીએ છીએ જ તો!

સ્વામીજીએ લોટામાંથી પ્યાલામાં દૂધ કાઢયું. ગંગામાસી રસોડામાં ચાલ્યાં ગયાં હતાં. ભીમપુરી આજ્ઞાકારી યજમાન તરીકે બારણામાં બેઠો હતો. મેં ખાવા માંડયું હતું. પણ ચોથે કે પાંચમે કોળિયો તો મોંમાં કડાક દઇને અવાજ થયો. જમણી બાજુની રાંકના રતન જેવી હલતી દુઃખતી દાઢને છેલ્લા છએક મહિનાથી સાચવી રાખી હતી. દાળમાં પથ્થરનો કાંકરો આવ્યો; ચાવવાની ઉતાવળમાં, ભૂખના નશામાં કે વાતોનાં વડાં કરવામાં કાંકરો ને દાઢ લડયાં, દાઢ પણ ચૂનાનો કાંકરો જ

છે ને! કાંકરાને જડબાની ભીંસનું જોર હતું; કાંકરો ગમ્યો હોય એમ જાણી જડબાએ દાઢને ઉથલાવી પાડી. વાગ્યું તો જડબાને જ પણ જડબાને એ કયાં જ્ઞાન હતું કે એનું દુઃખ એને એકલાને નહીં પણ શરીરધારી મનને પણ થશે! દાઢ તૂટવાનો અવાજ થયો; સ્વામીજીએ સાંભળ્યો. પૂછયું:

"શું થયું સ્વામીજી! કાંકરો આવ્યો?"

શું બોલું? મોંમાં કોળિયો ભર્યો હતો; પેઢામાં ચસકો ઊપડયો, મોં આડો હાથ રાખીને કમંડલુ લઇ એ બન્ને લડવૈયા અને એના પાપે અંદર રહેલા અન્નદેવના કોળિયાને થૂકી નાંખવા હું ઊભો થયો.

"શું થયું? સ્વામીજી? કેમ ઊભા થયા? કાંકરો થૂંકવા?"

બહાર અજવાળું હતું. ઓસરીમાં ઊભા રહી આંગણામાં થૂંકી નંખાશે ને કોગળો થશે એમ ધારેલું પણ નીચે તો ગાય બાંધેલી હતી અને બીજું કાંઇક પડયું હતું, તેથી મારે એમને એમ નીચે ઊતરીને આંગણામાં જવું પડયું.

મૌનનો અર્થ તો બ્રહ્મવિદ્ કે બ્રહ્મજિજ્ઞાસુ સમજે. પણ વ્યવહાર તો અનેકાન્તવાદી એટલે વગરકહ્યે બધા કલ્પના જ કરે! જાતજાતનાં અનુમાન બાંધે! ભીમપુરી ભોંઠો પડયો હોય એમ, લાગ્યું; સ્વામીજી એમ સમજ્યા કે કાંકરો થૂંકી નાંખવા જાય છે! ગંગા ને જોગલો નીચે ઓસરીમાં આવ્યાં.

મેં નીચે જઇને કોળિયો થૂકી નાખ્યો; એકાદ કોગળો કર્યો એટલાંમાં તો સ્વામીજી મારી પાછળ આવી પૂછવા માંડયા; "કાંકરો જ હતોને? અવાજ તો એવો હતો."

"ના મહારાજ; એકલો કાંકરાના લીધેજ નહિ પણ દુઃખથી દાઢ અને કાંકરાની લડાઇમાં દાઢ નિર્મૂળ થઇ! પેઢામાં દર્દ ઊપડયું. મને થોડું મીઠાવાળું ગરમ પાણી કરાવી આપશો? કોગળા કરવા પડશે."

સ્વામીજીએ ગંગાને મીઠાવાળું ગરમ પાણી કરી લાવવા કહ્યું; મેં કમંડલુના પાણીથી કોગળા કરીને મ્હોં ચોખ્ખુ કર્યું. હું હસતો હસતો

ઉપર ચાલવા લાગ્યે; સ્વામીજી પાછળ પાછળ આવ્યા.

અકસ્માત્ ! જમવાનું જમવાને ઠેકાણે રહ્યું; ઉપર જઇને જોઇએ છીએ તો બીલાડીએ મારી ભોજનસામગ્રી અને સ્વામીજીનાં દૂધનો ભોગ કરવા માંડ્યો હતો. બધું રમણભમણ અને અસ્તવ્યસ્ત. અકસ્માત્!

## વર્ણક ત્રીજો

### એ રાત

ઓરડામાં પહેલો હું દાખલ થયો. દાઢની કળતર અને ' અકસ્માત્‌ની હારમાળાથી થાકેલો બિલાડીના ખેલ જોયા છતાં આસન ઉપર બેસી ગયો. સ્વામીજી પાછળ જ હતા; એમણે આવીને ખડખડાટ હસવા માંડયું. એટલામાં જ ભીમપુરી પણ આવ્યો અને રમત ઉઘાડી પડી ગઇ.

" અલ્યા, ભીમપુરી! દૂધનો લોટો ઉથળી પડયો છે; રોટલીની ખેંચતાણમાં દાળ-દૂધની વાડકીઓ થાળીમાં ઊંધું મોં રાખીને શરમ છુપાવે છે ! તું પહેલાં આ બધું સાફ કરાવી નાખ તો ! ગંગા ઓ ગંગા! આમ ઉપર આવ તો!" સ્વામીજીએ મેદાન સાફ કરાવવાના હુકમ છોડવા માંડ્યા. પાંચેક કોળીયા મારાં પેટમાં ગયા હશે, સ્વામીજીએ પણ નવટાંક દૂધ આરોગ્યું હશે એટલામાં તો દાઢ-કાંકરાનું યુદ્ધ જામ્યું; મરેલી છતાં જીવતી કહેવાતી દાઢ હારીને જડમાંથી મડદું બનીને બહાર ફેંકાઈ ગઈ. કાંકરો છટ્ટો કોળિયો લઈને એની સાથે જ છૂટી જમીનમાં રમવા નીકળી પડ્યો. જડ અને જડના રાગદ્વેષ તે આનું નામ! બન્ને એકીસાથે નાશ પામે.

કેવલાદ્વૈતવાળા બ્રહ્મ વિના બીજા બધા દ્વૈતને સ્વપ્નવત્‌ માને છે; ઇશ્વર, જીવ અને જગત ત્રણેયને સ્વપ્નના જેવાં મિથ્યા માને એટલે એ મિથ્યા ઇશ્વર સત્યમ્‌ જ્ઞાનમ્‌ અનન્તમ્‌ બ્રહ્મને કેવી રીતે પ્રાપ્ત કરાવે એઓ દ્વૈતવાદીઓનો આક્ષેપ છે! ઇશ્વરની ભક્તિ, એની પ્રાપ્તિનાં સેવાપૂજા, કર્મકાંડનાં યજ્ઞાદિ દેવકાર્ય એ બધાં મિથ્યા હોય તો જેમ મૃગજળથી તરસ છીપતી નથી, તેમ:એ બધાં ભક્તિમુક્તિમાં કેવી રીતે ઉપયોગમાં આવે, આવો દ્વૈતવાદીઓ તથા સંસાર કે જગતને સત્ય માનનારાઓ ડગલે ને પગલે શાંકર સિદ્ધાન્તનો ઉવેખ કરે છે! મશ્કરી ઉડાવે છે.

જવાબ તો સીધો અને સાદો છે, સ્વપ્નની કલ્પના કરો; તમારા મકાનમાં ચોર આવ્યા છે, ઘરમાં પેસીને ધમાલ મચાવે છે, માલ-મિલ્કતની લૂંટ ચલાવે છે, બૈરાંછોકરાંને ઓરડામાં પૂર્યાં છે ત્યાં હાહાકાર કરે છે, નોકરો નાસભાગ કરે છે, તમને દોરડાંથી સજ્જડ બાંધીને ઉપર બંદુકધારી બુકાનીવાળા ખડે પગે ઊભા છે; તમારા હોશકોશ ઠેકાણે નથી. મનમાંથી ઈશ્વરને પ્રાર્થના કરો છો કે હે ભગવાન્! કોઈ વહારે આવો! એટલામાં ઘોડાની પગલીઓ સંભળાય છે, ઘોડેસ્વાર ચોકિયાતો આવે છે, બંદૂકના ધડાકા થાય છે; મોતની બીકે જાન બચાવવા ચોર તમને એવીજ સ્થિતિમાં મૂકી પલાયન કરી જાયછે. તમે બચી જાઓ છોઃ અને એજ વખતે ભય અને બંદૂકના ધડાકાથી તમે અકસ્માત્ જાગી જાઓ છો!—આખી સ્વપ્ન સૃષ્ટિ પલાયન!

સ્વપ્નમાં તમે તમારા સંસાર, માલમિલકત, એનું ઉત્પાદન, એની રક્ષાનો ભય તથા ચિંતા, ચોરની લૂંટ. ઈશ્વરની પ્રાર્થના, તમારું બંધન, રક્ષકોથી રક્ષણ, તમારી બંધમુક્તિ—અને છેવટે સ્વપ્નમાંથી જાગૃતિ! એ બધુંય સ્વપ્નમાં જ ને??!

અહીં પણ એવું જ! સંસારરૂપ મહાન દીર્ઘ સ્વપ્ન, તેમાં તમારા જન્મજન્માન્તર, સગાંવહાલાં, માલમિલકત, તમારી આસ્તિકતા, સકામ નિષ્કામ ભક્તિ, વિષયબંધનનો ત્રાસ , તમારી આક્રંદવાળી ભક્તિ, ઈશ્વરનું શરણ, જ્ઞાનીઓનું તમને અભય વચન અને તમારી મુક્તિ—એ બધાંય મહાસ્વપ્નનાં—તમારા અજ્ઞાનનાં જ કાર્યઃ બંધ અને મોક્ષ બન્ને સ્વપ્નમાં—તમારા અજ્ઞાનમાં, છતાં તમને સત્ય લાગેછે ને?!

જુઓ, આ દાળમાં આવેલો કાંકરો કેવો જબરો?! દુઃખતી દાઢની સાથે લડ્યો, દાઢને લઇને પોતે નીકળ્યો, એટલું જ નહિ, પણ દાઢનું કળતર, ખાવાનો કોળિયો, બધું લઈને નીકળી ગયો; જાણે અંદરનું બધું સાફ; ઘણા મહિનાઓથી થતું દર્દ ગયું. દાઢ ગઈ, કાંકરો પણ ગયો, અન્નનો સ્વાદુ કોળિયો પણ ગયો, બાલક અવસ્થાના જેવું

બોખુ મોં રહ્યું એમનું એમ! દાઢ પણ ચૂનાનો જ કાંકરો ને! કાંકરે કાંકરો કાઢ્યો, અને સંસારરૂપ ફ્રોળિયો ગયો. ચાવવાની થોડા વખત માટે તો ઉપાધી ટળી; કાયમની ચિંતા ન ગઈ એટલી દૃષ્ટાંતમાં ખામી.

ગંગાએ આવીને બધું ઉપાડી લીધું; પાણીપોતું લાવીને સાફ કર્યું; ભીમપૂરી અને ગંગા મૌન રાખીને કામ કર્યે જતાં હતાં; સ્વામીજીએ થોડાં વિચાર પછી એમને કહ્યું:

"જુઓ, હવે કશી નવી ભાંજગડ ન કરશો, દૂધ તો હશેજ નહિ. ખાવાનું હોય તો પણ મારે તો ખાવું જ નથી," મારા તરફ ફરીને કહ્યું: આપને માટે શું કરશું? સ્વામીજી! બીજું ખાવાનું લાવે? ચવાશે?"

"સ્વામીજી? હવે પેઢાને જરા આરામ આપવા દ્યો; ચાવવાની તકલીફ અપાય એમ નથી; લગભગ અર્ધોશેર દૂધની તો આપે ચા પાઈ છે એ કાંઈ થોડું છે? રાત્રે ખાવાની ખાશ ટેવ નહિ, પણ આપે રસોઈ કરાવી રાખી હતી એટલે ના કહેવાનો અવિવેક નહોતો કર્યો!" હું બોલી રહું છું એટલામાં મીઠાવાળું ગરમ પાણી આવ્યું. નીચે જઈને ખૂબ કોગળા કર્યા, થોડી કળ વળી; ઉપર આવીને જડબું દબાવીને આસન ઉપર પાછો ગોઠવાયો.

"આજ તો, સ્વામીજી! માયા પૂરજોસમાં રમવા માંડી છે: રુદ્રાણીની રમત આમતેમ ભાંગફોડ કરી રહી છે: હૃષીકેશથી સવારે સાતેક વાગે સહેજ ફરવા નીકળી પડયો ત્યારથી અત્યાર સુધીમાં ખૂબ ખેલ ખેલ્યા છે એણે. અત્યાર સુધીના બારેક કલાકમાં પ્રસંગે પ્રસંગે એ નટીએ અવનવા રંગના પડદા પાડી દેખાડયા છે. નિરાંત થઈ ન ખાધું-ખવાયું તે. અડદની દાળ સ્વાદમાં તો ભાવે એવી હતી પણ જો પેટમાં ગઈ હોતતો વાદળાં રમત. આપના દૂધનો પણ બિલાડીએ ઠીક લાગ સાધ્યો.'

જમવાની શરૂઆત કરવા પહેલાં જે વાર્તાએ ચડયા હતા એ ચીલે ચડવાની ઇચ્છા છતાં પણ તાજો પ્રસંગ વાણીમાં ઊભરાઈ પડયો. હશે, ત્યારે. એનું જ નામ સ્વભાવને!? પૂર્વ સંસ્કાર સ્વતંત્ર રીતે જ વિહરે છે—સારા કે ખરાબ બંન્ને.

પણ, આ શુ? ભીમપુરીએ બે હાથમાં નાની થાળીઓ લાવીને અમારી બન્નેની પાસે મૂકી, "મહારાજ, આ ગરમાગરમ શીરો જરા ખાઓ! પેઢાં સેકાશે અને ચાવવાની તો તકલીફ જ નહીં," હસતાં હસતાં એણે થાળીઓ નીચે મૂકી. મેં આશ્ચર્યથી સ્વામીજી સામે જોયું. સ્વામીજીએ ભીમપુરીની સામે નજર કરીને કહ્યું: "શાબાશ, ભીમપુરી! ઠીક અક્કલ વાપરી, બરોબર જોઈતી ચીજ જ બનાવી. પહેલાં જ સૂઝયું હોત તો દાઢ સચવાઇ રહેત. ચાલો, સ્વામીજી! ભૂખ તો નથી, પણ વસ્તુ ઉપયોગી છે એટલે ચલાવી લઇએ. હું પણ આજ તો ઇચ્છા ન હોવા છતાં શીરાનો સત્કાર કરું."

આટલું બોલીને મને અનુરોધ કર્યો. "સ્વામીજી! મારી તો કલ્પનામાં પણ ન આવે એવું ડહાપણ આપણા યજમાને વાપર્યું છે." એમ બોલીને હાથનો કોળિયો મોમાં મૂકયો.

મારે નિરૂત્તર રહીને સુવાસિત ઘીવાળા શીરાના કોળિયા ભરવા વિના ઉપાય નહોતો. પહાડનો આ ગરીબ ગૃહસ્થાશ્રમી સાધુ કેટલો વિવેકી અને આતિથ્યાદરનો ભંડાર! સેવાના આ સંસ્કાર કયા દેશનેતાનાં વ્યાખ્યાનમાંથી શીખ્યો હશે! ઋષિપરંપરાનાં શાસ્ત્રોની મર્યાદાપાલનનું આ ભારતવર્ષના ખૂણાખાંચરામાં રહ્યુંસહ્યું જ્ઞાનચારિત્ર્યનું સુધાપાન!

ગરમાગરમ શીરાના કોળિયા ગળામાં ઉતરે છે—ઠીક ઠીક ઉતરે છે, પેઢાં શેકાય છે, ઠીક મઝા પડે છે, એટલામાં ભીમપુરીનો નાનો ભાઇ અંદર આવ્યો. પાતળો સોટી જેવો, નબળો અને ધીમે ચાલતો અંદર દાખલ થયો. સ્વામીજીના ચરણસ્પર્શ કરીને મને નમસ્કાર કર્યા: બારણામાં શાંત બનીને બેઠો.

"કેમ ભગવાનપુરી! આજ બહુ મોડો આવ્યો? તબિયત તો ઠીક છે ને! જા, આ મારા કમંડલુમાં પાણી લઈઆવ." સ્વામીજીએ ખાતાંખાતાં એને ખબર પૂછીને કમંડલુમાં પાણી ભરવા નીચે મોકલ્યો.

સ્વામીજી! જોયો આ ભીમપુરીનો નાનો ભાઇ! દમ અને ખાંસીનું જાણે સંગ્રહસ્થાન, જુવાનીમાં એટલો બધો ઉદ્ધત કે ન પૂછો વાત. કામ કરે ખરો, પણ જિંદગીમાં નીતિનું નામનિશાન નહીં! નાનપણમાં થોડું પૂજાપાઠ શીખવ્યું હતું; ખેતીના કામમાંથી કંટાળે એટલે બહારગામ મેં દિલ્હી મોકલ્યો અને યમુનાકાંઠે એક શિવાલયમાં પૂજા માટે રાખ્યો. ત્યાં એ કુછંદે ચડયો. શરાબની લત લાગી; પહેલાં ગાંજો શરૂ કર્યો; જુગાર અને શરાબ પાછળથી આવ્યાં અને એ એવો તો બગડયો કે ત્યાંથી ભીમપુરી પાછો લઈ આવ્યો. ઘેર રાખીને દવાઓ કરી, બીજા ગંદા રોગ તો ગયાં પણ ખાંસી અને દમ એના હાડભાઈઓ બની બેઠા છે. પછી પરણાવ્યો. આના રંગઢંગ જોઇને બૈરી નાસી ગઈ: બીજે નાતરું કર્યું. હવે એકલો પડયો અને શરીરે બેહાલ થયો એટલે કહ્યાગરો થઇને ખેતીનું થાય એટલું કામકાજ કરે છે.''

ભગવાનપુરી પાણી લઈને આવ્યો. અમે શીરાભોગ પૂરો કર્યો: હાથ અને મોં ઉપરજ ધોઇ લીધાં. પાણી પીને નિરાંતે બેસવાની મનમાં તૈયારી કરૂ છું એટલામાં ઘરમાંથી બધાં પરવારીને ઉપર આવીને ગોઠવાયાં. આગળ ભીમપુરી અને ગંગા; પાછળ ભગવાનપુરી અને જોગલો અને સૌની પાછળ ભીમપુરીની વહુ થોડું ઓઝલ કરીને બેસી ગયાં.

"કેમ, શિવા! હવે તો વીંછી ઊતર્યો કે નહિ?'' ભીમપુરીની વહુને વીંછી કરડયો હતો; તેના સમાચાર સ્વામીજીએ પહેલાં પૂછ્યા.

"સારું છે હવે તો; ગરમાગરમ શીરો એણેય ખાધો એટલે ઝેર ઊતરી ગયું.'' ગંગાએ હસતાં હસતાં ભાભીના ખબર કહ્યા. નણંદ એટલે તો નણંદ જ ને!

"સ્વામીજી! હું અહીં આવીને રહું છું ત્યારે આ બધાની પાસે થોડું રાતે વાચન કરું છું. શ્રદ્ધાથી સાંભળે છે અને શાંતિથી મુકાય એટલું અમલમાં મૂકે છે. મૂળમાં સંન્યાસીના વંશજ, અટપટો

ગૃહસ્થાશ્રમ, ખેતીનો ધંધો અને સગાંસંબંધી બધાં ગોસાંઇ જેવાં ગોસાંઇ. નહિ ભણતર, નહિ નાતજાતનાં બંધન, નહિ સારા રીતરિવાજ; શિવાલયો હોય ત્યાં કુટુંબ સાથે રહે, અગડમ્બગડમ્ પૂજા આરતી કરે, ભીખ માંગે અને નવરાશમાં મંદિરમાં ગામગપાટાનો ચોરો ભરાય એમાં નકામા ધંધા શીખે. ગાંજો, તમાકુ અને એથી યે આગળ વધીને ખરાબ ખાનપાનમાં ફસાઇ પડેલાં આ ગોસાંઇની નાતનાં ટોળામાં કશાયે સારા સંસ્કાર જ નથી રહ્યા. કહેવડાવે છે દસનામી સંન્યાસી, પણ સહસ્રનામી અધઃપાત થયો છે આખા આ ગોસાંઇસમાજનો.

મારે તો આ ઉત્તરાપથની યાત્રામાં આ કુટુંબનો સમાગમ થયો, આ ભીમપુરી જુવાન હતો ત્યારે એની વહુ બહુ સાલસ છે. એનાં માબાપ નાનપણમાંથી મરી ગયેલાં પણ અહીં આવી ત્યારથી શાંતિથી ગૃહસ્થાશ્રમ નિભાવે છે. આ ગંગા બિચારી બાલવિધવા, પણ બીજી વાર ઘર ન શોધતાં અહીં બે ભાઇની સાથે ત્રીજા ભાઇ જેવી થઈને બેઠી છે. ચાલો ત્યારે દીવો પાસે લાવો જોઇએ,'' એમ કહીને એમણે ઉશીકા પાસેથી એક નાનું એવું પુસ્તક કાઢ્યું. જોગલાએ દીવો પાસે લાવીને ઊંચે ગોઠવ્યો. સ્વામીજીએ નેત્ર બંધ કરીને થોડું ધ્યાન ધરવા જેવો દેખાવ કર્યો, અને પછી "શ્રીકૃષ્ણ! ગોવિંદ! હરે મુરારે!, હે નાથ! નારાયણ! વાસુદેવ!" ની ધૂન ચલાવી; ઘરનાં બધાંએ એમાં સાથ આપવા માંડયો. શાંત અને ગંભીર ભાવે, બંધનેત્ર સ્વામીજી સ્થિર બેસી રહ્યા: મુખેથી ભગવાનની ધૂન અને એક હાથથી બીજા હાથમાં તાલ લેતા ભગવન્નામ બોલ્યા જતા હતા, જોગલાનો તીણો અવાજ આગળ પડીને થોડો વેગ પૂરતો હતો. પાએક કલાક ધૂન ચાલી. "પૂર્ણાવતાર શ્રી કૃષ્ણચંદ્ર ભગવાનની જય," કહીને એની પૂર્ણાહુતિ થઇ.

કથા શરૂ થઇ; ભાગવતનો એકાદશ સ્કંધ વંચાવો શરૂ થયો. પાંચમાં અધ્યાયના બે શ્લોક સ્વામીજીએ બોલવા માંડયા; નમઃસ્કારાત્મક મંગલાચરણ કર્યું: મંદમધુર, ભાવગ્રાહી ચિત્તે ગાયેલા એ બે શ્લોક આ રહ્યા:

ध्येयं सदा परिभवघ्नमभीष्ट दोहं
तीर्थास्पदं शिवविरिञ्चिनुतं शरण्यम् ।
भृत्यार्तिहं प्रणतपाल भवाब्धिपोतं
वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ ३३ ॥

त्यक्त्वा सुदुस्त्यज सुरेप्सित राज्यलक्ष्मीं
धर्मिष्ठ आर्यवचसा यदगादरण्यम् ।
मायामृगं दयितयेप्सितमन्वधावद्
वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ ३४ ॥

અર્થ:—હે શરણાગતપાલક! હે મહાપુરુષ! સર્વદા ચિન્તનીય, માયાકૃત મોહને હરનાર, અભીષ્ટ પૂર્ણ કરનાર, ગંગા વગેરે લોકપાવન તીર્થોના ઉત્પત્તિસ્થાન હોવાથી પરમપાવન, શરણમાં આવેલા ભક્તોની રક્ષા કરીને આર્તિ હરનાર, અને ભવસાગરની નૌકારૂપ આપનાં જે ચરણારવિન્દ છે તેને હું પ્રણામ કરું છું (૩૩) હે મર્યાદાપુરુષોત્તમ! આપ અત્યંત ધર્મિષ્ઠ છો, પૂજનીય પિતાનાં વચનને સત્ય ઠરાવવા માટે મહાદુસ્ત્યજ દેવવાંછિત રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને પ્રીતિપૂર્વક વનવાસ કરનારા અને ત્યાં પ્રિયા (સીતા) ના અભીષ્ટ માયામય સુવર્ણમૃગની પીઠ પકડનારા જે આપ (રામચંદ્ર) છો, એમનાં ચરણારવિન્દને હું વન્દન કરું છું. (૩૪)

આટલી પ્રાર્થના કરીને એકાદશ સ્કન્ધના સાતમા અધ્યાયથી કથા શરૂ કરી. અવધૂત દત્તાત્રેયે ભિન્ન ભિન્ન સ્થાનની યાત્રા કરીને પૃથક્ પૃથક્ રીતે ઉપદેશ મેળવ્યો છે, એના વર્ણનવાળો છ, સાત, આઠ અને નવમા અધ્યાયનો ઉપયોગી ભાગ વાંચી સંભળાવ્યો. વિવેચક કશું યે કર્યા વિના પણ શ્રોતાવર્ગ એમના કથનને બરોબર સમજી શકે એવાં છે, એવી શ્રદ્ધાથી અર્ધોએક કલાકમાં શ્રવણવિધાન પૂરું થયું. અંતમાં પાછી, પાંચેક મિનિટ ધૂન ચાલી અને બધાં શાંત બનીને બેઠાં.

હું મૌન ધારીને એમની શાંતિ નિહાળ્યા કરતો હતો. ભારતવર્ષની આશ્રમપરંપરામાં સચવાઈ રહેલી આ અમૂલ્ય પ્રણાલિકા, સંતોની

નિઃસ્વાર્થ નીતિદાનની પદ્ધતિ. ધર્મપોષણથી માંડીને મોક્ષપ્રદાન સુધીની એમના દ્વારા થતી શિક્ષણપ્રચારની સ્વાભાવિક જીવનલીલા, આ બધું મારા શાંત વિચારને પુષ્ટિ આપતું હતું. વૃત્તિઓને અંતર્મુખ કરી ભગવદ્‌ભાવમાં તરબોળ કરાવી, ચિત્તમાં આર્દ્રતાભરી સગુણ નિર્ગુણના ભેદભાવ ભુલાવી, સાત્ત્વિક આનન્દના ચિન્તનમાં ભરતી ઊભરાવે એવી આ સનાતન પ્રણાલિકામાં ક્યાં નિરર્થકતા છે એ જ મને તો સમજાયું નહિ,

ઇશ્વર નથી; ધર્મના નિમિત્તે જ યુદ્ધ થયાં છે; ઇશ્વરની માન્યતા અમાન્યતા એ પ્રત્યેક વ્યક્તિની પોતાની અંગત બાબત છે: સમાજમાં, રાજ્યના વ્યવહારમાં, ધર્મ અંગેના ક્રિયાકાંડ કે બાહ્ય આચારવિચારમાં ન જકડાતાં માનવી કેવળ ભૂગોલભક્તિ શીખે, દેશસેવાને બહાને ઇશ્વર-સેવાને નેવે ચડાવે, 'મારા ધર્મ''ને બદલે "મારા દેશ''ને માટે રાગદ્વેષ વધારે, એ રાજ્યનીતિ ધર્મનિતિ કરતાં ઊંચી કેમ મનાય?

ઇશ્વરને ભૂલો અને ભૌતિક વસ્તુઓમાં જ મનને બાંધી રાખો. ધર્મ ભૂલો અને સમાજના રાગદ્વેષથી મનને રંગી નાંખો; સર્વશક્તિ-માનની ભક્તિને નિરર્થક ગણીને રાજ્યસત્તાધીશનો ભય સેવી એમની આજ્ઞા શિરોધાર્ય ગણો; દેહ અને દેહપોષણ, અન્નવસ્ત્ર અને શૃંગાર-વિલાસ, સુખસગવડ અને એશઆરામની રત્રિદિવસ ગડમથલ કરી વૈભવસમૃદ્ધિના વિકાસ અને સાધનની મથામણને કર્મયોગ જેવું નામ આપી દેશસેવા એ જ ઇશ્વરસેવાનાં બહાનાં બતાવો—આ છે આધુનિક યુગની શિક્ષણપ્રણાલિકા.

જીવનમાં શાંતિ નહીં, સંયમ નહીં, ઇશ્ર્વર કે પરલોકનો ભય નહીં, કર્મના જેવાં જ કર્મફલનો વિચાર નહીં, એવા નાસ્તિકવાદના પાયા ઉપર દેશસેવા અને દેશભક્તિનું ચણતર થાય, ત્યાં જર, જમીન અને જોરૂનાં યુદ્ધ ન ખેલાય તો બીજું થાય શું?

ક્યાં પ્રાચીન સંસ્કૃતિની અધ્યાત્મવાદની ઇમારત અને ક્યાં અત્યારની કેવળ જડવાદની 'મારાતારા' ની કૂદાકૂદ! આર્યકુલમાં બાલક જન્મે કે તરત માતાપિતાની પાસેથી વાત્સલ્યનું પોષણ મેળવી ગુરુજનોની

ભક્તિદ્વારા નમ્રતા કેળવે; ગૃહસ્થાશ્રમમાં સંયુક્ત કુટુંબની ભાવના રાખી ત્યાગદ્વારા સેવાનું રહસ્ય સમજે; વડીલોની કૃપા મેળવી નમ્રતાનો આદર્શ બની ઇશ્વરાભિમુખ થતો થતો ચતુર્થાશ્રમમાં ત્યાગના સર્વોત્તમ શિખર ઉપર ચડે; સમાજને ઉન્નતગામી બનાવવાનાં ભક્તિ અને જ્ઞાન, સંયમ અને શીલ, સદાચાર અને સમતાનાં આદર્શ દાખવતો સહજસ્વભાવે શાંતિનાં વિદ્યાધામ સમો બની સ્વપરના હિતનું અનેરું પાત્ર બને! આ સંસ્કૃતિ ઘસાતી, છોલાતી પણ એના બીજરૂપે સનાતનકાલથી વિદ્યમાન છે! કોઇ અવતાર કે આચાર્ય આવીને એ બીજમાંથી વૃક્ષફલફુલ વિકસવે છે, તો પાછું કોઇ વાર કાલધર્મે ફલમાંથી બીજરૂપે અવશેષ રહી નષ્ટપ્રાય જેવું લાગે છે; આવો હેરફેર થયા જ કરે છે, એમાં આશ્ચર્ય જેવું નથી. અધીરા થવાથી, જગતને સુધારવાના ઊભરાથી, મનમાંની સંસ્કૃતિની સેળભેળ કરવાથી કે અહંકારપુષ્ટ નવા મતસંપ્રદાયના સિદ્ધાન્તોના ડિંડિમથી કશું આત્મકલ્યાણ સધાતું નથી. અત્યારના સુધારકો. નેતાઓ, દેશસેવકો, વિચારકો, વિદ્વાનો કે સ્વયંમન્ય યોગીવર્યો કે તત્ત્વવિદો ગમે તેટલાં માથાં વધેરે, છતાં એમાં કશો સારગર્ભ નથી. આત્મકલ્યાણ કે જનહિત સાધવું હોય તો વર્ણ અને આશ્રમની અધ્યાત્મવાદના પાયા ઉપર ઇમારત ચણે, વેદોક્ત સનાતન ધર્મના સિદ્ધાન્તોની એમાં ઉજ્જવલ રોશની પાથરે, પ્રકાશવડે પોતાનાં અંતર અજવાળે, સંયુક્ત કુટુંબ, સ્ત્રીપુરુષના કર્મધર્મ વિભાગ, ગુણકર્મની વ્યવસ્થા, અને અહિંસા કે સત્ય જેવાં યમનિયમનાં પ્રાથમિક આચરણના આદેશ ઉપરાંત આત્મા, પરમાત્મા અને બન્ધમોક્ષનાં સાધન અને સાધનાનાં વિદ્યાલયો સ્થપાય તો જગતના કલ્યાણની આશા બંધાય; અન્યથા પ્રચાર સ્વપ્નતરંગો છે–પ્રલાપ માત્ર!

કથા પૂરી થઇ હતી. "ગંગા ચાલ એકાદ ભજન ગા જોઇએ!" સ્વામીજીએ કહ્યું. ગંગાએ ભજન ઉપાડયું; શિવા અને જોગલાએ એમાં સૂર પુરાવ્યો

जोगी मत जा मत जा मत जा
पाँव पड़ूँ मैं तेरी ॥ टेक ॥
प्रेमभक्ति को पेड़ हि न्यारो,
हमकूँ गैल बता जा; ॥ १ ॥ जोगी
अगर चन्दन की चिता रचाऊँ,
अपने हाथ जला जा; ॥ २ ॥ जोगी०
जल बल भई भस्मकी ढेरी,
अपने अंग लगा जा; ॥ ३ ॥ जोगी०
मीराँ कहे प्रभु गिरधर नागर
जोतमें जोत मिला जा; ॥ ४ ॥ जोगी०

ભજનનો રાગ, ભાવ, આર્દ્રતા અને આર્તિમાં ત્રણેયના કંઠના માધુર્યે એવી એકતાંન સંવેદના ઊભી કરી કે હું અત્યાર સુધી તટસ્થ સાક્ષી-ભાવે અને ઉદાસીન વૃત્તિથી કથાશ્રવણ વગેરે નિહાળતો હતો, એ પણ ધોવાઇ ગયાં; પ્રેમદીવાની મીરાંના પ્રેમપ્રવાહમાં હૃદય તણાવા માંડ્યું. બધે મૌન–આનંદની તૃપ્તિ જેવું પથરાઇ રહ્યું. 'ઓ......મ્' ના દીર્ઘ ધ્વનિનો ઉચ્ચાર મારા મુખમાંથી સરી પડ્યો; અમૃતનો ઓડકાર જાણે!

ભગવાનપુરી ઊઠીને નીચે ગયા; ભીમપુરીને એને ઊભો થતો જોઈને ઢોરઢાંખરને મકાનમાં અંદર બાંધવાનું કહ્યું: જોગલો, "માસી હું તો સૂઇ જાઉં છું," એમ કહીને ઊઠ્યો. શિવા પણ ઊભી થઇ; બેસી રહ્યાં ભીમપુરી અને ગંગા; ઘરનાં બે મોટેરાં અને મોભાવાળાં માણસ.

"મહારાજ? હવે પેઢાને કેમ છે? દર્દ તો નથી ને હવે? આજ તો આપ બહુ હેરાન થયા!" ભીમપુરીએ મને–અતિથિને ખબરઅંતર પૂછ્યા. અત્યાર સુધી તો આવ્યા પછી એની સાથે કશી વાત જ નહોતી થઇ.

"કેમ! શીરાનો શેક કાંઇ નાનીસૂની દવા છે? દર્દ તો ભૂલી જ જવાયું હતું. કેવી મજાની સત્સંગની શાંતિ વ્યાપી ગઈ છે!" મેં કહ્યું.

"પ્રભુ! આપ તો અમારાં માતપિતા છો, સ્વજન અને સર્વસ્વ છો! ભાઇને આપ અકસ્માત્ મળ્યા અને અહીં આવવાનું સહજ-સ્વભાવે થયું. એમાં ક્યાં કોઇનો સંકેત હતો કશો યે? ભગવાનની જ બધી રમત, મહારાજ! સંતોની સેવા થાય એટલે તો પરમાત્માનું સ્મરણ થાય, બાકી આ વ્યવહારની ગડમથલ તો ક્યાં શરીરને જીવે ત્યાં સુધી છોડે એમ છે? અમારે તો સ્વામીજીની જ કૃપા માનવાની છે! એમનો સત્સંગ થયો ત્યારથી અમે તો અમારી જાતને એટલાં બધાં ભાગ્યવાન માનીએ છીએ કે ન પૂછો વાત! સંસાર તો ભાતભાતની અને જાત-જાતની ઉપાધિઓથી ભરેલો છે, ડગલે ને પગલે મન બળ્યા કરે એવા સંજોગો ઊભા થાય, પણ પ્રભુની કૃપા છે કે આપ જેવાનો સત્સંગ મનને શીતલ રાખે છે," ગંગાએ વિવેક દાખવ્યો.

સ્વામીજીએ પોતાની તટસ્થતા તોડી. "ગંગાબહેન, હવે જાઓ; સ્વામીજી આખા દિવસના થાક્યા પાક્યા છે તે આરામ કરવા દ્યો. ભીમપુરી! સવારે હું તો જવાનો છું; સ્વામીજીને તું મૂકી આવજે."

"હા, મહારાજ! ઠેઠ હૃષીકેશ સુધી પહોંચાડી આવીશ રસ્તો અજાણ્યો અને વળી અમે આવ્યા હતા કેડીને માર્ગે. પણ પ્રભુ આપ એકાદ બે દિવસ રહી જાઓ તો! સ્વામીજી મહારાજને પણ રોકીએ; આટલે આવ્યા છે તે વસિષ્ઠગુફા સુધી આવતી કાલે જઇ આવીએ; કેમ સ્વામીજી! વસિષ્ઠગુફા સુધી જવું છે ને?" છેવટનું વાક્ય મને ઉદ્દેશીને ભીમપુરીએ કહ્યું.

"વાત તો બંધબેસતી છે, સ્વામીજી! આપની અનુકૂળતા હોય એમ કરીએ. આપને જવાની ઉતાવળ તો નથી ને?!" મેં સ્વામીજીની અનુજ્ઞા માંગી. સ્વામીજીએ તરત જ હા પાડી: "ઠીક, ત્યારે જેવી તમારી બધાની મરજી; ભીમપુરી, તારે ખેતીનું કામકાજ તો નથી ને? તારે સાથે આવવું પડશે."

"મહારાજ! આપ પહેલાં જોગલાને લઇને પધારો; હું બપોરે અહીંથી ભિક્ષા લઇને આવી પહોંચીશ; સવારમાં થોડું કામ છે તે પણ પતી જશે" ભીમપુરીએ ગોઠવણ કરવા માંડી.

"ના ના, ભીમપુરી! એમ તો અમે બે એકલા જઈશું; પાછળથી તું આવી પહોંચજે; પણ વહેલાં ઊઠીને ચા-દૂધ કરી લેવાં પડશે. પણ દૂધનું શું થશે?" સ્વામીજીએ દૂધની ચિંતા કહી બતાવી. મોડું બહુ થયું હતું. ભીમપુરીને ત્યાં દૂધની વ્યવસ્થા નહોતી, એ વાત એમના ધ્યાનમાં હતી.

"મહારાજ! એટલું તો આપણી ગાય સવારમાં આપશે." ભીમપુરીએ સમાધાન કર્યું.

"ઠીક ત્યારે; હરિ ૐ તત્સત્." સ્વામીજીએ વાતની પૂર્ણાહુતિ કરી. ગંગા અને ભીમપુરી નમસ્કાર કરીને ઊઠયાં.

"સ્વામીજી, ઊંઘ આવતી હશે હવે તો; સૂઇ જશું ને?" એમ કહીને એ નીચે ગયા; હું પણ સૂતાં પહેલાં સ્વસ્થ થવા નીચે ઉતર્યો; આંગણામાં ગયા; વાડની બહાર જઇ આવ્યા; આકાશ સ્વચ્છ થયું હતું. અજવાળી રાતનો નવમીનો ચંદ્રમા શકય તેટલું અજવાળું પાથરતો હતો: તમરાંના અવાજ ગૂંજતા હતા. હાથમોં ધોઇને બન્ને ઉપર આવ્યા.

મારા મનોરંગ બદલાતા જતા હતા; આ સ્વામીજી કોણ? નામ-ઠામ, બીજો પરિચય,-વગેરે જાણવાની ઉત્સુકતા વધતી ગઈ. આસન ઉપર બેઠા ને મારાથી પૂછાઇ જવાયું:

"સ્વામીજી મહારાજ! આપે તો આ કુટુંબને ખૂબ અમૃત પાયું છે; શહેરોમાં પણ આવાં સંસ્કારી કુટુંબો જોવા મળતાં નથી. ભણેલાં જોયાં છે, ધનિક જોયાં છે, પણ બધામાં આખા કુટુંબની એકસરખી મનોવૃત્તિ બહુ થોડી જોવા મળે છે. આપની સેવા નિષ્ફળ નથી ગઇ." મેં મારો અભિપ્રાય દર્શાવ્યો.

"એવું તો ખાસ કાંઇ નહીં, પણ આ બધાં યે બહુ લીલીસૂકી જોઇ છે. ભાતભાતના પલટા બધાંના જીવનમાં આવી ગયા છે એટલે ખૂબ ઘડાયાં છે. ગંગામાં આ જે સદ્‌ભાવ છે, એ બહુ જ વીતક પછી એને સાંપડયો છે. મૂળ બાઇ બુદ્ધિશાળી એટલે જેમજેમ જીવનમાં પલટા

ખાધા તેમતેમ વિવેક કેળવતી ગઇ. હું જો કે નિમિત્ત બન્યો હોઇશ, પણ પૂર્વસંસ્કારનું ક્ષેત્ર તો એ પોતે જ કહેવાય ને! અત્યારે તો હવે સૂઇ જઇએ, સ્વામીજી! સવારમાં વહેલાં કેટલા વાગે ઊઠવાની ટેવ છે?" સવારની ચિંતાને લીધે એમણે છેવટના વાક્યને પ્રશ્નાર્થ બનાવ્યું.

મેં ઘડિયાળ જોઇ, અગિયારેક થવા આવ્યા હતા. આવે પ્રસંગે તો વહેલામોડા ઊઠવાની ટેવનો પ્રશ્ન નકામો હતો, પણ વસિષ્ઠગુફા જવું છે, એટલે વહેલાં પરવારી લેવાય એ દૃષ્ટિએ મેં કહ્યું: "છએક વાગે ઊઠું તો ચાલશે ને? ચા પીને નીકળી જઇશું!"

"સાચી વાત છે: ચાલો ત્યારે ૐ નમોનારાયણાય!" એમ કહીને એમણે પથારી પર શરીર લાંબુ કર્યું: 'નારાયણ' શબ્દ બેત્રણ વાર બોલીને આંખો બંધ કરી. મારે પણ બીજી શી કામગીરી હતી? એમનું અનુકરણ કર્યું.

## વર્ણક ચોથો

### "પિલાવ" ને પ્રારબ્ધ

રાતે ઘસઘસાટ ઊંઘ આવી. આખા દિવસનો થાક અને લસલસતા શીરાના ઘેનથી ચિત્ત ભગવાનના અવ્યકત ધામમાં એવું તો ઊંડું ઊતરી ગયું, કે નિત્યની ટેવ પ્રમાણે ચારેક વાગે આંખ તો ઊઘડી પણ ઊંઘમાં સ્વપ્નસૃષ્ટિ ઊભી જ ન થઈ. કેવી નિરાંત; મહામાયા મહાકાલીના ખોળામાં ચિત્ત એવું તો શાંત થઈને પડેલું કે માનસિક જગતનો, નામરૂપની વ્યકત દશાનો તદ્દન અભાવ! "મા, જગદંબા! તારે ખોળે લે" કહીને ભકિત કરનારા બધા ત્યાં જ, એ અવિદ્યાના સ્વરૂપમાં જ લીન થતા હશે ને!

હું જાગ્યો; મૃત્યુ પછી ગાઢ નિદ્રામાં જીવો પણ માયાના ખોળામાં ઊંઘીને, એ અચિંત્ય શકિતનાં ધાવણ ધાવીને પૂર્વસંસ્કારને બળવાન બનાવે છે અને જાગીને પાછા હતા ત્યાં ને ત્યાં–આ જગતમાં જન્મ ધારણ કરીને સંસ્કાર અને કર્મના ક્ષેત્રમાં ઝઝૂમવા ઊતરી પડે છે.

પણ આ શું? સ્વામીજી તો દીવો પથારી પાસે રાખીને કંઈક લખતા હતા. પત્ર નહીં પણ પુસ્તક જેવું કંઇક હતું; કોઈને પત્ર લખતા હશે? નિત્યનોંધ લખતા હશે? કંઇ લેખ લખતા હશે? અત્યારે, રાત્રે કેમ? દિવસે વખત નહીં મળ્યો હોય? જે હોય તે; પણ એમના તરફ પડખું ફેરવતાં જ એમને જોયા. એમને એમ થોડીવાર શાન્ત પણ સચેત હું પડી રહ્યો, એમને નિરાંતે કામ કરવા દેવાના ઇરાદાથી.

પણ વળી પાછી ઊંઘે જબરદસ્તી કરી. ઊંઘી ગયો; અને જાગું છું

ત્યારે તો સ્વામીજી પથારીમાં નહોતા; અજવાળું થવા માંડયું હતું. મેં ઘડિયાળ જોયું; ખાસા સાડા પાંચ થઇ ગયા હતા; ઊભો થઇને નીચે ઊતર્યો; જોગલો તે જ વખતે ઊઠીને આંગણામાં દાતણ કરતો હતો. પાણી લઇને મેં મોં ધોયું. સ્વામીજી ક્યાં ગયા છે એમ પૂછતાં અંદરથી ગંગાએ કહ્યું કે "એ તો બહાર જંગલમાં ગયા છે: હમણાં આવી પહોંચશે. આપ ઊઠો એટલે આપને માટે ચા મૂકવાનું કહી ગયા છે. ચા મૂકું ને?"

"હા; પણ દાંત સાફ કરવા થોડું ગરમ પાણી કરી આપો તો સારું." મેં પેઢાંને શેક થાય એ દૃષ્ટિથી ગરમ પાણીની માગણી કરી.

"તૈયાર જ છે, સ્વામીજી!" ગંગાએ એમ કહીને ગરમ પાણીનો લોટો બહાર લાવીને પાસે મૂક્યો: મેં મીઠાની ચપટી મારી બગલ-થેલીમાંથી કાઢી લાવીને દાંત સાફ કર્યા; કોગળા કર્યા; એટલામાં સ્વામીજી જંગલમાંથી પરવારીને આંગણામાં દાખલ થયા. એમના તરફ મારી પીઠ હોવાથી હું એમને જોઇ ન શક્યો, એટલે "ૐ નમો-નારાયણાય" ના વિવેકની પહેલ કરવાનો લહાવો એમને મળ્યો.

"ૐ નમોનારાયણાય, મહારાજજી! બહાર જઇ આવ્યા?! હું તો હજુ હમણાં જ નીચે આવ્યો. સાડા પાંચ થયા છે. પહેલી વખત તો હું ચારેક વાગે જાગ્યો હોઇશ, પણ વળી પાછી આંખ મળી ગઇ તે હમણાં જ ઊઠયો. નીચે આવીને દાંતમોં ધોયાં, ગંગાબહેન ચા કરે છે એ પી કરીને આપણે ચાલી નીકળીએ." મેં ઉતાવળ કરવાની સૂચના કરી.

પણ એક વાત યાદ આવી. આ લોકોની ચાનો સ્વાદ તો ગઇ કાલે ભારે પડી ગયો હતો. મેં કહ્યું: "સ્વામીજી, ચામાં જરા પાણી વધારે તથા ખાંડ અને દૂધ ઓછાં નંખાવવાની ગોઠવણ કરો તો બહુ સારું."

સ્વામીજી સમજી ગયા; જાતે અંદર જઇને ગોઠવણ કરી આવ્યા; અમે બન્ને ઉપર જઇને બેઠા; થોડીવારમાં ભગવાનપુરી ચા લઇને આવ્યો; લોટો અને વાડકો—એ એમનાં કીટલી અને પ્યાલારકાબી.

ચા ઠીક થઇ હતી, વાડકામાં કાઢીને મેં સ્વામીજીને પીવા આગ્રહ

કર્યો; "મને ટેવ નથી, પણ ચાલો આજ પીઉં," એમ કહી ભગવાન-પુરીને બીજો વાડકો લેવા મોકલ્યો.

"અત્યારે તો ચા ઠીક કરી છે, સ્વામીજી ! કાલ કેમ વિચિત્ર બની હતી ? મેં સ્વામીજીને પૂછ્યું.

"ગઈ કાલે ભીમપુરીએ બનાવી હતી. આજે ગંગાએ બનાવી છે અને તે પણ ખૂબ કાળજીથી; એ બાઇ તો બહાર શહેરી કુટુંબમાં બહુ રહી આવી છે." સ્વામીજીએ ગંગા વિષેની જે હકીકત ઉમેરવા માંડી એથી મને કંઈક કુતૂહલ થતું હતું. ગઇ રાત્રે એમણે એના વિષે ઉલ્લેખ કરતાં કંઇક એવું જ કહ્યું હતું. બહુ લીલીસૂકી એણે જોઈ છે. આજ વળી શહેરી કુટુંબોમાં રહી છે, એવી વાતોથી એ બાઇ વિષે, એનાં ભાષા અને સંસ્કાર, બુદ્ધિ અને કાર્યદક્ષતા જોતાં એમ થયું કે એના જીવનનાટકમાં ભાતભાતના પડદા પડયા હશે.

ચાપાન પૂરું થયું. થોડી વરિયાળી અને એલચીના દાણા આવ્યા; મુખવાસ થયો. અમે કપડાં સંકેલીને ખભે નાંખવા માંડયાં; એટલામાં ભીમપુરી અને ગંગા ઉપર આવ્યાં; સ્વામીજીએ પુસ્તકનું પોટલું અને એકાદ બે વસ્ત્ર ભીમપુરીને આપીને કહ્યું કે, "આ અહીં હમણાં રાખી મૂકજો; વસિષ્ઠગુફાથી અહીં જ પાછો આવીશ."

અમે નીચે ઊતર્યાં; વસિષ્ઠગુફા તો મેં જોઈ હતી પણ આ જગ્યાએથી જતાં રસ્તાની મને આટલાં વર્ષ પછી ક્યાંથી માહિતી હોય ? સ્વામીજી તો પૂરેપૂરા ભોમિયા હતા; એ આગળ થયા. ઝાંપા સુધી પહોંચ્યા એટલે ભીમપુરી તથા ગંગાએ પગમાં પડીને ॐ નમોનારાયણાય કર્યા; શિવા પણ ઘરમાંથી બહાર આવી; એણે હાથ જોડયા; ભગવાનપુરી અને જોગલો અમારી સાથે ઝાંપામાંથી બહાર નીકળ્યા. "ક્યાં જાઓ છો તમે, ખેતરમાં ?" એવો પ્રશ્ન સ્વામીજીએ એમને પૂછયો. "હાજી!" એટલો ટૂંકો ઉત્તર આપીને શાંત થયા: ચારે ય જણાએ ચાલવા માંડયું; કશું બોલવાનું શું હોય !

ખેતરોમાં પાળે પાળે પગદંડી પડી હતી, એમાં થઇને રસ્તો કાઢવાનો

હતો; અર્ધોએક ફર્લોંગ જેટલાં ચારેક ખેતર વટાવ્યાં એટલે ભગવાન-પુરી અને જોગલાએ પોતાનાં ખેતરમાં જવા દિશા બદલી. સ્વામીજી સૌથી આગળ હતા, પણ એ બન્ને જણને જુદી દિશામાં ફંટાતા જોઇને કંઇક યાદ આવ્યું હોય તેમ જોગલાને બૂમ મારી. "જોગલા, જા ઘેર જઇને કહી આવ કે તારા મામા સાથે તારી માસી પણ ત્યાં આવે; દૂધ તથા ચાનો સામાન અને હોય તો છાશ કે દહીં લેતાં આવે. જા, દોડતો કહી આવ, અને ભેગો રહે, એમ કહેજે કે રાત ત્યાં રહેવાનું કદાચ થાય તો ઓઢવાપાથરવાનું લાવે. તું તારી મામી અને નાના મામા આજની રાત ઘેર રહેશોને?"

"હા, સ્વામીજી! અમે રહીશું; મોટા મામાને હમણાં ખાસ કાંઇ કામ નથી," એમ કહીને જોગલો ઘર તરફ ઉતાવળે દોડવા માંડયો. અમે અમારી દિશામાં ચાલવા માંડયું. ૬ાા વાગે નીકળીને કલાકેક ચાલ્યા હોઈશું ત્યાં તો ગંગાજીનો કાંઠો આવ્યો. ભગવતી ભાગીરથીનાં દર્શન થયાં; નયન ને હૃદય તૃપ્ત થયાં. કાંઠે કાંઠે ચાલ્યા જઇ એ છીએ; આજે વાદળાં નહોતાં. સૂર્ય તપવા માંડયો હતો. એક સુંદર વૃક્ષ આવ્યું, મને વિરામ લેવાનો વિચાર આવ્યો; સ્વામીજી પણ એવા જ વિચારમાં હશે કે કોણ જાણે, પણ "થોડું બેસીએ" એમ મેં કહ્યું કે એમણે વાત વધાવી લીધી ને અમે પોતપોતાના અંગૂછા પાથરીને બેસી ગયા.

"સ્વામીજી! ચાલવાની કેવીક ટેવ છે?" મને એમણે પૂછ્યું. "શું કહું, સ્વામીજી! ભરજુવાનીમાં મેં આ હિમાલયનાં દર્શન કર્યાં, અને હું મુગ્ધ થયો. ૨૮–૩૦ વર્ષની અવસ્થાએ મેં એકાંતસેવન માટે ટિહરી રાજ્યની રાજધાની પાસે જ ગંગાતટે આસન જમાવ્યું; પૂરાં બે વર્ષ ત્યાં રહ્યો; ભય જેવું હું જાણતો જ નહોતો. ટિહરીથી હૃષીકેશ પહાડી રસ્તે તે વખતે ૪૫ માઇલ થતું. ટિહરીથી પાછલી રાતના ૨-૩ વાગે રવાના થઇ જંગલમાં રાત્રિ ગાળી, બીજે દિવસે નવ-દસ વાગે હું હૃષીકેશ પહોંચી જતો. તે વખતે સડક નહોતી. પર્વતોનાં સીધાં ચડાણ-ઊતરાણ ખૂબ જ વસમાં હતાં. રાતવાસો કરવાનું વચમાં કયાંક કોઇ

ગામની નિશાળમાં તો ક્યાંક કોઇ ઢોરની કોઢમાં થતું. પગ સલામત હતા; મનમાં ભાવના ઊભરા હતા; ભયને નિર્મૂળ કરવાના તરંગો હતા; અને થોડું કવિભેજું પણ ખરું એટલે સૃષ્ટિસૌંદર્યનો શોખ થાક લાગવા જ દેતો નહિ. ક્યાં એ સમયની આવેશવાળી પ્રકૃતિ અને ક્યાં અવસ્થા અને અનુભવે શાંત શીતળ કરેલી મનોદશા! શરીર તો મનોભાવ પ્રમાણે ગતિ કરેને!? શરીરમાં અત્યારે એ જોશ કે જોમ નથી, કારણ કે એવા મનોભાવ નથી: ગઇ કાલે નીકળી પડ્યો એ તો પૂર્વસંસ્કારના લિસોટાની અસર છે, સ્વામીજી!'' એમના નાના એવા પ્રશ્ને મારા મનોભાવ જાગ્રત કર્યા; સહજ સ્વભાવે અંગત વાત નીકળી પડી.

"સ્વામીજી! મારી ઉમ્મર આપના કરતાં કદાચ નાની હશે; ૫૦મું વર્ષ ચાલે છે; પાછળ દૃષ્ટિ કરું છું ત્યારે જુગના જુગ વીતી ગયા હોય એમ લાગે છે; ભારતવર્ષમાં બધે ફર્યો; સંત-અસંત જોયા; પગે ફર્યો; ગાડા-ગાડીમાં, રેલવેમાં, મોટર બસમાં મુસાફરી કરી, મુખ્ય મુખ્ય બધાં ધામમાં તીર્થદર્શન કર્યાં: અને હવે તો થોડા મહિના આ પર્વતોની એકાંતમાં અને બીજો બધો વખત થોડાં સેવાપ્રેમી અને સદ્ભાવશીલ કુટુંબોએ નિઃસ્વાર્થ ભાવે બાંધી લીધો છે ત્યાં નિવૃત્તિ ગાળું છું. શું શું વાતો કરીએ! સ્વામીજી, આ હૃષીકેશ જ જુઓને! ચૌદમે વર્ષે હું અહીં આવ્યો હતો. ત્યારે તો તદ્દન નાનો બાળક; હૃષીકેશની સાધુ પાઠશાળામાં ભણવા રહ્યો: થોડું કામકાજ અન્નક્ષેત્રનું કરું અને ખાધાખોરાકી, પુસ્તકો તથા આશ્રય મળી રહેતાં: અહીં આવવામાં યે કારણો તો બહુ વિચિત્ર છે, પણ બાલકની અવસ્થાનાં એ બધાં.

"શરીરનું જન્મસ્થાન સૂરત જિલ્લામાં: માતાપિતા આફ્રિકા ગયાં એટલે ભણતર માટે મને કાંગડી-ગુરુકુલમાં મૂકી ગયાં; ચારેક વર્ષ ત્યાં ભણ્યો; ત્યાંની પદ્ધતિ તો બહુ સારી; શિક્ષણ, વ્યવસ્થા, યજ્ઞપૂજા વ. બધું ઠીક; પણ એમના બધી દિશાના સુધારાને બહાને વાતવાતમાં દેખાઈ આવતાં બધા ય ધર્મોનું ખંડન અને દ્વેષ મને નહોતાં ગમતાં; અંદર અંને

અંદર ધૂંધવાયાં કરું. માતાપિતાનો એકનો એક બાળક, એટલે મારે માટે ખર્ચની તેમજ ગુરુકુલને સહાયતાની બહુ મોટી રકમ મોકલતાં; એથી કોઇ વાર હું ત્યાં વિરોધ કે અણગમો બતાવું તોપણ આચાર્યો એ બધું સહી લેતા. પણ એ કયાં સુધી નભે? ધીરે ધીરે મારી અકળામણ વધવા લાગી: એક વાર હરદ્વારનો કુંભમેળો થયો; અમારી છાવણી કનખલમાં હતી; ઉત્સવો, વ્યાખ્યાનો વ. બધાં પ્રચારકાર્ય માટે પૂરજોશમાં ચાલતાં હતાં. સ્વા. શ્રદ્ધાનંદ (તે વખતના મુનશીરામજી) જેવા પુરોગામીઓ પધાર્યા હતા. અને એ વખતે તો સુધારકોનું ખૂબ જોર હતું.

"ત્યાંથી અમારી ટોળીને હૃષીકેશ વિહાર માટે લઇ ગયા; હરદ્વારનાં સાધુસંતનાં સ્થાનો તો જોયેલાં; મુકત રીતે ફરતા, મધુકરી લેતા કે આશ્રમ–અખાડામાં રહેતા ભિન્ન ભિન્ન સંપ્રદાયના સાધુઓને જોઈને એમ વિચાર આવતો કે શું આ દયાનંદ સરસ્વતીજીના સિદ્ધાંત જ સાચા હશે અને બીજા આચાર્યો અને અસંખ્ય સંતસાધુઓ ખોટા? શ્રી રામચંદ્રજી અને કૃષ્ણચંદ્રજીનાં લાખો મંદિરો ભારતવર્ષમાં છે; ત્યાં રામાયણભાગવતનાં પારાયણો, કીર્તનો અને ઉત્સવો થાય છે, એ બધું વ્યર્થ? સંત તુલસીદાસજી, સુરદાસજી તેમજ મીરાંબાઇ, નરસિંહ મહેતા, જ્ઞાનેશ્વર, રામદાસ, ચૈતન્યપ્રભુ—એ બધાંએ જેમને ભગવાન માનીને ઉપાસ્યા છે, એમની ભકિત તદ્દન નકામી જવાની!?

"આવી અસંખ્ય શંકાઓએ ચિત્તમાં ચકડોળ ફેરવવા માંડયું હતું, અને એ અંદરનાં તોફાનને લીધે બહારના જીવનમાં પણ ઉછાળા અને ત્વરિત પરિવર્તનો થવા માંડયાં. પણ ચાલો હવે ઊઠીએ; બહુ વખત બેઠા: માથે તાપ ચડી જશે તો હેરાન થઇશું. મારાથી હવે તાપમાં મુસાફરી નથી થઇ શકતી." એમને અંગત વાત પડતી મૂકવી પડી. મેં ઘડિયાળને ચાવી દેવા માટે બહાર કાઢી. ઘેરથી જ અર્ધો કલાક મોડા એટલે ૬॥ વાગે નીકળ્યા હતા; અહીં ૭॥–૭॥ વાગે આવ્યા હોઇશું; કલાક વાતોનો રસ પીધો, પરસ્પર વધારે નજદીક આવ્યા:

આપનિવેદનો થયાં; ઘડિયાળમાં ૯ વાગવા આવ્યા હતા: મેં ચાવી આપતાં કહ્યું: "નવમાં દસ મિનિટ બાકી છે. અહીં બહુ બેઠા આપણે, ગુફા કેટલી દૂર હશે અહીંથી?"

"હજુ બેએક કલાકનો રસ્તો ખરો; વહેલું કરવાની ધમાલમાં જ મોડું થઇ ગયું." જવાબ આપતાં આપતાં એ ઊભા થયા; એ આગળ અને હું પાછળ એમ મૌન ધારીને ચાલ્યા જતા હતા.

ગંગાજીનો તટ વધારે ખરાબ આવવા માંડ્યો; સીધી ઊંચી ભેખડો હતી, કાંઠે જતાં પડી જવાનો ભય લાગે એવી. રસ્તો હવે કાંઠે કાંઠે દેખાતો નહોતો; અમે ઉપર ચડવા માંડ્યું; ખેતરોને કાંઠે કાંઠે કેડીઓ વટાવતા અર્ધોએક માઇલ ચાલ્યા હોઇશું, ત્યાં એમને કંઇક યાદ આવ્યું હોય એમ બોલ્યા.

"આજ કંઇ સમજાતું નથી. મોડું થઈ ગયું છે, વાતોએ ચિત્તને ડહોળી નાંખ્યું છે; મગજમાંથી રસ્તો કયાં ય ખોવાઇ ગયો લાગે છે. આ પગકેડીએ ચાલ્યા તેના કરતાં ઉપરને ધોરી માર્ગે ચાલ્યા હોત તો વહેલા પહોંચી જાત. આ તો બે કેડીઓ આવી. કયી તરફ જઇશું? હાલમાં જ બે કેડીઓ પડી હોય એમ લાગે છે; મેં તો ગંગાજીના કિનારાનો જ આધાર રાખ્યો હતો. આ બન્ને કેડીઓ કયાંક ઉપર જાય છે. હું તો હમેશાં ઉપરને મોટે માર્ગે જ આવું જાઉં છું, પણ આજ વળી જલદી પહોંચવાની આશાએ કિનારો પકડ્યો, ચાલો. પણ આ જૂની કેડીએ જ ચાલીએ." આમ કહીને બેમાંથી જૂની કેડી પસંદ કરી ચાલવા માંડ્યું. મનમાં વહેમ તો હતો જ, શ્રાવણ-ભાદરવાનો ડાંગર પકવવાનો આકરો તાપ માથું પકવવા માંડ્યો હતો. પરસેવો થવા માંડ્યો. મેં છત્રી ઉઘાડી હતી, સ્વામીજીએ માથે ભીનું કપડું નાંખી લીધી હતું.

અર્ધોએક કલાક ચાલ્યા, પણ કંઇ દિશા સૂઝે નહીં. ગંગાતટથી જાણે ઉપર દૂર ને દૂર ચાલ્યા જતા હોઇએ એમ લાગવા માંડ્યું. સ્વામીજીનો વાટ ભૂલવાનો વહેમ વધતો ગયો. નાનું એવું ઝરણું આવ્યું. વળી પાછા બેઠા; ઝરણાનું પાણી કોઈના દૂરના ખેતરમાં જતું હતું.

બેસીને પાછી નજર ફેરવવા માંડી: દૂર ખેતરની વચમાં એક છાપરું દેખાયું. આવું એક જ મકાન જોઇ સ્વામીજી બોલ્યા: "આપણે ક્યાંક ભૂલા પડયા છીએ. આપના ગઇકાલના અપશુકન હજુ ચાલુ હશે કે શું? આ એકલું મકાન તો મેં પણ પહેલાં નહોતું જોયું. આ ઉનાળામાં જ કર્યું હશે, પણ આપ બેસો, હું શૌચ જઇ આવું," એમ કહીને એમણે પોતાનાં ખભા ઉપરનાં વસ્ત્ર નીચે મૂકીને, કમંડલુમાં પાણી ભર્યું. અને શૌચ માટે ચાલ્યા.

હું વિચારે ચડયો; "આજેય પાછા ભૂલા પડવાનો વખત આવ્યો! દસ તો વાગવા આવ્યા: રસ્તો ભૂલ્યા હોઇશું તો ક્યારે વસિષ્ઠગુફા પહોંચાશે એ ભગવાન જાણે. ચાલો, સ્નાન તો કરી લઉં." ચિત્તમાં આવેલી થોડી ઉદાસીનતા ટાળવા મેં નાહવાની ક્રિયાની ઓથ લીધી.

નાહી રહ્યો: સ્વામીજી હજુ આવ્યા નહીં. મેં કપડાં સુકાવા નાંખ્યાં; સ્વામીજી દેખાતા નથી. આમતેમ નજર ફેરવું છું. ગંગાતટ તરફ જોવા માંડયું: એ બાજુથી પણ એ આવ્યા નહીં. કેમ આટલી બધી વાર લાગી એ કાંઇ સમજાયું નહીં.

હું નિરાંત રાખીને બેઠો; કપડાં સુકાય તો પેલી ઝૂંપડી તરફ જાઉં એમ મનમાં ધાર્યું. પાંચદસ મિનિટ અમનસ્ક ભાવે નીચે નજર રાખીને બેઠો હોઈશ, એટલી વારમાં સ્વામીજી ગંગાતટ તરફથી આવ્યા. હાથપગ ધોતાં ધોતાં એ બોલ્યા: "સ્વામીજી! હું ગંગાતટ તરફ જઇ આવ્યો. એ રસ્તો તો નકામો છે, ત્યાંથી આગળ જવાય એવું જ નથી. આપે સ્નાન કરી લીધું એ ઠીક કર્યું; હું પણ સ્નાન કરી લઉં. એટલી વારમાં આપ પેલા મકાન તરફ જઇ આવો તો ઠીક; ત્યાં કોઇ હોય તો રસ્તો પુછાય અને માણસ મળે તો સાથે પણ આવી શકે."

"હા, સાચી વાત છે સ્વામીજી!" એમ કહીને મેં ઝૂંપડી તરફ ચાલવા માંડયું. બેએક ફર્લાંગ દૂર જતાં ખેતરની વાડનો ઝાંપો આવ્યો ત્યાં ઊભા રહીને જોઉં છું તો એક માણસ ખેતરમાં ઘાસ કાપતો હતો.

મને જોતાં જ પહેલાં તો એની પાસે ફરતા કૂતરાએ ભસવા માંડયું; એની નજર મારા તરફ વળી : મેં એને ઝાંપા પાસે આવવા બૂમ મારી. એણે કૂતરાને રોકયો અને મારી પાસે આવી "શું છે" એમ પ્રશ્ન કર્યો.

"અમારે વસિષ્ઠગુફા જવું છે; અહીંથી હવે કઈ તરફ ચાલીએ? શિવપુરી ગામની ઉપરથી ગંગાજીને કાંઠે કાંઠે નીકળ્યા હતા. ત્યાંથી એક કેડી ઉપર ચડીને અહીં આવ્યા. અહીંથી હવે રસ્તો આગળ દેખાતો નથી. હું અને પેલા સ્વામીજી બે જણ છીએ." સ્નાન કરતા સ્વામીજીને દેખાડીને મેં એને કહ્યું.

"અહીંથી સીધા તો નહીં જવાય, મહારાજ! થોડું પાછળ ચાલીને ઉપર જવું પડશે. ત્યાંથી મોટો રસ્તો આવશે. ખેતરોની વચમાં ચાલીને જવું અઘરૂં છે. આમ કયાં આવી ચડયા! એકાદ ગાઉનો ફેર પડયો આ તો; હવે થોડું પાછા જશો એટલે મોટે રસ્તે ચડાશે." એણે સચિંત ભાવે જવાબ આપ્યો.

"ત્યારે, ભાઇ! એમ કરને, અમને રસ્તો બતાવી જા અથવા વસિષ્ઠગુફા સુધી પહોંચાડી જાને! તને કંઈક મહેનતાણું આપીશું," સાથે આવે તો બધી મુસીબત ટળી જાય, એવી ગણતરીથી મેં એને વિનવ્યો. એણે આમતેમ અને પછી ઘરની તરફ નજર ફેરવી. થોડો વિચાર કરીને કહ્યું: "ઊભા રહો, આ ઘાસનો ભારો ઘેર મૂકીને કહી આવું. વાર નહિ લાગે." કૂતરાને પોતાની પાસે બોલાવીને ઘેર ગયો. મેં સ્વામીજી તરફ નજર કરીને જોયું તો એ હજુ સ્નાનથી પરવાર્યા નહોતા. બસોએક પગલાં દૂરના ઝૂંપડે ઘાસ મૂકીને એ પાછો આવ્યો.

"વસિષ્ઠગુફા સીધે રસ્તે લઈ જઈશ; ભાર હશે તોપણ ઉપાડીશ; શું આપશો?" મતલબનો સીધો સવાલ એણે પૂછયો.

"તારે શું લેવું છે એ કહેને! ચાલ, બોલી નાંખ જોઈએ!" મોંઘવારીના વખતમાં દિવસભરની મજૂરીના બારેક આના ગણાય; તેમાં અર્ધો દિવસ ગણીએ તો છ આના થાય. છતાં એણે ઝપાટાથી ઉત્તર આપ્યો ને રૂપિયા એકની ખાસી માગણી કરી.

કેટલી વિચિત્રતા! અમે રહ્યા ગરજુ; અવળે રસ્તે ભટકીએ તો આખો દિવસ હેરાન થઇએ; ભીમપુરી અને ગંગા અમારે માટે વસિષ્ઠ-ગુફા જઈને રાહ જોયા જ કરે. શું કરવું? હું જોરથી હસ્યો."ભલા આદમી! હમણાં જ તું મૂકીને પાછો વળીશ. એકાદ ગાઉ જ હશે એમ અમને લાગે છે: બપોર પહેલાં તો તું પાછો આવીશ, આખા દિવસની મજૂરી કરતાં પણ તું વધારે માગે છે અને તે પણ સાધુઓ પાસેથી? બહુ કહેવાય એક રૂપિયો તો: ચાલ જરા વિચાર કરીને બોલ તો!"

"લ્યો ત્યારે આઠ આના તો આપશોને? એ કાંઈ વધારે ન કહેવાય; હું કામ મૂકીને આવું ત્યારે બને ને!" એણે તરત જ મનનો અને મજૂરીનો ભાવ ઉતારી નાંખ્યો.

હું યે લોભે ચડયો. "ચાલ, ચાર આના લેજે; ઓછું ન કહેવાય. અમને સીધે રસ્તે ચડાવી દેજે એટલે બસ; અને ભાર કાંઈ પણ ઉપાડવાનો છે જ નહિ!"

"ઠીક ત્યારે; તમે ત્યાં ઝરણા પાસે બેસો. હું શિરાવીને આવું છું." એણે શિરામણ કરવાની વાત કરી, મને થોડી ગમ્મત કરવાનું મન થયું;

"અલ્યા, તું ખાઈશ અને આંગણે આવેલા સંન્યાસીઓ ભૂખ્યા રહેશે? અમે ય ભૂખ્યા છીએ હજુ તો; એમને એમ ચાલને; હમણાં જ પાછો આવી જઈશ."

"ઓહો! એમાં શું? ચાલો તમે ય ખાઈ લ્યો. પણ મહારાજ અમારૂં ખાવાનું તમને ભાવશે?" એના ઉદાર હૃદયમાંથી આતિથ્ય-સત્કાર સહજ સ્વભાવે નીકળી પડયો. મજૂરની ગંધ ઉડી ગઇ. એ યજમાન બન્યો.

મને ભોંઠપ આવી! આ પહાડી ખેડૂત, જેના અંગ ઉપર ફાટેલાં કપડાં પણ પૂરતાં નથી, એ એક બાજુ મજૂરી માગે છે ત્યારે બીજી બાજુ આંગણે આવી ચડેલાનો અન્નસત્કાર કરવા તૈયાર છે!

ભારતવર્ષની, કહો કે એશિયાની પ્રજાનો, આંગણે આવી ચડેલા અભ્યાગત-પરોણાની રોટલા અને ઓટલાથી સેવા બજાવવાનો

જુગજૂનો—હાડમાં ઊતરેલો એ પુણ્ય પ્રતાપ! ગૃહસ્થાશ્રમની એ ધર્મ-પ્રણાલિકા! અમે રસ્તો ભૂલ્યા એટલે ભોમિયો શોધવા હું અહીં આવ્યો; મજૂરી ઠરાવી; ગમ્મત ખાતર અમે હજુ ભૂખ્યા છીએ એટલું સાંભળતાં જ એ ભિક્ષા માટે નોતરે છે! એનું ખાવાનું અમને ફાવશે કે ભાવશે નહિ એવા પ્રશ્નમાં નિરભિમાનભર્યો સંકોચ હતો. શું કહેવું એ વિચાર આવ્યો: ભાવભીનું નોતરું પાછું ઠેલું? સ્વીકારું? ભિક્ષુ છું!! સાધનસંપન્ન હોવાનું અભિમાન વધારીને ના પાડું? એની નિર્ધનતાનો વિચાર કરીને મારા અહંકારને ગજવામાં રાખેલાં નાણાંની ગરમી આપું? એ મજૂર છે એવો વિચાર કરતાં તો હું ઊંચે ઊડવા માંડું! પરમાત્મન્! સંભાળ; આ મન લુચ્ચું છે, ચતુર્થાશ્રમીને તો જલદી ઠગે છે; ડગલે ને પગલે એનામાં અહંકાર વધવાના સંયોગો ઊભા થાય છે! ખબરદાર ઓ મન! તું દેહદૃષ્ટિએ ચતુર્થાશ્રમી ભિક્ષુ છે: સંસારનાં સમસ્ત પ્રાણી સાક્ષાત્ નારાયણના નરદેહ છે: નારાયણ તને નિમંત્રણ આપે છે—તે પણ પ્રેમથી, ભાવથી, નિરભિમાન સત્કારથી, એને પાછું કેમ ઠેલાય!

"તને ભાવશે અને તું ખાઇશ તે અમારાથી કેમ નહિ ખવાય?" એવો મેં ઉત્તર વાળ્યો; સ્વીકાર તો એ શબ્દોમાં જ હતો.

"પણ મહારાજ! રોટલાદાળ નથી; 'પિલાવ' છે તે પી લેવાનો છે; અમે ગરીબ, અત્યારમાં તો 'પિલાવ' પીને ચલાવી લઇએ! એટલે જ પૂછું છું કે ભાવશે આપને? આપ તો મહારાજ નસીબદાર સંત છો. આપના દેશના સેવકો તો ભાતભાતની રસોઇ આપને જમાડે; અમે પહાડી ગરીબ બીજુ શું ખાઇએ તે આપને આપીએ. અત્યારમાં રોટલા નથી, નહિ તો એ આપત."

"ભાવશે, ભાવશે, ખૂબ ભાવશે, તું જા; હું સ્વામીજીને લઇને આવું છું." મેં 'પિલાવ'નું નામ પણ નહોતું સાંભળ્યું; એ શું હશે એ આશ્ચર્યથી જ હા પાડી દીધી, કંઇક નવું મળશે એ હર્ષથી.

મારા સહયાત્રી નાહીને કપડાં સુકાવાની રાહ જોતા બેઠા હતા.

મને જોતાં જ એમણે પ્રશ્ન કર્યો:

"કેમ શું કરી આવ્યા, સ્વામીજી? કંઇ મેળ ખાધો?"

"મેળ તો ખાસ્સો ખાધો, મહારાજ! ચાલો ત્યાં, ભિક્ષા કરવાની છે પહેલાં; પછી એ માણસ આપણને વસિષ્ઠગુફા સુધી મૂકવા આવશે." મેં આનંદમાં આવી જઇને શુભ સમાચાર કહ્યા.

"ભિક્ષા કરવાની છે?" એમને ભિક્ષાનું નામ સાંભળતાં આશ્ચર્ય થયું.

"હાજી, ભિક્ષા કરવાની છે અને 'પિલાવ' ખાવાનો છે. ચાલો; કપડાં સુકાઇ ગયાં કે નહિ?" મેં જલદી કરવાનો આગ્રહ કર્યો "પણ ભિક્ષા અને 'પિલાવ,' આ બધું શું છે? આપ તો રસ્તો પૂછવા ગયા હતા, એમાં આ ભિક્ષા ક્યાંથી માગી આવ્યા?" એક જ ઘર હતું. ત્યાં માર્ગ પૂછવા જવું કે માણસ સાથે આવે તો એનું નક્કી કરવું, એ વાતને ભિક્ષાની સાથે કશો મેળ ખાય એમ હતું જ નહિ. એ વાત સાવ સાચી હોવા છતાં ન સમજાય એવી તો ખરી જ ને!

"વાત આમ બની: મેં એને ઝાંપા પાસે બોલાવ્યો; ગુફા સુધી આવવાના ચાર આના ઠરાવ્યા, એણે ખાઇને આવું છું એમ કહ્યું, એટલે મેં જરા ગમ્મત કરી, કે "અલ્યા તું ખાઇશ અને અમે સંન્યાસી ભૂખ્યા બેસી રહીશું?" ત્યાં તો જોઇ લ્યો મજા. એણે કહ્યું, "તમે પણ આવો; જરૂર આવો! રોટલાદાળ તો નથી પણ પિલાવ છે તે પી લઇએ." પિલાવ શું છે એ તો ખાઇએ ત્યારે ખબર, પણ ના પાડવી મને ઠીક ન લાગી. એ પણ અનુભવ લઇએ. આપ તો આ પ્રદેશમાં જ ભિક્ષા લ્યો છો એટલે નવાઈ નહીં, પણ મને આ બાજુ આવ્યાં વર્ષો વીતી ગયાં, એટલે થોડો નારાયણી ભિક્ષાનો પ્રસાદ આરોગવાની મરજી થઈ આવી ને મેં હા પાડી." થોડું વિગતવાર મેં સમજાવવાનો યત્ન કર્યો.

હું વાત કરતો હતો એ દરમ્યાન એ ઊભા થઈને કપડાં ઉપાડવા મંડી પડ્યા હતા. ભીનાંસૂકાં કપડાં ખભા ઉપર નાંખીને તૈયાર થયા. મેં

મારો સામાન ઉપાડી લીધો, અને આજના યજમાનના અતિથિ થવા ઊપડયા, એ પહાડી નારાયણના ઘર તરફ.

"સ્વામીજી! આજ અપશુકન નથી થયા લાગતા; થોડું ભૂલા પડયા પણ એમાં ભિક્ષા મળી; અને ગઈ કાલે પણ અપશુકન કેમ કહેવાય? આપનાં દર્શન થયાં એ કાંઈ થોડો લાભ છે? શી અજબ લીલા છે આ મહામાયાની! બધામાં આનંદ જ છે ને!" ભિક્ષાના આનંદમાં, પહાડી ગરીબના ભાવભર્યા નિમંત્રણના હર્ષમાં હું બોલી ઊઠયો—બોલી જવાયું.

"જે થાય છે તે સારા માટે જ છે તો!" સ્વામીજી એટલું બોલે છે એટલામાં તો સામેથી "જલદી આવો મહારાજ" ની બૂમ પડી; અમે જરા ઉતાવળા ચાલવા માંડયું.

ખેતરના ઝાંપામાં પેસીને કેડીએ કેડીએ આગળ ચાલ્યા એટલે એક ઘર અને તેની સામે જ વચમાં વીસેક ફૂટનો ચોક મૂકી એક છાપરું હતું. દોઢેક ફૂટ નાના થાંભલા ઉપર વાંસ બાંધીને મોટી આઠેક હાથ લાંબી-પહોળી પાટ જેવી અંદર બેઠક બનાવેલી હતી, દિવસે બેસવા અને રાત્રે સૂઈ રહેવા માટે. અમે એ ઉપર ગોઠવાયા.

અમારો યજમાન ઘરમાં હતો. ચારે તરફ નજર ફેરવવા માંડી; ઘરમાં બહુ માણસો નહોતાં લાગતાં. ઢોરઢાંખર પણ વધારે નહોતાં, અને એક જ ઘર, આસપાસ હરિયાળાં ખેતરો, ઝરણાનું અમૃતજલ, અને આ એકાંતવાસ—ઋષિઓના જીવનનો બાહ્ય દેખાવ! બાહ્ય શાન્તિ અને તપશ્ચર્યા! આંતરમનની વાત તો સ્વસંવેદ્ય એટલે બીજો શું જાણે! પ્રાચીન આખ્યાયિકાઓ છે કે અરણ્યમાં ઋષિઓના વિશાલ આશ્રમો હતા. દ્વિજ વિદ્યાર્થીઓ એમાં શિક્ષણ મેળવતા. યજ્ઞવિભાગ દ્વારા અનુભવાત્મક જ્ઞાન મળતું. આચાર્ય અને આચાર્યપત્નીના વાત્સલ્યથી એમનાં જ્ઞાનવિજ્ઞાન પોષાતાં; શારીરિક સેવાથી વિદ્યાર્થીઓ તપશ્ચર્યા, ત્યાગ અને સંયમ કેળવીને ખડતલ જીવનનું ઘડતર-ચણતર કરતા. એ જ આ હિમાલયની તપોભૂમિ; પ્રકૃતિના સોળે કળાના શૃંગાર અને પુરુષનું જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ઊભરાતું ચૈતન્ય—પુરુષપ્રકૃતિની

અખંડ રાસલીલામાં આર્ય પ્રજા પોતાનું જીવન સફલ કરતી; મનોરથને ઊર્ધ્વગામી રાખી ખગોળ-ભૂગોળનાં અદ્‌ભુત અન્વેષણો થતાં. આત્મા, પરમાત્મા અને જગદાત્માની શોધમાં પારદર્શીપણું પામી જીવનનો લક્ષ્યહેતુ સિદ્ધ થતો.

અને શારીરિક શ્રમથી અન્નવસ્ત્ર મળે એટલે બીજું જોઈએ શું? વર્તમાન જન્માનું શરીર તો જીવાત્માને અસંખ્ય જન્મોમાં પહેરવા મળતા એક વાઘા જેવું છે; એ મળ્યું છે એટલે એનું આયુષ્ય તો નિર્માઈ ચૂકયું છે; એનું પોષણ, શોષણ અને મૃત્યુ અવશ્યંભાવી છે. પ્રસંગો સાંપડે, દ્વંદ્વો ઊતરી પડે અને સંયોગો ઊભા થાય તેવા વધાવી લઈ બધામાંથી સાર તો (આ અસાર સંસારમાંથી કંઈ હોય તો!) અનંત સુખસાર શોધવાનો રહ્યો, એટલે પ્રસંગના મૂલ્ય કરતાં અનંત આત્માનું મૂલ્ય જ એમના ધ્યેયમાં હતું. આત્માને માટે જન્મ, નહિ કે જન્મને માટે આત્મા, મૃત્યુમાંથી અમૃત શોધવાનું, અમૃતને મૃત્યુકુંડમાં ઢોળીને વેડફી દેવાનું નહિ—એવી એવી એ ઋષિકુલની આખ્યાયિકાઓ વેદ, ઉપનિષદ્ અને પુરાણોમાં ભરી પડી છે.

કાલધર્મ પોતાનું કામ કર્યે જાય છે. અસંખ્ય નક્ષત્રમંડળના ગોળાઓના હેરફેરમાં કાલ બદલાય છે, અને દિવસરાત્રિના આઠ પ્રહરની પેઠે યુગપલટા થયા જ કરે છે, એમાં દેશાંતર કે કાલસીમા બદલાય પણ અચ્યુત આત્મા તો એવો ને એવો જ દેશકાલાતીત રહે છે. એ આત્માનું અનુભવાત્મક જ્ઞાન જ્યાં ધ્યેયમાં હોય ત્યાં વર્તમાન યુગનાં માનવીય કલ્પનાથી રંગાયેલાં, કલ્પક લેખકની દૃષ્ટિથી વીંધાયેલાં ઇતિહાસ-ભૂગોળનાં ભેજામાંથી જે લોકવ્યવસ્થા અને સમાજધર્મના કાયદાકાનૂનો નીકળે—એ બન્નેનો કયાં મેળ ખાય!?

અત્યારે અહીં તો ગામેગામ બ્રાહ્મણક્ષત્રિયવર્ગના લોકો રહે છે; ખેતી કરે છે; બ્રાહ્મણો ભણીગણીને નોકરી કરવા ચાલ્યા જાય છે, ગરીબી એટલી બધી હોય છે કે લૂખાં અન્ન અને ફાટેલાં કપડાંથી જીવન વિતાવે છે, કમાણી કરવા મજૂરી કરે છે; યાત્રાળુઓના ભાર ઉપાડે છે,

શહેરોમાં પણ નોકરીએ ચાલ્યા જાય છે. આ છે છેલ્લાં સો-એક વર્ષથી ઊતરતી જતી મનોદશા અને વધતી જતી નિર્ધનતાની સૂચક બાહ્ય સ્થિતિ.

મારું આ મનોમન્થન ચાલુ જ રહેત, પણ એટલામાં ખાવાનું આવ્યું. એક હાથમાં એક થાળી, અને બીજા હાથમાં નાનું તાંસળા જેવું લોખંડનું તગારું હતું. મહીં છલોછલ ભર્યો હતો 'પિલાવ.' "બીજી થાળી નથી મહારાજ, એટલે એક તગારું (એને એ તસલું કહે છે) લાવ્યો છું. છાશ વધારે જોઇએ તો નાંખી આપું," એમ કહીને બન્ને પાત્રો અમારી પાસે મૂક્યાં.

મેં ઝડપથી તગારું ઉપાડી લીધું. સ્વામીજી મારી સામે જોઈ રહ્યાઃ "આપ થાળી લ્યોઃ અને એ મને આપો," એમણે વિવેક દાખવી થાળી મારી પાસે મૂકી. તગારું મેં હાથમાં લીધું હતું. "ના સ્વામીજી, આમાં મને ઠીક મજા આવશે. પણ અલ્યા આ છે શું? આને તો અમે ઘેંસ કહીએ, શેની બનાવેલી છે?" મેં વાત ફેરવી નાંખવા પાછલો પ્રશ્ન યજમાનને કર્યો અને થાળી એક હાથથી સ્વામીજી તરફ ખસેડી મૂકી.

"મહારાજ, એ મકાઇનો પિલાવ છે. પહેલાં રાંધીને પછી એમાં છાશ નાંખીને અમે સવારમાં એનું જ શિરામણ કરીએ. ભાવશે ને?" એણે થોડું હસતાં હસતાં કહ્યું.

"ચાલો સ્વામીજી! આ મધુભિક્ષા લઇ લઇએ. કેવી સરસ છે! પહાડમાં રહેતો હતો ત્યારે મેં ઘણી વાર ખાધી છે, ખૂબ જ પૌષ્ટિક છે અને છાશ સાથે એનો સ્વાદ પણ મજાનો લાગે છે મને તો." મેં સ્વામીજી તરફ જોઇને તાંસળામાંથી પીવા માંડ્યું.

યજમાને બેત્રણ લાલ સૂકાં મરચાં પાસે લાવીને મૂક્યાં. વચમાં એને અથાણા તરીકે વાપરવા માટે આગ્રહ કર્યો, પણ અમારે એ તીખા તમતમાની જરૂર નહોતી.

"તું પણ હવે ખાઈ લે ને જલદી તૈયાર થઈ જા. પછી મોડું થશે.

તાપ કે વરસાદ આપણને નડે એ પહેલાં વસિષ્ઠગુફા પહોંચી જવું છે.'' સ્વામીજીએ યજમાનને તૈયાર થવા સૂચના કરી.

"મને વાર નહિ લાગે," એમ કહીને એ ઘરમાં ગયો. અંદરથી એક ડોશી નીકળ્યાં. સિત્તેરેક વર્ષનાં હશે. બહાર આવીને હાથ જોડયા અને સામે આવીને બેઠાં. અમે 'પિલાવ' પી લીધો. હાથમોં સાફ કર્યાં.

"મહારાજ! હૃષીકેશથી આવ્યા? અત્યારમાં વહેલા કયાંથી આવી પહોંચ્યા? બહુ વહેલા નીકળ્યા હશો." માજીએ વાત શરૂ કરવા માંડી.

"ના, માજી! આજ તો શિવપુરીની ઉપરથી આવ્યા. તમે અહીં જ રહો છો કે બીજે કયાંય? ઘરમાં બે જ જણાં છો?" સ્વામીજીએ કુટુંબની વિગત જાણવા સવાલ પૂછયો.

"મહારાજ! અહીંની ખેતી પૂરતાં જ આ ઝૂપડાં છે. આ મારા દીકરાનો દીકરો છે: એનાં માબાપ અને બીજાં ભાઇભાંડુઓ તો પેલા ગામમાં રહે છે," એમ કહીને એણે પર્વતની ટોચ ઉપરનું પંદરેક ઘરવાળું એક ગામ બતાવ્યું.

"એમ કે! ત્યારે અહીં તો કામ પૂરતાં રહેતાં હશો: ક્ષત્રિય છો ને?" અમારો ભોમિયો ઘરમાંથી બહાર નીકળે એટલો વખત ગાળવા સ્વામીજીએ વધારે પ્રશ્ન કર્યો.

"ક્ષત્રિય છીએ. મારે તો એક જ દીકરો છે પણ એનો વિસ્તાર બહુ મોટો છે; આ દીકરો સહુથી મોટો; બીજા ત્રણ દીકરા અને બે દીકરીઓ ત્યાં રહે છે. ખેતી સંભાળવા વારાફરતી આવજા કરીએ છીએ. સારું થયું આપનાં આજ દર્શન થયાં. વસિષ્ઠગુફા કેટલુંક રહેવું છે?" ડોસીએ વધારે વિગત જાણવા ઉત્સુકતા બતાવી.

"હું તો આ બાજુ જ ફરું છું; તમારું ગામ પણ મેં જોયું છે. પણ આ સ્વામીજી કાલ અકસ્માત્ મળી ગયા, એટલે એમની સાથે વસિષ્ઠગુફા આજ જવું છે. રસ્તો ભૂલ્યા એટલે અહીં આવી ચડયા;

પણ માજી તમે તો અમને આજ વહેલી સવારમાં જમાડયા. બહુ મીઠો લાગ્યો પિલાવ," સ્વામીજીએ પોતાનો પરિચય આપવા માંડયો.

"એમાં મહારાજ! શું નવાઇ કરી? આંગણે આવેલા સંતસાધુને જે હોય તે ચપટી લોટ કે કડકો રોટલો ન આપીએ તો કયા ભવે ભગવાનના દેવામાંથી છૂટીએ? ભગવાને જે આપ્યું છે તે ભગવાનને નામે વાપરી છૂટીએ એટલે દેવું પત્યું જાણે! કયાં કોઇ બીજા કોઇના નસીબનું ખાય છે! આપના નસીબમાં હતું એ આપના પેટમાં ગયું. મેં કયાં આપને માટે રાંધ્યું હતું? જેનું નસીબ હોય એના પેટમાં જાય મહારાજ! જુઓને ખેતરમાં અનાજ પાકે એમાં પણ કેટલાંનાં નસીબ છે! પંખી ખાય, કીડીમંકોડા ખાય, બીજાં જાનવર ખાય અને ચોર પણ ખાય, બાકી રહે તે ઘરમાં રાખીએ અને એમાંથી પણ જે કણ જેના નસીબમાં હોય એ જ એના પેટમાં જતાં હશે ને મહારાજ!? હું તો અજ્ઞાની જીવ. એટલું સમજું કે ભગવાન બધાંને પોષે છે. નસીબમાં ન હોય તો પેટમાં ગયેલું પણ ઊલટી થઈને નીકળી જાય. એમાં લોભ કરીને શા માટે પાપ કરવું અને ભગવાનના ચોર બનવું?! રાજ્યની ચોરી કરીએ તો આકરી સજા થાય છે તો ભગવાનની ચોરી કરીને પછી રહેવું કયાં? આ હાડમાંસ અને ચામડાની ઓરડીમાં તો પાપ કરીને પુરાયાં છીએ તે ભગવાનની ઓછી ચોરી કહેવાય? મહારાજ!" ડોસીનું સીધું સાદું તત્ત્વજ્ઞાન આગળ ચાલત, પણ એટલી વારમાં અમારો જુવાન યજમાન ખાઈપીને બહાર આવ્યો; હાથમાંની ચલમમાંથી ધુમાડાના ગોટા ઊડતા હતા. અમારી માણસગાડીનું એંજિન જાણે કોલસા પુરાઇને આવ્યું!

"ચાલો મહારાજ! લાવોને ઉપાડવું હોય તે; માજી! હું હમણાં જ પાછો આવીશ હોં; ઘેરથી કોઇ તેડવા આવે તો મારા આવ્યા વિના તમે ન જશો." અમને ઊઠવાનું કહીને ડોસીને સૂચના આપી દીધી.

માજીએ નમસ્કાર કર્યા; સ્વામીજીએ "નારાયણ" શબ્દથી ઉત્તર વાળ્યો અને પાટ ઉપરથી નીચે ઊતરીને અમે ચાલવા માંડયું. સ્વામીજીએ યજમાનને નામ પૂછયું.

"દેવલો મારું નામ, મહારાજ !" એણે જવાબ આપતાં આપતાં પણ પગલાં ઝડપથી ભરવા માંડયાં હતાં. પહેલો દેવલો, છેલ્લો હું અને વચમાં સ્વામીજી એમ ચાલ્યા જતા હતા. દેવલાની ઝડપ જરા વધારે હતી. માથે શ્રાવણ મહિનાનો તાપ તપતો હતો એટલે જોરથી ચાલવું પોસાય એમ નહતું. મેં પાછળથી કહ્યું: "ભાઈ, જરા ધીમે ચાલ; તારા જેટલી ઝડપથી ચાલવાની અમારામાં તાકાત નથી."

એણે પાછું ફરીને અમારી તરફ જોયું, થોડું હસ્યો; "ધીમે ચાલીશ હવે; અમને તો આ પહાડમાં દોડવાની જ ટેવ, એટલે ધીમું ચાલવું હોય ત્યારે યાદ રાખવું પડે મને ટોકતા રહેજો." ખેતરોની પાળે પાળે ચાલ્યા જઈએ છીએ. કેડી જેવું નામનિશાન નહીં; અર્ધોક માઇલ ઊંચાણ તરફ જતાં મજાનો ચોખ્ખો માર્ગ આવ્યો. સ્વામીજીના મનમાં એને છૂટો કરવાની વૃત્તિ આવી હશે એટલે એમણે કહ્યું; "દેવલા! આ જ માર્ગ સીધો ત્યાં જશે, હવે તો મારો જોયેલો રસ્તો છે. સ્વામીજી! આને હવે જવા દઈશું?"

"ના જી, એવું કશું સાહસ અત્યારે તાપને વખતે નથી કરવું. ભલે આવે એ સાથે. અહીંથી હવે કેટલુંક દૂર છે?" મેં દેવલાને સાથે લેવાની વાત કહીને પ્રશ્ન કર્યો.

"દોઢેક ગાઉ હશે અહીંથી હવે. અર્ધાપોણા કલાકમાં પહોંચી જવાશે. હવે ભૂલા પડાય એવું નથી. આ રસ્તો મારો ખૂબ જાણીતો છે. માત્ર તડકો પડવા માંડયો છે એટલે જરા ધીમે ચલાશે એટલું જ." એમ કહીને એમણે કમંડલુના પાણીથી કપડું ભીંજાવી માથે નાખ્યું. મેં પણ એમની નકલ કરી; છત્રી તો ઉઘાડી હતી, પણ ભીનું કપડું માથા ઉપર હોય તો ઠીક ઠંડક રહે.

મૌન રાખીને ચાલ્યા જઇએ છીએ. દેવલાના પગનો વેગ વધતો જાય છે. એ એની ટેવને કેમ છોડે! અમે પણ એને પગલે પગલાં ઉપાડવા માંડયાં. મનમાં તરંગમાળા ફરવા માંડી.

'પિલાવ' પીધો; ડોસીએ 'નસીબ'ની વાતો કરી. દાણેદાણો જ્યાં, જે પેટમાં જવાનો હોય, વૈશ્વાનર (અગ્નિ)રૂપે વિરાજતા જઠરસ્થ સમાન દેવમાં આહુતિરૂપે હોમાવાનો હોય, ત્યાં જ હોમાય છે. એકનું નસીબ બીજાનું નથી થતું. ભગવાનનું છે તે ભગવાનને આપી દઇએ એટલે દેવામાંથી છૂટીએ—આ છે પહાડી ગ્રામીણ વૃદ્ધાનું આશ્વાસનસૂત્ર.

મારી વિચારસૃષ્ટિ ઊઘડી પડી. "નસીબ અને પ્રારબ્ધ! કોણના નસીબમાં ખાનાર કે ખાનારના નસીબમાં કોણ? ભગવાને આપ્યું છે તે ભગવાનને આપી દેવું એટલે ઋણ પૂરું થાય. લેવું પડે એમ ભગવાને શા માટે આપ્યું? એવો ધીરધારનો ધંધો કરવાની એને શી જરૂર? જીવે શા માટે દેવું કર્યું? ભગવાનને વ્યાજ-વટાવ આપવાં પડતાં હશે? ભગવાનને જીવ સાથે લેવડદેવડ કરવી પડે, એવી વૈશ્યવૃત્તિનો અર્થ શો? જીવ ભગવાનને ત્યાંથી ઉધાર લાવીને પાછો ભૂલી કેમ જતો હશે? ભગવાનના ચોપડા કેવડા મોટા હશે? એની પેઢી પણ જબરી; એકલે હાથે કામ કરતો હશે? મહેતા-મુનીમ રાખવા પડતા હશે? ઉઘરાણી કરનાર, વસૂલ કરનાર, જીવના ઉપર ચોકી રાખનાર, કેટકેટલાં કામ અને કેટકેટલા નોકરચાકર—ભારે વહીવટ આ ભગવાનનો!

"આ આખું વિશ્વ ભગવાનની એક ચમત્કારિક રચના અને એમાં કેટકેટલાં જડચેતન પ્રાણીપદાર્થો! એક ભોક્તા બને તો બીજો ભોગ્ય! એક ધીરનાર નીકળે તો બીજો દેવાદાર. વેપારની ગડમથલ ચાલ્યા જ કરે: કોઈ ભગવાનને યાદ રાખે, કોઈ ભૂલે, કોઇ એને મનાવવાની બાધા-પૂજા કરે, કોઇ એને ભાંડે—અને કોઇ એને માને જ નહિ, એટલું જ નહિ પણ માનનારાને પણ ઊધડા લે, આવું આ ભગવાનનું બનાવેલું વિચિત્ર જગત છે.

"નીતિ, ન્યાય, ધર્મ, પરોપકાર, દયા, ક્ષમા, સેવા, ઉદારતા એ બધાં ભગવાનને નામે જીવનમાં ઉતારનારાંની સંખ્યા પૃથ્વી ઉપર કેટલી હશે? ત્યારે બીજી બાજુ ભગવાન, ધર્મ, મંદિર, મઠ, કે એ બધાંને

નાબૂદ કરીને અન્નવસ્ત્ર અને સંપત્તિની સરખી વહેંચણીના સમાન હક્કનો દાવો અને પ્રચાર કરનારાઓની જમાતો વધતી જાય છે. જબરો વેપાર ભગવાનનો; જીવની સાથેની ધીરધાર, આપવું અને લેવું; જીવ ખાતું પાડીને પહેલાં લેતો જાય, પછી આપવા માંડે—આ લેવડદેવડ શા માટે? શા માટે ભગવાને એવો ધંધો માંડ્યો હશે! આ વિશ્વને બનાવે, અસંખ્ય ભોગ્ય પદાર્થોથી વિશ્વસંગ્રહસ્થાન ઊભરાઇ પડે; જીવોનાં ટોળેટોળાં એ પ્રદર્શન જોવા આવે, અરે જીવોને પણ એ જ બનાવે. બે ભગવાન તો હોય નહિ, હોય તો લડાઇ થાય; એક જ ભગવાન ભોગ્ય પદાર્થોનું સંગ્રહસ્થાન બનાવી, ભોક્તા જીવોને ભા કરે; આ બધી શી રમત! શા માટે આવો ધંધો એ ભગવાનને સૂઝતો હશે?

"અને ભોક્તા અને ભોગ્યના વિભાગ શા માટે? જીવને ભોક્તા માનવો કે જડ મનાતા પદાર્થને? પદાર્થ પણ ભોક્તા કેમ નહીં?

"મેં પિલાવ પીધો; હું ભોક્તા મનાઉં તો પિલાવ ભોગ્ય છે. પણ પિલાવ ભોક્તા કેમ નહિ? મને આનંદ થાય તેમ પિલાવને કેમ નહીં થતો હોય? એને મન-વાચા નહીં એટલે ભોગનો આનંદ આપણે ન જોઇ શકીએ એ તો આપણું અજ્ઞાન! પિલાવ કેમ નહિ મોજ માણતો હોય? એ કેમ ભોગ્યને માટે તાકીને રાહ નહિ જોતો હોય? અને પ્રારબ્ધ પણ કેટલું વિચિત્ર: દેવલાની હાંડલીના પિલાવમાં અમુક કણ મારા પ્રારબ્ધના, અમુક સ્વામીજીના, અમુક દેવલાના, અમુક ડોસીના, અમુક થાળીહાંડીમાં ચોંટી રહેલા તે પાછા ધોવાઇને જમીન ઉપર પડવાના—એમ કણે કણે પ્રારબ્ધ જુદું, પ્રારબ્ધ પ્રમાણે કણ કે કણે કણે પ્રારબ્ધ! પણ ભગવાનને આ શી બુદ્ધિ સૂઝી કે આવું જગત બનાવ્યું? ક્ષણભરનો વિરામ નહીં, પળભરની કોઇને શાંતિ નહીં! વળી પાછું એમાં સમાધાન અને શાંતિ શોધવાનાં ફાંફાં! ઈશ્વરની શોધ, તત્ત્વની શોધ, વિશ્વનાં તત્ત્વ ગણવાની શોધ, મનની શાંતિની શોધ, તત્ત્વજ્ઞાન, શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય, ત્યાગ, તપશ્ચર્યા—અરે કેટકેટલી ભાંગફોડ

આ જીવાત્મા કર્યા કરે છે!–અને સૌ પોતપોતાની અક્કલ પ્રમાણે, બુદ્ધિના માપ પ્રમાણે સમાધાન મેળવે છે!

"ભારતવર્ષમાં તત્ત્વજ્ઞાનની પરાકાષ્ટ આવી ગઇ. ઇશ્વરપ્રાપ્તિ જ માનવજીવનનું ધ્યેય રખાયું. ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચીને અંતઃસ્થ વિરાજમાન મનાતા ભગવાનમાં મૂકવા માટે ત્યાગ અને તપશ્ચર્યા, મંત્ર અને યંત્ર, યજ્ઞ અને હોમ એવાં કૈં કૈં સાધનો શોધાયાં. સમાધિ અને ચમત્કાર, ધ્યાન અને દેવદેવતાની કૃપા, મહાદેવ, વિષ્ણુ વ. દેવો, મહાકાલી વ. દેવીઓ, બ્રાહ્મણોના દેવદેવતા અને કોળીવાઘરીની માતાઓ, ભૂતપ્રેત અને પિશાચને રીઝવવાના ધંધાઓ, ભૂત અને ભવિષ્યની વાતો ઉકેલવા તથા વાંચવાનાં જ્યોતિષશાસ્ત્રો, ભુવાઓ અને ડાકલાંઓ, લોકપરલોકની માંડણી અને ગણતરીઓ, પરલૌકગત પ્રેતાત્માઓનાં આવાહન, ગુપ્ત અને પ્રકટ સંદેશાઓ, ચમત્કારભરી વાતો અને વહેમો–આવું બધું આ વિશ્વમાં છે! આવા વિશ્વને બનાવનાર ભગવાનના પણ ભોગ લાગ્યા છે કે જીવાત્માઓને પનારે પડ્યો છે એ! મંદિરો અને મસ્જિદો, દેવળો અને મઠો, તીર્થધામો અને યાત્રાસ્થળો, ઠેકઠેકાણે એને: મનાવવા-રીઝાવવાનાં ગુપ્ત અને પ્રકટસ્થાનો અને સંસ્થાઓ–બધી માનવમનની કડાકૂટ; અને તોયે પ્રશ્ન તો વણઉકેલ્યો જ રહ્યો.

"ભગવાનને માનનારાની આ ખટપટનો પાર નથી. કોઇ કર્મ અને કર્મફલના નિયમને અનુસરે તો કોઇ ભગવાન અને એની માયાના નામે જીવવા મથે, કોઇ વેદને માને તો કોઇ પુરાણને, કોઇ તંત્રને તો કોઇ જ્યોતિષને, બધા મનમાની કલ્પનાના દોર ઉપર નાચેકૂદે, અને એમનો ભગવાન આ બધું જોયા કરે! જોયા કરતો હશે કે બધાને આવી ખેલકૂદ કરાવવાની પ્રેરણા કરીને રમત રમાડતો હશે!

"કોઇ ધર્મ, સત્ય, પ્રેમ, દયા, ક્ષમા ઉદારતાની મહત્તા ગાય અને જીવનસુખનો એ બધાંને આધાર માને! સુખની વ્યાખ્યા પણ ક્યાં એક જ પ્રકારની છે? સુખ વૈભવમાં છે કે વનવાસમાં? અસત્ય, દંભ, કપટ, પ્રપંચ હિંસામાં રમનારા પણ વૈભવમાં આળોટે છે! અવતાર મનાતા

રામચંદ્રજીને દુઃખ, અને રાવણના વૈભવને પાર નહિ! કૃષ્ણચંદ્રજીએ જીવનભર જ્યાં ને ત્યાં બધે સમાધાન કરવાની જ વિષ્ટિ કર્યા કરી, અને પોતે તો અંતસમયે ભારતના ખૂણે આવેલા દ્વારકામાં જઇને બેઠા; ત્યાં પણ ક્યાં શાંતિ હતી? આખું યદુકુલ દારૂના તોફાનમાં ડૂબ્યું. એમના જ પુત્રે ગુરુની મશ્કરી કરી: અવતારના પુત્રમાં આવાં લક્ષણ કેમ આવ્યાં?

"ઋષિઓ બ્રહ્મજ્ઞાની હતા તો એમના જ વંશજોની અત્યારે આવી કૂડકપટવાળી દશા કેમ? ભગવાન જ્ઞાની અને અજ્ઞાની એમ બન્ને હશે? આ બધી રમત શી?"

ગડમથલ ચાલુ હતી. પાછળથી સાદ સંભળાયો અને મેં પાછું ફરી જોયું. ભીમપુરી અને ગંગાએ અમને પકડી પાડયાં. "સ્વામીજી મહારાજ! ઊભા રહો, અમે આવી પહોંચ્યાં છીએ, "એવા ભીમપુરીના અવાજે અમે થંભી ગયા. આવતાંવેંત એમનો પહેલો પ્રશ્ન એ નીકળ્યો કે આટલું મોડું આપને કેમ થયું? દેવલાને એમણે ઓળખી કાઢ્યો. આટલું મોડું અને સાથે દેવલો—એ એમનાથી સમજાયું નહિ.

"મહારાજ! હજુ આટલે સુધી જ પહોંચ્યા છો? આ દેવલો ક્યાંથી મળ્યો?" ભીમપુરીએ પ્રશ્ન કર્યો.

"અમે તો ભૂલા પડયા હતા ભીમપુરી! ગંગાજીને કાંઠે કાંઠે ચાલવા જતાં આડે રસ્તે ચડયા ત્યાં આ દેવલાનું ઝૂંપડું આવ્યું, તેથી રસ્તે ચડવા એને સાથે લીધો છે. તારા ગઇ કાલના અપશુકન આજ પણ અમને નડયા. નાહક આજ મોડું થયું. ત્યારે દેવલા, હવે તું પાછો જા," સ્વામીજીએ ભીમપુરીને જવાબ આપતાં આપતાં દેવલાને વિદાય થવાની આજ્ઞા કરી.

"ના, મહારાજ! હવે આટલે આવ્યો છું તે હું યે ત્યાં સુધી આવીશ, ગંગાસ્નાન કરીને પાછો જઇશ." દેવલાએ ગંગા નાહવાની ભક્તિ દર્શાવી.

"ઠીક, ચાલ, તું યે; ચાલો મહારાજ! જલદી પહોંચી જઇએ.

રસોઇ ત્યાં કરવાનું નક્કી કર્યું છે.'' ભીમપુરીએ દેવલાને સાથે રાખવાનું કહી ઝડપ વધારવાની સૂચના કરી.

હું તો આ બધી લીલા જોયા જ કરતો હતો. મનમાં સ્તબ્ધ બનેલો, અમનસ્ક જેવો. કયાં ગુજરાત, કયાં હૃષીકેશ, કયાં ફરવા નીકળવું, કયાં ભીમપુરી, કયાં આ સ્વામીજી, આ દેવલો, વસિષ્ઠગુફા, વારંવાર વાટ ભૂલવી; આ બધી અટપટી, ઢંગધડા વગરની થતી પ્રસંગમાળામાં જ મન ફર્યા કરતું હતું. શું બોલું? વળી પાછું ચાલવા માંડયું : આગળ ભીમપુરી, પાછળ ગંગા, પછી દેવલો અને સ્વામીજીની પાછળ છેલ્લો હું, આમ અમારો યજમાન-અતિથિનો સંઘ ચાલવા માંડયો.

અને વળી પાછું મન ચકડોળે ચડયું; પેટમાંથી પિલાવ ઊછળી ઊછળીને જાણે મગજના જ્ઞાનતંતુઓને ઉશ્કેરતો હોય તેમ મારી નજર સામે પિલાવ જ દેખાવા માંડયો! પિલાવ આજ નસીબમાં હતો: ડોસીમાનું ભગવદ્જ્ઞાન પણ કેવું મજેનું!

ત્યારે માનવી બુદ્ધિ કરે પણ શું? વિશ્વમાં સારું અને નરસું, દેવ અને રાક્ષસ, સુર અને અસુર, ઉદાર અને દુષ્ટ, પુણ્યશાલી અને પાપી, એવા બે વિરોધી પક્ષો સામસામી ગર્જના કર્યા જ કરે! લડે અને હારજીત અનુભવે! કોઇની નિત્ય હારજીત ન નભે. લડવું અને મરવું મારવું એજ જાણે આ વિશ્વરચના પાછળનો હેતુ! અસંતોષ અને અશાંતિ જ જાણે આ જગતની રમતમાં પ્રેરણા આપતા મનોભાવ! ત્યારે જગતમાં આવી રીતે તો ત્રણ વર્ગ પડયા! ધર્મી અને અધર્મી એ પક્ષ તો હંમેશાં લડનારા. અહંકારના માર્યા ''હું'' સાચો કહીને વિરોધી પક્ષને હરાવવાનાં યુદ્ધમંડાણ નાંખ્યા કરે! યુદ્ધો ખેલાય અને પરિણામમાં ક્ષણિક શાંતિ અને પાછી એની એ જ વિશ્વયુદ્ધની અશાંતિ. બધે વિગ્રહ, વિગ્રહ અને વિગ્રહ જ.

આ બે વર્ગની ભીંસમાંથી નીકળીને વિચાર કરનારો એક ત્રીજો વર્ગ પણ છેસ્તો! બન્નેમાંથી થાકીને—વૈરાગ્ય લાવીને દૂર ઊભો ઊભો

સાક્ષી બનીને જોનારો. ભગવાનનાં ત્રણ છોકરાં-એક ખરાબ-એટલે દુષ્ટ; આખાખાઉ–બધું હું જ ભોગવું એવી દાનતવાળો. બીજો ન્યાયનીતિથી ભોગવવાની વાસનાવાળો, અને ત્રીજો એ બન્ને પક્ષ જગતની વહેંચણી કરતાં લડયા કરે એમાંથી છૂટીને સાક્ષી બનીને જોનારો તથા સમાધાન કરી આપવાની વૃત્તિવાળો–આ છે ત્રણ ભગવાનનાં છોકરાં. પહેલો અધર્મી, બીજો ધર્માત્મા, ત્રીજો સાક્ષી બનીને એમાંથી મુક્ત થઇ જોનારો શાંતિનો ફિરસ્તો; વિવેક વડે સમજીને દૂર રહેનારો જ્ઞાની.

આવી રમત, આવો વ્યાપાર! આવી ગડમથલ! આ બધું શું? ભગવાન, કર્મ, પ્રારબ્ધ, ભોગ, વાસના, ધર્મ, મોક્ષ–આવાં આવાં અસંખ્ય સાધનો વડે નિત્ય સુખની ઝંખનાવાળા જીવોની આ મહાન જીવશાળા.

ગઇ કાલનો શીરો, આજનો પિલાવ, ભીમપુરીનું આતિથ્ય, ડોશીમાનું પ્રારબ્ધ! ભગવાનનું ઋણ, શા શા હિસાબ ચાલે છે મનને મનાવવાના! વાહ રે મન! તારે સમાધાન માટે કેટકેટલી ગડમથલ કરવી પડે છે! બ્રહ્માંડની પેલી પાર પહોંચવા ઊડે, તો કોઇ વાર પથ્થરની દીવાલોમાં જડ બની બેસે! ચૈતન્યના ચમત્કાર કરવા મંડે ત્યારે જડને ચૈતન્યમાં અને ચૈતન્યને જડમાં ફેરવી નાખવાની પ્રયોગશાળામાં પુરાય! અને પ્રકૃતિનાં આ સ્વાભાવિક દૃશ્યોમાં સૌંદર્ય માણવા વિચરે ત્યારે સૃષ્ટિના રસાસ્વાદમાં તરબોળ બને! તું જ ભિખારી બને અને તું જ રાજા! તું જ નીચ! તું જ પાપી અને તું જ સંત! શી તારી રમત! વાહ રે આ વિશ્વચક્ર! એ જ ચકડોળમાં ચડેલું હોય ત્યારે તું શા શા ઉધામાં નથી કરતું.

"હર ગંગે!" નો ભીમપુરીએ ગર્જનાનાદ કર્યો! ભાગીરથીનાં દર્શન થયાં. મારો માનસિક ચકડોળ થંભ્યો; શબ્દ સાંભળતાં જ મેં પણ બધાંની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવી અને પતિતપાવની ગંગાજીનાં દર્શન કર્યાં. "ચાલો હવે આવી પહોંચ્યા;-હવે તો અરધોક માઇલ નીચે ઊતરીએ એટલે વસિષ્ઠગુફા," ભીમપુરીએ મારું તાન તોડ્યું:

મનના વિચારવેગ જેટલો જ પગનો વેગ ચાલુ હતો. બીજાનાં મન તો શાન્ત હશે કે વિચારગ્રસ્ત એ તો એ જાણે, પણ મારા મનની વેગ-માળા તો બંધ પડી! કોણ જાણે કેમ પણ મારા મૌનની બધાંએ જાણે નકલ કરી હોય તેમ અત્યાર સુધી બધાં બોલ્યા વિના જ ચાલ્યાં જતાં હતાં. ઠીક રસ્તો કપાયો. દેવલો તો હર્ષમાં આવી ગયો. એ તો દોડતો હોય તેમ આગળ વધીને કયાંક આડે રસ્તે ઊતરી પડયો, અને થોડી વારમાં દેખાતો પણ બંધ થયો. કયાંક ભેખડ ઊતરીને નીચે પહોંચવાની એની તૈયારી હશે. “હું તો અહીંથી જ પહોંચી જાઉં છું ” એટલું બોલીને જવાબની રાહ જોયા વિના એ તો ઊપડયો.

## વર્ણક પાંચમો

### વસિષ્ઠગુફા પહોંચ્યા

'ભગવાન! તારી માયા!' છેવટે એમ જ કહેવું પડે તો! આ બધું કેમ બને છે, શા માટે બને છે? કોની પ્રેરણાથી સંજોગો ગોઠવાતા જાય છે; મનમાં ઊભા થતા વિચારો, પ્રવાહરૂપે બનતા બનાવો, એમાં કંઇ ને કંઇ હેતુ આરોપવાની ટેવ, બીજાને માથે ગુણદોષનો કલશ ઢોળવાનો સ્વભાવ કાંઇ જાય એમ છે?! સ્વલ્પશક્તિ જીવાત્મા અને સર્વશક્તિમાન જેવું આ વિશ્વ, એ બેને જોતાં એના સંચાલક તરીકે કોઇ અદૃષ્ટ, મહાશક્તિની માન્યતા ઉપજાવવી જ પડે ને! ભગવાન, ઇશ્વર, પરમાત્મા જેવાં નામ આપવાં અને પછી કહેવું કે આ બધું શા માટે, કેમ, કયે વખતે કયો બનાવ કયા દેશમાં બન્યા કરે છે, એ સમજાતું નથી, એટલે ભગવાનની 'માયા' કહીને પતાવી દેવું, અજ્ઞાનની એ પરાકાષ્ઠા, બુદ્ધિની એ લાંબામાં લાંબી દોડ, અને નિશ્ચયાત્મક શોધ પણ ગડબડ ગોટાળાવાળી સ્થિતિ!-મોટામાં મોટી માનવબુદ્ધિની હાર!

"અખા એ જ અંધારો કૂવો, ઝઘડો ભાંગી કો નવ મૂઓ"

અને હાર કબૂલે એ જ હેઠો બેસે; માયા સાગરથી પાર ઊતરે; બધા પ્રશ્નોને એકસામટા વહેતા મૂકે એ માયાસમુદ્રમાં એટલે બેડો પાર! કશું જ નથી, સમજાતું નથી, સમજાય એવું નથી, સમજનારાની સમજણ કેટલી મોટી? સીધી કે વાંકીચૂકી? બ્રહ્માંડમાં નાનામાં નાની કે મોટામાં મોટી વસ્તુ બદલાયા જ કરે છે! એને સમજવાની કોશિશ કરનારો પણ ભવે ભવે બદલાય! આ તો બહુરૂપી બહુરૂપીને ઓળખી કાઢે એવો ખેલ છે! ઓળખવા–જાણવા–સમજવાની કોશિશ

કરનારો જ્ઞાતા બહુરૂપી; ઓળખવાનું, જાણવાનું, સમજવાનું, અસંખ્ય નામરૂપવાળું બ્રહ્માંડ પણ ક્ષણે ક્ષણે પલટો ખાય એવું બહુરૂપી! સાચી જ વાત છે! બહુરૂપી બહુરૂપીને ઘેર, જાદુગર જાદુગરને ઘેર મહેમાન! ઓળખી કહાડે એટલે ખેલ ખલાસ! બધી રમતનો અંત: માયાનાં નખરાં ખતમ!

પિલાવ ને પ્રારબ્ધ પૂરાં થયાં; ડોસીમાએ ભગવાનનું દેવું પતાવ્યું; અને હવે વસિષ્ઠગુફા જવાનું-પણ મનોમન્થન એકદમ શાંત પડયું. દેવલે નીચે ગુફા પાસેના મેદાનમાં એક અલમસ્ત હાથી જેવડા પથ્થર ઉપર ચડીને "હરગંગે" ની જય પુકારી: હું ચમકયો; સ્વામીજીએ પણ એ તરફ દૃષ્ટિ કરી: "સ્વામીજી! આવી પહોંચ્યા! દેવલો તો નીચે પણ પહોંચી ગયો." આગળ ચાલતાં ચાલતાં સ્વામીજીએ ઊભા રહી, પાછા ફરીને મને કહ્યું. મારી તરંગમાળા પૂરી થઇ-અને કંઈક સમાધાન બોલાઇ ગયું. વાહ રે ભગવાન! તું ખરો બહુરૂપી! ખરો જાદુગર!

"ગંગા, તું સ્વામીજી સાથે નીચે જા; ચૂલાપાણીની ગોઠવણ કરવા માંડજે; હું ઉપર જઇને પેલા-ગામમાંથી મળે તો બીજા દહીં-દૂધની ગોઠવણ કરતો આવું; આટલું દૂધ છે તેની ચા કરી આપજે: લે આ સરસામાન." ભીમપુરીએ ગંગાને પોતાની પાસેનો ભાર આપ્યો અને "સ્વામીજી! હું અરધા કલાકમાં જ આવું છું," એમ કહીને ઉપરની કેડીએ ચાલવા માંડયો. હું, ગંગા અને સ્વામીજી વસિષ્ઠગુફા તરફનું ઊતરાણ ઊતરવા માંડયાં. "છેવટે પહોંચ્યા તો ખરા," એમ બોલીને મેં આશ્વાસન મેળવ્યું. જે વસિષ્ઠગુફાને માટે આટલું લખાય છે એનું મારે મન થોડું મહત્ત્વ છે. હૃષીકેશથી આ ગુફા સુધી પહોંચતાં ખાસા સાત-આઠ કલાક થાય છે; વધારે વખત લાગવાનું કારણ ચડવા-ઊતરવાની વિકટ પગકેડી, અને ગંગાજીને કાંઠે કાંઠે ચાલવાનો રસ લૂંટવાનો હોય તો દસ-બાર કલાકનો થાક.

હૃષીકેશથી બદરિનારાયણને રસ્તે જતાં લક્ષ્મણઝૂલા નામનો ભવ્ય

ઝૂલતો પુલ આવે છે. ત્યાંથી સામે પાર ન જતાં, આ જ કિનારે પાંચેક માઇલ જઇએ ત્યારે પ્રથમ બ્રહ્મપુરી નામનું સ્થાન આવે છે: ત્યાં ગામ કે વસતી નથી. એક ઝરણું છે જેનું પાણી પીવાના કામમાં આવે એવું નથી; પણ પર્વતની ખીણ છે. ગંગાતટ ઉપર મોટા મોટા પથ્થરો છે; એક ઠેકાણે તો ૧૦-૧૨ ફૂટનો શિલા જેવો એક પથ્થર ત્રણ બાજુ બીજા પથ્થરની દીવાલ કરીને એવી રીતે ગોઠવાયો છે કે એની નીચે ખાસી ગુફા બની ગઇ છે. એમાં સૂઇ બેસી શકાય, રસોઇ કરી શકાય, અને એક બે રાત્રિ રહેવું હોય તોપણ રહી શકાય.

પણ બધું કષ્ટથી સહી શકે તેવાઓ માટે; ઘર-બંગલાની સ્વચ્છ દીવાલો કે ફરસબંધી જમીન પર રહેનારાં માટે નહિ. અહીં તો નીચે સુંદર રેતી પાથરેલી હોય, અને દીવાલો તો ઉપર કહી તેવી ઇશ્વરરૂપ કડિયાએ મનમાની રીતે ગોઠવેલી માત્ર.

છતાં ખરેખર, આ શહેરી ધમાલથી શરીર અને મન થાકયાં હોય, મગજમાં ઉશ્કેરણી અને ગરમી ભરાઇ ગયાં હોય, ઘોંઘાટ અને કોલાહલથી કાન બહેર મારી ગયા હોય, એમાંથી આરામ શોધનારાં, પ્રકૃતિના સ્વચ્છ અને સુંદર ખોળે સૂવા ઇચ્છનારાં માટે જાણે સ્વર્ગની પુણ્યભૂમિ! શાંતિ-નરી નીરવ શાંતિ! રાત્રે ખુલ્લું આકાશ-ચંદ્ર, નક્ષત્ર અને તારકમંડળનાં ચિત્રવાળું. હૃષીકેશથી દૂર વસવા ઇચ્છતા એકાન્તપ્રેમી સંતો, સાધુઓ કે બ્રહ્મચારીઓ અહીં અવારનવાર આવીને ચોમાસાની ઋતુ સિવાયની શિયાળા ઉનાળાની ઋતુઓમાં ઘાસની પર્ણકુટિઓ બાંધીને રહે, એવો રિવાજ પડી ગયો હતો—ઘણાં વર્ષોથી. ઝરણાનું પાણી વાળીને ચટણીના શોખીનો મરચાં, ફુદીનાનું વાવેતર કરે; કેળ, પપૈયાંના છોડ ઉછેરી વનફલની મજા માણે, અને વૃક્ષની છાયા તો એમને ઉનાળાની ગરમીમાં રક્ષણ-સત્કાર કરવા તૈયાર જ હોય. એક વાર તો મોટા આશ્રમ જેવું કરવાના પણ કંઇકના મનોરથ થયેલા, પણ ચોમાસામાં આ સ્થાન મચ્છરોના પિયેર જેવું છે. પહાડની ખીણમાં આવેલું હોવાથી બહુ મોટું મેદાન નથી, એટલે

બંધ જગ્યા, ગીચ ઝાડી અને સૂર્યનો તાપ બહુ થોડો મળે છે; કહેવત જ એવી પડી ગઇ છે કે મેલેરિયા તાવ જોઇતો હોય તો જાઓ બ્રહ્મપુરીમાં એકાન્ત માણવા.

મારે માટે આ સ્થાન પુણ્યતીર્થ જેવું છે. પરમહંસ સ્વ. રામતીર્થ સંન્યાસ લીધા પહેલાં એકાન્તસેવન માટે અહીં આવીને થોડાએક દિવસ રહ્યા હતા. આત્મસાક્ષાત્કારની તીવ્ર ઉત્કંઠા અને આવેશમાં એમણે દેહં પાતયામિ ન્યાયે કાર્યસિદ્ધિ માટે શરીરને ગંગાજીને ભેટ ધર્યું હતું. પ્રારબ્ધ યોગે જોરભેર વહેતા પ્રવાહે શરીરને ઉછાળીને પ્રવાહના મધ્ય ભાગમાં બેટ જેવા બની રહેલા એક પથ્થરની ઉપર ચડાવી દીધું, જ્યાં એમને સ્વરૂપજ્ઞાન થયું; ચોવીસેક કલાક જેટલું એમણે એ શાલિગ્રામ સમી શિલામૂર્તિના ખોળામાં આત્મામૃત પીધું. ત્યાંથી પ્રારબ્ધયોગે બહાર નીકળ્યા, અને ત્યારપછી સંન્યસ્ત ગ્રહણ કરી તત્ત્વજિજ્ઞાસુવર્ગને આત્માનુભવનો દિગન્ત સદેશ આપ્યો એ વાત સર્વવિદિત છે *. આ બ્રહ્મપુરી રામતીર્થપ્રેમીઓ માટે તીર્થધામ જેવી! હૃષીકેશ ગયો હોઉં ત્યારે ભાગ્યે જ ત્યાં ન ગયો હોઉં એવું બને! એ ગુફા નીચે રાત્રિઓ ગાળી છે; ત્યાં ઊગતા કાચા પપૈયાનું શાક અને રોટલા કરીને ખાધા છે. યાત્રાળુ મિત્રવર્ગને પણ એ યાત્રા કરાવી છે; ત્યાં એમણે પણ વનભોજન આરોગ્યાં છે: મેં તો અનેક રાત્રિઓ ગાળી ત્યાં પરમગુરુ રામતીર્થના પુણ્યસ્મરણોને ચિત્તમાં ભરવાના–હૃદયને તૃપ્ત અને પાવન કરવાના પ્રસંગો ઝીલ્યા છે!

એ બ્રહ્મપુરીથી આગળ શિવપુરી અને ત્યાંથી આગળ વસિષ્ઠગુફા. આ ત્રણ સ્થાન હૃષીકેશથી બહુ જ પાસે ગણાય. હૃષીકેશના એકાન્તથી પણ કોઈ વિશેષ નિર્જનવાસ ઇચ્છે, તે ત્યાં જવાના કોડ સેવે, જાય અને રહે! ભિક્ષાનિર્વાહના પ્રશ્નો ત્યાં બહુ નથી સતાવતા; અલબત્ત સ્વાદને નહિ પણ પેટને તો પોષણ મળી રહે છે.

---

* જુઓ સ્વા. રામતીર્થની જીવનકથા (ભા. ૪) પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ.

હવે અમે નીચે ઊતરી પડયા; જાણે કોઇ નદીકાંઠેની ભેખડ-કોતરમાં ઊતર્યા હોઇએ એવું ત્યાં લાગ્યું. નીચે પણ ઝાડી પુષ્કળ હતી! ગંગાજીનો ૫૦૦-૭૦૦ વાર લાંબો પટ, પાણીકાંઠે રેતીનું મેદાન અને ભેખડની પાસેના આગળના ભાગમાં છૂટાછવાયા પણ બહુ જ હાથી ઘોડા જેવડા ઊંચા પથ્થરદેવ. સ્વામીજી ઊતરીને છાંયડે બેસી ગયા. હું જરા ગંગાજીનાં દર્શનમાં મગ્ન થતો, થોડું ઊભો રહ્યો. સુંદર, રમણીય, એકાન્ત અને ખરે જ ભવ્ય સ્થાન છે. એક બાજુ જ્યાં ભેખડના ખૂણામાં પહોંચીને નદી મેદાન પૂરું કરે ત્યાં પાંચેક હાથ ઊંચું અને ત્રણેક હાથ પહોળું બારણા જેવું હતું, બધું પથ્થરનું જ; એ હતી ગુફા. વીસેક હાથનું આંગણું મૂકીએ એટલે સામે ત્રીસચાળીસ કેળના છોડ ઊભા હતા-ફલ વિનાના. કોઇ મહાત્માએ વાવ્યા હશે. અત્યારે તો ગુફા નિર્જન હતી, નિર્વાસિત હતી.

"સ્વામીજી! શી આજ્ઞા છે? આ આપણી વસિષ્ઠગુફા; દેવલો તો જુઓ, સ્નાન કરવા માંડયો, પાછા જવાની એને ઉતાવળ ખરી ને! આપણે સ્નાન તો ઝરણામાં કરી લીધું છે. મને લાગે છે પહેલાં થાક ઉતારવા આપને માટે ગંગા ચા બનાવે, પછી ગંગાસ્નાન કરી લેશું; ઘડિયાળે કેટલા વગાડયા છે? જુઓ જોઇએ!" સ્વામીજીએ વ્યવસ્થા ગોઠવવા માંડી.

"અહો! સાડા અગિયાર વાગી ગયા, સ્વામીજી! જુઓને સૂર્ય પણ માથા ઉપર ચડી આવવાની તૈયારી કરે છે, સાચી વાત છે, સાથેના દૂધની ચા પી લઇએ એક વાર;" મેં ઘડિયાળ જોઈને જવાબ આપ્યો.

ગંગાબહેન તો કયાંક કામે લાગી ગયાં હોય એમ દેખાતાં બંધ થયાં હતાં. મેં તથા સ્વામીજીએ એને ચા બનાવવાનું કહેવા માટે ચારે તરફ નજર ફેરવવા માંડી. પણ એટલામાં તો એ ગુફાની અંદર જઇને બહાર આવતી દેખાઇ. બેચાર છોડ એકઠા કરીને બનાવેલી સાવરણી લઇને એણે ગુફાનું આંગણું વાળવા માંડયું. એને કામ કરતી જોઇને

અમે મૌન રહ્યા.

ગંગાએ આંગણું ચોખ્ખું કરવા માંડ્યું. દેવલો નાહીધોઈને કપડાં પહેરીને અમારી પાસે આવ્યો; જવાની તૈયારીમાં 'જા' એટલું સાંભળવાનું જ બાકી હોય જાણે!

"દેવલા! તેં તો નાહી લીધું, બહુ ઉતાવળ છે ખરું? પણ ભીમપુરી નથી એટલે જરા પેલો ગુફા પાસેનો ચોક સાફ કરવામાં ગંગાને મદદ કરને! અને થોડાં લાકડાં જલદી એકઠાં કરી આપ; ગંગાને ચા બનાવવાનું કહે, તું ચા પીને પછી જજે." સ્વામીજીએ એને ગંગાને મદદ કરવાનું કહ્યું. જવાબ આપ્યા વિના એ ગંગા પાસે ગયો અને આંગણામાંથી મોટા મોટા પથરા વીણીને દૂર ફેંકવા માંડ્યા. સાફસૂફી ચાલે છે; અને અમે તદ્દન મૌન ધારીને બેઠા છીએ—એકીટશે ગંગાજીના અનાહત ધ્વનિ જેવા "હર હર" શબ્દની સાથે ચિત્તનું અનુસંધાન સાંધતા.

"મહારાજજી! હું તો હવે જાઉં; માજી રાહ જોતાં હશે; એમને ત્યાંથી ઘેર જવાનું છે." એમ કહીને દેવલે આવીને અમને જાણે જગાડ્યા હોય તેમ અમે બન્નેએ એની સામે જોયું. મારા મનમાં કોઈ શાંત સ્થિતિ હતી; એકાગ્રતાની જ લગભગ. સ્વામીજીના ચહેરા ઉપર પણ ગંભીરતાની છાયા હતી. અમનસ્ક ભાવ બન્નેને એક સાથે જ જાણે ઘેરી વળ્યો હોય.

"ઠીક ત્યારે જા, લે આ ચાર આના;" એમ કહીને મેં એને પહેલાં ચાર આના આપીને બીજા બે આના પાછળથી ઈનામ તરીકે આપ્યા. એ પગે લાગીને રસ્તે પડ્યો.

"સ્વામીજી, ચાલો આપણે ગુફા તરફ જઈએ; નહિ તો આમ બેસો, હું જોઉં કંઈ ગંગાને સહાયતા કરી શકું એમ હોઉં તો." એમ કહીને સ્વામીજી ઊભા થવા જાય છે, ત્યાં જાણે ચક્કર આવતાં હોય એમ માથે બે હાથ મૂકીને બેસી ગયા. એમની ગંભીરતાનું

કારણ હવે સમજાયું. એ હતી લૂ લાગવાના થાકની અસર.

"શું થયું? સ્વામીજી! કેમ બેસી ગયા? ચક્કર આવ્યાં?" હું એમ પૂછીને એમની પાસે ગયો.

"હાજી મને તાપમાં ચાલવાની ટેવ નથી; અને ખાસા પાંચ-છ કલાક આપણે ચાલીને આવ્યા, એટલે માથે જરા ગરમી ચડી હોય એમ લાગ્યું. સવારમાં ચા પીધી એથી પણ મને પેટમાં વાયુ ઊછળે છે. બેસો, થોડી વાર, થાય છે." બંધ આંખે એટલું બોલીને એ બેસી રહ્યા.

મને ચિંતા પેઠી: લૂ લાગી હશે?! એમને બેસી રહેવા દઈને હું ગુફાની તરફ ચાલ્યો. ગંગા ચોક વાળવાનું પતાવીને એક ખૂણામાં ચૂલાના પથરા ગોઠવતી હતી. મને જોઈને બોલી:–"આવો સ્વામીજી! ચૂલો તૈયાર થઈ ગયો; લાકડાં હમણાં વીણી આવું છું." દેવલે લાકડાં નહોતાં લાવી આપ્યાં; આમતેમ થોડા પથરા ફેરવીને જ એ તો ગયો હતો: બધું કામ ગંગાને માથે પડયું હતું.

"ગંગાબહેન! સ્વામીજીને ચક્કર આવે છે એટલે ત્યાં બેસી ગયા છે; આંખે અંધારાં આવતાં હોય એમ લાગે છે. લૂ તો નહીં લાગી હોય? શું કરવું?" મેં એને ખબર આપવાની સાથે સલાહ આપી. બધું કામ પડતું મૂકયું ને એ ચાલી સ્વામીજીની તરફ. હું પણ પાછળ પાછળ ગયો. સ્વામીજીની પાસે બેસીને એણે કહ્યું: "મહારાજજી! લૂ લાગી? ઊભા રહો! થોડું દહીં છે ને હું છાશ કરીને લાવું." એમ કહીને તરત જ ગુફાની તરફ ગઈ. મેં સ્વામીજી પાસે બેસીને કમંડલુના પાણીથી ભીંજવેલ કપડું એમને માથે મૂકયું.

ગંગાજીમાંથી પાણી ભરી અવીને ઘેરથી લાવેલા દહીંની એણે તપેલીમાં છાશ બનાવી; અને તપેલી તથા વાડકો લઈને પંદરેક મિનિટમાં આવી પહોંચી.

સ્વામીજીએ આંખો ઉઘાડી. ખૂબ જ થાકેલા હોય એવા દેખાતા નીચી નજરે જોઈને બેસી રહ્યા હતા. ગંગાએ છાશનો વાડકો આપવા માંડયો પણ તે પહેલાં સ્વામીજીએ હાથમાં ધોવા ગંગાજળ માગ્યું.

“ થોડું ગંગાજળ પહેલાં લાવ, હું હાથપગમાં ધોઉં ને થોડું માથે છાંટું. મારાથી અત્યારે ગંગાતટે નહીં જવાય, અશક્તિ બહુ લાગે છે.” એમના થાકનાં ચિહ્ન વધતાં જતાં હતાં. ભીમપુરી હજુ આવ્યો નહોતો; દેવલો તો ઘેર ગયો : રહ્યાં હું અને ગંગા; ગંગાને ત્યાં જ બેસવાનું કહી ગંગાજળ લેવા કમંડલુ લઇને હું ઊપડયો. ઝડપથી પાછો આવ્યો; એમણે માથું ધર્યું; મેં ગંગાજલનો એમના મસ્તક ઉપર અભિષેક કર્યો. આખું કમંડલુ ખાલી કર્યું; માથે હાથ ફેરવીને એમણે “હાશ” બોલીને થોડી ઠંડક અનુભવી.

“ મહારાજ! હવે થોડી છાશ પહેલાં પી લ્યો; હું બીજું પાણી ભરી આવું છું.” એમ કહીને ગંગાએ આપેલી છાશનો વાડકો હાથમાં લઇને સ્વામીજીએ ધીરે ધીરે પીવા માંડી. થોડી શાંતિ વળી હોય એમ લાગ્યું. હું હજી સુધી ઊભો ઊભો જોયા કરતો હતો. છાશ પાઇને ગંગા ગુફાની તરફ ગઇ; ત્યાંથી સાથે લાવેલો ઘડો લઈને પાણી ભરવા ગઇ. સ્વામીજીએ ધીરેથી મારા તરફ ઊંચે નજર કરી; થોડું મન્દ સ્મિત કર્યું. “ચિંતા ન કરશો, સ્વામીજી! એ તો કલાક બે કલાકનો આરામ કરવાથી ઠીક થઇ જશે. સવારમાં ચા પીને ચાલવાનું કે મુસાફરી કરવાનું થાય ત્યારે મને એની ગરમી માથે ચડી જાય છે.

“ આ ગામડાઓમાં હું ફરતો હોઉં ત્યારે વહેલી સવારે છાશની ભિક્ષા માગીને પી લઉં છું. પેટમાં ઠંડક રહે છે. તાપની અસર થતી નથી અને બે કલાક ભિક્ષાને મોડું થાય તોપણ શાંતિ રહે છે. આજ ચા પીધી અને છાશ નહોતી પીધી; તેથી આવું બન્યું. માથે પિત્ત ચડે તો કોઇ વાર સખત રીતે માથું દુ:ખવા આવે છે. શરીર છે! સાચવવું પડે છે! શું થાય? ન સાચવીએ તો આપણને અને બીજાંને તકલીફમાં ઊતરવું પડે.” એમણે ચાના દોષ ને છાશના ફાયદા જાતઅનુભવથી કહી બતાવ્યા. પ્રત્યક્ષ પદાર્થ પાઠ! પણ એક જ શરીરની પ્રકૃતિનો. હું ચા ન પીઉં તો નુકસાન થાય અને એમને ચાથી નુકસાન થાય. હું છાશ પીઉં તો માથું ચડે ને એમને છાશ ન મળે તો લૂ લાગે ને

ચક્કર આવે. આનું જ નામ પ્રકૃતિભેદ! ગણ્યાંગાંઠયાં પાંચ જ તત્ત્વોનાં આ બધાં શરીર, પણ પેલા વાત, પિત્ત અને કફના સમવિષમપણાને લીધે ખાનપાનની જુદી જુદી અસર થાય. એકનું વિષ તે બીજાનું અમૃત!

ગંગા ઘડો ભરીને ગંગાજળ લાવી: સ્વામીજીએ હાથ, પગ તથા મોં ધોવા માંડયાં. ફપડું ભીંજવીને માથે નાંખ્યું, 'ચાલો ગુફા તરફ જઇએ,' એમ કહીને ઊભા થયા અને બધા ચાલવા માંડયાં.

ગુફાની અંદર પ્રવેશ કર્યો. ગુફાનું દ્વાર ઉગમણી દિશા તરફ હતું, તેથી પ્રકાશ ઠીકઠીક અંદર જતો હતો. અંદર સીધો દસપંદર હાથ સુધી અમે પ્રવેશ કર્યો; બારેક હાથ ગુફા પહોળી હશે. આગળ જતાં સાંકડી થતી જતી હતી, છેવટે પથ્થરમાં કોતરી કાઢેલો ખાટલાના આકારનો ભીંતને અડેલીને એક ઓટલો આવ્યો.

આ બધું જોઇને બહાર નીકળી આવ્યા. સ્વામીજી બારણાની બહાર બેસી ગયા, ગંગાએ ત્યાં જ પોતાની સાથે લાવેલી નાની એવી શેતરંજી પાથરી. સ્વામીજીએ પોતાનાં કપડાંનું ઓસીકું કર્યું અને ઉપર લાંબા થઈને સૂતા. "ગંગા, અંદરથી હવે વાળીને સાફ કરી નાંખ. મજાની ઠંડક છે અહીં તો, હે રામ!" કહીને એમણે આરામ કરવા માંડયો.

મને કૈં સૂઝતું નહોતું. શૂન્યમનસ્ક એમની સાથે સાથે ફરતો હતો. કમંડલુ પડેલાં જ્યાં બેઠા હતાં ત્યાં પડયું હતું; કપડાં હજુ શરીર ઉપર જ ગોઠવેલાં હતાં–મારી સાથે જ ફરતાં હતાં. "સ્વામીજી! હવે આપ કપડાં વગેરે ઉતારીને આ બાજુ લાવો. અહીં થોડી વાર બેસો. એટલી વારમાં હું પાણી ભરી આવું ને પછી ગુફા વાળી નાંખું," ગંગા એમ કહીને પાણી ભરવા ગઈ

હું કમંડલુ લઇને પાછો આવ્યો. ગુફાના બારણામાંથી સાત-આઠ પગલાં દૂર એક બીલીનું મોટું વૃક્ષ હતું. ત્યાં જઇને એની એક નીચેની ડાળ ઉપર કપડાં ઉતાર્યાં. ગંગાએ બનાવેલી સાવરણી લઇને નીચે વાળીઝૂડીને સાફ કર્યું. મારી પાસેની એક ચાદર પાથરી અને પવનથી ઊડી ન જાય માટે ચાર છેડે નાના પથરા ગોઠવ્યા. પછી કમંડલુ મૂકીને

સ્વામીજી પાસે ગયો. એ પડખું ફેરવીને પડ્યા હતા.

"સ્વામીજી! હવે કેમ છે? કાંઈ ઝાઝી તકલીફ તો નથી ને?" મેં સમાચાર પૂછ્યા.

"ના! ના! સ્વામીજી!" એચિંતા બેઠા થઈને એમણે કહેવા માંડ્યું: "ગભરાવાનું કશું કારણ નથી; આપ નિશ્ચિંત રીતે આરામ કરો. ગંગા આવે એટલે ચા કરી આપશે. હું એકાદ કલાક ઊંઘી જાઉં એટલે ઠીક થઈ જશે. એમાં શું? સ્વામીજી! આપ ચિંતા વગર આનંદ કરો. મને ઊંઘ આવે એટલે આરામ!" પથારીમાં ઉત્સાહભર બેસીને મને નિશ્ચિંત કરવા કહ્યું.

"હા, હા, સ્વામીજી! ઠીક છે. મારી ચિંતા ન કરશો, આપ નિરાંતે ઊંઘી જાઓ. અહીં અમે બધું ગોઠવીએ છીએ." એમ કહીને હું મારી પથારી ઉપર જઈ મારો સામાન તથા છત્રી વ. ગોઠવી આવ્યો. બારેક વાગી ગયા હતા, પણ હવે ભેખડની દિશા પશ્ચિમ તરફથી ઝૂકતી હતી, સઘન વૃક્ષો હતાં, એટલે જરાયે તાપ નહોતો. સુંદર ઠંડક હતી. હું મારા આસન ઉપર જઈને પાછો આવું છું એટલી વારમાં ગંગા પાણી ભરી લાવી. મેં એને ચૂલા પાસે પાણી મૂકવા કહીને ગુફા જલદી વાળી નાંખવાનું કહ્યું.

"પણ સ્વામીજી! પહેલી ચા કરી આપું ને? દૂધ પાછું બગડી જશે કદાચ! ગુફા વાળતાં વાર નહિ લાગે. હમણાં સ્વામીજીને સૂવા દઈએ." એમ કહીને એ નાની એવી એલ્યુમિનિયમની તપેલી લઈ આવી: ચૂલા ઉપર પાણી ચડાવ્યું. એમાં ખાંડ નાંખીને ઊકળવાની રાહ જોતી ચૂલા પાસે બેઠી. ગુફા વાળવાનું મુલતવી રાખ્યું. ચૂલાથી ત્રણેક હાથ દૂર પાસેના એક પથ્થર ઉપર હું બેઠો. ગંગા ચૂલા પાસે બેઠી બેઠી ચાના પાણી તરફ નજર રાખીને નાનાં નાનાં લાકડાં સંકોરતી જતી હતી.

"સ્વામીજી! આજે ય તમે તો બહુ હેરાન થયા. બાર વાગી ગયા ત્યારે તો અહીં પહોંચ્યા. રોટલાશાક હું કરી લાવી છું. સ્વામીજીને આપણે ઊંઘવા દઈએ. જેટલો આરામ વધારે લેશે એટલું જલદી સારું થશે. એમને આવું ઘણી વાર થઈ જાય છે. ભાઈ દૂર ગયા હશે તે કોણ

જાણે ક્યારે આવે! હું ખાવાનું લઇ આવું. આપ જમી લેશો? ચાની સાથે ઠીક પડશે.'' ગંગાએ ચા કરતાં કરતાં મને કહ્યું.

''ના, ના, એમ કાંઇ સ્વામીજીને મૂકીને ખવાય બહેન? એકાદ દિવસ આવું બને એથી કાંઇ અવિવેક થાય? એમને ભૂખ્યા સૂતા મૂકીને ન ખવાય.'' મેં ના પાડી.

''પણ એ તો અર્ધા શેર દહીંની છાશ પીને સૂતા છે. એમને તો એવી ટેવ પણ છે. ઘણી વાર ખરા મધ્યાહ્નને કે સાંજે આવે ત્યારે આખો દિવસ છાશભેર જ રહ્યા હોય. આ કંઈ નવું નથી. અમે તો એમને પચીસ વર્ષથી ઓળખીએને મહારાજ!''

''એ બધું ય ઠીક, પણ આજ તો નહિ. ભીમપુરીને તો આવવા દઇએ. એટલી વારમાં સ્વામીજી પણ ઊઠશે.'' મારી ઇચ્છા એકલાં ખાવાની નથી જ, એવું સ્પષ્ટ કર્યું.

''મહારાજજી! આપ એમને પહેલાં કદી મળેલ કે નહિ? જૂનું ઓળખાણ હોય એમ બન્ને વાતો તો કરો છો! હા, પણ એક વાત ખરી કે આપ બન્ને ગુજરાત દેશના એટલે નામથી પણ ઓળખતા હો.'' ગંગાએ વાત વધારવા માંડી.

''મેં એમને જોયા તો ઘણી વાર છે, પણ બોલવા ચાલવાનો પ્રસંગ પડયો નથી. આજ તમારે ઘેર અમે રાત્રે મળ્યા, ત્યારે એ મને નામથી ઓળખતા હતા એમ કહ્યું હતું; બાકી તો થોડી વાત આજ રસ્તામાં એમણે પોતાને માટેની કહેવા માંડી હતી, એટલે જાણ્યું કે એ પણ ગુજરાત દેશના વતની છે. પણ નાનપણથી આ બાજુ જ વધારે રહ્યા છે, ખૂબ ફર્યા છે એમ કહેતા હતા. સ્વભાવ બહુ મને તો ગમી ગયો. વિવેકી, નિરાભિમાની, પ્રેમાળ અને સેવાભાવી છે. વિદ્વાન પણ છે અને સાથે સાથે બહુ મહાત્માઓના સહવાસમાં આવ્યા હોય એમ લાગે છે. અમે તો મળ્યા ત્યારથી જ જાણે બહુ જ જૂના સ્નેહી હોઇએ એવું બની ગયું છે. તમારા ઘર સાથે પણ ઘણાં વર્ષોનો પરિચય છે એમ કહેતા હતા.'' મેં સદ્દભાવ દાખવ્યો.

"હા, મહારાજ! નાની ઉમ્મરમાં એ અમારે જ ઘેર આવતા ને જતા; મારા પિતાજી સારું ભણેલા હતા. વેદાન્તના પણ અભ્યાસી હતા. એમની સાથે એમનો ખૂબ જ પ્રેમ : એ ઘેર આવે અને મારા પિતાજી સાથે પુસ્તકો વાંચે, ચર્ચાઓ કરે અને ખૂબ નિર્દોષ આનંદ કરે. હું તો તે વખતે નવદસ વર્ષની હોઇશ, પણ સહવાસ વધતો ગયો અને પિતાજીના દેહાન્ત પછી તો જાણે એ જ અમારા ઘરના વડીલ છે, પરમ હિતૈષી છે એમ માનીએ છીએ. અમે બધાં જાણે એમનાં જ છોકરાં હોઇએ એવું પિતાજીના વખતથી બની ગયું છે, તે અત્યાર સુધી ચાલ્યું આવે છે. અમારા બધાં ભાઈભાંડુને એમની જબરી ઓથ છે. ધર્મને રસ્તે વાળવા અને રાખવામાં એમનો બહુ મોટો હિસ્સો છે; એમની કૃપાથી જ અમારામાં આ પવિત્ર સંસ્કાર પડ્યા છે. બાકી અમારી ન્યાતનું તો પૂછશો જ નહિ." એમ કહેતાં એણે ચાનાં પાન પાણીમાં નાંખીને તપેલી નીચે ઉતારીને ઢાંકી દીધી. ઊઠીને દૂધનો પ્યાલો લેવા ગુફામાં ગઇ!

આ ગંગા! ભીમપુરીની બહેન, ઉમ્મર પાંત્રીસેક વર્ષની હશે. પણ આટલો બધો વિવેક અને સમજણ ક્યાંથી આવ્યાં હશે! સ્વામીજીનો પરિચય બહુ ગાઢ લાગે છે. બાઈ સરલ, પવિત્ર અને નિર્દોષ ભાવે કેવી નિખાલસ વાતે કરે છે: પિતા પણ કોઈ સંસ્કારી જીવ હશે: પહાડમાં જ આવાં કુટુંબો છેલ્લાં પચાસ વર્ષની કેળવણીની અસરથી મુક્ત રહે, બાકી નીચેના પ્રદેશમાં તો અનાત્મદૃષ્ટિ પોષાય એવી જ રહેણીકરણી થઇ ગઇ છે. થોડું ભણેલી પણ હશે, કારણ કે એની ભાષામાં સંસ્કાર છે, વિવેક અને વિચાર છે." મારો મનોરથ દોડતો અટક્યો, કારણ કે ગંગા ગુફા તરફથી દૂધનો પ્યાલો લઈને આવી. હું મૌન રાખીને બેઠો; એણે ચા ગાળીને ભરેલો પ્યાલો મારી પાસે મૂક્યો. "ખાવાનું લાવું મહારાજ! ખાઇ લ્યોને! એમાં કશો વાંધો નથી, ઉલટું સ્વામીજીને સારું લાગશે. જોજો, જાગશે ત્યારે પહેલું એમ જ કહેશે—અરે મને વઢશે કે સ્વામીજીને જમાડ્યા કેમ નહિ! લાવુંને મહારાજ! દહીં તો હવે રહ્યું નથી." એણે વળી પાછી ખાવાની વાત ઉપાડી. હાર

કબૂલીને મેં છેવટે હા પાડી, એટલે એ ખાવાનું લેવા ગઈ.

ઘઉંના ખાસા શેરના આઠ થાય એવા ઘી ચોપડેલા રોટલા અને બટાકાનું તીખું ને તમતમતું શાક લાવીને એણે એક થાળીમાં મને પીરસ્યું. દેવી અન્નપૂર્ણા જેમ પ્રાણીમાત્રને વાત્સલ્યથી જમાડે છે, તેમ ગંગાબહેન સામે બેઠી અને મેં ખાવા માંડ્યું. સાથે સાથે ચાના ઘૂંટડાથી સવારના કરી રાખેલા રોટલાના બોખે દાંતે લોચા વળતા કોળિયાને ગળે ઉતારવા માંડ્યા. શાકમાં સૌથી આગળ પડતો સ્વાદ હતો મરચાંનો, એટલે એ તીખાશને મોળી પાડવા ચાનું ગળપણ ઠીક ઉપયોગમાં આવ્યું. પેટપૂરતું થાળીમાં માગી લઈને મેં ગંગાને ગુફા વાળવા જવાનું કહ્યું: એ ગઈ ને મેં ધીરે ધીરે ખાવા માંડ્યું.

પર્વતીય પ્રદેશ, સંસ્કારી પણ ગામડિયા ગણાતા કુટુંબની ભાવભરી સેવા, વત્સલ દીકરીની પેઠે સંભાળ રાખતી ગંગા, અને પ્રેમભર્યા મહાત્માના હૃદયનો એમાં પ્રસરી રહેલો આત્મસુવાસ આ વસિષ્ઠગુફાના આંગણામાં બેસીને હું ભોગવી રહ્યો હતો. જિહ્વાનો સ્વાદ એમાં જરાયે કારણભૂત નહોતો. એકાન્ત હતું, ગંગાતટનું દર્શન હતું, ગંગાજલનું સુધાપાન હતું, સંન્યાસી તરીકે અયાચક ભિક્ષાનો લહાવો હતો, અન્નપૂર્ણા સમાન ભાવભીની ગંગાની સેવાતૃપ્તિ હતી—એ બધાં ચિત્તમાં આનંદ અને આહ્લાદ પૂરતાં હતાં; રોટલા, શાક અને ચાની જઠરસ્થ વૈશ્વાનર આહુતિ સ્વીકાર્યે જતા હતા.

ભિક્ષાભોજન પૂરું કરીને હું હાથમોં ધોવા અને થાળીપ્યાલો માંજવા ગંગાતટે ગયો. કોગળા કરીને જ્યાં થાળીપ્યાલાને માંજવાની તૈયારી કરું છું ત્યાં તો પાછળથી ગંગાની બૂમ સાંભળી: "મહારાજજી, પિતાજી, તમે ન માંજશો, હું આવું છું." એમ કહેતી દોડતી—રઘવાટભરી ચાની તપેલી લઈને આવી પહોંચી ને મારા હાથમાંથી, એક પ્રેમાળ કન્યા પોતાના પિતાના હાથમાંથી વસ્તુ ઝૂંટવી લે એવી ઝડપથી થાળી લઈ લીધી. "પિતાજી! આપે આ શું કર્યું? આપે ત્યાં જ હાથમોં ધોઈ લેવાનાં હતાં; આપ આવું કરો એ તો અમને ન ગમે."

હું હાથ ધોવા પાણીકાંઠે બેઠો; સ્વામીજી હજુ સૂતા છે એમ એણે કહ્યું; વાસણ માંજીને ધોવા બેઠી. હું ઊભો થઈ કમંડલુ ભરીને ગુફા તરફ ચાલતો થયો.

પથ્થર અને રેતીના મિશ્ર મેદાનમાં, માથે ભીનું કપડું, હાથમાં કમંડલુ, અને વિચારવાળું મન લઇને ચાલ્યો જાઉં છું—ધીરે પગલે.

"ઓ મા!" અચાનક પાછળથી ગંગાની બૂમ સાંભળી; પાછું વાળીને જોઉં છું ત્યાં તો એ સાથળભર પાણીમાં લથડિયાં ખાતી બહાર નીકળવાની મહેનત કરતી હતી.

"શું છે ગંગા? શું થયું?" એમ કહેતો હું એની સ્થિતિ જોવા પાછો વળ્યો; ત્યાં તો એણે લથડિયું ખાધું, પડી, થોડું તણાતાં તણાતાં પથ્થરમાં એકાદ ગોથું ખાધું અને હું જઇ પહોંચ્યો.

"ઓ મહારાજ! પિતાજી!" કહીને ઊંધી પડી. શું કરવું? ઝડપથી કમંડલુ કાંઠે મૂકીને ઘૂંટણભર પાણીના પથરામાં અથડાતો-ટિચાતો હું એની પાસે પહોંચ્યો. બાવડું પકડીને બેઠી કરી. એ ઊભી થઇ, એની મનોદશા ભયભીત હતી. વગરબોલ્યે એને કાંઠા ઉપર લાવીને બેસાડી; કપાળમાં પથ્થર વાગ્યો હતો: ફૂટ નાની હતી, પણ ઢીમણું મોટું હતું.

એ બેસી ગઇ; "શું હતું, ગંગા? પગ લપસ્યો? બીજું કાંઇ વાગ્યું? કેમ પડી ગઇ?" મેં ઉપરાઉપરી પ્રશ્ન પૂછતાં પૂછતાં એના કપાળ ઉપર વિખરાયેલા વાળને પાછળ ખસેડીને ઘા ઉઘાડો કર્યો; હાથ ફેરવી લોહી લૂછી નાંખ્યું.

"હું બેઠી બેઠી નાહી રહી હતી, ત્યાં પાણીના પ્રવાહમાં સામેથી મોટો નાગ તરતો તરતો આવતો જોયો; એનાથી બચવા ઊભી થઇને કાંઠા તરફ આવતાં પથરામાં પગ લપસ્યો; નાગ તો પાસે થઇને પ્રવાહમાં નીકળી પડયો, પણ બીકની મારી જલદી બહાર નીકળવા જતાં ઉપરાઉપરી પથરામાં લથડિયાં ખાધાં ને પડી ગઇ, પિતાજી!"

"ચાલ, હવે કપડાં ઠીક કરી લે," એમ કહીને ઊભો થઈને એના કપાળમાં ફેરવેલા હાથમાં લોહીના ડાઘા હતા તે ધોવા હું દૂર ગંગાકાંઠે ગયો.

એણે એઠાંએઠાં જ કપડાં સમાર્યાં, અંગ ઢાંકયું. "પિતાજી! મને જરા ટેકો આપશો! મને ગભરાટ વછૂટે છે! આંખે અંધારાં આવે છે."

"હા, બેટી. ચાલ ઊભી થા!" એનો હાથ પકડીને ઊભી કરી અને એ જ અવસ્થામાં અર્ધે રસ્તે દોરી હશે એટલામાં એને હિંમત આવી, એટલે સાવધાન બનીને હાથ છોડાવીને ધીરે ધીરે ચાલવા માંડી.

એની ધીમી ચાલે ચાલતો હું આગળ અને એ પાછળ એમ ચાલીએ છીએ એટલી વારમાં એને યાદ આવ્યું કે પાણીનો ઘડો, થાળી, તપેલી તથા પ્યાલો તો ત્યાં જ ભૂલી ગઇ હતી.

"પિતાજી! આપ જાઓ, હું વાસણ લઇને આવું છું," એમ કહીને એ પાછી વળવા જાય છે, એટલે મને દયા આવી.

"ના, બેટી, તું ગુફા તરફ જા; હું એ બધું લઇ આવું છું: તારાથી એ નહિ લવાય," એમ કહીને એને મેં જવા કહ્યું: એણે માન્યું અને એ ગઇ: હું ઘડો વગેરે લેવા ગંગાતટે ગયો.

મારા આશ્ચર્યનો પાર નથી. ઉપરાઉપરી અણધાર્યા પ્રસંગો, અને એમાં પણ આવી રીતે એક કે બીજાને વાગ્યા જ કરે, એ તે શું? ગઇ કાલે ભીમપુરીને વાગ્યું હતું; આજ સ્વામીજીને લૂ લાગી એટલે તમ્મર આવ્યાં: ગંગા પાણીમાં ગબડી પડી અને માથું ફૂટયું; આ બધા બનાવો જો સાચા ન હોત તો, કોઇ સમીક્ષક-વાચક આવા અકસ્માતોના લખાણોમાં વાર્તાદોષ જ શોધ્યા કરત. પણ વાસ્તવિક બનેલા પ્રસંગોમાં આશ્ચર્ય શું? બન્યું તેવું જ, ટૂંકાણમાં લખવાનો અને મનોભાવ પ્રકટ કરવાનો જ ઉદ્દેશ આમાં છે. એટલે જે બન્યું છે તે સિવાય બીજું લખાય પણ શું?

થાળી, પ્યાલો, તપેલી અને ભરેલો ઘડો લઇને હું ઊઠવા જાઉં છું ત્યાં તો ગંગા પાછી અહીં આવી! આનું કારણ શું શોધવું? એ

ગભરાય અકળાય છે? ભાન ભૂલી છે? સ્વામીજી જાગ્યા હશે? ભીમપુરી આવી ગયો હશે?–આવી કલ્પનાઓ મર્ન કરવા માંડયું.

બીજું કશું નહોતું. ગુફામાં જઈને એ કપડાં બદલી આવી: કશો ગભરાટ નહોતો; ભીનું કપડું ધોવા અને પાણી ભરેલો ઘડો લેવા પાછી આવી હતી. "પિતાજી! લાવો હું ઘડો લઈ જાઉં છું, મને કશું યે નથી હવે. આ કપાળમાં વાગ્યું છે એ તો મટી જશે." એમ કહીને ઘડો મારી પાસેથી લઈ, નીચે મૂકી, કપડું ધોવા માંડી.

હું ઊઠીને ગુફા તરફ ચાલતો થયો.

આ પ્રસંગને કશુંયે મહત્ત્વ આપવા જેવું નહોતું છતાં મનમાં કંઈક ગડબડ તો ઊભી થઈ. બિચારી ગંગા! સ્વામીજીની હેતાળ, સેવાભાવી, નિર્દોષ અને આનંદમયી પુત્રી જેવી ગંગાને પણ વાગ્યું એ પણ વિચિત્રતા જ ને! સ્વામીજી હજુ આરામ કરે છે; અર્ધોએક કલાક હજુ થયો થશે, એટલે નિરાંતે સૂવા દેવા જોઈએ એમ ગંગા કહે છે; લાંબા સહવાસને લીધે એમની શરીરપ્રકૃતિને એ વધારે ઓળખે એ સ્વાભાવિક છે. ભીમપુરી હજુ દૂધ–દહીંની સગવડ કરવા ગયો છે તે આવ્યો નથી. ક્યાંક દૂર ગયો હશે. બપોરને વખતે દૂધ મળવાની પણ મુશ્કેલી.

ગુફાના આંગણાથી દૂર મેં જ્યાં આસન ગોઠવીને વસ્તુઓ મૂકી હતી. ત્યાં જઈને હું બેઠો. પાથરેલી ચાદર ઠીક કરી; બીજાં કપડાં-પુસ્તકનું ઓસીકું કર્યું, અને આરામ કરવા સૂતો.

આ ગુફાને બ્રહ્મર્ષિ વસિષ્ઠનું નામ કેમ અપાયું હશે એ વિશે કશી આખ્યાયિકા નથી. પરંતુ પર્વતોમાં જ્યાં જ્યાં કંઈક આવી જગ્યાઓ છે ત્યાં કોઈ ઋષિઓનાં નામ આપવાની પ્રથા છે. વસિષ્ઠ-ગુફાની પેઠે બીજી એક વ્યાસગુફા પણ છે. કોઈ સંતસાધુએ ત્યાં રહીને યોગવાસિષ્ઠ મહારામાયણનાં પાઠ-પારાયણ કર્યાં હોય, એ સ્વાધ્યાય દ્વારા એમને આત્મતૃપ્તિ થઈ હોય, વેદાન્તના અજાતવાદના સંશોધક ઋષિ પ્રતિ ભક્તિભાવ ઉદ્‌ભવ્યો હોય, તો સંભવ છે કે પોતાના આ

આત્મસાક્ષાત્કારના નિકેતનને વસિષ્ઠગુફાનું નામ આપી સ્થાનની મહત્તા વધારવાનો પ્રયત્ન કર્યો હોય.

જગ્યા સરસ છે; ગંગાતટની સમીપ, એકાન્ત, કોઇ સંતસાધુએ ઉછેરી–ભોગવીને છોડી દીધેલો કેળ-પપૈયાનો બગીચો, કરેણ અને મોગરાનાં ફૂલઝાડ, સઘન વૃક્ષોની છાયા, ધૂણી-ચૂલા માટે ભગવતી ભાગીરથી પોતાના પ્રવાહ વડે લાવી આપે તે બળતણની છૂટ, અને ત્રણચાર તો મોટી સૂઇ શકાય તેવી સીધીસપાટ શિલાઓ, આ બધું ગુફાની સગવડોમાં વૃદ્ધિ કરે એવું હતું. ગુફાને કોઇએ લાકડાનું બારસાખ નાંખીને બારણું ગોઠવવાની પણ મહેનત કરી હોય એમ લાગતું હતું. બારણાં તો કોઇ વનવાસી ઉપાડી ગયો હશે, પણ ચોકઠું એના સંભારણારૂપે હજુ યે ઊભું હતું.

આકાશ તરફ મુખ રાખીને હું ચત્તો સૂતો હતો. આરામ ઇચ્છતું શરીર, સ્વામીજી તથા ગંગાજીની શરીરવ્યથા, અને ભીમપુરીની દહીં દૂધ લેવા જવા માટેની ગેરહાજરીના વિચારો આવતા હતા, પણ એ કંઇ ચિંતા કરાવે એવા નહોતા.

ગંગા નદી કાંઠેથી કયારે આવીને ગુફા પાસે પહોંચી, પાણીથી ચોક છાંટયો, ચૂલાને બીજી વાર ઠીક ગોઠવ્યો, વધારે બળતણ લાવીને ઢગલો કર્યો, એ બધું બન્યું ત્યાં સુધી હું ચત્તો સૂતો હતો. કામથી પરવારીને એણે મારી પાસે આવીને કહ્યું: "મહારાજજી, ભાઇ હજુ સુધી ન આવ્યા; ઘડિયાળમાં કેટલા વાગ્યા તે જુઓને!"

મેં પથારીમાં બેઠા થઇ જોયું તો દોઢ વાગી ગયો હતો. 'સ્વામીજીને હવે ઉઠાડવા છે, દોઢ તો વાગી ગયો છે!" મેં એને પૂછ્યું.

"ના, પિતાજી, એની તો કશી ચિંતા નથી; આપને તો હવે કાંઇ જોઇતું નથી ને? ભાઇ જરા દૂર નીકળી ગયા હોય એમ લાગે છે, નહિ તો આટલો બધો વખત ન થાય." એ વાકય પૂરું કરે છે ત્યાં તો મને સૂઝયું; "ગંગા, ત્યારે તું હવે ખાઇ લે ને! તું કહે છે કે સ્વામીજી તો નહિ જમે, ભાઇનો પત્તો નથી: તું ખાઇ પરવારી લે."

"ના રે, મહારાજ! મારે કંઇ ઉતાવળ નથી. અમે તો ખેડૂત માણસ; સવારમાં શિરામણ કરી લઇએ એટલે અત્યારે બહુ ઉતાવળ નહિ; હું અને ભાઇ તો ઘેરથી ખાઇને જ નીકળ્યાં હતાં." એણે જવાબ આપ્યો.

"પણ ગંગા, મારી એક ભૂલ થઇ ગઇ. તેં બધી ચા મને આપી દીધી; તું ચા નથી પીતી? તારે માટે થોડી રાખી હોત તો? તને ચાનું કહેવાનું મને સાંભર્યું જ નહિ!"

"ના જી, હું ચા નથી પીતી. મને જરાયે ટેવ નથી. ગુજરાતમાં હું ત્રણચાર વરસ રહી છું ત્યારે મને ય ત્યાં ટેવ પડી હતી, પણ પછી અહીં ઘેર આવ્યા પછી એ છૂટી ગઇ." એણે જવાબ તો આપ્યો, પણ ગુજરાતની વાત છેડતાં કંઇક નવું કહી દીધું, એથી એને સંકોચ થતો હોય એમ મને લાગ્યું. મને પણ થોડું આશ્ચર્ય તો થયું: એણે ગુજરાત સુધી પગરણ માંડેલાં છે, ત્રણચાર વરસ જેટલો લાંબો સમય ત્યાં રહી છે, એટલે ગુજરાતના રીતરિવાજથી પણ પરિચિત હશે. મારી સાથે પણ આટલી મમતાથી વાત કરે છે એનું કારણ હવે કંઇક કલ્પનામાં આવ્યું. એને ગુજરાતીઓ માટે પક્ષપાત હશે! સ્વામીજી કહેતા હતા કે એણે બહુ લીલીસૂકી જોઇ છે. એ પણ ઠેઠ ગુજરાત સુધી જઇ આવી છે એમ કહે છે. એના ઘડતરમાં ગામડાના નહિ પણ શહેરી રહેણીના સંસ્કાર છે. એના કામકાજમાં સ્વચ્છતા તથા વિવેક છે. જરૂર એનું જીવન ઘડાયેલું તો ખૂબ જ છે. ભાષામાં પણ શુદ્ધિ છે; અને સૌથી મહત્ત્વની વાત છે તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા, સદ્‌ગુરુમાં ભકિત અને સંતસેવામાં પવિત્ર ભાવના.

"એમ ત્યારે, તું પણ ગુજરાતમાં રહી આવી છે? ત્યાં કયા ગામમાં રહી છે?" મેં પૂછ્યું એટલે એ પણ નિરાંત કરીને સામે બેઠી; જાણે પોતાની આપવીતી કહેવાનું એને મન થયું હોય!

કશું યે કામ હવે કરવાનું નહોતું, મને થાક લાગ્યો હતો, પણ એના ગુજરાતનિવાસના ઉલ્લેખથી મારું મન જાગ્રત થયું. બેસીને

મેં પણ વાત કરવા માંડી. સ્ત્રીનું શરીર, પહાડી ગોસાંઇની દીકરી, પિતા ભણેલાગણેલા ને વેદાન્તના અભ્યાસી, કુટુંબ સંતસાધુનું સેવક, એમાં ગંગા જેવી બાઇનું વૈધવ્ય અને આટલી ૩૫-૩૬ વર્ષના આયુષ્યમાં રખડપટ્ટી વેઠીને મેળવવો વૈરાગ્ય, એ બધું ખરે જ, એના જીવનને ધન્ય બનાવે એવાં હતાં.

"બાપજી!" એટલું બોલીને આગળ ચલાવ્યું: "ખરુંને બાપજી, ગુજરાતમાં આપ જેવા સંતોને બાપજી કહે છે એટલે હું પિતાજીને બદલે બાપજી કહું છું; બોલો, હું ગુજરાતમાં રહી છું ને?" એણે ગુજરાતનો એક પ્રચલિત શબ્દ કહી નાંખ્યો.

"હા, ખરું છે: તું બાપજીને બદલે જ પિતાજી કહેતી હતી ને?" મેં પૂછ્યું.

"નાજી, એમ તો હું થોડું બંગાળામાં રહી આવી છું. એ બાજુ પિતાજી કહેવાનો થોડો રિવાજ છે ને! ક્યાંક ક્યાંક બાવાજી પણ કહે છે. અહીં પહાડમાં અમે 'જોગી' કહીએ છીએ; આ તો આપ ગુજરાતના છો, આટલો પરિચય થયો, એટલે હવે વાત નીકળતાં બાપજી કહ્યું." એણે પોતાની જીવનયાત્રામાં હવે બંગાળ પણ ઉમેર્યો. વાત આગળ વધતી હતી.

"બંગાળા પણ જોયું છે? ત્યારે તું તો બહુ ફરી હોય એમ લાગે છે, બહેન! કેટલાંક વર્ષ બધે જઈ આવી?" મેં આખું વૃત્તાંત જાણવા માટે પૂછ્યું.

"બાપજી, એ તો આખી જિંદગીની વાત કરું ત્યારે તમે સમજો. પિતાજી સાધુ પુરુષ હતા, મોટા ભાઇ નાનપણમાં દેવલોક થયા, પછી ભીમભાઇને પરણાવ્યા. હું તો ઘરમાં રહું, પણ મને થોડું ભણાવે. ધીરે ધીરે વાંચતાંલખતાં શીખવેલું. સંતસાધુઓની સેવા તો અમારે ત્યાં હું નાની હતી ત્યારથી જોતી આવું છું. એ વખતમાં એક બ્રહ્મચારી અહીં વસિષ્ઠગુફામાં રહેતા, તે અવારનવાર અમારે ઘેર આવે ને પિતાજીના

સત્સંગમાં બેપાંચ દિવસ રહે. વીસેક વર્ષની એમની ઉમ્મર હશે. બંગાળ તરફના એ હતા, પણ હિન્દી સારું બોલી શકતા." એમ કહેતાં કહેતાં એ શાંત બની ગઇ, નીચું જોયું: એકાદ નિઃશ્વાસ નીકળી પડયો. બોલતી બંધ થઇ.ચહેરા ઉપર વિષાદની છાયા ફરી વળી.

## વર્ણક છઠ્ઠો

**ગંગા**

આર્ય નારીનું વૈધવ્ય તો છે ચારેય આશ્રમનો જીવનસાર. એમાં અખંડ બ્રહ્મચર્ય પાલનનો અદ્‌ભુત સંયમ છે. ગૃહસ્થાશ્રમની ત્યાગનિષ્ઠ સેવાનો આત્મવિકાસ છે, ઘરમાં રહ્યાં છતાં વાનપ્રસ્થ આશ્રમની વનવાસ વેઠવાની કઠોર તપશ્ચર્યા છે; અને સંસાર–સમાજની ભીંસમાં રહ્યા છતાં પણ જપ, તપ, પાઠ, પૂજા તથા ઇશ્વરસ્મરણદ્વારા કેળવેલી દ્વંદ્વમુક્ત સંન્યસ્ત ભાવના છે. પ્રારબ્ધને પગલે પગલે એ પુણ્ય કેળવે છે; સેવાને પ્રત્યેક નિમિત્તે અસંખ્ય જન્મોનાં પ્રાયશ્ચિત્ત કરે છે; એનો બ્રહ્મયજ્ઞ તો નિત્ય ચાલુ જ છે, જેમાં એ છેલ્લા શ્વાસ સુધી બ્રહ્માર્પણ બની બ્રહ્મદ્રવ્યરૂપે શરીરને આહુતિ આપે છે. એ દિવ્ય તપસ્વિની છે, ભવ્ય સંન્યાસિની છે.

ઘરની નહિ છતાં પિયર કે સાસરે જ્યાં રહેતી હોય ત્યાં ઘરને મારું કરીને ઉન્નત ભાવના પોષનારી એ છે કુલમાતા. નાનાં કે મોટાં, સાજાં કે માંદાં, સ્વજન કે પરજન બધાંને એકસરખું વાત્સલ્ય પાતી એ છે અલૌકિક ધાત્રી! બ્રહ્મચર્યનું અખંડ વ્રત વરેલી, આજીવન ત્યાગમૂર્તિ સમી એ આર્યમાતા તો છે એકધારું અને એક પતિ-પત્ની-વ્રતનું વેદોક્ત સંસ્કૃતિએ પરંપરાથી આપેલું તથા સમાજે સુરક્ષિત રાખેલું હિંદુધર્મસમાજનું મહામૂલ્યવાન નારીરત્ન.

પુનર્જન્મના સિદ્ધાન્તની સાથે લગ્નની ભાવના સંકળાયેલી છે. લગ્ન દેહનાં નહિ પણ અંતરનાં છે, વિકાસ એક જ જન્મ કે શરીરમાં નહિ પણ અનેક જન્મમાં સાધવાનો છે; ઉન્નતિમાં ભૌતિક લોભમોહ

નહિ પણ આત્મિક સંતોષ અને આનંદ છે; આ છે દાંપત્ય જીવનની ભવોભવની સાધના અને ધ્યેય. પિયેરમાં હોય તો ભાંડુઓને ભાઇની ગરજ સારે, ભાભીઓની વડીલ બ્હેન બને, ભત્રીજાંઓની વાહલસોઇ માતા બને અને બધાંમાં આત્મત્યાગની અનુભવમાત્રા પૂરી એવો તો એકસંપ ઉપજાવે કે બધે સુખસગવડ અને મર્યાદાઓની પાળ બાંધે. વિષયવાસનાની હૈયાહોળીને ઠારીને એમાંથી અગરૂ ચંદનની સુવાસ એણે ઉપજાવી હોય છે; વિલાસવૈભવનાં વલખાં મૂકીને જીવનને શાંત, ગંભીર ધર્મભાવનાથી સફલ શ્રમજીવી બનાવ્યું છે. સ્વાર્થ નહીં, પણ પરાર્થ એના જીવનનો મુદ્રાલેખ બને છે; જીવન નહીં પણ ધર્મ સ્વધર્મ એનું ધ્યેય હોય છે. પરિગ્રહ નહીં પણ અગ્રહણનો અંચળો ઓઢેલી એ સાધ્વી છે. એનું નિર્વાહક્ષેત્ર તો છે ચતુર્થાશ્રમી જેવું કેવલ ભિક્ષાભોજન અને કંથાપરિધાન.

સાસરે હોય તો મર્યાદા સેવીને બધે વિવેક પાથરે છે; દેહભોગને બદલે વહાલસોયાં સેવાકાર્યોથી કુટુંબને–કુટુંબના ભારને હલકો બનાવે છે. પાંચનું કામ એકલે હાથે કરી કર્મ કરતાં છતાં અકર્તા, સંસારીઓમાં રહ્યા છતાં વિરક્ત, ઘરમાં રહ્યા છતાં વાનપ્રસ્થ અને જગતમાં જીવતાં છતાં બ્રહ્મચર્યનો આદર્શ પાળતી એ કઠોર વ્રતધારિણી જાણે સંન્યાસિની! અલંકાર અને આડંબર એને નથી સતાવતા, વૈભવ અને ભોગ એને નથી પજવતા; સ્વાર્થીઓની બળતરાને એ સ્વજીવનની ત્યાગભાવના વડે ઠંડી પાડે છે; જન્મજન્માંતરનો થાક ઉતારતી હોય, સંસારીઓનું, ઇશ્વરનું, છેવટનું દેવું પતવતી હોય એમ એ સ્વદેહને ઇશ્વરનિમિત્ત બ્રહ્મયજ્ઞમાં બ્રહ્માર્પણ કરે છે, જાણે એ જ છે અંતિમ આહુતિનું બ્રહ્મદ્રવ્ય! આ છે આપણું વૈધવ્યધર્મનું પુરાતત્ત્વ.

અને અત્યારે? અત્યારે તો એકપતિવ્રત, એકપત્નીવ્રત, બહુ પત્ની, બહુ પતિ–આ શબ્દોની જાળમાં સમાજ અટવાઇ પડયો છે. લગ્ન

અને પુનર્લગ્નની સમસ્યા ઉકેલવાના અખતરા ચાલુ છે. વિધવા અને વિધુરના સમાન હક્કના હઠાગ્રહ વધતા જાય છે. વિધુર પુનર્લગ્ન કરે તો વિધવા શા માટે ન કરે? એકને ભોગની છૂટ તો બીજાને કેમ નહિ? ભોગમાં સર્વત્ર સમાન હક્કની માગણીમાંથી ઉદ્‌ભવ્યો છે સામ્યવાદ અને સમાજવાદ: બધે ભુમરાણ સંભળાય છે; ઘેરઘેર વિધવાઓ છે, પણ સંન્યાસિની મીરાં કેટલી હશે? સધવા હોય ત્યાં જ ગૃહસ્થાશ્રમ કહેવાય, પણ એમાં અનસૂયા, સીતા કે દ્રૌપદી કેટલી હશે?

વિધુરો અને ગૃહસ્થાશ્રમી પતિદેવો પોતપોતાના રંગમાં રમતા હશે, પણ એમાં રામ કે જનક કયે ખૂણે બેઠા હશે? આ વિકટ પ્રશ્નનો ઉત્તર તો આપશે ઉપનિષદ્‌ના ત્યાગમંત્રો, નહિ કે આધુનિક કાયદાકાનૂનનાં સ્વચ્છંદનાં સ્વાતંત્ર્યવાદનાં, વિલાસવૈભવના સેવકોએ રચેલાં સાહિત્યથોથાં.

લગ્ન કરો, પરણો, પરણ્યા કરો, સ્ત્રીપુરુષનાં લગ્ન અને વૈભવને જ માનવજીવનનો અંતિમ આદર્શ માનો; ગૃહસ્થાશ્રમ જ જાણે બધા આશ્રમ-નો છેડો હોય એમ વર્તન રાખો. માનવજીવન આમ છીછરું—આછકલું બની બેઠું છે: દેહની કિંમત, માનવજન્મનાં મૂલ્ય જ્યાં વૈભવસામગ્રી અને વિલાસભોગના ગંજથી જ અંકાતાં હોય, નશ્વરને નશ્વરથી જ પૂજવાના અને જડથી ચેતનના લહાવા લેવાના કોડ હોય, ત્યાં સંયમ, શીલ અને સદ્ધર્મનું સ્વપ્ન પણ કોને આવે? વૈધવ્ય તો છે આર્યનારીનું અસિધારાવ્રત: દેહનાં શોષણમાં આત્મવિકાસની કલા છે: બ્રહ્મ જ સત્ય છે એ મહાવાક્ય અનુભવવા માટેની આજીવનમનોવૃત્તિ સાધવાની છે; જગત સ્વપ્ન છે એ ક્ષણેક્ષણે સંભારવાની અને પરમતત્ત્વ જ હું છું એ આત્મવૃત્તિ સદોદિત જાગ્રત રાખવાની કઠોર તપશ્ચર્યા છે; મનસા-વાચા-કર્મણા તત્-સત્ જીવવાનું છે. માટીનો દેહ વેચી અણમોલ આત્મધનનો ભંડાર મેળવવાનો કીમિયો શીખવાનો છે. શીખે તે કુબેરભંડારી બને! જાણે તે શિવસ્વરૂપ બને! અનુભવથી

એ સદેહે બ્રહ્મવિદ્ બને મારી વૈધવ્યમીમાંસા અટકી પડી. ગંગા શાંત બેઠી હતી. મેં મારું મૌન તોડ્યું.

"બહેન ! તું તો જાણે તારી પૂર્વકથા કહેવા બેઠી. જે થયું-વીત્યું હોય તે ખરું પણ સ્વામીજીની કૃપાથી આવું પવિત્ર જીવન તું ગાળે છે એ જ મોટી વાત છે. જ્ઞાનીના પૂર્વજીવનની વાતો તો પૂર્વજન્મના પ્રસંગો જેવી છે. વર્તમાન અને ભૂતકાળ એક નથી હોતાં; એ કંઈ બીજવૃક્ષ જેવાં નથી; કાળના બદલાવાની સાથે સંસ્કારો બદલાય છે; સંસ્કારો બદલાઈને શુદ્ધ થતાં જીવન સુધરે છે; જીવન સુધરતાં વર્તમાનકાળ દિવ્ય બને છે; અને વર્તમાનમાં જ જીવનની કિંમત છે ને ! જીવન તો ચલણી સિક્કા જેવું છે. ચલણી નાણું બજારમાં ચાલે એટલે એની એ સમયની કિંમત સાચી હોય છે, એ પહેલાં કયી ખાણમાંથી એ ધાતુ નીકળી, કાચી હતી કે પાકી, ચોખ્ખી હતી કે મેલી, એની સાથે ચલણી સિક્કાની સરખામણી ન થાય. એવું જ જિંદગીમાં છે. પાછલા જન્મોમાં તો શું પણ એક ક્ષણ પહેલાંનું જીવન બીજી ક્ષણે બદલાઈ જાય છે; આજનો પાપી આવતી કાલે સંત બને છે, આજનો કાચો સંત બીજી જ ક્ષણે પાપના ખાડામાં ગબડી પડે છે.

"તું અત્યારે જે પવિત્ર જીવન ગાળે છે, ઈશ્વરભક્તિને પંથે વળી છે, સન્માર્ગે આગળ વધતી જાય છે, એ જ છે બેટી ! તારા પાછલા જીવનની મહેનતનું ફલ; જીવન જે ક્ષણે ધન્ય બને તે જ ક્ષણે અસંખ્ય જન્મોની તપશ્ચર્યા ફલીભૂત થાય છે. પૂર્વવૃત્તાંત યાદ આવે ત્યારે ખેદ કરવાનું કશું કારણ હોતું નથી જન્મજન્માન્તરરૂપ શરીરની હારમાળા તો આત્માએ એટલા માટે ફેરવવા માંડી છે કે એમાં છેલ્લા ભક્તજીવનનો મણકો હાથમાં આવે. એ હીરો હાથમાં આવ્યો એટલે જન્મજન્માન્તરની ભવમાળ પૂરી ફેરવાઈ ચૂકી. તું તો બહેન ! સ્વામીજીની કૃપાથી કૃતકૃત્ય થઇ ચૂકી છે, અને જે વીત્યું હશે એમાં

યે તારા ઉદ્ધારની જ વાતો હશે ને બહેન?'' મેં આવડયું તેવું આશ્વાસન આપવાનો યત્ન કર્યો. એણે શાંતિથી સાંભળ્યું અને ઊંચે જોઈને સ્થિર થઈને બેઠી. સંકોચ દૂર થયો.

''ના, બાપજી! ખાસ એવું કશું લાગતું નથી; પણ મારે માટે પિતાજીને અને માતાપિતાતુલ્ય આ ગુરુસ્વામીજીને જે કષ્ટ વેઠવું પડયું છે એ યાદ આવે છે ત્યારે મને બહુ લાગી આવે છે. મારા જેવી એક સાધારણ સ્ત્રી માટે સ્વામીજીએ જે હાડમારી વેઠી છે એનું ઋણ તો મારાથી કોઈ કાળે ચૂકવાય એમ નથી. એમણે ઉજાગરા તથા ભૂખ વેઠ્યાં છે, પગે ચાલીને રખડ્યા છે; જીવને જોખમે મને બચાવી છે અને અત્યારે જે કાંઈ શાંતિ છે, આપની પાસે આટલી વાત કરવાની હિંમત આવી છે એ બધું એમની અપાર દયાનું જ ફલ છે, સ્વામીજી!'' આટલું બોલતાં એની આંખમાંથી અશ્રુધારા ચાલી.—હૃદયની આર્દ્ર ભક્તિનો જાણે ધોધ વહેતો હોય! ઉપકારવૃત્તિથી એનું હૈયું હલકું થતું હતું, ગુરુદેવના કૃપાસ્મરણથી હૃદયસર ઊભરાઈ પડયું.

''એમાં શું આશ્ચર્ય છે, બહેન! સંતોનો એ તો સ્વભાવ છે. શરણાગત જિજ્ઞાસુ કે ભક્તોના અંતરાયોને એ દૂર નહિ કરે તો કયો સંસારી એમાં મદદ કરી શકવાનો હતો?! સંતોની કૃપા અપાર છે. દયા અદ્‌ભુત છે! કરુણાસાગર ગુરુદેવ તો જીવોદ્ધારક છે જ; એમાં કશું એમને મન ઉપકાર જેવું ન હોય. સ્વભાવસિદ્ધ ધર્મમાં અહંકારની ગંધ સુદ્ધાં ન હોય! તારા આત્મવિકાસના સંસ્કારને એમણે તો પોષણ આપ્યું એટલું જ ને! એ નિમિત્ત ખરા, પણ તારા ચિત્તમાં અનેક જન્મના શુભ સંસ્કાર જે બીજરૂપે હશે, એ વિકસાવવામાં એ તો માત્ર નિમિત્ત બન્યા એટલું જ! પણ જો તો, સ્વામીજીએ પડખું બદલ્યું, જાગ્યા કે શું?'' મેં એને સ્વામીજી તરફ જોવા કહ્યું: એમણે પડખું ફેરવ્યું ખરું, પણ આંખ ઉપર કપડું ઓઢીને એ પડ્યા રહ્યા; જાગ્યા કે ઊઠ્યા નહિ.

"એ તો સૂતાં સૂતાં જ પડખું ફેરવ્યું. ઊઠવાનું મન હજુ નહિ થયું હોય; એમની મેળે જાગે ત્યારે જ ઊઠવા દેવા છે; જગાડવા નથી; છો સૂતા." ગંગાએ એ દિશામાં જોઈને જવાબ આપ્યો.

"પણ બહુ સૂતા; ઊંઘ આવી હોય તો વધારે સારું. પડયાં પડયાં આરામ લેતા હોય તોયે આરામ થઈ જશે. એમનું નામ શું? ગંગા! મેં એમને હજુ નથી પૂછ્યું. મને તો નામથી ઓળખે છે એમ કહેતા હતા." વળી પાછી વાત આગળ ચાલી.

"એમનું નામ તો છે સ્વા. મોહનાનંદ સરસ્વતી. પણ અમે એમને ભાગ્યે જ નામથી બોલાવ્યા હશે. મહારાજજી, પિતાજી, ગુરુજી, સ્વામીજી એમ કહીને બોલીએચાલીએ છીએ. મૂળ તો એ ગુજરાતના પણ હરદ્વાર, હૃષીકેશ તથા આ બાજુ ઉત્તરાખંડના ચાર ધામમાં ગંગા, યમુના મંદાકિની અને અલકનંદાને કાંઠે કાંઠે બહુ વિચર્યા છે. હવે તો શરીર બહુ સારું નથી રહેતું એમ છેલ્લાં ચાર-પાંચ વર્ષથી કહ્યા કરે છે. નીચે પણ બહુ રહ્યા છે. વચમાં પાંચ-સાત વર્ષ અમને દર્શન જ નહોતાં થયાં. મારા પિતાજીને દેવલોક થયાં આજે વીસેક વર્ષ થઈ ગયાં. ત્યાર પછી તો દર વર્ષે અહીં આવીને થોડું રહી જાય છે. અમારા ઘરમાં જ્યાં આપ રાત રહ્યા હતા એ ઓરડો એમને માટે જ જુદો કરી રાખ્યો છે. લાંબો વખત રહેતા નથી, પણ બે ત્રણ દિવસ રહીને પાછા અઠવાડિયું કે પખવાડિયું બીજે જઈ આવે. મને વધારે વાંચતાં એમણે શીખવ્યું. હિન્દીમાં અમને શીખવે અને એમ જ કહે કે તમે તો સંન્યાસીના વંશજ છો એટલે તમારે તો વેદાન્ત જ ભણવું પડે અને એ રીતે જ જીવવું જોઈએ. સાદાઈથી જીવવું, નીતિથી રહેવું, દર વખતે પોતાની ભૂલ તપાસવી અને ખરાબમાં ખરાબ સંયોગો ઊભા થાય તોપણ માનવું કે આ બધું સ્વપ્નમાં ગોઠવેલું નાટક છે, સાચું નથી. એની અસર આપણા મન ઉપર ન થવા દેવી, આનંદ સાચવવો, અને મનમાં શાંતિ રાખવી. શું કહું સ્વામીજી! અમારાં બધાં ઉપર એમની ખૂબ જ કૃપા છે. એમના

આશીર્વાદ અને ઉપદેશથી જ અમારું જીવન ધન્ય બન્યું છે એવી અમારી શ્રદ્ધા છે.'' સ્વામીજી સંબંધે આટલી વાત એણે કહી નાંખી. મને લાગ્યું કે આથી પણ વિશેષ એમને વિષે એ જાણતી હશે, કારણ કે એને માટે સ્વામીજીએ ઉજાગરા વેઠ્યા છે એમ એ કહી ચૂકી હતી.

"મને એમનો જરાયે સહવાસ નથી. હૃષીકેશમાં જોયા હોય એવું તો યાદ આવે છે, પણ વાતચીતનો પ્રસંગ તો કાલે જ પડ્યો. ગઈ કાલથી મળ્યા ત્યારથી મને ય એમને માટે માન ઉપજ્યું છે, બહુ જ વિચારવાન, વિવેકી અને પ્રેમાળ છે. તમારા કુટુંબ સાથેનો સંબંધ ગાઢ છે એ તો ગઈ કાલે રાતથી જ જણાઈ આવ્યું હતું. આજે વળી તેં વધારે વાત કરી એટલે ખાતરી થઈ. પણ બહેન! આટલા સહવાસમાં તેં તારી વાત કહેવા માંડી હોય એમ શરૂઆત કરી એ તો તારી બહુ સરલતા કહેવાય!'' મેં એણે લીધેલી છૂટ માટે આશ્ચર્ય દાખવ્યું.

"ના, બાપજી! એમ નથી. રાત્રે આપ આવ્યા ત્યારે સ્વામીજી નીચે ચાનું કહેવા ઊતર્યા, ત્યારે જ અમને કહ્યું હતું, કે જેવો સંબંધ મારી સાથે રાખો છો તેવો જ ભાવ આ સ્વામીજી માટે રાખજો, કશોયે સંકોચ રાખશો નહિ; વળી, આજ સવારે એ વહેલા ઊઠીને શૌચ માટે બહાર ગયા ત્યારે મને કહેતા ગયા હતા કે મને મોડું થાય અને આપ જાગો તો વિનાસંકોચે આપને ચા કરી આપવી, અને પિતાતુલ્ય માનીને વ્યવહાર કરજો, જરાયે ભેદભાવ ન રાખશો. મારામાં અને એમનામાં કોઈપણ જાતનો તફાવત છે જ નહિ. મારા પણ એ મુરબ્બી અને પૂજ્ય જેવા છે. એવું કહ્યું એટલે બાપજી! હું તો આપને પણ મારા ગુરુતુલ્ય જ માનું છું. સ્વામીજીના શબ્દો ઉપર મને તો અનન્ય શ્રદ્ધા છે, અને મેં કહી પણ શું નાંખ્યું છે?! આપની પાસે મનનો ભાર હલકો કરું તો હું જ પાવન થાઉં ને!? એમાં પણ મને આપ આશ્વાસન આપો અને બીજો પણ એવો ઉપદેશ આપો કે મારી શાંતિ વધતી જાય અને ઈશ્વર તરફ જે મન વળ્યું છે તે દૃઢતાથી આગળ

વધે. શ્રદ્ધા વિના ક્યાં એકે ય ડગલું આગળ વધાય એમ છે !? એમ તો એ મને છૂટ લેવા દે એવા જ નથી, પણ રાત્રે ભજન ગાવાનું કહ્યું ત્યારથી જ મને લાગ્યું કે આપના તરફ પણ શ્રદ્ધાભક્તિ વધારવાની એમની ઇચ્છા હતી. હું પહેલાં બહુ ફરી છું પણ છેલ્લાં પંદરેક વર્ષથી તો અહીંથી ક્યાંય જતી કે આવતી જ નથી. એકવાર બદરિ-કેદારની યાત્રા કરવા ગઈ હતી, પણ એમાં ભાઈભાભી સાથે હતાં.

"અને એમ કાંઈ જેટલા વેષધારી એટલા સદાચારી સંત થોડા હોય છે કે જેથી તેની સાથે વાતે વળગીએ !? પણ બાપજી ! હું તો અહીં આપની પાસે બેસીને વાતોએ વળગી અને આરામ ન કરવા દીધો. આપ હવે આરામ કરો, હું જાઉં છું." એમ કહીને એ ઊભી થઈ; પણ એની વાતોએ હવે દિવસના આરામની વાત જ ઉરાડી મૂકી હતી. થાક, આરામ, ખાધું છે, વસિષ્ઠગુફા આવ્યા છીએ,—એ બધું ભૂલી જવાયું, અને એક આર્ય સન્નારીના સ્વધર્મની વિગતો અચાનક ઊખળી પડી, એમાં મન પરોવાયું. સ્વા. મોહનાનંદજીના વ્યક્તિત્વ વિષે સાંભળવાની ઉત્કંઠા વધી; પહાડમાં જન્મેલી-ઊછરેલી, ગોસાંઈ કુટુંબની ગંગાને આટલી નાની ઉમ્મરમાં આવા સુંદર સંસ્કાર કેળવવામાં જે નિમિત્ત બન્યાં હોય, એમાં ત્યાગ, વૈરાગ્ય, દયાવાળા બલવાન ચારિત્ર્યે જ ભાગ ભજવ્યો હશે એવું લાગ્યું અને બીજું કામ ન હોય તો ગંગાબહેન ભલે બેસીને વાતો કર્યા કરે એવું મનમાં થયા કરતું હતું. મેં એને રોકીને કહ્યું: "ના, ગંગા ! ઊંઘ નથી આવતી અને બેઠાં બેઠાં પણ આરામ જ મળે છે એટલે ખાસ કામ ન હોય તો બેસ બહેન ! સ્વામીજી સૂતા છે, ભીમપુરી હજુ આવ્યો નથી; ત્રણેક વાગવા આવ્યા, મધ્યાહ્ન નમ્યા છે; મારે બીજું શું કામ છે ? કેટલું સુંદર સ્થાન છે ! ગંગાજીનો પવિત્ર કિનારો છે; અને જો પેલે ખૂણે તો સ્મશાન છે ત્યાં કોઇના શરીરને ગઈ કાલે જ અગ્નિદાહ કર્યો હશે એમ લાગે છે. સુંદર હોય કે કુરૂપ, પાપી કે પુણ્યશાળી, બ્રાહ્મણ હોય કે શૂદ્ર, આસ્તિક હોય કે નાસ્તિક, સ્ત્રી હોય કે પુરુષ, વૃદ્ધ

હોય કે બાળક, બધાં ય નામરૂપધારી શરીરની તો છેવટની એ જ દશા ને! એમાં પૂરાયેલો જીવાત્મા તો પોતાના કર્મ-સંસ્કાર પ્રમાણે એ જૂના ખોળિયાંમાંથી છૂટીને નવામાં પુરાયો હશે. આવા નાશવાન, ભસ્મીભૂત થનારા શરીર માટે કેટકેટલા મોહ અને કેટકેટલી વ્યવહારનાં કામોની ઊથલપાથલ! અજ્ઞાનની કેવી બલવાન અસર છે! એના સંગથી દુઃખ વિના બીજું કશું સ્વપ્ને ય સાંપડે એવું નથી, છતાં સુખનું સાધન માનીને માયાવશ જીવ સમસ્ત પૃથ્વી જીતવા અને ભોગવવા જેટલી ગડમથલ કર્યા કરે છે! અશાંતિનું વાતાવરણ ઊભું કરીને શાંતિ મેળવવા મથે છે! માયાદેવી! તમે પણ જબરાં મોહમયી છો!" એમ બોલીને એકદષ્ટિથી સ્મશાન તરફ જોઈને હું શાંત થયો. ગંગાએ પણ એ તરફ જોયું.

"બાપજી! ત્યારે હું રાતને માટે લાકડાં વીણી આવું. રાંધવા તથા તાપણી કરવા જોઈશે ને!" એમ કહીને એ ઊભી થઈ.

ભગવતી ભાગીરથી જેવી નદીઓ તટવાસીઓની કેટકેટલી સેવા કરે છે! માતાની પેઠે અમૃતતુલ્ય પાણી આપી સ્નાનપાનથી પાવનપોષણ કરે છે. કલરવ ધ્વનિથી સંસારના કોલાહલને ભુલાવી ૐ 'ઓમ્'ના દીર્ઘ ધ્વનિનો અંતરમાં સ્વર ઉપજાવે છે. દર્શનથી નેત્રને શીતલ અને ચિત્તને એકાગ્ર કરીને જીવનમાં સંયમ અને શાંતિ પૂરે છે.

ઉપરાંત વ્યવહારમાં પણ સરલતા કરી આપે છે. જંગલમાં જ્યાં મોટાં ઝાડને કાપીને હરદ્વાર જેવા રેલવે સ્ટેશને લાવવાનાં હોય ત્યારે ગંગાજીના પ્રવાહમાં વહેતાં મુકાય છે. ચોમાસાના ઊભરાતા પ્રવાહમાં જંગલમાં અકસ્માત્ પડી ગયેલાં ઝાડનાં ઝાડ તણાઈ આવે છે. કાંઠે રહેનારાં લોકો એ લાકડાને પ્રવાહમાંથી ખેંચી લઈને અથવા કાંઠા ઉપર ચડી ગયેલાં હોય એવાં લાકડાંને ઉપાડી-વીણીને બળતણ તરીકે ઉપયોગ કરે છે.

વસિષ્ઠગુફા પાસે ભેખડના એક ખૂણાથી બીજા ખૂણા સુધી વિશાલ પટ છે. કાંઠે તણાઈ આવેલાં નાનાંમોટાં લાકડાં વીણવા ગંગા ગઈ. મને પણ કાંઠે ફરવા જવાનું મન થયું. એ એક ખૂણા તરફ ગઈ, મેં બીજે છેડે સ્મશાન તરફ જવાનું પસંદ કર્યું.

ગઇ કાલે જ કોઇ શરીરનો અગ્નિદાહ થયો હતો. અર્ધદગ્ધ શવને ગંગાના પ્રવાહમાં વહેવરાવી દેવાનો રિવાજ છે; એટલે પાછળ એવાં જ અર્ધદગ્ધ લાકડાં પડયાં રહે છે. હું એ દિશામાં ગયો. નાનાંમોટાં લાકડાં પડ્યાં હતાં, એને ઉપાડીને પાણીથી દૂર એક ઠેકાણે ગોઠવ્યાં. પણ ત્યાં એક બીજું દૃશ્ય જોયું.

શવને બાંધીને લાવેલી નનામીના નાનાનાના વાંસના કટકા પડયા હતાં. પાસે જ પડયા હતા એ ભીના ફાટેલા કોથળા. કદાચ એમાં જ શવને બાંધીને લાવ્યા હોય. ગરીબ પહાડીને જ્યાં અન્નવસ્ત્રનાં ફાંફાં હોય ત્યાં કયાં શાલદુશાલા મડદું પામે! મેં કોથળા ઉપાડયા. પાણીમાં બોળીને ધોઇને સાફ કર્યા અને થોડે દૂર પડેલા મોટા પથ્થર ઉપર સૂકાવા નાંખ્યા, રાત્રે ગુફામાં પાથરવામાં કામ લાગે એવા ઉદ્દેશથી.

સ્મશાન, શવને અગ્નિદાહ, ભગવતી ભાગીરથીનો પ્રવાહ, વસિષ્ઠ-ગુફાનું એકાન્ત—બધી ચમત્કારભૂમિની લીલા! હું કોથળા સૂકાવાની રાહ જોતો મોટા પથ્થર ઉપર બેઠો; અને પ્રવાહમાં દૃષ્ટિને રૂંધી. भस्मान्तम् शरीरम् એ ઇશ ઉપનિષદ્‌નો મંત્રભાગ યાદ આવ્યો.

પણ શાંતિમાં ભંગ પડયો. ગંગા બીજે છેડેથી લાકડાં વીણતી મારી પાછળ આવી પહોંચી ને બોલી: "બાપજી! આ શું કર્યું? મડદાના કોથળા આપે શા માટે ધોયા! સુકાવા નાંખ્યા છે?! અને આ બળેલાં લાકડાં એકઠાં કર્યાં?! આવું આપણે શા માટે વાપરીએ? બીજાં લાકડાંની ક્યાં ખોટ છે?" એ બાજુ મારી પીઠ હતી, એટલે એને બોલતી સાંભળતાં મેં પાછું ફરીને જોયું તો એના

ખભા ઉપર લાકડાંનો ભારો હતો. મને લાકડાં ઉથામતો અને કોથળા ધોતો જોઇને જ એ આવી હશે! હતું પણ એમજ; એણે ભારો નીચે મૂક્યો. બળેલાં લાકડાં ઉપાડીને એક પછી એક જલપ્રવાહમાં ફેંકવા માંડ્યાં. અર્ધદગ્ધ શવની પાછળ પાછળ જઇને એ અર્ધદગ્ધની સમાન દશા થાય એ હેતુ હશે! હું જોયા કરું છું; એક એક કરીને લાકડાંને પ્રવાહમાં ગંગા ફેંકયા કરે છે; સ્મશાનનાં લાકડાં બીજા કામમાં કેમ લેવાય? ગંગાજળના બિન્દુમાત્રના અંતિમ પાનથી મરણાંન્ત મનુષ્ય સદ્‌ગતિ પામે છે એમ હિંદુ શાસ્ત્રો માને છે! એ પવિત્ર જલમાં આ લાકડાંને શુદ્ધ કરવાની શક્તિ કેમ ન હોય!? જે કોથળાને ગંગાજલે વિશુદ્ધ કર્યા તે શા માટે વપરાય નહિ?! અને એવી જ માન્યતા રાખવી હોય તો શવની સાથે એ બધાંને પૂરેપૂરાં ભસ્મીભૂત શા માટે ન કર્યાં?

આ રૂઢિ અને આ લોકબુદ્ધિ! શાસ્ત્રની આજ્ઞાપાલનમાં પણ પ્રમાદ અને આળસ! લાકડાંની છત અને કોથળાની નજીવી કિંમતને લીધે એ ત્યાજ્ય અને અગ્રાહ્ય! લોકાચાર આમજ બધે જીતી જાય છે! મૂલ સિદ્ધાન્તને શાસ્ત્રીય શોધનની કસોટી ઉપર ચડાવવાની બુદ્ધિ જ બહેર મારી જાય ત્યાં ગતાનુગતિક ન્યાયે જ જીવન ચાલે!

લાકડાં ફેંકાઇ ગયાં. એણે એકે એકકોથળો હાથમાં લઇ ને તપાસવા માંડ્યો, કોથળા તદ્દન નવા હતા; મડદા ઉપરથી ઉતારીને જ ફેંકી દીધા હશે એટલે અગ્નિસ્પર્શ નહોતો થયો! મારે હવે બોલવું પડ્યું.

"કેમ એને ય ગંગામાં પધરાવી દેવા છે કે શું? તું યે ગંગા જ છે ને! તારો હાથ અડયો એટલે એ તો પાવન થઇ ગયા! રહેવા દે, ગુફામાં પાથરીને બેસવા-સૂવાના કામમાં આવશે. મેં એને ધોઇને સૂકવવા નાંખ્યા છે. આત્મા તો શિવસ્વરૂપ છે; શિવોઽહમ્ બોલીને વેદાન્ત પુકારે છે, શિવનું સ્થાન સ્મશાનમાં છે; ત્યાં તો બધાં પ્રાણીમાત્ર **શવ** છે; એ શવની વચ્ચે જ શિવજી મહાલે છે; ત્યાં આ કોથળાની

શોભા જ સારી લાગે. તું યે બહુ વહેમી લાગે છે! એ જ કોથળા ધોઇને કોઇ બજારમાં વેચી આવે તો તું ત્યાંથી ખરીદી લાવીને એમાં ખાવાનું અનાજ ભરે." મેં એને કોથળા નાંખી દેતાં વારી. એણે કોથળો મૂકવીને કહ્યું :

"પણ બાપજી! આ તો નજરે જોયેલું એટલે આંખનું ઝેર એમાં ભરાયને! એને વાપરીએ ત્યાં સુધી સ્મશાન અને મડદું જ યાદ આવ્યા કરે!" એણે દલીલ કરી, છતાં મારી સૂચનાને સ્વીકારી.

"એમ થાય તો યે શું ખોટું છે? સ્મશાન યાદ રહે એ તો સૌથી ઉત્તમ. આપણો વૈરાગ્ય જાગ્રત રહે ને! એના જેવું બીજું રૂડું શું? શરીરનો છેલ્લો વિશ્રામઘાટ તો સ્મશાન જ છે ને?! શરીર શવ છે અને અંતર્યામી ચેતન શિવ છે: શિવ અને શવ બન્નેનો વાસ તે સ્મશાન! જ્યાં જ્યાં શિવ-શવ જેવું—જીવતા મડદા જેવું આ શરીર બેસે, ઉઠે કે રહે એ બધું સ્મશાન નહિ તો બીજું છે શું? આત્મા તો એક અખંડ અદ્વિતીય અને ચૈતન્યસ્વરૂપ હોવાથી સર્વવ્યાપક છે; બાકી જે છે તે અંતઃકરણમાં પડેલાં એનાં પ્રતિબિંબ અને પંચભૂતનાં બનેલાં શરીરો, એ બધાં ભૂત જ છે ને! શિવસ્વરૂપ આત્મા એકલો એની વચમાં વિરાજમાન છે. ચૈતન્યની નચાવી નાચે એવી ભૂતાવળથી ભરેલું આ વિશ્વસ્મશાન નથી તો બીજું છે શું? તને આવી આ સ્મશાનના કોથળા તથા મડદાને બાળેલાં લાકડાં ઉપર ઘૃણા આવી એ ત્યાગ ખરો, પણ વૈરાગ્ય અને જ્ઞાનદૃષ્ટિથી તો એમાં કશું યે આશ્ચર્ય પામવા જેવું નથી. વિચાર કર, ગંગા! तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम्‌વાળું સ્તોત્ર તને સ્વામીજીએ સમજાવ્યું છે કે નહિ?"

ગંગા સમજશે કે નહિ એનો વિચાર કર્યા વિના મેં તો અદ્વૈત વેદાંત બોલવા માંડયું. હું મારા રંગમાં આવી ગયો હતો. ભગવાન

શંકરાચાર્યના સિદ્ધાંતબિંદુસ્તોત્રનો વિચાર ચાલતો હતો, એટલે એવા જ ભાવાર્થનું એને કહી નાંખ્યું.

"પ્રભુ! એવું સંસ્કૃત તો હું નથી સમજતી, પણ શિવજી સ્મશાનવાસી છે અને એમની આસપાસ ભૂતો નાચેકૂદે છે એવું તો શિવવિવાહનાં ભજનો આવે છે એમાં સાંભળ્યું છે. ગુરુજીએ એક વાર આપ બોલ્યા એવા સ્તોત્રનો કંઈક અર્થ પણ સમજાવ્યો હતો. આવતાજતા સાધુસંન્યાસીઓ "'શિવોઽહમ્' બોલ્યા કરે છે એ પણ સાંભળ્યું છે. અને બાપજી! એટલું તો જાણું છું કે આત્મા ચેતન છે ને એ વિનાનું બીજું બધું જડ છે; એ પંચભૂતનો આ બધો વિસ્તાર છે. આપ કહો છો એ સાચું છે કે શિવજીની આસપાસ જે કંઈ હોય તે ચેતનવિનાનું પંચભૂતનું જડ શવ જ હોય. શિવસ્વરૂપ મહાદેવ એકલા ચેતન અને બીજું બધું પંચભૂતનાં તત્ત્વોનું મિશ્રણ." આ વૈરાગ્યગોષ્ઠી પૂરી થાય છે એટલામાં તો અમારી બન્નેની નજર ગુફા તરફથી આવતા સ્વામીજી તરફ વળી. સ્વા. મોહનાનંદજીને આ તરફ આવતા જોયા. અમારી ચર્ચા બંધ થઈ; પહેલાં મેં એમને જોયા અને કહ્યું: "ગંગા, સ્વામીજી ઊઠીને આ તરફ આવે છે."

"હા જી, સ્નાન કરવા આવતા હશે. હવે આરામ થઈ ગયો હશે," એમ બોલીને અમે બન્ને એમના અમારી પાસે આવવાની રાહ જોતાં ઊભાં રહ્યાં. ધીરે ધીરે ચાલતા એ અમારા તરફ જ આવ્યા. સ્નાન કરવાની જગ્યા આ નહોતી, પણ સ્મશાનને ઓવારે અમને જોતાં આ તરફ આવવાની જિજ્ઞાસા ઊપજી હશે. ગંગાએ લાકડાંનો ભારો ખભે ઉપાડવાની તૈયારી કરી. મેં કોથળો ખંખેરવા માંડ્યો.

"શું કરો છો? સ્વામીજી! સ્મશાનના કોથળા લીધા?" પાસે આવીને હસતાં હસતાં એમણે કહ્યું: "ગંગા, તું લાકડાં લેવા આવી

હતી ? આ મસાણનાં લાકડાં કેમ એકઠાં કરી રાખ્યાં છે ? લાકડાં-સંબંધીનો અર્ધો પ્રશ્ન એમણે ગંગાને કર્યો; ગંગાજીમાં બધાં લાકડાં હજુ પધરાવાયાં નહોતાં.

"હા જી ! હું અહીં લાકડાં વીણવા આવી હતી. સ્વામીજી-મહારાજે આ બાજુ સ્મશાન પાસે આવીને આ લાકડાંનો ઢગલો કરી રાખ્યો છે ને કોથળા ધોઈને સૂકવી રાખ્યા છે." એટલું બોલીને એ પણ હસી પડી.

"જુઓ સ્વામીજી ! આ લાકડાં અને કોથળા ગંગાજલથી ધોઈને સ્વચ્છ અને પવિત્ર બનાવ્યાં છે, એમાંથી થોડાં તો ગંગાએ પ્રવાહમાં પધરાવી દીધાં. મોટાં લાકડાં છે તે રાત્રે તાપણું કરવામાં કામ લાગશે ને કોથળા તદ્દન નવા જેવા જ છે તે પાથરી શકાશે. મેં લીધા છે, પણ ગંગાને એ ગમતું નથી. અપશુકન થતા હશે કે અપવિત્ર ગણાતા હશે કે કોણ જાણે પણ ગંગા એ લેવાની ના પાડે છે. એને સ્મશાન ગમતું નથી. મને તો આમાં કાંઈ નવું નથી લાગતું. ધોઇ નાંખ્યા એટલે ચોખ્ખા થયા !" એમ કહીને બન્ને કોથળા મેં હાથમાં ઉપાડી લીધા. સ્વામીજીના ઉત્તરની રાહ જોતી ગંગા ઊભી રહી.

સ્વામીજીને પણ પુષ્કળ હસવું આવ્યું. અમે બન્ને પણ હસવાનું રોકી ન શક્યાં. સ્વામીજીએ કહ્યું: "ગમે તેમ તો યે ગંગા તો સંસારી જીવ ને ! અને વળી સ્ત્રી એટલે એનું વૈરાગ્ય જીરવવાનું ગજું કેટલું ? આપણે ક્યાં ઘર અને સ્મશાન વચ્ચે તફાવત છે ? ચાલ, ચાલ, હવે લાકડાં લઈ જા; ભીમપુરી આવ્યો નથી; સ્વામીજી ભૂખ્યા છે કે કાંઇ ખવરાવ્યું ? મને ય ભૂખ હવે લાગી છે. ભીમપુરી કહેતો હતો કે રસોઈ અહીં કરવાની છે ને દૂધદહીંની ગોઠવણ કરીને જલદી આવું છું ; પણ આ તો ચાર વાગવા આવ્યા ! એ ક્યાંક વાતોએ ચડ્યો હશે કે કોઇનું

કામ કરાવવામાં રોકાઇ ગયો હશે. સીધુંસામાન અને વાસણ તો છે ને?" એમણે ગંગાને રસોઇની અને ભીમપુરી ન આવવાથી થયેલી અવ્યવસ્થાની વાત કરી.

"પ્રભુ! રસોઇ અહીં કરવાની હતી એ વાત સાચી પણ આપને લૂ લાગી. ભાઈ હજુ આવ્યા નહીં. ઘેરથી રોટલાશાક થોડું લાવી હતી તે સ્વામીજીને ચા સાથે ખવરાવ્યું છે. આપ સૂતા હતા એટલે મેં રસોઇની તૈયારી નહોતી કરી. આપ શું ખાશો? ખીચડી કે દાળભાત? આપની તબિયત ઠીક નહોતી એટલે આપને પૂછ્યા વિના હું શું ચૂલે ચડાવું?" ગંગાએ અત્યાર સુધી પોતે કરેલી વ્યવસ્થાની સમજણ આપવાનો યત્ન કર્યો.

"હું સૂતો હતો પણ સ્વામીજીની તને જરાયે કાળજી જ નહીં! એમને દાળભાત કરીને કેમ ન જમાડ્યા! ચા સાથે રોટલાશાક ખવરાવ્યાં? તેં મારી ચિંતા રાખી અને મારા એ પૂજ્ય જેવા સ્વામીજીને લૂખુંસૂકું ખવરાવીને લાકડાં વિણાવ્યાં હશે, કદાચ? હું તને ઓળખું છું તો! સ્વામીજીની પાસેથી પણ કામ લીધું હશે; અને નહિ તો વાતોએ વળગી હઈશ? તારું ડહાપણ ક્યાં ઓછું છે?" સ્વામીજીએ મીઠો ઠપકો આપ્યો, અને એમની દૃષ્ટિ કેમ ખોટી કહેવાય? બાહ્ય દેખાવ જ એવો થયો હતો. ત્યારે ગંગાની દૃષ્ટિ પણ કઇ રીતે ખોટી? મને ગંગાએ વાતો સંભળાવી; લાકડાં વીણવા નહીં, પણ સ્મશાનમાં આવી વૈરાગ્ય તાજો કરવાના ઉદ્દેશથી હું અહીં આવ્યો હતો. દેખાવ એવો હતો કે હું લાકડાં વીણતો હોઉં; અત્યાર સુધી રસોઇ ન કરવામાં ગંગાની દૃષ્ટિમાં એના પૂજ્ય ગુરુદેવની શરીરચિંતા હતી. મને રોટલા-શાક અને ચા ખવરાવવામાં એનો હેતુ શુદ્ધ હતો. સ્વામીજી ક્યારે ઊઠશે અને ભીમપુરી ક્યારે આવશે એ બે અનિશ્ચિતપણામાં એણે જે ઉકેલ કાઢ્યો હતો એ શું ખોટો હતો?

મારી દૃષ્ટિમાં આવી વાત ઊભી જ થઇ નહોતી. ગંગાની દૃષ્ટિ અને સ્વામીજીની દૃષ્ટિમાં મતભેદ હતો. સ્વામીજીનો મારા પ્રતિનો પ્રેમભર્યો પક્ષપાત એમાં કારણભૂત બન્યો. ગંગાની દૃષ્ટિમાં ગુરુભક્તિનો ભાવ ભર્યો હતો અને છતાં એને આટલો પણ અવિવેક દાખવવા માટે એના ગુરુદેવે ઠપકો આપ્યો.

સ્વામીજીની ઝીણવટ મને ગમી; ગંગાને પણ પોતે કયાંક ભૂલ કરી છે એમ સમજાયું. મને તો થોડું આશ્ચર્ય અને સ્વામીજી માટે માન થયું એટલું જ! ગંગા ભક્તિમયી છે, એટલે એના આવેશમાં એ કોમલ હૃદય સન્નારીને આવી વ્યવસ્થા કરવાનું જ સૂઝે, એમાં મને નવાઇ ન લાગી. એણે કર્યું છે એ એની બુદ્ધિ પ્રમાણે ઠીક હતું.

પણ સ્વામીજી એમ કયાં જતું કરે એવા હતા?! એમણે ગંગાને ઠપકો આપ્યો. એને થોડી ભોંઠપ આવી, ભારો ઉપાડીને કશોએ ઉત્તર આપ્યા વિના ગુફા તરફ એણે ચાલવા માંડયું.

"ચાલો, સ્વામીજી! સ્નાન કરવું છે ને? પેલી તરફ જઇએ, ત્યાં જ નાહવાની વધારે સગવડ છે, થોડી રેતી છે અને બહુ મોટા પથરા પણ નથી" એમ કહીને સ્મશાનથી ઉલટી દિશામાં ઉપરના પ્રવાહ તરફ ચાલ્યા. હું તો કપડાં નહોતો લઇ ગયો એટલે "આવું છું કપડાં લઇ આવું, આપ જાઓ" એમ કહીને એમને જવા દઈ કપડાં લેવા હું ગુફા તરફ વળ્યો.

કમંડલું-કપડાં લઇને પાછો આવીને જોઉં છું તો સ્વામીજી પાણીથી દૂર શાંત બેઠા હતા—બન્ને હાથ માથા ઉપર રાખીને થાક ઉતારતા હોય તેમ. મેં પાસે જઇને કમંડલું નીચે મૂકયું એટલે એમણે મારી તરફ જોઇને કહ્યું:

"આવી પહોંચ્યા? આજ મને તો માથામાં બહુ નબળાઇ લાગે છે. આટલું સૂઈ રહ્યો ત્યારે થોડી શાંતિ વળી. આપે રોટલાશાક ખાઇને

ચલાવી લીધું ! ગંગાએ રસોઇ કેમ ન બનાવી ? ભીમપુરી પણ કેવો મૂર્ખ કે હજુ સુધી પાછો નથી આવ્યો ?"

"રસોઇની વાત જ નથી નીકળી ! ચા બનાવી તેની સાથે ખાઈ લેવા એણે આગ્રહ કર્યો એટલે મેં ખાઇ લીધું; આપ સૂતા હતા એટલે આરામ આપવા માટે જગાડવા નહીં એમ ગંગાને ઠીક લાગ્યું. ભીમપુરી આવ્યો નહોતો. નવી રસોઇ બનાવવામાં પણ મુશ્કેલી તો ખરી જ ને! આપ સૂતા હતા. ગંગાના મનમાં એમ હશે કે આપ જાગશો અને ભીમપુરી આવશે ત્યારે બધું થઇ રહેશે. રોટલાશાક અને ચાથી મેં તો પેટ ભર્યું છે, હવે આપને માફક આવે એવું બનાવાશે; એણે પોતે તો હજુ ખાધું જ નથી," એટલું કહેતાં હું પણ એમની પાસે બેસી ગયો.

"ના સ્વામીજી ! એમ વાત નથી. ભીમપુરી તો દૂધદહીં લેવા ગયો છે; દાળ, ચોખા તો એ લાવી હશે. દાળભાત કરી રાખ્યાં હોત તો કાંઈ બગડી જાત ? હું જાગત ત્યારે ખાઈ લેત. ભીમપુરી રોકાઇ ગયો એ વાત સાચી પણ એને મારી ચિંતામાં બીજું કાંઈ સૂઝ્યું જ નહિ હોય! મૂળ સ્ત્રીની જાતિ, મને કંઇક થાય ત્યારે એ ગભરાઇ જાય એવો સ્વભાવ, અને બીજી વાત એક એવી છે કે આ વસિષ્ઠગુફા એને મન બહુ વિચિત્ર જગ્યા છે. અહીં તો એ ઘર માંડીને રહી છે. આપણી સાથે અહીં આવી અને થોડા એકાન્ત અને વેદાન્તના સંસ્કાર છે, એટલે એ તો મસ્તીમાં ચડી જાય એવી છે ! વાંચતાં શીખવ્યું છે એટલે દયાનંદ, વિવેકાનંદ તથા રામતીર્થજીના લેખો, વ્યાખ્યાનો અને જીવનચરિત્ર વાંચ્યાં છે. ઘરમાં કામકાજ કરે છે, પણ નિજાનંદના ભાવમાં ને ભાવમાં; બહુ જ પ્રેમાળ, વહાલસોઇ અને સેવાભાવી બાઇ છે. એટલે ભક્તિમાં ને ભક્તિમાં એને રસોઇની વાત યાદ જ નહિ આવી હોય." ગંગાને એ વધારે ઓળખે એ સ્વાભાવિક છે. એના સ્વભાવનું પૃથક્કરણ કરતા હોય એમ એમણે કહ્યું. મેં હવે બપોરના વખતની હકીકત કહેવાના ઉદ્દેશથી વાત આગળ વધારી.

"બન્યું તો છે કંઇક એવું જ સ્વામીજી! પણ રસોઇ ન કરી એમાં અવિવેક મને લાગતો નથી. ભીમપુરી કલાક અર્ધા કલાકમાં આવવાનું કહીને ગયો છે, છતાં નથી આવ્યો અને આપ આરામ માટે સૂઇ રહ્યા. મારે માટે ચા બનાવી તેની સાથે તૈયાર રોટલાશાક મને આગ્રહ કરીને ખવરાવ્યાં અને એ પોતે ખાઇને આવી હતી એટલે રસોઇની ગણતરી તો આપના જાગવા ઉપર જ રખાય ને? ગુફા વાળીઝૂડી ને ચોક વાળ્યો, ચૂલો ગોઠવ્યો, લાકડાં વીણ્યાં, પાણી ભરી લીધું, એણે સ્નાન કર્યું—આવું આવું તો એણે કરી લીધું છે. વચમાં એક વાત બની ગઈ છે એ આપે નહિ જોયું હોય! એના કપાળ ભણી આપની નજર નહિ ગઈ હોય! ચાનાસ્તો કર્યાં પછી હું વાસણ માંજવા અહીં આવ્યો એટલે દોડતી એ મારી પાછળ અહીં આવી; સાથે સાથે સ્નાન કરવા અને પાણી ભરવા માટે ઘડો પણ લાવી હતી. મારી પાસેથી વાસણ લીધાં, હું કમંડલું ભરીને ગુફા તરફ ચાલ્યો. એણે સ્નાન કરવા માંડ્યું, ત્યાં પ્રવાહમાં સામેથી તરતો નાગ આવતો જોયો અને પથરાઓમાં પગ લપસી પડવાથી એ પડી. "ઓ! મા!" કહીને બૂમ પાડી એટલે મેં પાછા ફરીને ઊભી કરી! માથામાંથી થોડું લોહી નીકળ્યું. બહુ ઊંડા પાણીમાં હોત તો તણાવા માંડત અને બચવું મુશ્કેલ થઈ પડત.

"પછી તો એ ગુફાપાસે આવી અને હું બેઠો હતો ત્યાં આવીને બેઠી. આપે મારા માટે માયાળુ શબ્દો કીધા હશે એટલે આપના પ્રતિની ઉપકાર વૃત્તિની સરલતાથી વાતો કરવા માંડી. બાઈ સરલ અને વહાલસોઈ છે એમ લાગે છે. મને તો લાગ્યું કે એના જીવનના આપ જ મુખ્ય ઘડવૈયા છો. એને માટે આપે પ્રાણાન્ત વેઠ્યું છે, એવું એવું ઘણું એણે કહ્યું." મેં ગંગા સાથેની વાતનો સાર કહ્યો. ગંભીરતાથી એ સાંભળી રહ્યા. હજુ માથે હાથ મૂકીને જ બેઠા હતા. કશું યે બોલ્યા જ નહિ. મૌનનું કારણ ન સમજાતાં મેં આગળ કહેવા માંડ્યું:

"મને તો એમાં આપને મારે બહુ જાણવા મળ્યું અને એક ગોસાંઇની પહાડી કન્યાનું જીવન ધન્ય બન્યું એ કાંઈ ઓછી વાત નથી. સંસાર તો સંસારની રીતે ચાલ્યો જાય છે, આપણે આત્મભાવે જીવન વિતાવીએ એમાં સત્ત્વગુણના ઝીભરા જેવાં દયા, કોમલતા, કરુણા જેવાં લક્ષણો આપણા પરિચિત સ્વજનનું કલ્યાણ કરે એના જેવો બીજો આત્મલાભ આપણને ક્યાં મળવાનો હતો? પણ આપ શું વિચારમાં પડી ગયા? તબિયત હજુ ઠીક નથી?!" મેં મૌન તોડાવવા એમને પ્રશ્ન કર્યો.

"કંઇક વિચાર ને કંઇક તબિયત પણ. આપણે રાત્રે એ વિષે વાતો કરશું, મારે કે આપણે ગુપ્ત જેવું શું હોય?! હવે તો મન હારીને બેઠું છે! મારી કહેવાની મતલબ તો જુદી જ હતી. ગંગા બહુ જ લાગણીપ્રધાન છે, એટલે જ્યાં જરા વિશુદ્ધ આનંદ અને સંતકૃપા મળી એટલે ઉલ્લાસમાં આવી જાય છે. બાકી કશું યે નહિ! એનું પ્રારબ્ધ પણ વિચિત્ર હતું. અત્યારે તો એ દરિયો ઝીતરીને કાંઠે બેઠી છે, અંતરાયો પાર કરીને હવે નિર્દોષ આનંદ ભોગવે છે. હૃદય સારું છે, વસ્તુસ્થિતિ ઝડપથી સમજી જાય છે, એના પિતા બહુ સારા હતા; એટલે સંતાનોમાં ભીમપુરી અને ગંગા બહુ સારાં નીવડ્યાં. બન્ને વિવેકી અને સેવાભાવી. પિતા સંસ્કારી હતા એટલે પુત્રપુત્રીઓને પરણાવવામાં વિચારભરી છૂટ લીધેલી. ગંગાને નાનપણથી ભણાવી ગણાવી લાડમાં ઉછેરેલી એટલે એ પંદર-સોળ વર્ષની થતાં જ પરણી બેઠી. પરણી બેઠી એમ કહેવું એમાં પણ સંજોગો જ વિચિત્ર છે. એણે જાતે જ ઘર માંડયું, પિતાએ કબૂલ કર્યું : પણ ભાવી વિપરીત નીકળ્યું. એનો પતિ થનાર બ્રહ્મચારી અહીં રહેતો હતો. જુવાનીમાં ઘર છોડીને આ વસિષ્ઠગુફામાં આવીને જપતપ કરે, સાધના કરે અને હતો બુદ્ધિશાલી એટલે ભીમપુરીના બાપને એ છોકરો ગમી ગયો. સહવાસ વધવા દીધો. લોકરૂઢિનો ત્યાગ કરીને પણ ગંગા અહીં રહેવા આવી, અને જુવાનીમાં એણે પણ એના પતિની સાથે જાતજાતનાં

તાંત્રિક વામમાર્ગનાં અનુષ્ઠાન કર્યાં; ત્રણેક વર્ષ અહીં રહીને બન્ને ગયાં બંગાળમાં અને ત્યાંથી ગુજરાતમાં જઈ વસ્યાં. વામમાર્ગી સાધના ને સાધનામાં જીવન બગડ્યું; પાંચેક વર્ષે એને ભૂલ થાય એમ લાગ્યું. જીવન તો પતિવ્રતાનું રહ્યું પણ મનમાં ભ્રાન્તિ પેઠી; દેવદેવીની ઉપાસના, મંત્રજપ, યંત્રો બનાવવાં, અને એવા કંઈ કંઈ ધંધામાં એનો પતિ પાવરધો હતો એટલે ધમાલ કરી મૂકી.

"ગંગા અંદરથી મૂઝાવા માંડી; એના પિતાનો દેહાન્ત થઇ ચૂક્યો હતો. ભગવાનપુરીની દશા તો વિચિત્ર હતી જ; જોગલાની માનું પણ વિચિત્ર જીવન હતું. એ મરી ગઈ. ઘરમાં ભીમપુરી, જોગલો અને ભગવાનપુરી હતા. ભીમપુરીને માથે ઘરનો બોજો વધી ગયો; અને હું બેત્રણ વર્ષ પંજાબમાં ફરવા ગયેલો ત્યાંથી અહીં આવીને જોઉં છું તો ભીમપુરીની ચિંતાનો પાર નહીં.

"સ્વામીજી! આપણા સાધુસમાજમાં ક્યાં કશી વ્યવસ્થા રહી છે? તત્ત્વજ્ઞાનનાં સ્વપ્નાં રહ્યાં છે, અથવા કાશી વ. તીર્થોના પંડિતોના પુસ્તકિયા ભણતરમાં બ્રહ્મવિદ્યા અટવાઈ પડી છે. કથાપારાયણો અને ઉત્સવોમાંથી સંન્યાસીઓ ઊંચા આવતા નથી. પંજાબમાં બ્રહ્મવાચક સાધુઓનાં ટોળાં ઊભરાય છે, પંજાબમાં વેદાન્તની બોલબાલા વધી પડી છે. ગામેગામ સંતોની સેવા અને વિચારસાગર પુસ્તકનું બ્રહ્મજ્ઞાન અઢળક ઢોળાય છે.

"જુઓને આ આપણું હૃષીકેશ! શિયાળામાં પાંચસો ઉપરાંત પરમહંસો ઊભરાય છે! દંડ ન રાખે, વેદાન્ત બોલી જાણે, બે પાંચ વસ્ત્રથી ચલાવી લેતા હોય એવો દેખાવ કરે, કરતલ ભિક્ષામાં જ ત્યાગ માને, ક્ષેત્રમાં ઊભા ઊભા માધુકરી ખાય, અને ઘાસની પર્ણકુટિમાં શિયાળો ગાળી ઉનાળામાં પંજાબના ઠંડા મુલકમાં અને ચોમાસામાં ઓછા વરસાદવાળા મારવાડના પ્રદેશમાં જઇ આરામ કરે; આવું એમનું વખત વિતાવવા પૂરતું જ જીવન રહ્યું છે. આ આપણા પરમહંસ!

"સાચા સંતો તો શાન્ત થઇને બેઠા છે; મારવાડી અને પંજાબી અન્નક્ષેત્રના સંસ્થાપકો કેટલા ત્યાગી, સેવાપરાયણ અને ઉદાર જ્ઞાની હતા! એમના પ્રતાપે તો હૃષીકેશમાં સાધુઓને બધી સગવડો થઇ. અન્નવસ્ત્ર, એકાન્ત, ગંગાનિવાસ, સત્સંગ અને ધ્યાન, જ્ઞાન માટે કેટલી બધી અનુકૂળતા!

"પણ થાય શું? રાજ્યસત્તાને ધર્મસુધારણાની કશી પડી નથી; ઊલટા ખાનગી ગુપ્તચરો—સી. આઇ. ડી ખાતાવાળા જ સાધુઓનો વેશ ધારીને ફરે છે: એ વેશમાં ગમે ત્યાં જઇ શકાય, અને સૌની સાથે હળીમળી શકાય ખરૂં ને?

"વેદાન્તનું અદ્વૈત તત્ત્વ ઝીલવું જીરવવું, અને પચાવવું અઘરૂં. દ્વૈતના ખંડનને બહાને કર્મ, ઉપાસનાની ખોટી નિન્દા વધી પડી. એટલે જાણ્યેઅજાણ્યે ભગવાં પહેર્યાં પછી જ્યારે દેહવાસના સતાવે એટલે મંત્રજપ અને અનુષ્ઠાનો તથા વૈદ્ય વિદ્યાનો આશરો લઇને વેષધારીઓ ફર્યા કરે! મારવાડમાં જુઓ તો પંચોત્તેર ટકા વૈદ્યો સાધુસંતો! પંજાબમાં એટલા જ વિચારસાગર ભણીને બનેલા બ્રહ્મજ્ઞાની વિરક્તો! કાશી તરફ જાઓ તો જ્યાં ત્યાં ષડ્દર્શનવાદમાં રચ્યાપચ્યા રહેનાર પંડિતો! બંગાળમાં તો તાવીજ, મંત્રજપ, દેવદેવીઓનાં ભજનકીર્તન અને તંત્રશાસ્ત્રનાં જાતજાતનાં અનુષ્ઠાનો અને ચમત્કારની જ જાણે દુકાનો ચાલતી હોય! અયોધ્યા, વૃંદાવનમાં ભજન-કીર્તન, રામલીલા, રાસલીલાનો જ ઠાઠમાઠ,— આવી દશામાં સમજીને સ્વાંગ પહેરનારો એકલદોકલ સાધુ બધાની વચમાં મૌન રાખીને ન રહે તો કરે શું? સ્વા. દયાનન્દ સરસ્વતીએ આર્યસમાજ સ્થાપી અને સુધારણાનો ઝંડો ઉપાડ્યો, એની સંસ્થાઓ વેદાધ્યયન, સ્ત્રીશિક્ષણ અને મૂર્તિમંદિરોનું ખંડન કર્યા કરે છે એવી દશા ચોમેર ફેલાયેલી છે; બ્રાહ્મસમાજ, આર્યસમાજ, ધર્મસમાજ, નાતપાંતતોડક-મંડળ, શીખસંપ્રદાય, અકાલીદલ એવાં એવાં સુધારણાનાં મંડળો છે,

પણ આટલા મોટા દેશમાં એ કરી શું શકે? અને એમને રાજ્યની મદદ નહીં.

"છેલ્લા છેલ્લા થયા રામકૃષ્ણ પરમહંસ, સ્વા. વિવેકાનંદ અને સ્વા. રામતીર્થ; એ ત્રણયેના ભવ્ય વ્યક્તિત્વની ઘોષણાએ કંઇક જાગ્રતિ વધારી: જ્ઞાન, ભક્તિ અને કર્મના ક્ષેત્રમાં સાચી દૃષ્ટિ ઉઘાડવાનાં એમનાં ભાષણો અને ચરિત્રોએ અંગ્રેજી ભણેલાઓની આંખ ઉઘાડી અને ત્યારથી કંઇક બધે સાચી સમજણ આવવા માંડી છે, અને દેશભક્તિના વીરો હવે તો વધી પડ્યા. એથી સાધુસમાજમાં પણ ભરતી ઊતરવા માંડી—ઓટ આવ્યા.

"ઉચ્ચ વર્ણ, કુલ અને સંસ્કારવાળા કુટુંબમાંથી ચતુર્થાશ્રમી બહુ થોડા થવા માંડ્યા. વિલાયતી કેળવણીએ ત્યાગ અને સંતસાધુઓને "બાવા," શાસ્ત્રોને ગપ્પાં, કર્મકાંડને ઢોંગ, વ્રતતપજપને નકામી કડાકૂટ કહેવડાવીને પ્રજાને એવી તો નાસ્તિક બનાવી મૂકી કે લોકોને ઇશ્વરને નિમિત્તે પાઠપૂજા જેવું કશું યે કરવામાં શરમ લાગવા માંડી: અને પંજાબ વગેરે દેશમાં જુઓ તો ખરા! અંગ્રેજી ભણ્યો, સરકારી નોકરી મળી, વકીલ કે દાકતર બન્યો એટલે ઘરની રહેણીકરણી જ બદલાઇ જાય! ખુરસી ટેબલ વિના ખાવાનું ગમે નહિ; જુવાનિયાઓને તો 'બાબુજી' જ કહેવા પડે! બસ! સ્વામીજી આવી રહેણીકરણીમાં સારા સાધુઓ ગણ્યાગાંઠ્યા અને તે પણ શાંત એકાન્તમાં રહેવા માંડ્યા; વધી પડી લેભાગુઓની જમાત; એમાંથી કોઇએ મંત્રતાવીજ, તો કોઇ વૈદું, કોઈ દોરાધાગા, તો કોઈ ભૂતપ્રેતના વળગાડને કાઢવામાં જ મોટાઈ માનવા માંડ્યા!"

મારી ધીરજ હવે ખૂટી પડી; માથે હાથ મૂકીને, જમીન તરફ મોં રાખીને બોલ્યા જ જતા હતા, કેમ જાણે રેડિયો બોલતો હોય!

"સ્વામીજી! સરસ વ્યાખ્યાન આપો છો! ખરા આર્યસમાજી! આવી દૃષ્ટિ બીજાની ન હોય! પણ, ચાલો હવે સ્નાન કરી લઈએં!

એ સંસાર તો એમ જ ચાલ્યા કરવાનો." મેં સખત કટાક્ષ કર્યો; એ પોતે પહેલાં આર્યસમાજી હતા એટલે એમની સમાજ માટે એવી દૃષ્ટિ હોય જ એમ મને લાગ્યું એટલે કહી નાંખ્યું.

એ ચમકયા, અને ઊંચે દૃષ્ટિ કરીને મારા તરફ જોયું. મેં પુનઃ કહ્યું: "સ્વામીજી ! કાલધર્મ જ એવો છે એમાં આપણે દોષ જ જોયા કરીએ તો ગુણગ્રાહી બનીને દૃષ્ટિ નિર્મળ કરવાનો અવસર જ ન મળે."

"સ્વામીજી ! આ તે કાંઈ હદ છે ! અને હું કહેવા તો માગું છું ગંગાની જ વાત; પણ એ વેષધારીઓના સહવાસમાં આવી હતી, એમાંથી બચાવવા જતાં મને અનુભવ થયો એનું વર્ણન મારાથી થઈ ગયું. મારો ઉદ્દેશ છે ગંગાનો બ્રહ્મચારી સાથેનો સંબંધ અને એમાં જોયેલી ઢોંગી સંતલીલા બતાવવાનો ! આપ પણ બધે ફર્યા છો એટલે આવું જાણતા તો હશો જ; લાંબું બોલાઈ ગયું એથી આપને વિચિત્રતા તો જરૂર લાગી હશે." એમણે આવું બોલી નાંખવા છતાં પણ પોતાનો બચાવ કર્યો.

"હું સમજી ગયો છું આપ શું કહેવા માગો છો તે; તાંત્રિક સાધનાનો ઉત્તર માર્ગ બહુ વિપરીત છે: વામમાર્ગમાં ભ્રષ્ટાચારી સાધન-પ્રણાલી છે; ભાતભાતના પ્રયોગો છે, અને પંચમકારનો છૂટથી ઉપયોગ થાય છે ! બોલો આ જ છે ને આપની વાતનો ટૂંકો ને ટચ સાર ?! ચાલો સ્નાન કરીને ગુફા તરફ જઈએ હવે." મેં વાત બંધ કરીને ગંગાતટ તરફ જવા માંડયું. એ પણ ઊઠીને સાથે થયા.

## વર્ણક સાતમો

### બીજી રાત

સવારે ઝરણામાં સ્નાન કરીને ‘પિલાવ’ પીધો હતો. અહીં આવ્યા પછી મોહનાનંદજીને લૂ લાગી એટલે એમણે આરામ કર્યો. ભીમપુરી દૂધ-દહીંની સગવડ કરવા ઊંચે પહાડ ઉપર ગયો હતો તે હજુ આવ્યો નહોતો. મને ગંગાબહેને ચા-રોટલા જમાડ્યા હતા. વચમાં કૌતુકભરી વાતો થઈ અને ગંગાને અકસ્માત પણ થઈ ગયો.

ઝરણામાં સ્નાન કર્યું હતું ખરું, પણ ભગવતી ભાગીરથીનાં દર્શન થાય, એને રમણીય એકાન્ત તટે રાતવાસો કરવાનો હોય, બ્રહ્માના જ્યેષ્ઠ પુત્ર વસિષ્ઠ ઋષિનાં નામાભિધાન પામેલી ગુફાએ અમારી જમાત સાત્ત્વિક આનંદ માણવા આવી હોય ત્યારે ગંગામૈયાના સત્ત્વશીલ જલપ્રવાહમાં બેસીને સ્નાન-અવગાહન કરવા માટે મનમાં ભાવ ઊભરે, એ રોકાય ખરા !?

અમે ગંગાતટ તરફ વળ્યા. મોહનાનંદજી બહુ દૂર ન આવ્યા, શારીરિક અશક્તિને લીધે પાસે જ કિનારે બેસીને કમંડળ વડે એમણે નાહવા માંડ્યું. હું જરા ઉપરવાસ ચાલ્યો. થોડી રેતીવાળો કાંઠો હોય, કમરપૂર પાણીમાં બેસીને સ્નાન માણી શકાય એવી શોધમાં આગળ ચાલતાં પૂરેપૂરી તો નહિ પણ અરધી સગવડ વાળી જગ્યા સાંપડી.

કપડાં કિનારા પર મૂક્યા. સાયંકાલ થવાની તૈયારી હતી. વસિષ્ઠગુફા પાસે ગંગાના બન્ને કિનારા ઉપર ઊંચી ભેખડો છે ને ઊંચા પહાડો

છે. એટલે ભગવાન સૂર્યનારાયણ પશ્ચિમ તરફ અસ્તાચલમાં વહેલા ઊતરી પડે છે; પોતાના સહસ્રરશ્મિ ભંડારને સંકેલીને સરી પડે છે ગોલાર્ધના પશ્ચિમ પ્રદેશને અજવાળવા અને પ્રાણસંચાર કરવા. પાંચેક વાગ્યાનો વખત થઈ ગયો હશે. અને એની સાથે જ આકાશમાં વાદળાં ઘેરાવા માંડ્યા હતાં તેથી અંધારું થવાની તૈયારી હતી.

કિનારે બેસીને ગંગાજલથી મસ્તક ઉપર પડેલાં માર્જન કર્યું; ગંગામૈયાને માનસિક પ્રણામ કર્યા; ભીષ્મજનની પાસે પ્રાર્થના કરી કે, 'મૈયા ભગવતિ! તારા પાનપોષણથી ભીષ્મમાં બ્રહ્મચર્યબલ જામ્યું; શ્રી કૃષ્ણ યુગના એ હતા નિશ્ચલ વૃત્તિવાળા અખંડ બ્રહ્મચારી, એમના આજીવન વ્યવહારનું અવલોકન કરું છું ને પ્રાણમાં સ્થિરતા, ચિત્તમાં શાંતિ અને અહંભાવમાં બ્રહ્મભાવ ઊતરીને સ્વરૂપાનંદ માણે છે!'

ઊભા થઈને જલમાં પ્રવેશ કર્યો; પથરામાં પગ જમાવીને ઘૂંટણભર પાણીમાં આસન જમાવ્યું. સામે પ્રવાહે બેસીને ૐ ૐ ૐ ના દીર્ઘઉચ્ચાર સાથે માથા ઉપર શીતલ વારિની છાલકો મારી મારીને સ્નાનનો આનંદ લેવા માંડ્યો. સંન્યાસીનું મુંડન કરેલું મસ્તિષ્ક તો જાણે સાક્ષાત્ શિવલિંગનો જ આકાર; યોગીઓ કહે છે કે એમાં સહસ્રદલ કમલ ખીલેલું છે, એમાંથી જ્ઞાનાગ્નિનાં ઓજસ ઊછળે છે; મસ્તિષ્કથી પણ બાર આંગળ ઉપર અને આસપાસ માનવી પ્રકૃતિના સપ્તરંગી પ્રાણ-પ્રવાહોના પ્રકાશ પથરાય છે. કોઈ ધ્યાનયોગી રંગદ્રષ્ટા એ જુએ, જાણે, માણે અને ભાવના પ્રમાણે એનાં દર્શન-જ્ઞાન પામે.

ભગવતી ગંગાજીના ગંગોત્રી પાસેના ઉદ્‌ગમથી માંડીને પ્રયાગમાં એ યમુનાજી સાથે સંગમ કરે છે, ત્યાં સુધી અને એથી આગળ જ્યાં બહુમુખ બનીને બંગાળમાં સમુદ્રવહણ કરે છે ત્યાં સુધીની કોઈ પગપાળી યાત્રા કરે તો એનાં દિવ્ય અને ભવ્ય પ્રવાહનાં અનેકવિધ દર્શન થાય; હિમાલયમાં એ ઉછૃંખલ અને નવયૌવના જેવી મદમત્ત બનીને ઘરઘર રવે ઉછાળા મારતી દોડે છે; હરદ્વાર પાસે પર્વતીય

ઊતરાણ પૂરાં થાય છે ત્યારે જાણે સપાટ ભૂમિતલ ઉપર દિશાસ્થાન શોધતી હોય એવી બનીને ગંભીર વિચારમગ્ન થવાના શ્રીગણેશ કરે છે; અને આગળ તો યૌવનમાંથી પ્રૌઢા બનીને સ્વરૂપનો એવો ભવ્ય પ્રવાહ જમાવે છે કે, અસંખ્ય કોટિ માનવીઓએ એનાં ગુણગાન ગાયાં જ કર્યાં છે. શ્રદ્ધાળુઓ સ્નાનપાનથી પાવન થયાના ચમત્કાર સાંભળ્યા છે; અને હિંદુજનતાની શ્રદ્ધાની તો કયાં સુધી વાત કરીએ! મરણોન્મુખ હિંદુ એક જ બિન્દુથી પોતાને કૃતકૃત્ય માને છે; મૃત્યુમાંથી અમૃતનું આસ્વાદન કરીને અમર ધામનો અમરપટ્ટો મેળવી ચૂકયો હોય એવી એને દેહાન્તકાળે શાંતિ થાય છે.

'ગંગે હર! હર ગંગે!' બોલતો બોલતો હું સ્નાન કરતો જાઉં છું. સ્નાનથી પરવારી ગુફા તરફ જલદી જવાનુંયે યાદ આવતું નથી. માથા ઉપર છાલક ઉપર છાલક મારું છું, જાણે મારા મગજની ગરમી શાંત થાય અને જ્ઞાનમાં ગંભીરતા આવે! કેટલો વખત ગયો એનું ભાન ન રહ્યું. પણ એટલીવારમાં, "સ્વામીજી! ચાલો, જલદી કરો," એવી ભીમપુરીની બૂમ સાંભળી; એ મને બોલાવવા આવતો હતો. હું સચેત થયો: પ્રવાહમાંથી બહાર નીકળીને વસ્ત્ર બદલવા માંડયાં; એ મારી પાસે આવી પહોંચ્યો.

"અહો, તમે આવી પહોંચ્યા! આખો દિવસ દૂધદહીં ઉઘરાવવામાં જ કહાડયો! કેમ આટલી બધી વાર થઈ?" મેં એને પૂછવા માંડયું.

"સ્વામીજી! દૂર તો નહોતો ગયો; પેલું ત્રણેક માઇલ દૂર ગામ દેખાય છે ત્યાં જ ગયો હતો, પણ ત્યાં ગામનું પંચ ભેગું થયું હતું. એક ખેતરની વાટાઘાટ ચાલતી હતી. પંચમાં મનેય બેસાડયો. વેચાણની રકમ નક્કી કરવામાં બહુ વખત ગયો. લેનારવેચનાર બન્ને બહુ મક્કમ હતા. છેવટે વેચનારે નમતું મૂકયું એટલે સોદો પત્યો.

ત્યાં મને જમવા રોક્યો. પંચમાંથી ઊઠીને એક બ્રાહ્મણને ઘેર ગયો: દૂધદહીં માટે પૂછતાં પછી એમ જ થયું કે હું પહોંચીશ ત્યાર સુધીમાં સાંજ પડી જશે એટલે પછી ખીચડીશાક બનાવડાવીને જ લેતો આવ્યો છું. અહીં તો સ્વામીજીને નબળાઇ આવી ગઇ; એ ભૂખ્યા રહ્યા ; આપે પણ નાસ્તો કરીને ચલાવ્યું એ બધું સાંભળ્યું. સ્વામીજી મારા ઉપર પણ ગરમ થઈ ગયા. આજ મેં બહુ મોટી ભૂલ કરી. મારા મનમાં એમ કે ચા થાય એટલું દૂધ તો છે. સાથે રોટલાશાક પણ છે; સીધુસામાન પણ છે અને ગંગા છે એટલે મારે મન નિરાંત હતી. પણ સ્વામીજી અકસ્માત્ માંદા પડી ગયા એટલે બધું અણધાર્યું બની ગયું. હવે ચાલો જલદી, સ્વામીજી આપની રાહ જોઇને બેઠા છે, હું ખીચડી, શાક, દહીં અને દૂધ લાવ્યો છું. બધું ગરમાગરમ છે; જે જોઇતું હતું એ જ સ્વામીજી માટે બની આવ્યું.'' એણે વાત પૂરી કરી એટલા વખતમાં મેં કપડાં પહેરી લીધાં એટલે બન્ને ગુફા તરફ ચાલવા માંડયા. સ્વામીજી બહાર શાન્ત બેઠા હતા. આંગણામાં જ્યાં ચા બનાવવા પથરા મૂકીને ચૂલો કર્યો હતો તેની પાસે પતરાવળાંપડિયા તૈયાર હતાં. મને આવતો જોઇને સ્વામીજી આસન ઉપરથી ઊભા થઇને પતરાવળાં તરફ વળ્યા અને મને સાથે આવીને પાસે બેસવા ઇશારો કર્યો, બોલ્યા નહિ તેથી મને લાગ્યું કે ગંગાતટે આપેલા વ્યાખ્યાનથી થાક લાગ્યો હશે.

મારે પણ બોલવાની કશી જરૂર નહોતી. ચા સાથેના શાક-રોટલા પચવા આવ્યા હતા. ભૂખ લાગી હતી, અને ભીમપુરીએ ઊની ઊની ખીચડી, શાક તથા દહીંની વાત કરી એટલે પેટને તો કોણ જાણે પણ મનને ભૂખ નહિ તો ભૂખની ભ્રાન્તિ થઈ જ હતી.

ભોજન માટે અમે બન્ને બેઠા; ગંગાએ પછેડીને છેડે બાંધેલું પોટલું છોડયું. અંદરથી ખાખરાના જેવા લીલા પાનના પતરાવળાંનો

બાંધેલો એક મોટો ગોળો નીકળ્યો; સળીઓ વડે એ સાંધેલો હતો. હું બેઠો બેઠો જોયા કરતો હતો. કારણ કે ખીચડીશાકનાં વાસણ તો હતાં જ નહીં. પીરસવા માટે એક કડછીતવેથો પડયાં હતાં. ભીમપુરીએ દહીં લાવીને પડીઆમાં પીરસ્યું, ગંગા એ ગોળાને ઉકેલવા માંડી. એક, બે, ત્રણ, ચાર, ના પાંચ પતરાવળાંનાં પડ ઉપરા ઉપર ગોઠવેલાં હતાં, ને છેલ્લું પતરાવળું છૂટું થયું તો અંદર હળદર વગરની, અડદ–ચોખાની ખીચડીનો ગોળો નીકળ્યો. ખરેખર, એમાંથી વરાળો નીકળતી હતી. આવી મજબૂત રીતે ચારે બાજુથી પતરાવળાં ને સળીઓથી સીવેલા ગોળામાં બહારની હવા લાગે જ ક્યાંથી ? ત્રણેક માઇલથી એ લાવ્યો હતો. વળી પાછું એ પતરાવળાંના ગોળાને પછેડીમાં બાંધીને લપેટ્યું હતું. ખીચડીની બાજુમાં જ રીંગણાનું શાક હતું. મનોહર સુગંધ આવતી હતી, એમાં નાંખેલા ઘીની.

આ તે સાદાઇ કે શોખ ! દિલ્હી, મુંબઈ, કલકત્તા જેવા શહેરમાં રહેનારા લક્ષાધિપતિઓને ત્યાં જૂની કે નવી ઢબનાં રસોડાં હોય, બબ્બે પાટલા નંખાયા હોય, પાંચપચીસ મહેમાનોની પંક્તિ બેઠી હોય, અને અંદરથી રસોઇયા ગરમાગરમ ભાતભાતની વાનીઓ લાવીને ચાંદીનાં વાસણોમાં પીરસતા જાય એ જો એકાદ મિનિટમાં ઠંડી થઇ જાય તો શેઠસાહેબનો મિજાજ ઊછળે. ટેબલખુરસી ઉપર ખાનારાની નો વાત જ શી કરવી ? એમનાં મન તો વિલાયતનાં સ્વપ્નાંમાં રમતાં રમતાં ખાવાની મઝા માણતાં હોય. ત્યારે બીજી બાજુ આ પહાડના સાદા, ભાવિક, ખેડૂતો રસોઇને કલાકોના કલાકો સુધી ગરમ રાખી શકે; એમાં સ્વાદ ખરો પણ ભૂખ પૂરતો; ખાવાનું ખરું પણ પેટ પૂરતું; શોખ ખરો પણ ગજા પૂરતો; અને આનંદ ખરો પણ સગવડ પૂરતો : ભારતની આ સાદાઇ લુપ્ત થતી જાય છે; સાદાઈને ગામડિયાપણું ગણીને વગોવનારા શહેરો બાંધીને વૈભવવિલાસના મહેલો બાંધે છે ! અને કહેવાય છે કે અમે જૂની સંસ્કૃતિને સુધારીએ છીએ. સંસ્કૃતિ અને એની સુધારણા—કેટલો બધો વિરોધ !

ખીચડીશાક પતરાવળમાં પીરસાઇ ગયાં. ખીચડીમાં ઘી નંખાઇને જ આવ્યું હતું. અડદની દાળની ખીચડી બનાવવાનો રિવાજ પર્વતોમાં સામાન્ય છે. પચાવવા માટે એમાં આદાની કરચો, તથા લીલાં મરચાં સ્વાદ માટે ઉમેરાય છે; શાક, અથાણું ન હોય તો પણ ચાલે.

મોંમાં કોળિયો ભરતાં મરચાંનો તમતમાટ જરા આકરો પડયો; ગંગાએ જોયું અને મને કહ્યું :

"સ્વામીજી, સાથે દહીં ખાતા જશો એટલે મરચાંની તીખાશ ઓછી થશે."

સ્વા. મોહનાનંદજીએ ખીચડી સાથે દહીં પતરાવળામાં જ નાંખીને ખાવા માંડયું; મેં પણ એમની નકલ કરી. ખાવામાં સગવડ થઇ; બોલ્યાચાલ્યા વિના ભોજન ખવાય છે. ભીમપુરી ગંગાતટે સ્નાન કરવા ગયો હતો., ગંગા પીરસી રહી છે. વાતાવરણ શાંત અને ગંભીર છે: 'ગંગા, તેં મારા પતરાવળામાં બહુ ખીચડી પીરસી દીધી; નહિ ખાઇ શકાય." સ્વા મોહનાનંદજી પોણા ભાગની ખીચડી ખાઇને ધરાઇ ગયા.

"છો પડી રહે, પ્રભુ ! ન ખવાય તો." ગંગાએ જવાબ વાળ્યો.

"મને પણ છે તો વધારે પીરસેલી, પણ ખાવાનો જરા સ્વાદ આવે છે એટલે ખાઇ જવાશે." મેં મારી સ્થિતિ દાખવી.

ભોજન પૂરું થયું. ભીમપુરી સ્નાન કરીને પાછો આવ્યો. અંધારું થઇ ચૂકયું હતું. શુકલપક્ષ હોવા છતાં પણ ગુફાની દિશા તથા વૃક્ષોની ઘટાને લીધે અંધકાર જણાતો હતો. ગંગાએ ભીમપુરીને ફાનસ સળગાવીને લાવવા કહ્યું: ફાનસ આવ્યું; ભાઇબહેન જમવા બેઠાં.

સ્વામીજી પોતાના આસન ઉપર જઇને બેઠા, એ કાંઇ પણ બોલતા નહોતા. થાક લાગ્યો હશે, અશક્તિ જણાતી હશે, એટલે નહીં બોલતા હોય એમ મેં માનેલું. વાત સાચી પડી.

"સ્વામીજી! મને અશક્તિ જણાય છે. હું તો આડો પડું છું, થોડીવાર પછી ગંગા જમીને અંદર પથારીઓ કરશે ત્યારે હું ઊંઘી ગયો હોઉં તો મને જગાડજો." એમ કહીને એ પથારીમાં સૂતા.

હું હાથમોં ધોઇને ચૂલાથી થોડે દૂર મારું આસન પાથર્યું હતું ત્યાં ગયો. આકાશમાં વાદળાં ઘેરાતાં હતાં ચંદ્રનો પ્રકાશ રૂંધાતો હતો. હું શાંત બનીને બેઠો. ભાઇબહેન જમી પરવાર્યાં; ગંગા પતરાવળાં ફેંકવા અને બીજાં વાસણ માંજવા ગંગાતટે ગઇ. ભીમપુરી હાથમોં ધોઇને મોહનાનંદજી પાસે ગયો. "અશક્તિ વધારે છે તેથી આરામ લઉં છું" એમ કહીને એ પડી રહ્યા. મેં ભીમપુરીને બોલાવીને એમણે મને કહ્યું હતું તે પ્રમાણે એમની શારીરિક સ્થિતિ સમજાવી.

ભીમપુરી ફરી મોહનાનંદજી પાસે ગયો અને ધીરેધીરે એમના પગ ઉપર હાથ ફેરવવા માંડ્યો, સ્વામીજી એની સેવાનો કરતા સ્વીકાર જણાયા.

મારા મનમાં વિચારમાળા ફરતી હતી, એના મણકાને જોતો તપાસતો સચિંત પણ નિશ્ચિંતભાવે સ્થિરતાનો આનંદ માણતો હું બેઠો હતો.

વસિષ્ઠગુફાનાં દર્શન થયાં; હૃષીકેશથી નીકળ્યાં આજ બીજો દિવસ થયો. બે દિવસના પ્રસંગોનું નિરીક્ષણ કરતાં તો ક્યાંના ક્યાં મનોદેવ પહોંચી જવા માંડ્યા. મોહનાનંદજીનો વિવેચક સ્વભાવ, ભીમપુરીના ગૃહસ્થાશ્રમની સરલ સેવાભાવના, ગંગાનું વિવિધતાભર્યું જીવનઘડતર, એ બધાં જાણવા જોવાનો અવસર સાંપડયો એમાંયે મને ઓછો લાભ છે!

સંન્યાસ આશ્રમમાં પણ અદ્ભુત લાભ છે—જો સમજીને જીવતાં આવડે તો. જ્યાં જ્યાં સત્વગુણના ધર્મોનું દર્શન થાય,

સહવાસીઓના જીવનમાં ભારોભાર ભરેલાં સેવા, ભક્તિ, તિતિક્ષા નિર્મલતા, અને ક્ષમાભરી ઉદારતાના વ્યવહારોના સંપર્કમાં આવવાનું બને ત્યાં બધેથી સાર તારવી કહાડવાનો વિવેક કેળવાય તો કેટલી બધી ચિત્તશુદ્ધિ થાય !

જિજ્ઞાસુનો મુખ્ય ધર્મ જ એ છે કે પોતાના સ્વરૂપને, જાતને, "પોત"ને જોઈ તપાસીને ઓળખવાની તીવ્ર ઇચ્છાનો પ્રાદુર્ભાવ થાય. આત્મા ક્યાંય, પોતાનાથી દૂર પડેલો નથી; એ અશુદ્ધ નથી; એને ઉત્પન્ન કરવાનો નથી; કે એનું રૂપાન્તર કરવાનું નથી. એ જેવો છે તેવો ઓળખી અનુભવી લેવાનો છે—પોતે પોતાના સ્વરૂપથી.

પણ વચમાં માયા પડેલી છે: એ માયા પણ આપણા અંતઃકરણથી જુદી નથી: એને ઓળખીને મનમાંથી કહાડવી છે; એ જડ છે કે ચેતન, ગુણમયી છે કે નિર્ગુણ—આવા પ્રશ્નો કરતાં પહેલાં એનું નિરીક્ષણ કરવાની કળા શીખી લેવાની છે.

ક્ષણે ક્ષણે પોતાના વિચારો અને કર્મોની ચોકી રાખતાં શીખવાનું છે. કર્મનું મૂળ ભોગવાસના છે. રાફડામાંથી કૂદીને છંછેડ્યો સાપ બહાર ઊછળી પડે તેમ ક્ષણે ક્ષણે ભોગવાસના અંતરમાંથી કોઈ અજ્ઞાત ઊંડાણમાંથી પ્રકટે છે; મનને ચંચલ કરે છે, પ્રાણને કર્મ કરવા ઉશ્કેરે છે, ઇન્દ્રિયો ક્રિયાશીલ બને છે, અને બાહ્ય વિષયોની પ્રાપ્તિ માટેનાં ત્રિગુણાત્મક કર્મો થયા કરે છે. એ બધાં કર્મોમાંથી સુખદુઃખનાં દ્વંદ્વોના ભોગ સાંપડે છે. એ ભોગસમૂહ ચિત્તમાં પાછા વાસનાનાં બીજ રોપતા જાય છે; આવી આ સંસાર-ચક્રની ઘટમાળ છે.

આ જીવનની અટપટી ખેલકૂદમાં સાવધાન થઈને વિચારવા માટે તો નિવૃત્તિમાર્ગનાં, વણમાગ્યા આશીર્વાદથી ભરેલાં પુરાપ્રાચીન ઋષિઓનાં અનુભવપ્રમાણો જેવા શ્રુતિ, સ્મૃતિ આદિ અસંખ્ય ગ્રંથરત્નો છે.

સ્મૃતિશાસ્ત્રના નિયમમાં રહીને મનુષ્ય જીવવા માંડે ત્યારે પશુધર્મમાંથી સાચા મનુષ્ય ધર્મમાં આવે; શ્રુતિને આધારે જીવવા માંડે ત્યારે મનુષ્યમાંથી દેવ બને. પશુમાંથી સીધા દેવકોટિમાં જવાના જેઓ પ્રયોગ કરે છે એ નરવાનર જેવા રહીને વ્યવહારમાં બધે અવ્યવસ્થા કરી મૂકે છે.

સત્ય, દયા, ક્ષમા, સેવા, દાન વ. સ્મૃતિઓએ આદેશ તરીકે આપેલાં મનુષ્ય બનવાનાં સત્ત્વગુણી સાધનો છે; યમનિયમ, વિવેક-વૈરાગ્ય ધ્યાનધારણા કે શ્રવણ, મનન, નિદિધ્યાસનનાં સાધનો મનુષ્યને દેવ બનાવે છે.

સંન્યાસી એટલે મનુષ્યમાંથી દેવભાવ લાવીને તત્ત્વવિદ બનવાના મનોરથ સેવતો અહોભાગ્ય મહાપુરુષ. એ જ્યાં જ્યાં જાય ત્યાં માનવ-સમૂહમાંથી દેવત્વ નીરખી નીરખીને પોતાના જીવનમાં ઉતારે; જેના જેના સહવાસમાં આવે એમની પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આત્મ-દર્શન કેળવી બ્રહ્માનંદમાં તરબોળ રહે.

ગંગાબહેન વાસણ માંજીને આવી. ફાનસ લઇને ગુફામાં ગઈ. થોડી વારે બહાર નીકળી ફાનસ નીચે મૂકી સ્વામીજી પાસે જઇ ને જોયું તો એ સુતેલા હતા એટલે જોઇને જ પાછી ફરી. ચૂલો બંધ કરીને મારા આસન પાસે ધૂણી સળગાવી હતી ત્યાં આવીને અગ્નિ સતેજ કર્યો, બે-ચાર લાકડાં અંદર નાખીને ભડકો કર્યો; અજવાળું થયું એટલે મારી પાસે આવી: "સ્વામીજી ! અંદર આસન કરવું છે ? વાદળાં જામવા માંડયાં છે; રાતે અહીં બહાર સૂવાનું નહિ ફાવે. વખતે વરસાદ આવે તો પલળી જવાય." એટલે મને આસન લઇ જવાનું કહ્યું.

"જો ને બહેન ! હજુ સ્વામીજી બહાર સૂતા છે. વાદળાં જામે છે તો ખરાં, પણ વરસે ત્યારે સાચાં; અત્યારે ક્યાં ટાઢ વાય એવું છે ?

સ્વામીજી ઊઠશે ત્યારે અંદર બધા સાથે જઇશું. હું અહીં બેઠો છું, પણ હા, ચાલ, આપણે અંદર બધે જોઇ લઇએ. ગુફામાં અજવાળું થયું છે એટલે અંદર બધે ફરીને જોઇ શકાશે. હશે તો ચોખ્ખી ને?" મેં અંદર જવાની વૃત્તિ બતાવી.

"સાંજે આપણે આવ્યા ત્યારે–મેં બધું વાળી લીધું હતું. આપે અંદરનો બધો અંધારિયો ભાગ તે વખતે ક્યાં જોયો હતો! ચાલો જોઇ લ્યો હવે."

હું ઊઠયો. ગંગા ફાનસ લઈને આગળ થઇ. એની પાછળ પાછળ ચાલીને અમે બન્ને અંદર ગયાં. બહાર ભીમપુરી સ્વામીજીના પગ દાબતો નિરાંતે બેઠો હતો; એણે અમને જતાં જોઇને કહ્યું:

"ગંગા! સ્વામીજી માટે અંદર આસન પાથરી આપ. સામાન બધો અંદર લઇ ને જ જાને."

"સ્વામીજી હજુ તો બહાર જ રહેવાનું કહે છે; આ તો હું બધું એમને દેખાડવા જાઉં છું. સાંજે અંધારામાં આખી ગુફા જોઇ જ નથી." એટલું બોલતાં તો એ ગુફાના બારણા પાસે પહોંચી. હું ધીમે પગલે એની પાછળ જતો હતો. ગંગા અંદર ગઇ; હું જતો હતો તેવામાં બારણાની અંદર જમણી બાજુ એક મોટો વીંછી પડેલો મેં જોયો.

"ગંગા, વીંછી પડયો છે. જો આ રહ્યો. ચીપીઓ લાવ જલદી, પકડી લેવાય."

વીંછીનું નામ સાંભળતાં ભીમપુરી અંદર આવ્યો. એના હાથમાં નાનું એવું લાકડું હતું. ક્યાં છે એમ પૂછતાં આવીને તો વીંછીને દબાવી દીધો. ગંગા ચીપિયો લેવા બહાર દોડી; લાવીને વીંછી પકડયો અને બહાર નાંખી દેવા ગઇ; ભીમપુરી પણ બહાર ગયો.

પહાડી પ્રદેશમાં વીંછીનું જોર બહુ હોય છે. જમીનનો જ ગુણ કહો કે ગમે તેમ પણ ચાર ધામના યાત્રાળુઓને હૃષીકેશથી માંડીને બદરિકેદારને રસ્તે જ્યાં જ્યાં રાતવાસો કરવાનો હોય ત્યાં જો સાવચેતી ન રખાય તો ગમે ત્યારે એના ડંખની અસહ્ય વેદના ત્રાહિ ત્રાહિ કરાવે છે.

હું અંદર થોડે દૂર ગયો. ગંગા વીંછી ફેંકી દઇને અંદર આવી. "ભીમપુરી ક્યાં ગયા?" મેં પૂછ્યું.

"ભાઇ, તમાકુની ચલમ પીવા બહાર ધૂણી પાસે ગયા છે; સ્વામીજી કેટલુંયે કહે છે પણ અમારી પહાડીઓની ટેવ જતી જ નથી. અમારામાં બૈરાં પણ તમાકુ પીએ છે: હોકો સળગાવીએ અને બેપાંચ જણાં ટોળે વળ્યાં હોય ત્યારે ગામગપાટા જામે. એ તો બાપજી, નાનપણની ટેવ; સગાંસંબંધી, મહેમાનપરોણા તથા બીજા મળતિયા પીએ એટલે છોડતાં આકરું પડે છે." ગંગા જવાબ આપતાં આપતાં અંદર મારી સાથે થઇ ગઇ.

"બાપજી જરા આગળ ચાલો; જુઓ કેટલી બધી લાંબી છે. ત્રીસેક હાથ હશે નહિ! અંદર જતાં તો જુઓને સાંકડી થતી જાય છે. બારણા પાસે દસેક હાથ પહોળી છે તે આ અહીં છેડે આવતાં આવતાં તો પરાણે પાંચેક હાથ પહોળી હશે."

અમે તદ્દન અંદરની પછીત પાસે પહોંચ્યાં. ત્યાં પથ્થરનો કોતરીને બનાવેલો પાટ જેડલો ચાર હાથ લાંબો, ત્રણેક હાથ પહોળો અને દોઢેક હાથ ઊંચો ઓટલો હતો, રાત્રે સૂતી વખતે પલંગ તરીકે કામમાં આવે એવો.

"બાપજી! આ મહેનત અમે કરેલી. અહીં જ્યારે રહેતાં ત્યારે રાત્રે સૂવા માટે આ ઓટલો વાપરતાં; અને આમ જમણી બાજુ જુઓ; આ કબાટ જેવડો મોટો ગોખલો છે એમાં અમારી પૂજા માટેની

ગોઠવણ હતી.. આ ડાબી બાજુ બધો સરસામાન રહેતો. રસોઇ માટે ચોમાસામાં જ માત્ર બારણા પાસે બહાર નાની છાપરી કરીને રાંધી લેતાં, બાકી બીજા દિવસોમાં તો બહાર ખુલ્લી જગ્યામાં ખાવા-કરવાનું કરી લેતાં, અંદર રાંધીએ તો ધુમાડો બહુ થાય છે ''

" એક બીજી ચીજ બતાવું: '' એમ કહીને એ ઓટલાની આગળ બેસી ગઇ; બરોબર વચમાં એણે હાથથી કોતરવા માંડયું; ત્યાં નાનો ખાડો પડયો જેમાંથી માટી નીકળતી હતી. હું પણ ત્યાં જ બેસી ગયો. એએક વેંત ચોરસ ગોખલો બન્યો; સાફ થયા પછી ગંગા બોલી: " આ અમારી તિજોરી. પાઇ પૈસો કે જોખમી વસ્તુ હોય તે આમાં ભરી રાખીએ અને ઉપર માટી ભરી દઇએ. જો કે ભાગ્યે જ ધનસંગ્રહ થતો પણ જ્યારે બહારગામ જવાનું થાય ત્યારે એ કામમાં આવે''.

આટલી સગવડ બતાવીને એ ઊભી થઇ, આવી નાની નાની વાતો મને નકામી લાગી. પરંતુ મને મોહનાનંદજીએ ' રાત્રે વાતો કરશું ' એમ કહેલું એ યાદ આવ્યું, ગંગા પોતાના પ્રાકૃત સ્વભાવમાં ખીલતી જતી હતી. પોતાના ઘરમાં રહીને કામકાજ કરતી હોય એ ભાવો એના ચહેરા ઉપર વ્યક્ત થતા જતા હતા. કબાટ, ગોખલો, ઓટલો, પૂજા વ. નું વર્ણન કરવાનું એનાથી સહજ સ્વભાવે થઇ ગયું હતું. એ એના મૂળ સ્વભાવમાં આવે તો જ એનાથી આપવીતી વાતો થાય એમ સમજીને હું સાક્ષીભાવે એનું બતાવેલું જોતો જોતો હા, હા, કહીને થોડું આશ્ચર્ય બતાવે જતો હતો. મારી મનોવૃત્તિ હતી આ પર્વતીય જીવનની, ગંગાના પતિની સાધનાની, ઇશ્વરને અને ત્યાગને નામે અને ચીલે ચાલતી વિપરીત અને દંભી ધર્મપ્રણાલીથી થતા અધ્યાત્મ-પ્રદેશના હાનિલાભની મીમાંસા કરવાની. સ્વામીજી બહાર સૂતા હતા; ભીમપુરી હજુ ચલમના ધૂમાડા કહાડતો ધૂણી પાસે બહાર બેઠો હતો એ અહીં ગુફામાંથી સીધું સામે હોવાથી દેખાતું હતું.

સૂવાના ઓટલાની બન્ને બાજુ સામે દીવાલ ઉપરના બન્ને ખૂણામાં બે ત્રિશૂળ હતાં; એના તરફ મારી નજર પડી એટલે ગંગાએ પણ એ તરફ નજર ફેરવી.

"આ ત્રિશૂલ પણ તમે જ બનાવ્યાં હશે ? ગંગા !" મેં એની સાધનાની વાત સાંભળવા પ્રશ્ન કર્યો.

"હા, જી !" એણે વધારે ઉત્તર ન વાળ્યો.

"ચાલો આપણે બહાર જઇને બેસીએ. ફાનસમાં તેલ નકામું શા માટે બાળવું ! હજુ તો બહાર બેસી શકાશે; વાદળાં તો છે પણ વરસાદનું નામનિશાન દેખાતું નથી." એમ બોલીને હું આગળ થયો એટલે એ પણ ફાનસ ધીમું કરીને પાછળ પાછળ ચાલી આવી. હું બહાર જઈને મારા આસન ઉપર બેઠો. એ ફાનસ લઇને ત્યાં જ આવી. ભીમપુરીના ધૂમાડા બંધ થયા હતા; ધૂણીમાં નાનાં નાનાં ઇધણાં નાંખતો શાંત બેઠો હતો.

"કેમ બાપજી? અંદર આસન નથી લઈ જવું ?" મને ત્યાં જ બેસી જતો જોઇને ભીમપુરીએ પૂછ્યું.

"ના ના, હજુ કયાં વરસાદ છે?" હું એટલું બોલું છું એટલી વારમાં તો પવન જોરથી ફુંકાવા માંડ્યો. ભીમપુરી ઊઠીને મોહનાનંદજી પાસે ગયો. એ પણ જાગી ઊઠયા; ગંગા પણ એમની પાસે ગઈ. ફાનસ પાછું સતેજ કર્યું.

"ચાલો બાપજી, આસન અંદર લઈ જઇએ. વરસાદ આવે તે પહેલાં અંદર જતા રહીએ;" ભીમપુરીના કહેતાં વેંત જ સ્વામીજી ઊભા થયા: ગંગાએ આસન સમેટવા માંડયું. ભીમપુરી મારી પાસે આવ્યો મેં તે પહેલાં જ આસન સંકેલીને બગલમાં મારી લીધું હતું.

બધા અંદર ગયા. સ્વામીજીને પેલા અંદરના પલંગની ગરજ સારે એવા ઓટલા ઉપર ઊંચી જગ્યાએ આસન પાથરીને ભાઇબહેને

સૂવડાવ્યા. મેં જમણી બાજુ, બારણાથી ત્રણેક હાથ જતાં ભીંત પાસે સ્વચ્છ જગ્યા હતી ત્યાં પથારી પાથરી લીધી; એટલી વારમાં ગંગા આવીને બોલી :

"બાપજી! હું આવું છું ને!" એમ કહીને મારી પથારીની ઉપરની ચાદર એણે સરખી કરી; ઓશીકા તરફની જગ્યા નીચી રહેતી હતી એટલે એ માટે એને ચિંતા થઈ, મેં રસ્તો બતાવ્યો: "પેલો કોથળો છે એને સંકેલીને લઈ આવ, ઓશીકાનું કામ કરશે."

એ તરત જ લઇ આવી. સ્વામીજી કંઇ પણ બોલ્યા વિના પાછા સૂઈ ગયા. હું નિરાંતે બેઠો. ભીમપુરીએ મારી સામે જ પથારી કરી. ગંગાએ સ્વામીજીના ઓટલા પાસે નીચે પોતાની સગવડ કરી લીધી. સૂવાનાં સાધનમાંથી હવે પરવાર્યાં.

બહાર જામેલા તોફાનમાં માત્ર પવનના જ સૂસવાટા હતા. વરસાદનો છાંટો યે નહોતો. ભીમપુરી બહાર જોવા નીકળ્યો.

"પવનનું જ તોફાન છે. વાદળાં ઘસડાઈ જાય છે, આકાશ ચોખ્ખું થાય છે; ચાલો ઠીક થશે, ચંદ્રમાનું અજવાળું મળશે" બહાર જઇને એ બોલ્યો એટલે હું પણ એ સ્થિતિ જોવાની ઇચ્છાથી ઊઠીને બહાર નીકળ્યો. ધીમે ધીમે વાદળાં વીંખાયાં, અજવાળું વધવા માંડયું; પાંચ દસ મિનિટમાં જ વાવંટોળ શમી ગયો. ગંગા પણ બહાર આવી.

નકામાં અંદર ગયા. વરસાદ ન પડયો; આ તોફાને તો ઉલટી સગવડ કરી આપી. હું તો મારું આસન બહાર લાવું છું. ભીમપુરી પેલી ધૂણી પાછી સળગાવ." એમ કહીને હું આસન લેવા જાઉં છું ત્યાં ગંગાએ મને રોકયો.

"હું લઇ આવું છું પ્રભુ! આપ એ જગ્યાએ પધારો." હું અને ભીમપુરી બન્ને મારી જૂની જગ્યાએ ગયા. ગંગા પથારી લાવી પથરાઇ ગઇ એટલે હું આનંદથી "રામ" કહીને બેઠો. નિરાંત થઇ.

અંદરથી 'ગંગા'ના નામની બૂમ સંભળાઇ, એ અંદર ગઇ; ભીમપુરી મારી પાસે આવીને બેઠો; અમે વાતોએ ચડયા.

"ભીમપુરી! સ્વામીજીની તબિયત આજે જ આટલી બધી બગડી કે પહેલાં પણ આવું થઈ જાય છે? અશક્તિ બહુ આવી ગઇ હોય એમ લાગે છે. કાલ રાત્રે તો કેવી મજાની તબિયત હતી!" મેં વાત ઉપાડી.

"છેલ્લાં ત્રણેક વર્ષથી એમના શરીરમાં અશક્તિ વધી છે. પર્વતોમાં હવે ખાસ આવતા જતા નથી. ઘણે ભાગે દેશમાં ફર્યા કરે છે; અહીં અમારા કુટુંબ ઉપર દયાભાવ છે, એટલે આવે ત્યારે મહિનો બે મહિના જતા આવતા રહે છે. પરિચય તો પિતાજીની હયાતિનો, પણ ત્યાર પછીએ અમને બાળકની નજરે જુએ છે અને બધી રીતે અમારી રક્ષા કરે છે.

"ગંગા તો એમની જ જાણે દીકરી હોય, સંન્યાસી શિષ્યા જેવી હોય એવી કેળવણી આપતા આવ્યા છે. મૂળે તો અમે ગોસાંઇ જાતના ઘરબારી સાધુઓ, અમારી નાતજાતનાં કે સગાંસંબંધીઓનાં જીવન જ અટપટાં. પણ પિતાશ્રી એમના સત્સંગમાં આવ્યા ત્યારથી તો અમારી રહેણીકરણી જ બદલાઇ ગઈ.

"જોગલાની મા નાનપણમાં મરી ગઇ, એના બાપનો તો ક્યાંય પત્તો જ નથી. મારો નાનો ભાઇ પણ રખડીરઝળીને ઠેકાણે આવ્યો. ગંગાની વાત, બહુ વિચિત્ર છે, પણ હવે બધું થાળે પડી ગયું છે, એટલે નિરાંત છે. મારો છોકરો બહુ સાલસ નીવડયો. એ ભણીને રેલ્વેમાં નોકરીએ લાગી ગયો, અને જમીનનો વહીવટ અહીં હું જેમતેમ ચલાવું છું. મારે બીજી પ્રજા નથી એટલે એની વધારે ખટપટ નથી. છોકરાની વહુ પણ શાંત અને સંસ્કારી છે. એકંદરે અમારા ઘરમાં ખૂબ જ શાંતિ તથા સંપ છે."

આટલી વાત ચાલે છે એટલી જ વારમાં ગંગાએ અંદરથી બહાર આવીને સ્વામીજીનો સંદેશ કહ્યો.

"ભાઇ, સ્વામીજી કહે છે કે તમે એમની પાસે જઇને જાગતા પડયા રહેજો, હું એમને પાણી પાઇને આવી છું. કશી ચિંતા કરવા જેવું નથી, પણ કહે છે કે મને અશક્તિ છે એટલે હું સ્વામીજીની સાથે વાતચીતનો આનંદ નહીં લઇ શકું." આટલું કહીને એણે મને ઉદ્દેશીને કહેવા માંડયું:

"બાપજી ! સ્વામીજી કહે છે કે અહીં આવ્યા હતા આપની સાથે સત્સંગની ચર્ચાનો આનંદ કરવા અને એમ ધાર્યું હતું કે બધાં સાથે બેસીને નિર્દોષ આનંદ કરશું, પણ ઇશ્વરની ઇચ્છા જ એવી હશે કે મારું શરીર બગડયું તેથી મારે પડયા રહેવું પડશે. આપ પણ અંદર આવીને આસન નાંખીને સૂઇ જાઓ, ભાઈ ત્યાં રહેશે, અને હું પણ આવું છું જરા બહાર જઇને." ગંગા એટલું કહીને નદી તરફ થોડે ગઈ.

"ભીમપુરી ! હું તો હમણાં અહીં જ બહાર એકાંતમાં બેસીશ અથવા નિદ્રા આવશે ત્યારે સૂઇ જઇશ. અંદર આવવાની ઇચ્છા થશે ત્યારે મારી મેળે આવતો રહીશ. મારી ચિંતા ન કરશો, કાંઇ તકલીફ જેવું નથી. આપણે આવ્યા હતા તો એકાન્તનો આનંદ લેવા માટે જ ને ? સ્વામીજીની તબિયત બગડી એટલી જ માત્ર મને ચિંતા થાય છે. ગઇ કાલે રાત્રે અહીં આવવાની ઇચ્છા કરી ત્યારે ક્યાં કોઇ બીજો ઉદ્દેશ હતો. સદા સર્વથા મનમાં શાંતિ રાખવી અને જે વખતે જેવી સ્થિતિ આવી પડે તેને ઇશ્વર નિમિત્તે માનીને મનમાં શાંતિ રાખવી એ તો આપણું ધ્યેય છે. તમે જાઓ અને મારા વતી કહો કે મને કોઇ પણ જાતની તકલીફ નથી. ખૂબ જ આનંદ છે. બધી જાતની સગવડ છે. આવી રીતે જંગલમાં રાતો ગાળવાની મને તો

ખૂબ જ ટેવ છે. આ હિમાલયમાં હું રહ્યો છું. ચાર ધામની યાત્રા પણ એકથી વધારે વાર કરી છે. હૃષીકેશથી ટિહરી સુધી એકલાં મધરાતે પણ મુસાફરીઓ કરી છે. જંગલમાં ઝાડ નીચે રાતો ગાળી છે; અહીં તો તમારાં બધાંની સહાયતા છે. ખાવાપીવાની સગવડ છે અને શરીરે પણ થાક નથી લાગ્યો, સ્વામીજીની સંભાળ રાખજો ને જરૂર પડે તો મને પણ જગાડજો, સંકોચ ન કરશો."

ગંગાના ગયા પછી ભીમપુરીને મેં કહ્યું એટલે એ મને પગે લાગીને અંદર ગયો. મેં એકાદ લાકડું ધૂણીમાં નાંખ્યું; પ્રકાશ ફેંકતા અગ્નિદેવ તરફ નજર રાખીને હું બેઠો, જાણે સ્વરૂપ ચૈતન્યની એ પ્રકાશ સ્પર્ધા કરતો હોય !

## વર્ણક આઠમો

### ગંગાની વાત

જ્ઞાનજ્વાલાનું ભાન કરાવે એવી ધૂણીનો પ્રકાશ ઝીલતો હું બેઠો હતો. વચ્ચે વચ્ચે હાથ પોતાની મેળે જ નાનાં નાનાં ઈંધણાં અગ્નિમાં નાંખતા હતા. આંખો તો જાણે ત્રાટક સિદ્ધ કરવાનો પ્રયોગ કરતી હોય એમ અગ્નિના પ્રકાશ અને ગરમીમાં નિમગ્ન બની હતી.

હિમાલયનાં કે એવાં બીજાં જંગલમાં સાધુ એકાન્તસેવન કરે ત્યારે શિયાળો હોય તો આખો દિવસ, અને ઉનાળામાં રાત્રે ધૂણી સળગાવીને પોતાનો એકાન્તવાસ વિસારે પાડે છે. વાઘ, વરુ કે રીંછ જેવાં હિંસક પ્રાણીઓ અગ્નિથી ડરે છે; સાપ, વીંછી વગેરે પણ દૂર રહે છે, અને રસોઇ કે ચલમના ઉપયોગમાં આવે એવા એ અગ્નિદેવ બધી રીતે વિરક્ત સાધુને સુરક્ષિત રાખે છે.

વેદોક્ત સંપ્રદાયી દસનામી દંડી સંન્યાસીઓ અગ્નિને સ્પર્શ ન કરી શકે, ઉપરાન્ત બ્રાહ્મણેતર વર્ણની ભિક્ષા ન લઇ શકે, એવી કેટલીએક મર્યાદાઓને લીધે એમને અગ્નિસ્પર્શ વર્જ્ય હોય છે.

અગ્નિ કર્મકાંડના યજ્ઞનું સ્વરૂપ છે, સંન્યાસી એટલે તો સમસ્ત કર્મ, કર્મફલ, ભોક્તા–ભોગ વગેરેને ભસ્મીભૂત કરીને બેઠેલો મોક્ષમાર્ગી મુમુક્ષુ અથવા આત્મનિષ્ઠ તત્વવિદ્. એને હવે કયા લોકપરલોકની વાસના હોય કે યજ્ઞ કરીને એને મેળવવા સુધારવાનાં કર્મકાંડની માથાકૂટ કરે!

પરન્તુ રામાનન્દી વૈષ્ણવ, કે પરમહંસ સંન્યાસી અગ્નિને સ્પર્શ કરે છે. લોટદાળ વ.ની કાચી ભિક્ષા માગી લાવીને રસોઇ કરી શકે છે; શિયાળાની અસહ્ય ઠંડીથી બચવા એ ધૂણી સળગાવી ટાઢ ઉરાડે છે; અને સૌથી વિશેષ મહત્ત્વની વાત તો છે ભિક્ષુ દશામાં ઓછામાં ઓછા ખર્ચે જીવનનિર્વાહ કરવાની. સાદી અને સીધી રહેણીકરણીની.

ભારતવર્ષમાં તો શું પણ પ્રત્યેક દેશમાં જીવનનું અંતિમ લક્ષ્ય રાખ્યું છે ત્યાગ. વેદોક્ત ધર્મમાં વર્ણ તથા આશ્રમની વ્યવસ્થાનું પણ એ જ રહસ્ય છે. બ્રહ્મચર્ય આશ્રમમાં આચાર્યકુલે વસીને વિદ્યા-વિનય મેળવીને સ્નાતક થયા પછી ગૃહસ્થાશ્રમના ધર્મનું શાસ્ત્રાજ્ઞા પ્રમાણે પાલન થાય; ત્યાર પછી વનવાસી–વાનપ્રસ્થ બનીને સ્થૂલ-શરીરની વાસનાઓ જિતવા માટે તપશ્ચર્યા થાય, અને છેવટે સર્વસ્વ ત્યાગી બની, એકાકી જીવનવિહાર માટે ચતુર્થાશ્રમી તરીકે તીર્થ-ભ્રમણ કરતો એ ભિક્ષુ વિચરે–વિહરે, ત્યારે એણે તો શરીર ઉપાડી શકે એટલાં જ વસ્ત્ર તથા અન્નજલનાં પાત્રોનો ભાર ઉપાડવાનો હોય છે. એ નિષ્કાંચન ને નિષ્કિંચન બને છે; મંદિરમાં, ગામને ગોંદરે, નદીને કિનારે, પર્વતોનાં કોતર કે ગુફામાં, વૃક્ષની છાયા તળે અથવા ખુલ્લા મેદાનમાં નિવાસ કરીને અનિકેતપણું સ્વીકારે છે. એને મકાન-મિલકત નથી; ધનવૈભવ નથી; સગાંસંબંધી કે સ્નેહી નથી; છતાં બધુંય ઇશ્વરનું માનીને ઇશ્વરીય સંસારમાં અસંસારી જેવો એ કોઈનો નહીં છતાં બધાંયનો બનવાનો પ્રયત્ન કરે છે.

આવો ભિક્ષુ વનવગડામાં હોય ત્યાં ધૂણી ધખાવીને આસન જમાવે; અલખના મંત્ર ભણેભણાવે, અને નિરંજન નિરાકાર પરમાત્માનાં સાકાર દર્શન કરે અને કરાવે છે.

આવી મહિમાવન્તી ધૂણીનો પ્રકાશ ઝીલતો હું શાન્ત મૌનધારી બનીને બેઠો હતો. સ્વા. મોહનાનંદજી તથા ભીમપુરી અંદર આરામ

કરતા હતા. આસપાસ નીરવ શાન્તિ હતી; અંતરમાં પણ મૌનની છાયા ફરી વળી હતી.

ભગવતી ભાગીરથીનાં ધીરગંભીર ગર્જનાગીત સંભળાતાં હતાં; ધરધર નાદનાં ઘેરાં સંગીત તાલબદ્ધ બાજી રહ્યાં હતાં; કાન એ ધ્વનિમાં, નેત્ર ધૂણીના પ્રકાશમાં, મન શાંતિમાં, શરીર આસન ઉપર અને હાથ ઈંધણાં સંકોરવામાં પ્રવૃત્ત હતાં.

માથે લાકડાંનો ભારો ઉપાડીને ઉતાવળે પગલે નદી ભણીથી ગંગા આવી પહોંચી. ધૂણી પાસે ભારો ઉતારીને સામે જ બેસીને બોલી: "એકઠાં કરેલાં આટલાં લાકડાં સાંજે હું મૂકીને આવી હતી તે લઈ આવી."

અકસ્માત્ મારું લક્ષ્ય એના તરફ ગયું. ટાઢ ખાસ નહોતી; અંધારું પણ નહોતું. આ ધૂણીના અગ્નિદેવનો પ્રકાશ ઝીલીને હું એમાં મનોમુગ્ધ બનીને સંજોગોને વિસારી બેઠો હતો. એના બોલવાથી મારી મોહનિદ્રા તૂટી; મેં એની સામે જોયું.

"બાપજી! વરસાદ ન આવે તો આખી રાત અહીં જ સૂવાનું નક્કી કર્યું છે? પાછલી રાતના ટાઢ પડશે." એણે મને બોલતો કરવા ફરી પાછું કહ્યું.

"ના ના, અત્યારે તો બેઠા છીએ. ટાઢ પડે ત્યારે જોઈ લેવાશે. ક્યાં ગુફા દૂર છે! ઓઢવાનું તો છે જ ને!" મેં સાધારણ જવાબ આપીને પતાવ્યું.

મને શી ખબર કે એ વાતો કરવા જ અહીં બેઠી છે! એણે આગળ ચલાવ્યું.

"સ્વામીજી તો હવે ઊંઘી ગયા હશે. ભાઈ પણ થાક્યાપાક્યા ઊંઘી ગયા હોય; આપ પણ થાકેલા તો છો જ! ઊંઘ નથી આવતી?"

હું સતેજ થયો; સભાન બનીને એના પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કર્યો.

"સ્વામીજી ઊંઘી ગયા હોય તો બહુ સારું. અંદર પણ ઠંડક છે; એમને આરામ થાય તો શક્તિ આવે. સવારે પાછું ચાલવું પડશે ને!" મેં સહજ જવાબ આપ્યો.

"કાલની વાત કાલે. અત્યારે તો આ વસિષ્ઠગુફાની અજવાળી રાત છે. એમની તબિયત સારી હોત તો આપની બન્નેની વાતચીતમાં અમને કેટલું બધું શીખવાનું મળત?! ભાઈને એમણે પાસે સુવડાવ્યા છે એટલે મને લાગે છે કે તબિયત વધારે બગડી હશે, અશક્તિ પણ ખૂબ હશે. રાતમાં ન ઊઠે તો સારું. હું જઇને જોઇ આવું." એમ કહીને એ ગુફામાં ગઇ. થોડી જ વારે પાછી આવીને બોલી:

બન્ને ઘસઘસાટ ઊંઘે છે. ભાઇનાં તો જોરજોરથી નસકોરાં પણ બોલે છે. સ્વામીજીને પગે હાથ ફેરવી જોયો. જાગતા હોત તો જરૂર બોલત."

"નિરાતે ઊંઘવા દે એમને; તું પણ જઇને સૂઇ જા. હું તો અહીં નિશ્ચિંત બેઠો છું. કેટલું સરસ એકાંત છે. ગંગામાતા હાલરડાં ગાય છે; જગતને ભુલાવીને એના સાત્ત્વિક આનંદથી મનને નવરાવે છે. આ ગુફા કેટલી જૂની હશે, વસિષ્ઠનું નામ કોણે આપ્યું હશે, કેટકેટલા એકાંતપ્રેમીઓ અહીં રહી ગયા હશે; ભાતભાતની સાધના કરી હશે; પરિશ્રમ કરીકરીને આ સ્થાનને રહેવા જેવું બનાવ્યું હશે; તપશ્ચર્યા કરવાના અસંખ્ય પ્રયત્નો કર્યા હશે; એ બધું મગજમાં ઊભરાય છે ત્યારે એમ થાય છે કે મને અકસ્માત્ અહીં લાવવામાં શ્રીગુરુ મહારાજની કેટલી બધી દયા છે! આનંદ થાય છે; મનમાં શાંતિ લાગે છે; બહુ સુંદર સ્થાન છે; આસપાસ ગામડાં પણ બબ્બે ત્રણ ત્રણ માઇલ દૂર છે એટલે કશી ધમાલ પણ નથી." હું સ્વાભાવિક બોલી ગયો; એને જવાનું કહ્યું હતું, પણ છેલ્લા બોલાયેલા

ભાવભીના શબ્દોથી ધોવાઇ ગયું. મારી વાતને ઝડપી લીધી હોય એમ એ બોલી:

"બાપજી! હું તો અહીં બધા મળીને ત્રણેક વર્ષ રહી છું. ક્યારેક અમે નીચે જઇ આવતાં, પણ વધારે ભાગે તો અહીં જ વરસો ગાળ્યાં છે. મને તો અહીં ગમે છે, અને એક રીતે નથી પણ ગમતું. સંજોગો ઊલટાસુલટા બદલાતા રહેતા હતા. સાચાંખોટાં પાઠ-પૂજા અને મંત્રજપ કર્યાં છે. બન્નેનાં ફલ ભોગવી ચૂકી છું. ધન્યવાદ મારા ગુરૂદેવને કે એમણે મને એ બધાની વ્યથામાંથી ઉગારી, ઉદ્ધારીને શાંતિ અપાવી. બાપજી! સાચી સમજણ ક્યાંઇ રસ્તામાં રખડતી પડી છે? રખડેભટકે છે તો આ હરાયો જીવ કે જેને ઠેકાણે આવતાં જન્મારા વીતી જાય છે." એટલું બોલીને એ શાંત પડી. ધૂણીના પ્રકાશ સામે એકીટશે જોતી જોતી ગંભીર બની ગઇ.

દિવસે એણે પોતાની મેળે કહેલી અને સંકેતરૂપે સ્વા. મોહનાનંદજી-એ સૂચવેલી વાતચીતનો તાર સંધાતો જતો હતો. એના વિષે વિશેષ જાણવાની કુતૂહલતા અને એ દ્વારા એને મન હલકું કરીને શાંત થવાની પ્રેરણા મળે એ ઉદ્દેશથી હું અંતરથી તટસ્થવૃત્તિ ધારણ કરીને બેઠો હતો. સમય પણ ઠીક હતો. સ્વા. મોહનાનંદજી બિમાર પડ્યા, ભીમપુરી થાકી ગયો; એ બન્નેની ગેરહાજરીમાં એ સ્વતંત્રપણે જે કહેવું હોય તે કહી શકે એવી તકનો એ લાભ લેતી હતી. સ્વા. મોહનાનંદજીની એમાં અનુમતિ હતી એટલે સંકોચ તો હવે રહ્યો જ નહોતો.

"ગંગા એ બ્રહ્મચારી કોણ હતા? બંગાળી ખરા, પણ હૃષીકેશમાં આવેલા બંગાળીઓ તો વેદાંતના અભ્યાસી હોય છે!" મેં વાત વિસ્તારવાનો પ્રશ્ન કર્યો.

"અહીં આવ્યા પહેલાં એ હૃષીકેશમાં થોડું રહ્યા હતા. ક્ષેત્રમાંથી

એમણે થોડા દહાડા અન્ન લાવવાનું રાખ્યું હતું. પણ પછી તો ગામડામાં જેમ જેમ ફરવા માંડ્યા તેમ તેમ ઓળખાણો વધ્યાં એટલે ભિક્ષા માટે બધી સગવડ અહીંથી જ થઈ જતી. આવ્યા ત્યારે ઉંમર બાવીસતેવીસની હશે. સફેદ વસ્ત્ર, ગળામાં રુદ્રાક્ષનો કંઠો, બન્ને કાંડામાં રુદ્રાક્ષની સ્મરણી, કપાલમાં ભસ્મનું ત્રિપુંડ હાથમાં મોટો ચીપીઓ રાખીને પહેલાં રહેતા.

પછી ત્રિશૂલ રાખવા માંડ્યા; ત્રિશૂલને સિંદૂરની અર્ચા કરીને લાલ રેશમી વસ્ત્રની ગાંઠ પાડતા. ભમર ઉપર સિંદૂરની સળંગ રેખાઓ દોરતા; આંખમાં અંજન આંજતા; આવું આવું પાછળથી બહુ વધી ગયેલું.

અમારે ઘેર ભિક્ષા માગવા શરૂઆતમાં આવે ત્યારે પિતાજી પાસે બેસેઊઠે, હોકોતમાકુ વાપરે, શિવમહિમ્નસ્તોત્રનો પાઠ અને થોડાં સ્તોત્રો બોલી ગયા પછી ભિક્ષા કરાવીએ તો જમે; પણ એ બધું શરૂઆતમાં. બોલવાચાલવામાં બહુ વિવેકી; સ્વભાવ પણ શાન્ત; સહવાસ વધી જવાનું કારણ તો પિતાજીની ઉદારતા હતી. પિતાજીને એમ થતું કે આ જુવાન બ્રાહ્મણ બાલક બ્રહ્મચારીવેષે એકાંતમાં જપતપ વગેરે કરે છે, વૃત્તિ સારી છે, એટલે ધીરે ધીરે જો જ્ઞાનના સંસ્કાર પડશે તો આગળ ઉપર ઠીક ઠીક સંતપણું દીપાવશે.

એમને અહીં આવ્યાને ત્રણેક વર્ષ થયાં હશે પછી અમારે ઘેર આવતા થયા. હું તો માત્ર આશ્ચર્યમુગ્ધ જ હતી. ભાભી તે વખતે ઘરમાં નહીં. જોગલાની મા તો બહુ જ નાની; માતાજીનો દેહાંત થઈ ચૂક્યો હતો. ઘરકામનો બધો ભાર મારે માથે હતો, એટલે એમને ભિક્ષા જમાડવાને પ્રસંગે હું પાસે જ હોઉં; અમસ્તું પણ કોઈ વાર દૂધ–દહીં આપવાનું પિતાજી કહે ત્યારે અમે બન્ને બહેનો અહીં આવીને આપી જતાં.

એક તો અમે પહાડી અને એમાંયે ગોંસાઇસાધુની નાતજાતનાં એટલે દોરા, તાવીજ, માદળિયાં, ધૂપ વગેરેમાં બહુ શ્રદ્ધા રખીએ અને માતાજીને નિમિત્તે નવરાત્રિના તેમ જ બીજા દિવસોમાં બાધાઆખડીને બહાને આખી રાત ભજન, પૂજા વગેરે કરીને બકરાના માંસનું બલિ આપીએ. એની સાથે મદ્યનું નૈવેદ્ય પણ હોય. બ્રહ્મચારીજી શરૂઆતમાં તો આ વાતોને હસી કાઢતા. પણ પાછળથી જ્યારે એમની વૃત્તિ બદલાઈ ત્યારે એમ લાગ્યું કે બંગાળની શક્તિઉપાસના છોડીને એ અહીં આવેલા તેમાં અમારા રિવાજથી એમને ઉત્તેજન મળ્યું. મૂળે એમના સ્વભાવમાં તો અનુષ્ઠાનો કરવાં, યંત્ર બનાવવાં, મંત્રપાઠ કરવા, ભોગ તથા નૈવેદ્ય આપવાં, અને મહાકાલીની સાધના કરવાનું તો હતું જ. હૃષીકેશમાં તો એ કશું બની શકે નહીં, એટલે અહીં આવીને એમને સિદ્ધિ તથા ચમત્કારનો મોહ લાગ્યો. આ ગામડાનાં લોકોની જડ શ્રદ્ધાને લીધે બધી અનુકૂળતા મળી ગઈ; મહિનામાં બે વાર સાત સાત કુમારિકાઓનું પૂજન કરતા ને અમને ભોજન કરાવીને તૃપ્ત કરતા.

મારા સંસ્કાર પણ હતા તો એવા જ; પિતાજી ને જો કે બહુ રસ નહોતો, પણ સ્વામીજીનો સહવાસ થયેલો નહિ, એટલે એ વખતે અમારા જૂના રીતરિવાજ પ્રમાણે ઘરમાં જે થાય એમાં આડે ન આવે.”

આટલું બોલી એ શાન્ત થઈ હું નીચે મોંયે સાંભળ્યા કરતો હતો; એની નજર પણ હતી તો ધૂણી સામે જ, છતાં વિચારોના વમળમાં એનું મન ડહોળાતું હોય એમ લાગતું હતું. ધીરેધીરે વિચાર કરીને એ બોલ્યા કરતી હતી એટલે એના બોલવામાં મને સંકોચનો આભાસ લાગતો હતો. કૈંક ગાળી ગાળીને છુપાવવા જેવું હોય તે સંતાડી રાખીને જાણે બોલતી ન હોય!

અને એવો સંભવ પણ ખરો. બંગાળમાં શક્તિઉપાસના જેને લોકભાષામાં દેવીઉપાસના કહે છે એનું જોર બહુ છે. તંત્રગ્રંથોમાં

લખેલી અનુષ્ઠાનની વિધિઓ જ જ્યાં ત્યાં લોકાચારમાં પણ પ્રચલિત છે. એના વામ એટલે ઉત્તરમાર્ગમાં મદ્ય તથા માંસનો છૂટથી ઉપયોગ થાય છે; ગામડાંઓમાં કે શહેરમાં દેવીની મૂર્તિ હોય ત્યાં બલિ આપવા માટે વધસ્તંભ તદ્દન ખુલ્લી જગ્યામાં હોય છે. પ્રજા મત્સ્ય અને માંસભક્ષી હોવાથી ઇષ્ટદેવીને પણ એનો જ ભોગ ધરાવીને પ્રસન્ન કરવાની વૃત્તિ હોય એમાં આશ્ચર્ય નથી.

મનુષ્ય કલ્પનાશીલ પ્રાણી છે. વર્તમાનમાં ઊણપ માનીને ભવિષ્ય માટે પૂર્ણતાની કલ્પના ભરેલી યોજનાઓ કર્યા કરવી એ એનો જન્મસિદ્ધ સ્વભાવ છે. "આમ કરીશ તો આમ થશે" એવા મનોરથોનું પૂતળું એટલે જ માનવ પ્રાણી. શાકાહારી કે અન્નાહારી બનવાનું એના સંસ્કારમાં છે એટલું જ નહિ પણ પૃથ્વીના જે ભાગમાં એ જન્મ્યો હોય ત્યાંની વસ્તુ-સ્થિતિ પ્રમાણે એનો ઉછેર થાય છે. ભારતવર્ષની જ આપણે હકીકત તપાસી જોઇએ. પંજાબ, ઉત્તર પ્રદેશ, મારવાડ, મેવાડ. મધ્ય પ્રદેશ મધ્યપ્રાંત, બિહાર, બંગાલ, ઓરીસા, મદ્રાસ, હૈદરાબાદ, મૈસુર, મહારાષ્ટ્ર, કોકણ, મુંબઈ પ્રાંતમાં ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે દેશદેશના ખાન-પાનના, આભડછેટના એઠાજૂઠાના, સંપ્રદાયના, ધર્મના, લગ્નમરણના વ્યવહારના, વસ્ત્રપરિધાનના, શાસ્ત્રીય કે રૂઢિના રીતરિવાજોમાં ભાતભાત અને જાતજાતના વિરોધ જ નજરે પડશે, અને છતાં બધા સંપ્રદાયવાળા કહેશે કે ધર્મે અમે એક છીએ. વેદ, જૈન અને બુદ્ધ ધર્મ ઉપરાન્ત મુસ્લિમ, ઈસાઈ અને પારસી ધર્મના લોકોનો પણ આ સ્વદેશ છે. એક એક સંપ્રદાયમાં શાખાપ્રશાખાઓ છે. વેદધર્મની જ શાખાઓનો વિચાર કરી જુઓ. અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈત જેવા જ્ઞાન ઉપાસના તથા કર્મમાં, અનેક જાતના એકબીજાથી વિપરીત લાગે એવા રીતરિવાજો છે. કયાંક કયાંક તો એવી રૂઢિઓ છે કે જેના મૂલનો પત્તો જ લાગતો નથી. "એકનું થાપ્યું બીજો હણે" એવું અખાજીનું વાકય જ બધે સાર્થક થાય છે. ભેદનો અન્ત જ નથી.

પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ, નીતિ અને અનીતિ, સદાચાર અને દુરાચાર એવાં એવાં જોડકાંની વાડાબંધી એટલે જ જાણે આ સંસાર એમ કોણ નહીં કહે ?

હું બંગાળમાં ઘણે ઠેકાણે ફર્યો છું, બબ્બે ત્રણત્રણ મહિના જેટલું એક જ સ્થાને રહ્યો છું. શાક્તસંપ્રદાયથી ભરેલી એ પ્રજામાં મંત્રયંત્ર, દોરા, તાવીજ, માદળિયાં વગેરેથી કાર્યસિદ્ધિઓ થાય છે, માતાના પ્રતાપથી જ બધું સંસારચક્ર ચાલે છે, અને એને માટે પાઠ, પૂજા, નૈવેદ્ય વગેરે ધરાવીને એની કૃપા મેળવવાનાં નાનાં મોટાં અસંખ્ય મંત્ર-શાસ્ત્રો તથા યંત્રોનાં પુસ્તકો સચિત્ર છપાયેલાં પણ પ્રસિદ્ધ છે. આ માન્યતા કેટલે અંશે સાચી છે એનો નિર્ણય તો તત્ત્વવિદોએ કરી જ મૂકયો છે, છતાં એમાંયે માનવીય પ્રકૃતિના દૈવી આસુરી વર્ગ પ્રમાણે ઉપાસનાના ઉત્તર (વામ) અને દક્ષિણ (શુદ્ધ) એવા બે વિભાગ છે. સત્ત્વગુણને જ મુખ્ય માનનારો વર્ગ શુદ્ધ ઉપાસનાનો પક્ષપાતી છે, જ્યારે આસુરી–રાક્ષસી પ્રકૃતિનો વર્ગ બહુધા વામમાર્ગનાં ક્રિયાકર્મમાં મોહગ્રસ્ત રહીને જેવાં ખાનપાન પોતે કરતો હોય છે, તેનો ભોગ આપીને દેવીઓને પ્રસન્ન કરવાનો વિધિ કરે છે. શાક્તસંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાંતો વેદોક્ત સિદ્ધાન્તોથી બહુ જુદા નથી, પરન્તુ જે ઝીણવટભર્યો મતભેદ છે, એ સામાન્ય જનસમૂહની બુદ્ધિમાં ઊતરી શકે એવો ન હોવાથી શાંકરવેદાન્ત માટે પણ ત્યાં બહુ વિચિત્ર વિરોધ જણાય છે. જીવ અને બ્રહ્મનો બન્ને સંપ્રદાય અભેદ માને છે; શાંકરવેદાન્ત સૃષ્ટિના વિષયમાં જ્યારે બ્રહ્મના મૂળભૂત તત્ત્વમાં કશુંયે પરિવર્તન, પરિણામ, વિકાર કે ભેદ ન સ્વીકારતાં સંસારને કેવલ વિવર્ત માને છે; જ્યારે શાક્તવેદાન્ત જીવબ્રહ્મનો અભેદ સ્વીકારે છે, છતાં આ બધો સૃષ્ટિક્રમ બ્રહ્મ પોતાની માયાશક્તિ વડે વિલાસરૂપે પ્રવર્ત્ત કરાવે છે, અને બ્રહ્મ અને માયાનો અચિંત્ય અભેદ હોવા છતાં માયાશક્તિને જ પ્રધાનતા આપીને એ શક્તિના દ્વારપ્રવેશ વડે જ બ્રહ્મના સચ્ચિદાનંદનું આસ્વાદન થઇ શકે

છે એમ માને છે, બ્રહ્મની ચૈતન્યમયી તેમ જ આનન્દદાયિની શક્તિ એ માયા છે. એ માયાનાં મહાકાલી, મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાદુર્ગા એવા ચાર નામો પ્રસિદ્ધ છે. સંક્ષેપમાં જે જે કાર્ય આ જગતમાં દૃષ્ટિએ પડે છે, તે તે કાર્યના કારણને શક્તિનું રૂપ આપીને તે પ્રમાણે નામાભિધાન પડાય છે, અને તે તે દેવીનાં પૂજા, અર્ચન પ્રાર્થના, મંત્રાનુષ્ઠાન, યંત્રવિધાન વગેરે યોજાય છે.

આ બધામાં માનવી કલ્પના અદ્ભુત રીતે પ્રયોગશીલ બને છે; પોતાના શરીર માટે જે જે સુખભોગની કલ્પના કરી શકે તેમાંના ઉત્તમોત્તમ ભોગ દેવને ધરાવવાથી એ પ્રસન્ન થઈને એવા જ સહસ્ર-ગણા ભોગ આપે, ભોગ માટે નીરોગી શરીર આપે, નિર્વિઘ્ને ભોગ ભોગવવા માટે રક્ષણ કરે, આવી રીતે ભોગપ્રાપ્તિ, ભોગરક્ષણ અને ભોગાનંદની વાસનામાંથી જ આ બધા વામ-દક્ષિણ તંત્રસાધનાના, દેવી ઉપાસનાના રિવાજો પડ્યા, અને મંત્ર તથા અનુષ્ઠાનના પ્રયોગો અને અનુભવોમાંથી તે તે વિષયનાં સંસ્કૃત ભાષામાં પુસ્તકો લખાયાં. ભારતના સંસ્કારી લોકસમૂહની જે મૂલ ભાષા હતી તે સંસ્કૃત. એ ભાષામાં જે લખેલું હોય તે નિઃસ્વાર્થભાવે જ લખાયેલું હોય એવી પૂર્વજો ઉપરની શ્રદ્ધા, અને સમય જતાં એવી લોકશ્રદ્ધાનો દુરુપયોગ થતાં સંસ્કૃતમાં હોય તો પ્રમાણ ગણાય એવી શ્રદ્ધાની મર્યાદા ઓળંગી જતાં શ્રદ્ધામાં અંધમાન્યતા આવી. અંધમાન્યતામાંથી બુદ્ધિમાંદ્ય, બુદ્ધિમાંદ્યમાંથી અદૃષ્ટ દેવદેવીના શાપ-વરદાનનો ભય અને લાલસા ઊભાં થયાં. પરિણામ એ આવ્યું કે કર્મકાંડનું રહસ્ય અંધારામાં પડ્યું; સંસ્કૃતમાં હોય કે પ્રાકૃત ભાષામાં, પણ પ્રત્યેક લખાણને લોકરૂઢિનું પોષણ મળ્યું અને જનસમૂહનાં, અજ્ઞાનમાંથી ભાતભાતની વિષયવાસનાને જ પોષણ મળે એવી મલિન સાધનાઓ ચાલુ રહી એટલું જ નહિ પણ ઉત્તરોત્તર વધવા માંડી.

બંગાળમાં જ્યાં જુઓ ત્યાં શક્તિમંદિર; મંદિરની આગળ વધ-સ્તંભ; કલકત્તાના મહાકાલીના મંદિરમાં ઉત્સવ પ્રસંગે તો ઠીક, પણ નિત્યપ્રતિ બ્રહ્માના નામધારી અજ–બકરાના ભોગો અપાતા જ હોય; હું દર્શન નિમિત્ત ગયો હતો; લોહીનાં ખાબોચિયાં ભર્યાં હોય, અને ભક્તો કાચા માંસના પ્રસાદના ટુકડા–શેષ લઇને ઘેર જતા હોય. મત્સ્યાહાર પણ એટલો જ ઘરઘર વ્યાપક. બજારમાંથી શાકભાજીની સાથે ખુલ્લા હાથમાં મત્સ્ય ઉપાડીને લાવતા હોય તેના ઉપરાંત ગામડામાં ઘરની પાછળ નાની એવી ખાબોચિયા જેવી તળાવડી હોય ત્યાં સવાર-સાંજ મત્સ્યના શિકારી ઘેર ઘેર જોવા મળે.

મારા મગજમાં આવા આવા તત્ત્વસિદ્ધાન્તના, ઉપાસનાના, રીતરિવાજના, મંત્રસાધનાના, સિદ્ધિચમત્કારના અને ભૂતપ્રેતના જે રીતરિવાજો મેં વાચ્યા, જાણ્યા, જોયા હતા તે ઉભરાવા માંડ્યા; ગંગાના બંગાળી પતિની વાતે મગજનું એ અણગમતું ખાનું ઉઘાડી નાંખ્યું.

શરીરે કંપ વછૂટ્યો, ઘૃણાભર્યા ભાવમાંથી મુખે "સદ્ગુરો!" શબ્દ નીકળી પડ્યો; એમાં કૈંક નિઃસાસાની પણ અસર ખરી.

ગંગાએ ઊંચી નજર કરીને મારી સામે જોયું: મારો કંપ જોયો; મારી વિહ્વળતા એના ખ્યાલમાં આવી હોય એમ એ બોલી.

"શું થયું? બાપજી! ધ્રૂજારી જેવું આપને વળી શું થયું? ધૂણી છે એટલે ટાઢ તો લાગે એમ નથી. આપને પણ માથામાં ધૂણીના તાપની કે ધૂમાડાની ગરમી તો નથી લાગીને?"

"ના, ગંગા, ના; શરીરને તો કાંઈ થયું નથી. પણ તેં તારા બંગાળી સાધુપતિની વાત કહેવા માંડી એમાં મંત્રતંત્રના ઇશારા આવ્યા એથી મારી સામે બંગાળ, શાક્તસાધના, દેવીઉપાસના, પંચમકાર, અને ત્યાંના ચમત્કાર કરી બતાવવાના રીતરિવાજો સાંભરી આવ્યા. મને એવી બાબતો ઉપર ખૂબ જ ઘૃણા છે. મદ્યપાન અને માંસાહાર

દેખ્યો જાય નહીં એટલું જ નહિ, પણ સાંભળતાંયે કંપ વછૂટે. હું ત્યાં ફર્યો રખડયો છું અને જોયું સાંભળ્યું છે. એ બધું તારી વાતથી તાજું થયું. હરિ ! હરિ !"

આટલું એને સમજાવીને હું શાંત થયો. એ પુનઃ વિચારમગ્ન બનીને બેસી રહી. ધૂણીની સામે જ એની નજર હતી.

પણ આ શું? એ ધ્રૂજવા લાગી; અંગેઅંગ કાંપતાં હતાં; નીચે નજર રાખીને જ બેઠી હતી; પણ એનો આવેશ વધતો જતો હતો. ચહેરા ઉપર રતાશ ફરી વળી; લોહીચડયા મોં ઉપર જાણે ઉન્માદ વ્યાપ્યો હોય એમ મને લાગ્યું. એ ધ્રૂજતી હતી.

હું તટસ્થ થયો; એના તરફ જ દૃષ્ટિ રાખીને જોયા કરતો હતો. એટલામાં એણે માથું ધુણાવ્યું, કેશ છૂટા થયા, અને "હૂમ્ હૂમ્"ના અવાજો એના મુખમાંથી નીકળવા માંડયા.

આવેશને વશમાં રાખવાનો ખૂબ જ પરિશ્રમ કરતી હતી; 'હૂમ્ હૂમ્' બંધ થયું. "પિતાજી ! બચાવો, બચાવો, હું બળી મરું છું," એમ કહેતીકને એ મારા ચરણમાં આવીને ઢળી પડી.

## વર્ણક નવમો

### બ્રહ્મચારી બાબા

ગંગા ઢગલો થઈને મને નમસ્કાર કરતી હોય એમ ઢળી પડી. હું તટસ્થ હતો એમાં આશ્ચર્યભરી સ્તબ્ધતા ઉમેરાઇ, જે તાંત્રિક સાધના એણે કરી હતી એનાં સંસ્મરણોથી એ વિકૃત થઇ, કૈંક ભયભીત થઇ, તેમાંયે જ્યાં રહીને એણે અવનવા પ્રયોગો બંગાળી પતિની સાથે રહીને કર્યા હશે એની રહીસહી અસર ઉભરાઇ આવી.

"ગંગા, ગંગા, ઊઠ, શાંત થા" એમ બોલીને એના નમેલા માથાને ઊંચકવા પ્રયત્ન કર્યો, એ ધમણના અવાજે હાંફતી હતી. એટલું જ કહેવાથી ઊભી ન થઇ.

"ગંગા, ઊઠ બહેન; સ્વામીજીને જગાડું ? શેની બીક લાગી ? શાથી ગભરાઇ ગઈ ?" એમ કહીને ઉઠાડવાનો બીજો પ્રયાસ કર્યો.

"ઓ ! પિતાજી! મહારાજજી!" કહીને એણે મોટેથી ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડ્યું. બેઠી થઇ; આંખ-મોં ઉપર બે હાથ રાખીને રડતાં રડતાં કાંપતી હતી.

"શાન્ત થા, ગંગા, જો સ્વામીજીનું શરીર સારું નથી; જાગી જશે તો એમની તબિયત બગડશે. લે, હું ભીમપુરીને જગાડું," એમ કહીને હું ઊભો થવાની કોશિશ કરું છું એટલે રડવું બંધ કર્યું અને પાછી પગમાં પડીને બોલી; "ના, બાપજી ! એ બેમાંથી એકેયને ન જગાડશો, સ્વામીજી ગુસ્સે થશે અને ભાઇ પણ બહુ નારાજ થશે."

મને લાગ્યું કે એ પરવશ બની હતી. સ્વામીજી કે ભીમપુરીને એની બેહોશીની, આવેશની કે આવી પરાધીનતાની જાણ ન થાય તો ઠીક એમ એના મનમાં હશે એમ મને લાગ્યું.

પણ મારે શું કરવું? સ્વા. મોહનાનંદજી અને ભીમપુરી ઘસઘસાટ ઊંઘે છે. એક અશકત અને બીજા થાકેલાને ઊંઘવા દેવા જોઈએ, ત્યારે આ ગંગા તો પરવશ બનીને બેઠી છે.

એની હકીકત જાણવામાં હું તટસ્થ છું. બંગાળમાં વિચરતાં વિચરતાં તાંત્રિક સાધનાના વિપક્ષની વાતો સાંભળીને હું ધરાઈ બેઠો છું, જેને લોકો ચમત્કાર કહે છે, એની અને સિદ્ધો, યોગીઓ, ઉપાસકો, કે એવા બીજા અસંખ્ય સંતસાધુ મનાતા વર્ગના ભકતોની વાતો સાંભળી સાંભળીને મને તો એ માયાવી મોહજાળથી–એવી વાતોથી દૂર રહેવાનું મન થાય છે.

પરન્તુ મારી થોડી નબળાઇ તો ખરી. ગંગાએ પોતાની વાતો કરવા માંડી, સ્વા. મોહનાનંદજી પણ કૈંક એવું જ બોલી ગયા હતા, અહીં આવવાનો પ્રસંગ કેવળ આકસ્મિક હતો, છતાં મેં એ વાતો સાંભળી લીધી, એથી કહેનારના મનમાં તો ઉત્સુકતા વધે જ. કહેનારને કહી નાખું એવું થયા કરે, અને એમાંયે ગંગા જેવું ભાવુક સ્ત્રીહૃદય, સ્વા. મોહનાનંદજીની અનુમતિ, અને જ્યાં રહીને એના જીવનઘડતરના વિષમ પ્રસંગો વીત્યા છે, ત્યાં એકાન્ત મળે એટલે જૂનાં દૃશ્યો એનાં માનસચક્ષુ સમીપ ખડાં થાય અને એથી રાગદ્વેષની વૃત્તિઓ નિરંકુશ બને એ સ્વાભાવિક હતું.

હું વધારે શાન્ત થયો. 'જે થાય તે થવા દ્યો'ની મનોવૃત્તિ થઇ આવી. હું પુરુષશરીર પણ પીઢ છું, એ સ્ત્રીશરીર છતાં વૈધવ્યની પવિત્રતાભરી સાધ્વી છે, સંતસાધુના પરિચયમાં આવેલી છે; સત્સંગના પ્રતાપે કૈંક ત્યાગવૈરાગ્યના સંસ્કારથી રંગાએલી અને આત્મજ્ઞાનની

જિજ્ઞાસુ છે એવું અત્યારસુધીના સહવાસથી મને સમજાયું હતું. એથી અન્યથા કલ્પના કરવી જ અસ્થાને હતી.

પરન્તુ પુરુષ અને પ્રકૃતિનાં પ્રતીક જેવાં નરનારીના સ્વભાવ-ધર્મોમાં કેટલીક વિવિધતા છે. પુરુષ ચૈતન્યપ્રધાન હોવાથી પ્રેરક, ભોક્તા, વિચારપ્રધાન અને ત્યાગસંસ્કારી હોય છે, જ્યારે સ્ત્રીશરીર ભાવવશ, ભોગ્ય, આવેશપ્રધાન અને આનંદમુખી હોવાથી સહજભાવે બન્નેના સહવાસમાં જો વિવેકની દીવાલ ન હોય તો સંયમની મર્યાદા તૂટતાં વાર નથી લાગતી.

અમે બન્ને નિર્ભય હતાં. અત્યારે લખતી વખતે જેટલા વિચાર આવે છે, તેટલી ગહનતા તે વખતે નહોતી લાગી અને લાગી હોત તો મેં પણ સ્વા. મોહનાનંદજી તથા ભીમપુરીની સાથે અંદર જઈને निद्रा समाधि स्थितिः કર્યું હોત. તાત્પર્ય કે કશી શંકાકુશંકા કે તર્કવિતર્ક એ વખતે ઊભા જ નહોતા થયા.

“ઠીક ત્યારે, શાન્ત થઇ જા. હોય એ તો! તને જૂનાં સંસ્મરણો સતાવી રહ્યાં છે, ખરું ને? કૈં પશ્ચાત્તાપ થાય છે? જૂની વાતોના ખેદને લીધે તને રડવું આવે છે? આટલો બધો ગભરાટ શા માટે? તું શા માટે એટલી બધી ભયભીત બનીને બેહોશ બની ગઇ? શું જોવામાં આવ્યું હતું કે ‘બચાવો પિતાજી’ કહીને ઢળી પડી?” મેં એને હવે પૂછવા માંડ્યું. એ અર્ધશાન્ત થઈ હતી. સ્વા. મોહનાનંદજી કે ભીમપુરી જાગી જાય તો નકામો કોલાહલ થાય, કે એને ઠપકો સાંભળવો પડે, એવી ભીતિથી પણ કદાચ જલદી એણે પોતાની જાતને સંભાળી લીધી અને કથની કહેવા માંડી:

“પિતાજી, શું કહું? ઇંધણાંનો ભારો લેવા હમણાં ગંગાકાંઠે ગઈ હતી, ત્યારથી મારું મગજ ભમવા માંડ્યું હતું. ત્યાં તો કાંઇ જોવામાં નહોતું આવ્યું, પણ અહીં આવીને વાતો કરતાં કરતાં આપ

'સદ્ગુરો' બોલ્યા, એની અનુકંપાથી આપ પણ કૈંક કમકમ્યા અને મેં કાબૂ ગુમાવ્યો. સામે જ કોઇ ભયાનક આકૃતિ દેખાઇ; એટલું જ નહિ પણ મારા તરફ ખડ્ગ ઉગાડીને ધસી આવતી હોય એવું લાગ્યું, હું બી ગઇ અને આપના ચરણમાં ઢળી પડી.

"હવે શાન્તિ છે, ભય નથી રહ્યો, પરંતુ આશ્ચર્ય થાય છે કે આ સ્થાને તો ઘણીવાર આવી છું, પણ આજની રાત જેવી કોઇ રાત નથી લાગી. સ્વામીજી અહીં બેત્રણ વખત હાજર રહ્યા હશે, અને તે પણ કપરા પ્રસંગે. આજ તો ભાઇ પણ હાજર છે, છતાં આજે મારા મનમાં ખૂબ જ તોફાન ચાલે છે. બીજું કાંઈ થતું નથી, પણ આવેશ આવવા માંડે છે."

"આવું પહેલાં કૈં થતું ખરું? તારા બ્રહ્મચારી સાથે તેં ખૂબ જ મંત્રજપ તથા પાઠપૂજા કર્યાં હશે એમ લાગે છે," વચમાં મેં પ્રશ્ન કર્યો.

"પિતાજી! આપ પણ મશ્કરી કરો છો કે શું? 'તારા' બ્રહ્મચારી કહીને મહેણું તો નથી મારતા?" બ્રહ્મચારી અને વળી 'તારા' એમ મેં કહ્યું એથી એ નવાઇ પામી. ખરી વાત છે. એ અહીં આવ્યો હશે ત્યારે બ્રહ્મચારીનું બહાનું હશે, પણ પછી તો એ ગંગાનો પતિ તથા એ બન્ને ગૃહસ્થાશ્રમી જ કહેવાય ને! માત્ર મંત્રતંત્રની સાધના કરનારું એક દમ્પતી હતું, અને બંગાળમાં જેને ગુરુગિરી, અથવા ગોરપદું કહે છે, એવો ધંધો કરનાર ગોસાંઇ સાધુના જેવાં એ પતિ-પત્ની બનીને જ રહેતાં હતાં.

"ના, ના, ગંગા! તમે બન્ને પતિપત્ની તરીકે અહીં રહેવા માંડયાં તે પહેલાંની હકીકતનું વર્ણન કરતાં તું પણ એને બ્રહ્મચારી કહીને જ વાત કરતી હતી. મારો કટાક્ષ બ્રહ્મચારી શબ્દનો નથી, પણ તું મુગ્ધ થઈને એને વરી ચૂકી એનાં પરિણામ કેવાં ખરાબ આવ્યાં?

તારા પિતાજીને આઘાત થયો હશે. ભીમપુરીએ પણ ખૂબ વેઠ્યું હશે અને સ્વા. મોહનાનંદજીને બહુ જ વેઠવું પડ્યું છે એમ તું જ કહ્યા કરે છે.

"હશે, પણ એ વાતની આટલી બધી અસર આટલાં બધાં વરસ પછી કેમ થઈ આવી?" મારો પ્રશ્ન તો ચાલુ જ રહે એવી રીતે મેં કહ્યું.

"પિતાજી! લ્યો ત્યારે જેટલું કહેવાય તેટલું વાત માંડીને જ કહેવા માંડું. પહેલાં એ અહીં બ્રહ્મચારી તરીકે રહેતા હતા ત્યારે એમને અમે "બંગાળી બાબા' કહેતાં. કાચી ભિક્ષા માટે એ ગામડામાં ફરતા અને અમારે ત્યાં પણ આવતા. ચોથેપાંચમે દિવસે આવે ત્યારે પિતાજીની પાસે કલાક બે કલાક બેસે; ચાપાન તથા બીડીતમાકુની ચલમ હોકો પણ પીએ. ઉંમર ૨૦-૨૨ વર્ષની, હસમુખો સ્વભાવ, રંગ ઘઉં વર્ણો, માથે જટાનો ભાર અને એમાં સિંદૂરની સેંથી રહેતી. હાથમાં ત્રિશૂલ લઇને ભિક્ષા માગવા માટે આવતા ત્યારે અમે નાનાં નાનાં ખૂબ કુતૂહલથી એમને ભિક્ષા આપતાં ને પિતાજી પાસે બેઠા હોય ત્યારે સાથે બેસતાં ઊઠતાં.

"ધીરે ધીરે સહવાસ વધવા માંડયો. પિતાજીની સાથેની વાતોમાં અમને ગતાગમ નહીં, પણ પિતાજીનો એમના પ્રતિ સદ્‌ભાવ હતો એટલે એમની સાથે હળવાભળવા કે મળવામાં અમને કશોયે સંકોચ નહોતો રહ્યો.

"મારી નાની બહેન કાશી મારાથી ત્રણેક વર્ષે નાની. હું પંદરેક વર્ષની અને એ બારની. તે વખતની વાત છે. વચમાં અઠવાડિયુંક એ ન આવ્યા એટલે પિતાજીએ અમને થોડું સીધુંસામાન, ઘી તથા દૂધ લઇને એમને આપવા અહીં મોકલ્યાં. દસબાર મહિનાનો પરિચય થયો હતો એટલે કશો સંકોચ નહોતો. બ્રહ્મચારીજી કે બાબાજી કહીને અમે એમને બોલાવતાં.

"વહેલી સવારે અમે નીકળીને આઠેક વાગે અહીં પહોંચી ગયાં.

દિવસ ઉનાળાનો હતો એટલે તાપ પહેલાં તરત જ ઘેર પહોંચી જવાની અમને આજ્ઞા હતી. અહીં આવીને જોઇએ છીએ તો બાબાજી બહાર પથારી ઉપર પડેલા અને શરીર ગરમ હતું. અર્ધ નિદ્રામાં, તદ્દન અશકત, ચાર પાંચ દિવસના તાવભર્યા એટલે કશુંયે ખાધુંપીધું નહીં હોય એમ લાગ્યું. પાસે જલપાત્ર હતું. એકાદ તપેલી પડી હતી, પણ એ માત્ર ગરમ પાણી કરવા માટે જ પડી હશે.

"અમે બન્ને બહેનો તો ગભરાઇ ગઇ. સીધુંસામાન ત્યાં જ પાસે મૂકીને એમની પાસે ઉભાં ઊભાં બૂમ મારી, એટલે આંખો ઉઘાડીને અમારી સામે જોયું. "શું તાવ જ આવે છે કે બીજું કાંઇ છે?" એમ અમે પૂછ્યું પણ કશોય જવાબ ન આપતાં સામું તાકી રહ્યા. થોડી વારે વળી પાછી આંખો બંધ કરીને પડખું ફેરવી લીધું.

"હું મૂંઝાઇ ગઇ; ભાનમાં હશે કે કેમ એવી શંકા ઊપજી. જોયા છતાં જવાબ ન આપ્યો તેથી ઓળખ્યાં નહિ હોય કદાચ. મેં નીચે બેસીને એમને માથે હાથ ફેરવ્યો. માથું આગ જેવું ધગધગતું હતું. 'બાબાજી, બ્રહ્મચારીજી' કહીને બેત્રણ વાર બોલાવીને શું થાય છે એમ પૂછ્યું, ત્યારે પડખાભેર સૂતાં સૂતાં જ આંખ ઉઘાડીને કાશી પગ તરફ ઊભી હતી એની સામે જોયું. હું માથા પાસે બેસીને એમની છૂટી પડેલી જટા ઠીક કરતી હતી. એકીટશે જુએ છે, આંખ ઉઘાડી જ છે. મેં ભાનમાં લાવવા માથાને હલાવ્યું. ફરી પાછું શું થાય છે, કેટલા દિવસથી તાવ આવે છે એમ પૂછ્યું, ત્યારે "હૂં" એટલો જવાબ મળ્યો.

"ઊઠો; ઊભા થાઓ, અમે દૂધ લાવ્યાં છીએ; હાથમોં ધોઇ લ્યો એટલે ચા બનાવી આપીએ." મેં એટલુ કહ્યું, પરંતુ એહોશી સાધારણ નહોતી. વળી પાછી આંખો બંધ પડી. હું ગભરાઇ ગઇ. શું કરવું એની કશી સમજણ નહોતી પડતી. નાની બેન કાશીને ચૂલો સળગાવી તપેલીમાં ગરમ પાણી કરવાનું કહ્યું. હું ઘડો લઇને ગંગાજળ લેવા ચાલી.

"પાણી ભરીને આવી ત્યારે કાશીએ દેવતા સળગાવીને પાણીની તપેલી ચૂલા ઉપર ચડાવી દીધી હતી. બ્રહ્મચારીબાબા બંધ આંખે બન્ને હાથ કપાળે મૂકીને પથારીમાં શાન્ત બેઠા હતા. કાશીએ કહ્યું કે હમણાં જ બેઠા થયા છે પણ જવાબ આપતા નથી. મેં ઘડો નીચે મૂક્યો. એમની પાસે જવાનું કરું છું એટલામાં પાછા પડખાભેર સૂઈ ગયા.

"કેમ પાછા સૂઈ ગયા? બાબાજી! ઊઠો, ગરમ પાણીથી હાથમોં ધોઈ લ્યો." એમ બોલતી એમની પાસે જઇને માથા તરફ બેઠી. વળી પાછી શૂન્ય જેવી દશા દેખી. મને ખાતરી થઈ કે એ ભાનમાં નથી. તાવની ગરમી માથે ચડી ગઈ હોય, કારણ કે માથું ખૂબજ ગરમ હતું, મેં એમની છાતી પર હાથ ફેરવી જોયો. એમાં બહુ ગરમી નહોતી. આવું કેટલા દિવસથી હશે? સન્નિપાત તો નહીં હોય? કેવી જાતનો તાવ હશે?

"કાશી! તું જલદી ઘર જા અને પિતાજીને કહે કે બાબાજીને ખૂબ જ તાવ છે, બોલાવ્યા બોલતા નથી એટલે જલદી અહીં આવી જાય, એમને અહીં એકલા મુકાય એવી દશા નથી તેથી તું, બહેન! જઈશને? પિતાજીને બધું કહેજે અને જલદી તેડી લાવજે હોં" મેં નાની બેનને તાબડતોબ રવાના કરતાં કહ્યું. એ ઝડપથી ઊઠી ને રસ્તે પડી.

"મારી પંદરસોળ વરસની ઉંમર ખરી, પણ હું સાહસિક જબરી. આવે વખતે જરાયે ગભરાઉં એવી નહિ. કાશી અદૃશ્ય થઈ. કપડાનો કકડો પાણીથી પલાળીને મેં માથા ઉપર મૂક્યો. ઘણીવાર હું એમને એમ બેસી રહી. તપેલીમાં પાણી ગરમ થઈ ગયું હતું. મનમાં થયું કે એમને સાવધાન કરીને હાથમોં ધોવડાવું: ચા પાઉં અને આ બધું કેમ ને ક્યારથી થયું છે એ વિષે હકીકત પૂછું.

માથા ઉપર ઠંડક થતાં એમની આંખ ધીરેથી ઊઘડી: મારી

સામે જોયું. "કોણ ગંગા! ક્યારથી આવી છે તું?" એમ તરત જ પૂછ્યું.

"મને લાગ્યું કે ભાનમાં આવ્યા છે એટલે ચા માટે પૂછ્યું: કેમ છે, આપને? તાવ આવે છે? ઊઠીને હાથમોં ધોઇ લ્યો. ગરમ પાણી તૈયાર છે; દૂધ લાવી છું એટલે પછી આપને ચા બનાવી આપું તે પી લ્યો" મેં બધી વાત પૂછીને ઊભા થવાનું પણ કહી નાખ્યું.

"આજ આઠ દિવસ થઇ ગયા. તારે ત્યાંથી આવીને તરત જ તાવે પડયો છું. આજ છ દિવસથી તો ઊભાં પણ પરાણે થવાય છે. ભાન પણ નથી રહેતું" એમ કહીને એ બેઠા થયા. મેં ખભા ઉપર હાથ મૂકીને કહ્યું, 'ચાલો જરા આસન ઉપરથી આંગણામાં આવો ત્યાં ગરમ પાણી આપું એટલે હાથમોં ધોઇ લ્યો.'

"એમના ઊભા થવાના પ્રયત્નો વ્યર્થ ગયા. ઊભા થતાં જ લથડિયું ખાધું એટલે જમણું બાવડું પકડીને મેં ટેકો આપ્યો. આંગણામાં બેસાડીને ગરમ પાણી આપ્યું. એમણે હાથમોં ધોઇ લીધાં. પાછા ત્યાંથી ઉપાડીને આસન ઉપર લઇ આવી. પાછળ તકીઆ જેવો ટેકો મૂકીને બેસાડયા. હું ચા બનાવવા માટે બહાર ચૂલો સળગતો હતો એ તરફ જવાનું કરું છું એટલામાં તો એમણે મને અચાનક જોરથી બૂમ મારી. પથારીમાં ઢળી પડયા.

"દોડીને એમની પાસે ગઈ. "શું થયું બાબાજી! ચક્કર આવે છે?" એમ કહીને પાછળનો તકીઓ ખસેડીને સીધા સુવાડી દીધા. મને મનમાં વિચાર આવ્યો.

"આ બધું છે શું? હમણાં ઠીક વાત કરી. પાંચસાત દિવસના તાવમાં આટલી બધી નબળાઇ આવી ગઇ કે કાંઇ બીજુ હશે? મેં બાબાજી, બાબાજી, કહીને બોલાવવા માંડયા.

આંખ ઉઘાડીને સૂતાં સૂતાં જ એમણે બોલવા માંડ્યું: "ગંગા, આ તે તાવ છે કે બીજું કૈં એની મને ખબર નથી પડતી. પરમ દિવસ સુધી તો હું હરીફરી શકતો હતો. ચોથે દિવસે રાત્રે તો મેં ખીચડી બનાવીને પણ ખાધી હતી. હું તારે ત્યાંથી આઠેક દિવસ પહેલાં નીકળીને અહીં આવ્યો ત્યારે તો કંઈ નહોતું. એકાએક આ શું થયું એની મને જ સમજણ પડતી નથી. માથામાં ચક્કર આવે છે ને સ્વપ્નાં પણ બહુ ખરાબ આવે છે. ભયંકર દશ્યો દેખાય છે."

"ઠીક, ઠીક હમણાં તમે સૂઇ રહો. હું ચા બનાવીને લાવું છું. ચા પીશો એટલે થોડી સ્ફુર્તિ આવશે" એમ કહીને હું ઊભી થઇ. ચાખાંડ શોધવા માટે ગુફામાં જઇને જોઉં છું તો ત્યાં વિચિત્ર લીલા જોઈ.

"એ હમેશાં મહાકાલીના ચિત્રની પૂજા કરતા અને મંત્રનાં અનુષ્ઠાન પણ કલાકો સુધી બેસીને કર્યા કરતા. એકાદવાર એની ઊજવણી વખતે અમે ઘેરથી બધાં આવ્યાં હતાં. દસેક કુમારિકાઓને એમણે પૂજન તથા ભોજન કરાવ્યાં હતાં. તે વખતે એમણે કહેલું કે મારી એક સિદ્ધિ તો પૂરી થઈ. અમે તો નાનાં એટલે એ સિદ્ધિ શું હશે, કેવી હશે, એ વિષે કશુંએ શાનાં જાણીએ? પિતાજીનું લક્ષ્ય જુદું હતું એ તો એમની સાધના જોયા જ કરે; આડકતરી રીતે વૈરાગ્યનો જ ઉપદેશ આપ્યા કરે તેથી અમારા ઘરમાં એ વિષે બહુ ચર્ચા ન થાય.

"અમારા પહાડી લોકોમાં એ બાબતની બહુ તથ્યા જ નહીં આંગણે આવેલા સાધુબાવાઓને લોટ કે દાળચોખાની ચપટી અથવા રાંધેલા અન્નની ભિક્ષા આપીને સંતોષ માનવાનો જ સ્વભાવ. આ બ્રહ્મચારી સાથેના સંબંધમાં પણ અમારા કરતાં એમનો અવરજવર બહુ વધી ગયો હતો, એમ કહોને કે રોજ લગભગ આવે જ, ભિક્ષા લેવાનું તો પછી બહાનું જ રહ્યું હતું.

"પિતાજી એમની સાથે પોતાની રીતે વાતચીત કરે. એમના બંગાળી

સ્વભાવમાં માતાજીની ઉપાસના, મંત્રોમાં અનુષ્ઠાન, યંત્રો બનાવીને સિદ્ધ કરવાં, જાતજાતનાં નૈવેદ્યો ધરાવવાં અને એ રીતે ચમત્કારોની જ વાત થતી હોય. હું નાની હતી એટલે એમાં કશુંયે શાની સમજું, પણ એમનો હસતો ચહેરો, શરીરમાં સ્ફુર્તિ અને જુવાન ઉંમર જોઇને અમને આશ્ચર્ય થાય કે આટલી નાની ઉંમરમાં આમને કેવો સરસ વૈરાગ્ય આવ્યો છે! એ આશ્ચર્યને લીધે જ મારો એમના પ્રતિ મોહ કહો, આકર્ષણ કહો, દયા કહો કે જે કહો તે, બાપજી! પણ શરૂઆતમાં એમના તરફ મમતા તો બહુ વધી ગયેલી.''

ગંગા આટલી વાત કરીને જરા અટકી. મને લાગ્યું કે એ એના ભૂતકાળના પ્રવાહમાં તણાતી જાય છે, અને પોતાના પૂર્વજીવનના પ્રસંગોનું અત્યારે અચ્છું અવલોકન કરી શકે છે. એની વાત સાંભળતાં સાંભળતાં હું મારા મનમાં અનુમાનોની પરંપરા ગૂથતો હતો.

બ્રહ્મચારી બનેલો ૧૯-૨૦ વર્ષનો એ કોઇ બંગાળી બાળક હશે. મંત્રતંત્ર અને શાસ્ત્રઉપાસનાના કુલધર્મમાં પોષાએલો અને રંગાએલો હોઈ એકાન્ત મળતાં એણે કૈંક સાધના કરવા માંડી હશે. અહીં એકાન્ત મળતાં સંયમ વધ્યો હશે. અને આ તો જાણે ગંગા બ્રહ્મચારીની મારી પાસે નવલકથા વંચાવા માંડી હોય એવું બન્યું.

આમાં નવું કશું નહોતું લાગતું, અને હજુ બ્રહ્મચારીની મનોદશા સમજવાના પ્રસંગોનું પૂરું વર્ણન ક્યાં થયું છે કે હું કલ્પનાઓ કર્યાં કરું! પણ એટલું તો ખરું કે એનામાં શાક્ત સંપ્રદાય અને સાધનાના જ સંસ્કાર હતા. વેદોક્ત સંન્યાસ કે વૈષ્ણવ બ્રહ્મચર્યનાં ત્યાગવૈરાગ્યનાં ચિહ્ન આટલી વાત સાંભળતાં તો ક્યાંય નજરે નહોતાં પડતાં. લોક-પરલોકની વાસનામાં રંગાએલો કોઈ નવજુવાન હશે, સાધના અને સિદ્ધિના મોહમાં તંત્રગ્રન્થોમાંથી પ્રેરણા મેળવીને સ્વભાવસુલભ અનુષ્ઠાનો અને પ્રયોગો માટે એકાન્ત એને ગમી ગયું હશે, નિર્વાહ માટે હિમાચલ

પ્રદેશનાં ભાવુક ગ્રામ્યજનોનાં આતિથ્યની એને સગવડ મળી ગઇ, અને એમાં પણ આ ગોસાંઇ કુટુંબના વાત્સલ્યનો—ખરે જ ભીમપુરીના પિતાનું તો એના પ્રતિ વાત્સલ્ય જ હતું—લાભ મળ્યો એટલે એનામાં યૌવનના ભાવે પરવશતા આણી હશે. મારી કલ્પનાના દોર ઊડતા હતા, ગંગાની વાતમાંથી એને અનુકૂળતા મળતી હતી. મેં એને વાત કરતી અટકાવીને કહ્યું:

"ગંગા એ બધી વાત ખરી, હું તો તને શાની બીક લાગી એ પૂછતો હતો અને તેં તો તારી વાર્તા કહેવા માંડી."

"બાપજી, હું મારી વાત બધી કહું ત્યારે જ આપને પૂરી સમજણ પડે ને! આપ ધીરજથી સાંભળો તો ખરા." એણે એટલું બોલીને આગળ ચલાવ્યું.:

"હું ગુફામાં ગઈ ત્યાં એમના પૂજાના સ્થાનમાં બધું વેરવિખેર પડ્યું હતું. પૂજા માટેનું મહાકાલીનું મોટું ચિત્રપટ, તેની પાસે દીવો, અગરબત્તી વગેરે હમેશાં ગોઠવેલું રહેતું. અત્યારે જઇને જોઉં છું ત્યાં તો છબી ઊંધી પડી હતી. દીવી અને ધૂપિયાનો સામાન ધકેલાઇને દૂર ફેંકાઈ ગયો હોય એમ લાગતું હતું. બંગાળી ભાષામાં લખેલું પૂજાનું પુસ્તક પણ કોઇએ તોડીને ફેંકી દીધું હોય એમ પાનાં છૂટાં છવાયાં રખડતાં હતાં. મતલબ કે એ સ્થાનમાં જાણે વાંદર કે ઊંદરે પેસીને તોફાન કર્યું હોય એવી દશા હતી. એ સિવાય સીધુંસામાન, ચાખાંડ કે બીજી વતુસ્ઓ બધી જેમની તેમ સલામત હતી.

"મને આશ્ચર્ય થયું તે આ પૂજાસ્થાનની ગડબડ માટે! ભાન ભૂલીને તો એમણે આ નહિ કર્યું હોય એવી શંકા થઇ, પણ મેં મન મારીને એ વાત દબાવી અને ચાખાંડ લઇને બહાર નીકળી આવી. પરંતુ મનમાં એને લીધે ઊંડો ઊંડો કૈંક ઉદ્વેગ થવા માંડ્યો.

"ચા બનાવીને હું એમની પાસે લઇ ગઇ. એમને બેઠા કર્યા અને

ચા પીવાનો આગ્રહ કર્યો. શાંતિથી બેઠા થયા પણ મારે એમને સ્પર્શ કરીને ઉપરાઉપર ટેકો આપવો પડ્યો, વાંસામાં કે ખભામાં હાથ મૂકીને બેઠા કરવા પડ્યા, માથે જટા ઠીક કરી, પાણીનાં પોતાં મૂકયાં, છાતી–પેટ પર તાવ જોવા હાથ ફેરવ્યા, એ બધામાં મારો તો તદ્દન નિર્દોષ ભાવ હતો. હું નિર્વિકારી હતી એટલું બાપજી! સોગન ખાઇ ને કહું છું. મારા મનમાં એમને માટે એ વખતે કેવળ દયા જ હતી. માંદગીમાં સેવા કરતાં કરતાં શાનો વિકારી ભાવ આવે? પિતાજી!

"એ બેઠા થયા. મેં ચાનો વાડકો પાસે મૂકયો હતો અને એક નાની એવી રકાબી હતી તેમાં થોડી ચા કાઢી આપીને પીવા કહ્યું.

"ચા તરફ એમણે નજર કરીને થોડું સ્થિરતાથી જોયા કર્યું. રકાબી હાથમાં લીધી અને પીધી પણ ખરી. હું તો ભોળે ભાવે જોયા કરતી હતી અને ચા પીએ છે જાણી મનમાં સંતોષ પામતી હતી. પણ પેલી પૂજાસ્થાનની વિચિત્રતાના વિચારને લીધે અંદર ગંભીરતા આવી હતી. આમ કોણે કર્યું હશે? એમને પૂછું?—ના; ચા નિરાંતે પીવા દેવી જોઈએ એમ ધારીને વાડકામાંથી રકાબીમાં ચા રેડી આપી.

બીજી રકાબી પણ પી ગયા, એટલે છેલ્લી–ત્રીજી રકાબી રેડી અને એ તો ચમકયા. આંખો વિકરાળ બની. મારી સામે ત્રાટક કરતા હોય એમ જોઈ રહ્યા.

"હવે હું ગભરાઇ; અસહાય, એકલી, પંદરસોળ વરસની અવિવાહિત કન્યા, ખરે જ, હું ખૂબ જ ગભરાઇ ગઇ. શું કરું? થોડી વાર તો બેસી રહી, એ સ્થિર હતા. મેં હિંમત લાવીને કહ્યું: "બાબાજી! ચા પી લો, હવે એટલી જ છે; શું થાય છે? કેમ તાકી રહ્યા છો?" મારા બોલવામાં જોર હતું, જુસ્સો હતો, વત્સલ પિતાજીની પવિત્રતા હતી. મા વિનાની છોકરી છું, ગામડાની ગોસાંઇ કોમની છું, પણ મને મારી અવસ્થાનું ભાન છે. હું તો એમની તબિયત જોવા આવી, ગભરાઇને

કાશીને પિતાજીને તેડવા મોકલી; અને હવે? હું તો એકલી છું. આ બાબાજી તોફાને ચડે તો શું થાય! મને ગુસ્સો-જુસ્સો આવી ગયાં.''

''શું જુઓ છો? ચા પી લ્યો ને; ચાલો જલદી કરો. ચેનચાળા શેના કરો છો?'' એમ કહેતાં મારી આંખોમાં રોષ ભરાઇ ગયો એની અસર ઠીક થઇ; આંખો નીચે ઢાળીને ચા પીવા માંડી. રકાબી પૂરી થઇ ને ધીરેથી એમણે હેઠે મૂકી.

''ગંગા, તું બી ગઇ ખરું?'' શાંતિથી બોલવા માંડ્યા. ''પણ, મારું મગજ ઠેકાણે નથી. મને આઠ દિવસથી શું થયું છે તેની ખબર જ પડતી નથી. આ તે કઈ જાતનો તાવ છે, વારે વારે ભાન ભૂલી જવાય છે, અશક્તિ પણ વધી ગઇ છે. શું થયું હશે આ?''

''બાબાજી! તમે ધીમા પડો તો વાત કરું.'' મેં પેલી પૂજાસ્થાનની ગડબડની વાત કહેવાની પ્રસ્તાવના મૂકી.

પણ એ તો આવેશમાં આવી ગયા. ઊછળીને મારે ગળે વળગી પડ્યા; બન્ને હાથ મારા ગળામાં નાખીને માથું મારે ખભે નાંખી દીધું અને ગાંડાની માફક બોલી ઊઠ્યા: ''ગંગા, મારી ગંગા! મારી રિદ્ધિ! મારી સિદ્ધિ! તું મળી હવે; હાશ!''

હાથને જોરથી છોડાવીને હું ઊભી થઈ ગઇ; આપ જ બાપજી કલ્પના કરો મારા ગભરાટની; હું તો દોડીને ગંગાકાંઠે ગઈ અને હજારો વીંછી કરડ્યા હોય એવી મનોવેદનાને શાંત કરવા ગંગાજીના પ્રવાહમાં ગળાબૂડ પાણીમાં બેસી પડી. આંખમાં આગ હતી. હૃદયમાં ગભરાટ હતો; માથું જાણે ભમવા માંડ્યું! 'ભગવાન્ ભગવાન્' કહીને મેં જોરથી પાણી ઉછાળી ઉછાળીને નાહવા માંડ્યું.

''છેવટે પ્રાણ થાક્યા અને ડુઠવો મૂકીને રડી પડી. મારું અબળાનું ગજું કેટલું? અને આ તો અત્યારે આટલું સમજી છું એટલે ધીરજથી

વાત કરું છું, પણ તે વખતે તો હું નિર્દોષ, તદ્દન નિર્દોષ, બાપજી! મને કશી બીજી ગતાગમ નહીં. એમ થયું કે ભોગ લાગ્યા ને પિતાજીના કહેવાથી અહીં આવી ચડી; કાશીને મોકલીને એકલાં રહેવાની ભૂલ કરીઃ હાય! હાય! શું થશે! હવે તો પિતાજી જલદી આવે અને ઉગારી લે.'

"આ બ્રહ્મચારી તે ગાંડા થઈ ગયા છે કે શું? 'ગંગા, મારી ગંગા, મારી રિદ્ધિસિદ્ધિ' આ બકવાદ શાનો? ખરેખર, આમાં કૈંક જૂદું જ લાગે છે. સહવાસનું આવું પરિણામ? દેખાવે, બોલવાચાલવામાં તો એ બહુ સરલ હતા. કોઈ દહાડો કશું જાણવામાં આવ્યું નથી. આસપાસનાં ગામડાંમાં પણ એમનાં ઈજ્જતઆબરૂ સારાં છે. આ તે આજે જ આવું થયું કે કૈંક મનની છાની—પરાણે દાબી રાખેલી વાત નીકળી પડી!

"મારા આશ્ચર્યમાં ગભરાટ અને વેદના હતાં. "હાય! હાય! આ શું?" એમ કહેતી જાઉં છું ને વચમાં 'હે ભગવાન' બોલતી બોલતી પાણી ઉછાળી ઉછાળીને નાયા કરું છું. શરીરને તો ઠંડક લાગતી હતી. પણ મારી દશા તો કલ્પી લ્યો. હું પણ બેભાન બનીને દોડતી દોડતી બધાંય કપડાંભેર પાણીમાં પડી હતી. નહાઇને પછી શું પહેરીશ એનોયે વિચાર નહોતો કર્યો.

"થોડી વારે બહાર નીકળીને ગંગાકાંઠે બેઠી. ભીને કપડે પ્રવાહની સામે જોતી જોતી સ્તબ્ધ બનીને બેઠી છું. ઉપરની ઓઢણી કાઢીને નીચોવી નાંખી; ચણીઆચોળી ભેર થઇને સુકાવા નાંખી; તડકો વધતો જતો હતો. ઉનાળાનો તાપ અને તેમાં પણ પહાડની તળેટીનો એટલે ગરમી ખૂબ જ આકરી લાગે.

"મારો ગભરાટ થોડો શમ્યો એટલે મને બ્રહ્મચારી યાદ આવ્યા. કોણ જાણે કેમ પણ મને એમના તરફ તિરસ્કાર ન આવ્યો. તાવને લીધે જ એમનામાં ગાંડપણ આવ્યું હશે એવું લાગ્યા કર્યું. પૂજા કરવા

ગયા હશે અને બેભાન થઇ જતાં છબી વગેરે ઢીલી પડયાં હશે એમ મેં માન્યું.

"હું શાન્ત બેસીને ઓઢણી સુકાવાની રાહ જોતી બેઠી હતી. પિતાજી જલદી આવે તો ઠીક; એમના આવતા પહેલાં હું અહીંથી ચાલી નીકળું તો વળી કેવુંયે પરિણામ આવે! મારાથી આવી વાત એમને થાય પણ કયી રીતે! આવા આવા વિચારોની ગડમથલમાં અર્ધોએક કલાક નીકળી ગયો. ઊભા થઇને સુકાઇ ગયેલી ઓઢણી લીધી; માથાના વાળ પણ હવે સુકાઈ ગયા હતા. ઓઢણી પહેરીને ચણીઓચોળી કાઢીને પાણીમાં તારવી કાઢયાં ને એ પણ સુકાવા નાંખ્યાં.

"પણ હવે પથ્થર ગરમ થઇ ગયા હતા. થોડે દૂર જાઉં તો પહાડની ભેખડમાં છાંયડાનો આશ્રય મળે એમ માનીને કપડાં ત્યાં જ રાખી એ તરફ ગઇ. છાંયડે જઇને આડી પડીને સૂઇ ગઇ!

"બિચારા બ્રહ્મચારી! વળી પાછી મારી લાગણીઓ વધારે કૂણી બની. હું તો નાસીને અહીં આવી પણ પાછું વાળીનેય જોવા નથી ઊભી રહી કે એમની શી દશા થઇ હશે, પથારીમાં પડી ગયા હશે. હોશમાં હશે કે નહિ. આવી આવી ગડમથલથી કંટાળીને ઊભી થઇ, અર્ધ સુકાયેલાં ચોળીચણીઓ પહેરી લીધાં અને ઓઢણી શરીર ઉપર નાંખીને એમના તરફ ચાલવા માંડયું.

"એ પથારીમાં બેઠા હતા. શાંતિથી બેઠા હતા. પથારીમાં ગંભીર ભાવે બેઠા હતા. આંખો ઉઘાડી હતી અને એમાં ઉદ્વેગ, ચિંતા અને મૂઝવણ દેખાતાં હતાં. મને જોતાં જ એ કૈંક બેબાકળા બની ગયા.

"ગંગા, માફ કરજે હોં, મને ભાન ન રહ્યું. મને લાગે છે કે મને આ તાવ નથી." એમણે સભાનપણે બોલવા માંડયું. ઉશ્કેરાટ શમી ગયો હોય એમ મને લાગ્યું.

"શું હતું, બાબાજી! તમે કેમ મારી ગંગા, મારી રિદ્ધિ, મારી

સિદ્ધિ' એમ બોલીને મારા ઉપર ધસી આવ્યા; કંઈક વાત તો કરો." મેં ચારપાંચ હાથને છેટે બેસીને કહ્યું.

"આઠેક દહાડા ઉપર તારે ત્યાંથી આવીને એ રાતે હું પૂજા કરવા બેઠો. મારા મંત્રજપ પૂરા થયા, અને પછી હું સ્તોત્ર બોલતો હતો, બોલતાં બોલતાં જોર વધવા માંડયું. હું ઊભો થઇ ગયો, ત્યાં સુધી મને ભાન છે, પણ પછી શું થયું હશે એ હું જાણતો નથી. સવારે જાગ્યો ત્યારથી મારી આવી બેહોશીની દશા છે. કંઈક એવું થોડું યાદ છે કે ઊભો થઇને હું મા-કાલીની છબી ઉપર તું મા, તું સર્વસ્વ, એવું બોલતો બોલતો ઢળી પડયો હતો. અને પ્રથમના ચાર દિવસ તો તદ્દન બેભાન અવસ્થા જ હતી. વારે વારે ગંગાજીએ જાઉં, અંદર ઊતરીને નહાઉં, બરાડા પાડું, પાણી પુષ્કળ પીધા કરું, અર્ધભાન જેવી દશા ખરી. પાણીની તરસ છીપે જ નહિ, અને એમ જ થાય કે જાણે ગંગાજીમાં જ પડયો રહું.

"ચોથે દિવસે ગરમી ઓછી થઈ. માથું તો હજુયે ખૂબ ભારે છે, પછી બહાર પથારી નાંખીને સૂતો, તે દિવસે રાત્રે ખીચડી બનાવીને ખાધી: ત્યારથી ઉન્માદ નથી રહ્યો. પરન્તુ હજી આવેશ આવે ત્યારે ભાન નથી રહેતું. તને મેં શું કહી નાખ્યું હતું ગંગા?" એમણે મને કહેલા પ્રસંગનો તાગ સાંધ્યો.

"તમે બહુ જ ગાંડપણ કર્યું છે, આઠ દહાડા સુધી તમે દેખાયા નહિ એટલે પિતાજીને તમારે માટે ચિંતા થઇ: મને અને કાશીને સીધું સામાન તથા દૂધ લઇને જોવા મોકલ્યાં. મને આવે પણ દોઢેક કલાક થઇ ગયો. આવીને જોયું તો તમે બેહોશ પડયા હતા. બોલાવ્યા બોલો નહીં; માથું ગરમ, આંખ ઉઘાડો ત્યારે સામે તાકયા કરો: મેં કાશીને પિતાજીને બોલાવવા મોકલી ને તમને ચા કરીને પાઇ. ભોગ લાગ્યા મારા કે હું અહીં એકલી રહી."

"એમ? ગંગા! પણ મેં શું કર્યું એ તો કહે." એમનો એ વાત જાણવાનો આગ્રહ ચાલુ રહ્યો.

"મેં તમને બેઠા કરીને ચા પાઇ. તે પહેલાં ગરમ પાણી કરીને હાથમોં ધોવડાવ્યા. હાથ પકડીને તમને ઊભા કર્યા, ટેકો આપીને બેસાડ્યા, તમારો આટલો બધો પરિચય એટલે તમારે માટે આવી દશામાં લાગણી તો થાય જ ને! પણ તમે તો ગાંડાની માફક "ઓ ગંગા! મારી ગંગા! મારી રિદ્ધિ, મારી સિદ્ધિ!" કહીને મારે ગળે બાઝી પડ્યા. એ તે કાંઇ સારું કહેવાય? અહીં હું એકલી રહી એ જ ભૂલ કરી; તમને કાંઇ અક્કલ છે કે નહીં? પિતાજીના આગ્રહને લીધે અમે બન્ને બહેનો અહીં આવી અને દયા ઉપજી તેથી સાહસ કરીને અહીં હું એકલી રહી. એ મારી લાગણીનો આવો બદલો? તમે બ્રહ્મચારી છો! ત્યાગવૈરાગ્યનું બહાનું લઇને બેઠા છો! હું કુંવારી કન્યા છું. તમે તો કુમારિકાનું પૂજન કરો છો અને આ શું સૂઝ્યું? મને તો તમારે માટે સ્વપ્નેય આવો ખ્યાલ ન આવે અને તમે આ શું બકી ગયા? બક્યા એ તો ઠીક પણ મને ગળે કેમ વળગી પડ્યા? કૈં ગાંડીઘેલી સાધના તો નથી કરી? તમે વાત કરી એ ઉપરથી તો એમ જ લાગે છે." મેં મારી અક્કલ પ્રમાણે આવું આવું ઘણુંયે કહ્યું, પણ એ બધામાં મને એમની દયા આવ્યા કરતી હતી. આટલા વર્ષના સહવાસમાં એમની દૃષ્ટિમાં તો મને વિકાર નહોતો દેખાયો. અને પિતાજીને પણ કૈં નહીં લાગ્યું હોય ત્યારે જ અમને સહવાસમાં આવવા દીધાં હશે ને?

"એટલી વારમાં પિતાજી આવ્યા; અમારી વાતચીત અધુરી રહી. મેં એ પ્રસંગને મનમાં જ દબાવી દીધો. આ એમની સાથેનો આવો પહેલી જ વારનો વિચિત્ર પ્રસંગ." ગંગાએ વાત પૂરી કરી.

બ્રહ્મચારી બાબાની વાત હું અથેતિ સાંભળી રહ્યો હતો. વાત કરતાં

કરતાં એનામાં કૈં કૈં વિચિત્ર ભાવો ઊભરાતા હતા. અત્યારે પણ એના પતિ વિષે એને ખાસ અભાવ નહોતો; અલબત્ત મમતા પણ રહી નહોતી. તટસ્થ રીતે વાત કરતી હતી. કારણ કે સ્વા. મોહનાનંદજીના પરિચયથી એ બહુ બહુ સમજી શકી હોય એમ લાગતું હતું. મેં કહેવા માંડયું:

"ગંગા, બધું સાંભળ્યું. એ બ્રહ્મચારીનું નામ તો તું મને કહેવું ભૂલી ગઇ છે. આ તો તેં તારી પ્રણયકથાનો આરંભ કર્યો. તારી વાત ઠીક છે. પણ એમાં મને કૈં શરૂઆતથી જ જુદું સમજાય છે." મેં એ વાત ઉપરથી જે અનુમાન કહાડયું હતું એ જુદું જ હતું–માત્ર બ્રહ્મચારીના સંસ્કાર પૂરતું. ગંગા તો સહજ સ્વભાવે જે બન્યું તે બોલતી હતી. હું એમાં બન્નેના પૂર્વસંસ્કારનું નિરીક્ષણ કરતો હતો. ગંગાએ જવાબ આપવા માંડયો:

"એમનું નામ પોતે કાલીસ્વરૂપ અને દ્વારકાપીઠનો બ્રહ્મચારી છું એમ કહેતા. દીક્ષાગુરુ કોઈ વિરક્ત સ્વામીનું નામ બતાવતા. કાશીમાં બ્રહ્મચારીની દીક્ષા લઈને હૃષીકેશ આવીને થોડું રહ્યા પછી અહીં આવ્યા હતા. શરૂઆતમાં હૃષીકેશનાં ક્ષેત્રોમાંથી અન્ન લાવતા પણ પછી તો અહીંથી સગવડ થઇ ગઇ એટલે ત્યાં નહોતા જતા. શરીર બ્રાહ્મણનું હતું એમ કહેતા. માતાપિતાનો દેહાન્ત થયો હતો. ભાઇભાંડુ પણ કોઇ નહોતાં. બંગાળી જ આવડતું. હિન્દી ઠીક ઠીક બોલી શકતા. કારણ કે માતાપિતા કાશીમાં રહેતાં હતાં એમ કહેતા.

"મેં એમના અંગત જીવન વિષે વધારે વાતચીત કોઈ દહાડો કરી જ નથી: કારણ કે અમારો સંબંધ વિચિત્ર રીતે જ થયો હતો. એક વાર એમનાં માતાપિતા વિષે બોલતાં બોલી ગયા હતા કે પિતાજી પૂર્વબંગાળમાંથી આવીને કાશીમાં રહ્યા હતા અને ત્યાં જ પાછળથી ઘરબારી બન્યા હતા. સંતાનમાં એ પોતે એકલા જ હતા. પહેલાં માતાનો દેહાન્ત થયો અને પછી પિતાજી ગયા. પોતે કાશીમાં બંગાળી–

હિન્દી ભણીને પછી આ તરફ ઉત્તરાખંડમાં આવ્યા હતા. વધારે એમાં શું કહેવા જેવું છે? અમે પરસ્પર કેમ આકર્ષાયાં એ જ મને તો નવાઇ લાગે છે, એમના સ્વભાવમાંયે કાંઇ સાંસારિક પ્રપંચ નહોતો. હું તો ભોળેભાવે જ ખેંચાઇ જતી હતી. એને આપ મોહ કહો પ્રેમ કહો, કે જુવાનીનું ગાંડપણ કહો—જે કહો તે પણ આકર્ષાયાં અને પતિ–પત્ની બનીને રહ્યાં." ગંગાએ ટૂંકમાં બધું પતાવ્યું. એ શરમાઇ ગઇ.

રાત જામતી જતી હતી. સ્વા. મોહનાનંદજી અને ભીમપુરી નિરાંતે ઊંઘતા હતા. ગંગાની વાતે અમારી નિદ્રાને તો અત્યાર પૂરતો દેશવટો આપ્યો હતો. એ જે કહેવા માંડી હતી એમાં એની નિખાલસતા હતી. કશુંયે છુપાવવા જેવું નહોતું લાગતું. કારણ કે પોતાનો ભૂતકાળ એને અત્યારે તો સ્વપ્ન જેવો હતો, અને જે થઇ ગયું તે થઇ ગયું એમ સમજીને બધામાંથી મુક્ત થઇને એ શાંતિથી રહેતી હતી. છતાં દેશ-કાલના પૂર્વસંસ્કાર ઘણી વાર ભૂતકાળને ડહોળીને ચિત્તમાં આવેશ પ્રકટાવે છે, એ વાત સાચી પડી. જૂનાં દૃશ્યોએ એને સતાવી અને જીવનના પ્રસંગો સહજ સ્વભાવે ઉકેલાવા માંડ્યા. મેં મારી સમજણ કહેવા માંડી.

"ગંગા! તારી વાતમાં નવું કંઇએ નથી. એ બ્રહ્મચારીના પિતા બંગાળામાંથી કાશીવાસ કરવા આવ્યા હશે અને પાછળથી ઘરબારી બની બેઠા હશે. એનું એ સંતાન તે તારા કાલીસ્વરૂપ બ્રહ્મચારી. બાકી બંગાળનો ૨૦–૨૨ વર્ષનો નવજુવાન સારા કુળનો હોય તો એટલી ઉંમરે તો બી.એ., એમ.એ. થઈ ગયો હોય. દેવદેવીની સાધના અને મંત્રયંત્રનો મોહ તું વર્ણવે છે એ બધું સુશિક્ષિત અને સંસ્કારી કુટુંબમાં હોય જ નહિ. ભૂલ તમારા બન્નેમાંથી કોઇનીયે નથી. એ બ્રહ્મચારી મહારાજ કાશીથી પરવારીને અહીં આવ્યા, તારા કુટુંબ સાથે સંબંધ થયો, અને એમાંથી ફૂટી નીકળ્યા જાતજાતની વાસનાઓના અંકુર.

"તું ભોળી ખરી, પણ પત્નીભાવની જાગ્રતિ તો સહજ હોય જ, બહુ લાંબો વિચાર ન કર્યો, બ્રહ્મચારીની રિદ્ધિસિદ્ધિ ને ચમત્કારની

મૂર્ખ લોકો એમ માને કે દેવદેવીની કૃપા થઇ. સાચી વાત વાત તો એ છે કે મનમાં વાસનાના વિષયોનું ધ્યાન રાખીને તમે જે મંત્રજપ કે અનુષ્ઠાન કરો, એથી મનોબળ વધે એટલે વિષય પ્રત્યક્ષ થાય છે. એ બધું સ્વપ્રયત્નનું જ ફળ છે. દેવદેવીની કલ્પના નિમિત્ત માત્ર છે.

"કાલીસ્વરૂપ બ્રહ્મચારી તારી પાછળ મુગ્ધ બનીને સાધના કરતા હતા. તું એકાન્તમાં મળી એટલે તારી પ્રાપ્તિ થતાં આવેશમાં આવી ગયા. તું પણ અર્ધમુગ્ધ તો હતી જ; તમે બન્ને એ દિવસે વધારે સમીપ આવ્યાં. તું જાણતી નહોતી તેથી પહેલાં તને ભય, આશ્ચર્ય વગેરે થયાં, અને એના ચિત્તની સાથે તારી એકતા હતી એટલે એના પ્રાણનો આવેશ તને ભેટ્યા પછી તારામાં આવ્યો. એ વિકારની ગરમી તારામાં આવી. તું ગંગાસ્નાન કરીને શાંત થઇ આવી એટલે પછી તું અને એ બન્ને શાંત બન્યાં. સમજાયું આ બધું? આમાં કશું નવું નથી." મેં થોડું સ્પષ્ટીકરણ કરી બતાવ્યું. એને ગમ્યું હોય એમ લાગ્યું.

"હાજી! સાચી વાત છે; મને પણ એ ગમતા તો હતા જ; જાતીય વાસનાની મારામાં સ્પષ્ટતા નહોતી, પણ શરીર તો શરીરનું કામ છૂપી રીતેય કરે જ તો; આપની વાત સાવ સાચી છે: પુરુષસંગની ભૂખ મારીયે ઊઘડી હશે ત્યારે જ હું એમના પર મુગ્ધ બની હોઇશ. પણ આ ભયંકર દૃશ્યમાં મને કોઇ પ્રચંડ, શ્યામવર્ણી, ખડ્ગ લઇને મારા ઉપર ધસી આવતા આકારનું શાથી દર્શન થયું હશે?" એણે આગળ પ્રશ્ન કર્યો.

"એ વાત સમજવી અઘરી છે. ટૂંકામાં સમજાવું. અહીં જેવી રીતે વસિષ્ઠ ગુફાનું પવિત્ર સાધના માટેનું સ્થાન છે, તેવી રીતે પાંચ–પંદર ગામ માટેનો સ્મશાનઘાટ પણ છે. સ્થૂલ મલિન ભોગની વાસનાથી અતૃપ્ત રહેલા મૃતદેહનો અહીં અગ્નિસંસ્કાર થાય, પણ એવાં અતૃપ્ત

વાસનાનાં સૂક્ષ્મ શરીરો હમેશાં ભોગપ્રાપ્તિની ઝંખના કરતાં અહીં ભટકતાં જ હોય. એ બધાં ભૂતપ્રેતોની પણ સૂક્ષ્મ દુનિયા છે. તમે બન્નેએ અહીં સાધનાઓ કરી કરીને તમારાં માનેલાં દેવદેવીઓને તૃપ્ત કરવા ભોગરાગ અને નૈવેદ્યો ધરાવ્યાં હશે. ઉપરાંત તમારી સાધના પણ મલિન અને વામમાર્ગીની હતી. તમારાં દેવદેવીનાં સૂક્ષ્મરૂપો જેમ તમારી પાસે તમારી સાધનાના સંયમને લીધે આવી ચડે, તેની સાથે સાથે જ ભોગભૂખ્યાં ભૂતપ્રેત પણ આવીને ઊભાં રહે. એમનો તમારા તરફ દ્વેષભાવ હોય તેથી તમને ડરાવવાના પ્રયત્નો થાય.'

"ભલે એ સાધનાને વર્ષો વીતી ગયાં હોય પણ જેવી તને કાલીસ્વરૂપની સ્મૃતિ છે, તારા ચિત્તમાં એ બધાં દૃશ્યોના સંસ્કાર છે, એ અત્યારે સચેત થયા, એની સાથે જ પેલાં ભયંકર ભૂતપ્રેતો પણ સચેત થઇને હજી તારો ભોગ ભોગવવા આવી ચડે એ તદ્દન સ્વાભાવિક છે.

"પરન્તુ અત્યારે તું સુરક્ષિત છે. સ્વા. મોહનાનંદજી, હું તથા ભીમપુરી અહીંઆં હાજર છીએ. તારા પોતાનામાં પણ વૈધવ્ય, જિજ્ઞાસુભાવ અને વૈરાગ્યની પવિત્રતા છે; એટલે એ સચેત થાય પણ દીર્ઘકાળ ટકી શકે નહિ, તેમ તને હાનિ પણ કરી શકે નહિ.

"કાલીસ્વરૂપ અને તારા પ્રથમ પ્રેમપ્રસંગમાં પણ જે ભયંકર દૃશ્યો એને દેખાયાં હતાં તેનું કારણ પણ એ જ હતું. તારે એ બધા સંસ્કાર નિર્મૂળ કરવા જોઇએ, અને સૂક્ષ્મ દૃશ્યોને સ્વપ્નમાં દેખાતાં દૃશ્યો જેવાં જ સમજીને એમાંથી ઉત્પન્ન થતી દ્વંદ્વની અસરથી મનને મુક્ત રાખતાં શીખવું જોઇએ. એક આત્મસત્તા જ સર્વસત્તાધીશ છે. એની સત્તાથી જ અસ્તિત્વ ધરાવતાં, એના ચૈતન્યથી જ ચેતન બનતાં, અને એના આનન્દથી જ વિવર્ત બનતાં બધાં દૃશ્યો જીવાત્માના પૂર્વસંસ્કારનાં પરિણામ છે, આત્મા તો નિર્વિકારી એક માત્ર,

આશાઓએ તને બાંધી લીધી અને અદૃષ્ટનાં પ્રલોભનોએ જ તને એની પત્ની બનાવી.''

"આમાં કશી વિશેષતા નથી. સાચી વાત તો એ છે કે તારા પિતાજી સમજુ હશે, પણ સરલ સ્વભાવના એટલે કન્યાને પતિ જોઇએ એમાં ગામડાના કોઈ અણઘડ કરતાં આ થોડું ભણેલો પણ ચપળ, હુશીઆર અને દેવભકત શું ખોટો છે, એ ન્યાયે તને છૂટ આપી.

"જે થયું તે ઠીક જ થયું. તને એમાંથી વૈરાગ્ય મળ્યો. સદ્‌ભાગ્યે સ્વા. મોહનાનંદજી મળ્યા અને તું સન્માર્ગે વળી; દૈવયોગે વિધવા બની અને હવે ભીમપુરીના ભાઇ જેવી એના સંસારમાં ઉપયોગી થઇ પડી એ જ સૌથી મોટી વાત છે.''

"ચાલ, પણ રાત તો હવે બહુ વીતી ગઇ. હવે ઊંઘવું છે કે નહિ? અંદર જઇ ને સૂઇ જા. હું તો અહીં જ રાત ગાળીશ. વરસાદ પડશે તો અંદર ચાલ્યો આવીશ.''

મેં સો વાતની એક વાતની જેમ એને જે સાર સંભળાવ્યો એ ધીરજથી સાંભળીને મૂગી બેસી રહી, કશો જવાબ ન આપ્યો. કૈંક વિચારમાં ચડી હોય એમ લાગ્યું. મેં કહ્યું:

"કેમ, શું વિચાર કરે છે? તને આજ દૃશ્ય દેખાયું એ બધું તમે બન્નેએ જાતજાતના મંત્રો જોયા હશે, દેવદેવીઓનાં ચિત્રોનું ધ્યાન ધર્યું હશે, અને એમાં થોડી શાસ્ત્રસિદ્ધાન્તની પણ વાતો છે, અત્યારે તો બહુ મોડું થઈ ગયું છે એટલે જા સૂઇ જા. હવે બીક તો નથી રહી ને?''

"ના, બાપજી! બીક તો ઊડી ગઇ; પણ હજુ આ તો અમારી લાગણીઓ ઉશ્કેરવાનો પહેલો જ પ્રસંગ હતો. ત્યાર પછી પણ ચાર-પાંચ પ્રસંગ એવા જ બની ગયા, અને પછી તો હું એમની જ બની ગઇ. એમણે મારે માટે જ કૈંક જપ જપ્યા હતા એમ પાછળથી કબૂલ

પણ કર્યું હતું. અહીં આવ્યા પછી અમારા કુટુંબના પરિચયમાં આવ્યા ત્યારે એમને વામમાર્ગની સાધનાનો મોહ જાગ્યો. એ સાધનામાં કોઇ આજ્ઞાધીન પ્રેમાળ સ્ત્રી જોઇએ, એથી મારા તરફ મન ચોંટાડીને એ જપ કર્યા કરતા હતા એવું પણ પાછળથી એકવાર કહ્યું હતું." એણે મારા કહેવાના ભાવાર્થને સમર્થન આપ્યું. મેં વાતને પકડી લીધી. બ્રહ્મચારીનો મંદવાડ પણ એ જ જાતનો હતો. મેં સમજાવવા માંડયું:

"જો, ગંગા! તને જોઇ ત્યારથી એ તારા પર મુગ્ધ બનેલા. મનમાં તારી મૂર્તિ અને બહાર મહાકાલીની છબી રાખીને એમણે મંત્રધ્યાન કર્યા કરેલાં. એનાથી પ્રાણમાં સંયમ થયો, છેવટે એ શક્તિ વધી પડી. જપ કરતાં કરતાં તને મેળવવાની વાસના તીવ્ર બની અને એની સાથે જ પ્રાણમાં વેગ આવ્યો એટલે પૂજા કરતાં કરતાં એમનામાં ઉન્માદ આવ્યો હશે. એ ઉન્માદમાં કામવિકાર હતો તેથી જ્વર આવ્યો. પ્રાણના ઉછળાથી એમણે અંદર ધમપછાડા કર્યા હશે, અને એમાં થાક ચડયો ત્યારે બેહોશ થઇને આઠ દિવસ પડયા રહ્યા.

"એનું મન તો તારી મૂર્તિમાં હતું. તું પણ એના પ્રતિની મમતા કહે કે ભક્તિ પણ આકર્ષણથી ભરેલી હતી એટલે માનસિક સંવેદનાનાં આંદોલનથી તું સંભાળ લેવાને બહાને આવી ચડી. પ્રેમથી તેં ચા બનાવીને પાઈ. એના મનમાં મન્થન શરૂ થયું હશે અને પૂજા મહાકાલીની મૂર્તિની, પણ અંદર તો તારી મૂર્તિનું જ ધ્યાન ચાલુ હશે; તું પ્રત્યક્ષ હાજર થઇ એટલે પરવશ બનીને તને ભેટી પડયો. 'મારી ગંગા, મારી સિદ્ધિ' એવું બોલાઇ પણ ગયું. હવે સમજી બધી વાત? ઉપાસનામાં જે ઉપાસ્ય દેવની જ પૂજા થતી હોય એનું અન્તરમાં ધ્યાન હોય તો એ દેવદેવીનાં દૃશ્યો દેખાય. પણ અન્તરમાં કાંઇ સકામ વાસના હોય તો મનમાં વાસનાનો વિષયો અને બહારથી દેવદેવીની પૂજાનાં અનુષ્ઠાનો ચાલ્યા કરે. વિષયની પ્રાપ્તિ થાય ત્યારે

સચ્ચિદાનંદલક્ષ્ય અને બધાં દ્રષ્ટા–દશ્યના અધિષ્ઠાન જેવો નિર્ભય છે. એમાં રાગદ્વેષ નથી એથી એને કોઈ મારું પરાયું નથી. એમાં સુખદુઃખ નથી તેથી એને કોઈ વહાલું–અળખામણું નથી; એમાં જન્મમરણ નથી એથી કોઈ લોકપરલોકની સૃષ્ટિ નથી; એ જ સદાસર્વથા એકરસ હોવાથી જે કાંઈ ત્રિપુટીનો પ્રપંચ સ્ફુરે એ આપણા પોતાના જ પૂર્વસંસ્કારની અનાદિ માયાકૃત લીલા માત્ર છે એવા, આત્મજ્ઞાનના સંસ્કાર દૃઢ કરતી જા. તું કહે છે કે તને સ્વા. મોહનાનંદજીએ બચાવી છે, એનો અર્થ સ્થૂલ શરીરને બચાવ્યું છે એવો નથી. તારા સૂક્ષ્મ શરીરને એમણે અજ્ઞાનથી મુક્ત કર્યું હોવું જોઈએ. આટલી વાત તેં અત્યારે કરી એ બધી હજુ તારા ચિત્ત ઉપર અસર ઉપજાવે છે એ ખોટું છે.

"તું આત્મા, શુદ્ધ સચ્ચિદાનંદ છે—જન્મમરણની પરંપરા તપાસીએ તો પણ જીવભાવે તેં અસંખ્ય લોકપરલોકમાં જન્મમૃત્યુ ભોગવ્યાં હશે. અસંખ્ય ત્રિગુણાત્મક સંબંધીઓ, વિષયો અને પદાર્થોની સાથે મમતા થઈ હશે. સંસારનો ક્રમ જ એવો છે કે કોઈ બે જીવ કે બે પદાર્થ નિત્યને માટે સાથે રહી શકે જ નહિ. જેટલા મમતાના સંબંધ થાય તે બધામાં શારીરિક મોહ જ કારણરૂપ હોય છે. મોહમાંથી મમતા, મમતામાંથી રાગદ્વેષ, અને રાગદ્વેષમાંથી શરીરભાવ દૃઢ થતો જાય છે. તું દેહભાવમાંથી મુક્ત થા, ગંગા નામના સ્ત્રીશરીરનું અભિમાન કહાડી નાંખ. એમાંથી અહંતા–મમતા છોડી દે, લોકલોકાન્તરમાં સ્ત્રીપુરુષ ભાવે જીવાત્મા ભટકયા કરે, એમાં અસંખ્ય પતિ, પત્ની, પુત્રપુત્રીઓ ઘરબાર માલમિલકત, સ્નેહીસંબંધીઓ વગેરેની મોહમાયા અને મમતાની જાળ બંધાઈ હશે અને તૂટી પણ ગઈ છે. આત્મદૃષ્ટિથી વિચાર કર કે એ બધાં ગયાં કયાં?

"આત્મજ્ઞાન ન હોય ત્યારે એ બધાં અવિદ્યામાં લય પામ્યાં છે એમ જ માનવું જોઈએ. અને તેથી જાગ્રતસ્વપ્નનાં દશ્યો સુષુપ્તિ-અવસ્થાની અવિદ્યામાં લય પામીને પાછાં જાગ્રતસ્વપ્નમાં ખડાં થાય

છે, તેવી જ રીતે અનેક જન્મનો સંસાર અવિદ્યામાં—એટલે તારા કારણ શરીરમાં ભંડારરૂપે ભર્યો પડ્યો છે.

"એ બધાને હવે જાગ્રત ન થવા દેતાં જ્ઞાનાગ્નિથી ભસ્મ કરી નાંખ. વિસ્મૃતિ બે પ્રકારની છે, એક અજ્ઞાનની અને બીજી જ્ઞાનની. અજ્ઞાનને લીધે વિસ્મૃત થઈને તો જીવ બધા જૂના લોકપરલોક તથા એના સંબંધોને ભૂલીને નવાની સાથે ગાંઠો બાંધી બાંધીને ભટકે છે, પણ એને આત્મજ્ઞાન દ્વારા વિસારી મૂકયાં હોય તો એ નિત્યને માટે ભસ્મીભૂત થાય છે, એક આત્મભાવના જ એવી છે કે જે બધી ત્રિપુટીની ભાવનાને ભૂંસી નાંખે છે.

"તારી બધી વાત મારે કાંઈ સાંભળવી નહોતી. પણ અહીં આવીને તું ભાવમાં આવી ગઇ, વસિષ્ઠગુફાનાં જૂનાં સંસ્મરણોએ તારા ચિત્તમાં પૂર્વવિકાર જગાડ્યા; સ્વા. મોહનાનંદજીએ વખતસર તને ચેતવણી આપી, એમાંથી હવે તારે ઉપદેશ લેવો જોઇએ. હવે તું અજ્ઞાનમાંથી જાગી જા. એ બ્રહ્મચારી, એ કાલીસ્વરૂપ, એ પતિ, તું પત્ની, એ બંગાળી, તું પહાડી–એ બધું ભૂલી જા. છોડ બધી લપ, કહાડી નાખ બધું સંસારીપણું અને આવી જા આત્મનિષ્ઠામાં. એ દશ્યો બધાં તારા પોતાનામાંથી ઊઠયાં છે, તે શમાવી દે, ભસ્મીભૂત કરીને સ્વરૂપમાં."

મારો ઉપદેશનો પારો પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. હિમાલય પ્રદેશની પ્રેરણાપાત્ર ગંગામૈયાનો સુંદર એકાન્ત અને પવિત્ર કિનારો, વસિષ્ઠ-ગુફા જેવું સ્થાન, શ્રાવણ માસની રાત્રિ, ગંગાબહેન જેવી વૈધવ્યની પવિત્રતાથી વિશુદ્ધ બનેલી સંન્યાસિની, સ્વા. શ્રી. મોહનાનંદજીની કૃપા-પાત્ર શિષ્યા, ભકિતભર્યું એનું ભાવગ્રાહી ચિત્ત—એ બધાંનો સુન્દર સુમેળ જામ્યો. મારી વાગ્ધારાને ઝીલવા માટે ચાતકની જેમ બેઠેલી એ અન્તેવાસી જેવી મારી માનસપુત્રી બનેલી, જાતજાતનાં અનુષ્ઠાન કરીને પ્રાણને પવિત્ર અને પ્રબલ કરી ચૂકેલી એ ઋષિકન્યા જેવી ગંગાના ચિત્તમાં એકાગ્રતા જામી પડી. તત્ત્વમસિનાં ભાવાર્થવાકયોએ

ધારી અસર ઊપજાવી; એના ચિત્તપટ સામે હું બેઠો હતો, મારા પર એનાં વિશુદ્ધ જિજ્ઞાસુ હૃદયનાં ભક્તિભાવ હતાં, મારી સમક્ષ એક પ્રકૃતિના વિશુદ્ધ પ્રતીક જેવું, સમર્પણભાવનામાં તરબોળ બનીને બેઠેલું સ્ત્રીશરીર અને હૃદય હતું. એણે આત્માની ભાવના ઝીલી. એનાં નેત્રો બંધ થયાં; સ્વાભાવિક રીતે એ સ્વસ્તિક આસન જમાવીને બેઠી હતી. એના શરીરની નિશ્ચલતા વધતી ગઇ. આંખમાંથી હર્ષાશ્રુ પડવા માંડ્યાં, ધીરે ધીરે એ અન્તર્મુખ બની હોય એમ એને લાગ્યું. એની ચિત્તવૃત્તિઓ, એના મનોભાવ અંતરાત્મામાં લીન થતા હોય એમ એના સ્થિર, શાન્ત અને નિશ્ચેષ્ટ શરીર ઉપરથી સમજાયું.

હું મૌનધારી બની ગયો. મારી દૃષ્ટિ એના ભાલપ્રદેશ તરફ સ્થિર થઈ. એના ધન્યભાવનાવાળા હૃદયની પવિત્રતાએ મારા ચિત્તમાં શાન્ત આત્મભાવ ઊભો કર્યો. પાંચ–દસ–પંદર એમ મિનિટો વીતવા લાગી. અર્ધોએક કલાક ગયો છતાં એ તો બની હતી ધ્યાનમગ્ન–સવિકલ્પ કે નિર્વિકલ્પ એ તો એ જાગીને સાક્ષી પૂરે ત્યારે ખબર પડે, પણ વખત ઠીક ઠીક નીકળી ગયો. એ શાંત બેઠી છે એમ મેં જોયું એટલે હું મારું આસન સમેટીને ગુફામાં લઇ ગયો. ગંગાને, એ પવિત્ર બની ચૂકેલી, આત્મભૂખી જિજ્ઞાસુ સંન્યાસિનીને સ્વરૂપસ્થ–સમાધિસ્થ સ્થિતિમાં ત્યાં જ બેસી રહેવા દીધી.

એકાન્ત છે, ગંગાતટ છે, અદ્વૈત નિષ્ઠાના આદ્ય આચાર્ય વસિષ્ઠનું નામાભિધાન પામેલી તપોમય ગુફાનું આંગણું છે. ગંગાની પવિત્ર જિજ્ઞાસા, મારો આત્મભાવનો પ્રોજ્વળ આવેશ–એ બન્નેના સુમેળનો લાભ એ શાંતિથી લે, નિર્ભયતાથી લે, આત્મનિષ્ઠ બનીને ઊઠે, એવી નિશ્ચિંતતાથી હું ગુફામાં જઇને આસન પાથરી,–હું પણ આત્મભાવ પ્રેરિત હતો–એટલે ધ્યાનસ્થ થયો. શ્રી ગુરુદેવની કૃપા ! ૐ જય ગુરુદેવ ! ૐ !

## વર્ણક દસમો

### મોહનાનન્દજી જલપ્રવાહમાં

ત્રણેક કલાક પછી હું ધ્યાનમાંથી જાગ્યો ખરો પણ એ જ શાન્તિમાં આરામ માટે સૂઇ ગયો, એટલે સ્વસ્થચિત્તે સારી એવી નિદ્રા આવી. સવારે ઊઠયો ત્યારે ચિત્તમાં ગંભીરતા હતી. સ્વા. મોહનાનંદજી કે ભીમપુરી પોતપોતાનાં આસનનો ત્યાગ કરી ગયા હતા. ગુફામાં કોઇ નહોતું. ખૂબ જ શાન્તિથી હું ઊઠયો. બહાર આવું છું ત્યાં ગંગા ચૂલા પાસે બેસીને ગરમ પાણી કરતી હતી. મને બહાર આવેલો જોઈને ઊભી થઇ, ચરણસ્પર્શ કરીને નમસ્કાર કર્યા.

"આપ અંદર જઈને સૂઈ ગયા હતા ? પ્રભુ !" એણે પ્રશ્ન કર્યો.

"હા ! અત્યારે જ ઊઠીને બહાર આવું છું. ક્યાં ગયા સ્વા. મોહનાનંદજી અને ભીમપુરી ?" બન્નેની ગેરહાજરીને લીધે પૂછયું. રાતની વાત ન સંભારી.

"સ્વામીજી શૌચ માટે ગયા એટલે ભાઇ એમને માટે ગંગાજીને કિનારે જઇને બેઠા છે; સ્વામીજી કદાચ સ્નાન કરવાની ઇચ્છા કરે, તો એમનાં વસ્ત્ર ધોવાં પડે. એમને હજુ અશક્તિ છે, પણ એવું થોડુંઘણું એ ગણકારે એવા નથી. વહેલા ઊઠીને એ બહાર આવ્યા ત્યારે હું રાતે જ્યાં બેઠી હતી ત્યાંથી મને ઘસઘસાટ ઊંઘતી ઊઠાડી." ગંગાના કહેવા ઉપરથી જણાયું કે જ્યાં એને ધ્યાનસ્થ છોડીને હું અંદર ગયો હતો, ત્યાં જ એણે પાછલી આખી રાત ગાળી હશે. પહાડી સ્ત્રી, ખેડૂતવર્ગ, અને વસિષ્ઠગુફા જેવી જાણીતી ભૂમિ એટલે એ નિર્ભય હતી.

"પાણી શા માટે ગરમ મૂક્યું છે?"

"આપને માટે, આપને દાતણ માટે ગરમ પાણી જોઇએ છીએ ને? ઘેર આપને કરી આપ્યું હતું તે મને યાદ આવ્યું. હજુ હમણાં જ મૂક્યું છે: સ્વામીજી મને જગાડીને જંગલ તરફ ગયા; હું પરવારીને પાછી આવી, પછી ભાઈ ગંગાજી તરફ ગયા અને મેં ચૂલો સળગાવી પાણીની તપેલી ચડાવી." એણે વાત સ્પષ્ટ કરી.

"લાવ, કમંડળુમાં મને આપ. બહુ ગરમ નહિ જોઇએ. દાંતને કળતર ન થાય એટલું ગરમ હોય એટલે બસ." એમ કહીને કમંડળુ નીચે મૂક્યું એટલે એણે ભરી આપ્યું, મેં દાંત-મોં સાફ કર્યાં.

"બાપજી! ચા પીવી છે ને? રાતનું દૂધ મેં રાખી મૂક્યું છે." મારી બધી ટેવોથી એ તો જાણે એક જ દિવસમાં વાકેફ બની ગઈ!

સ્ત્રીનું પ્રેમાળ હૈયું સેવા કરવામાં સ્વાભાવિક આનંદ માને છે. સ્વશરીર પાસેથી પરિશ્રમ લેવામાં એ પાછી પાની નથી કરતી. આત્મ-સમર્પણની જાણે એ સાક્ષાત્ મૂર્તિ! બુદ્ધિની પ્રતિભા એનામાં હોય છે ખરી, વિવેક સાથેની મર્યાદાશીલ નમ્રતા એ એનો બીજો સહજ સ્વભાવ છે. લેનાર શુદ્ધ બુદ્ધિથી, પ્રસન્નતાથી લેવાય એટલું લીધા કરે, એ તો અર્પણ કર્યે જ જવાની. એની પ્રકૃતિમાં તામસિક કે રાજસિક ભાવની વિશેષતા હોય તો પણ સર્વાંશે તો એ પ્રેમની જ મૂર્તિ છે; એ આપી જ જાણે છે; અને એ અર્પણમાંથી જ એને આત્મસર્વસ્વનો લાભ થાય છે.

"હા, દૂધ હોય તો ચા કરી નાંખ; સ્વામીજી પણ હવે આવતા જ હશે; પણે ભીમપુરી દેખાય છે, સ્વામીજી હજુ દેખાતા તો નથી. પણ એ ચા નહીં પીએ, ખરું ને?" મેં ચાની સંમતિ આપી અને એ ગુફામાં દૂધ, ચા, ખાંડ લેવા ગઇ.

રાતની જગ્યાએ હું ચાની રાહ જોતો બેઠો. એણે ચા-ખાંડ તપેલીમાં નાંખતાં નાંખતાં વાતો કરવા માંડી. એની ઉત્સુકતા વધી હોય એમ મને લાગ્યું. રાતના પ્રસંગે એને કૈંક નવો પ્રકાશ, નવો ભાવ, નવી સમજણ આપ્યાં હોય એમ અત્યારે લાગતું હતું. ખોટો તરવરાટ નહીં, પણ શરીરમાં શાંતિ અને ગંભીરતા દેખાતાં હતાં.

"બાપજી! મને તો રાતે ખૂબ જ શાંતિ વળી; પહેલાં તો આનન્દ લાગવા માંડ્યો; આપના ઉપદેશની એટલી બધી અસર થઇ કે મારી આંખો બંધ થઇ ગઈ; થોડી વાર આપની મૂર્તિ દેખાઇ; પછી સ્વામીજીનાં પ્રેમાળ પિતાના જેવાં દર્શન થયાં; એ ઘણીવાર સુધી સ્થિર રહ્યાં; કાલીસ્વરૂપ પણ જટાધારી રૂપે આવીને સ્વામીજીને પ્રણામ કરીને આશીર્વાદ મેળવીને જતા રહ્યા. એવું એવું કૈં કૈં દેખાય અને મને જોવામાં મઝા પડે. આપ અંદર ક્યારે ગયા હતા? બાપજી!" એણે એટલું કહી મારી હકીકત જાણવાની ઇચ્છા કરી.

"હું? તું શાન્ત બેસી રહી એટલે પાંચ સાત મિનિટમાં જ હું તો અંદર જતો રહ્યો હતો. તારી વાતથી મને પણ ખૂબ જ વૈરાગ્ય આવ્યો. વૃત્તિ આત્માભિમુખ થઇ એટલે હું પણ અંદર જઇને ધ્યાનમાં જ બેસી ગયો હતો. કલાક બે કલાક પછી સૂઇ ગયો તે અત્યારે ઉઠ્યો." મેં ટૂંકો જવાબ આપ્યો. મારી વૃત્તિમાં ખૂબ જ તટસ્થતા, બોલવામાં સાક્ષીભાવ તથા ઉદાસિનતા આવ્યાં હતાં.

એટલી વારમાં એ ચા કરીને મારી પાસે લાવી. પ્યાલો ભર્યો ને રકાબીની જગ્યાએ પાસે એક વાડકો મૂક્યો. મેં બોલ્યાચાલ્યા વિના ચા પીવા માંડી.

"લ્યો, સ્વામીજી પણ આવતા દેખાય છે." નદી સામે નજર કરીને ગંગા બોલી ઊઠી. એ મારી સામે જ બેઠી હતી, પણ એની નજર સામેના ગંગાતટ તરફ પહોંચે એમ હતી.

"ભાઇ માટે ચા રાખી છે ને?" મે કહ્યું.

"એમને કોઇને ખાસ ટેવ નથી. હોય તો પીએ ખરા. ચા પણ થોડી છે."

એનો જવાબ પૂરો થાય છે એટલી વારમાં તો પાછળથી 'ૐ નમો નારાયણાય, સ્વામીજી મહારાજ!' નો અવાજ સંભળાયો. વાડકો નીચે મૂકીને એટલા જ જોરથી મેં એ જ મંત્ર ઉચ્ચાર્યો; હસતા હસતા સ્વામીજી આવીને મારી પાસે બેઠા; મારા ચહેરા ઉપર પણ હર્ષ ઉભરાયો.

ગઇકાલનો આખો દિવસ વિચિત્ર રીતે ગયો. એમની સાથે તો નદીકાંઠે થોડી વાત થઈ એટલું જ. વચમાં ગંગાની આપવીતી જ આપોઆપ ફૂટી નીકળી. પણ અત્યારે એમની તબિયત ઠીક લાગી. બોલવામાં સ્ફૂર્તિ હતી, અને સ્નાનથી પરવારીને આવ્યા એટલે લાગ્યું કે પાછા હતા તેવા થઈ ગયા હશે. ચિન્તા મટી.

"ચા કરી આપી ને, ગંગાએ? એમ તો ગંગા બહુ હુશિયાર છે! કોઇવાર ગાંડપણ આવે ત્યારે બેબાકળી બનીને બેઢંગું બોલે છે." હસતે ચહેરે ગંગાની સામે જોઇને બોલ્યા. ગંગા ધીમું હસીને બેસી રહી.

"ગંગા, ભાઇને થોડી ચા આપને! સ્વામીજી પીશે તો પાછી કાલના જેવી વલે થશે. હવે તો અહીં સીધુંસામાન પણ નહીં હોય; અને આજ પણ એમને ચક્કર ચડે તો ભૂખ્યા પડયા રહેવું પડે; ભાઇને ચીજવસ્તુ લેવા મોકલીએ તો કાલ ખેતરની ચોવટમાં પડયા હતા તો આજ કોઇનાં લગનની પંચાતમાં પડે. એમનો શો ભરોસો?" મેં સહજ સ્વભાવે બોલી નાખ્યું. ગંગાએ ભીમપુરીને ચા આપી. મેં ચા પી લીધી, એટલે ગંગા વાસણ લઇને ગંગાકાઠે ગઈ. ભીમપુરી થોડે દૂર બેસીને ચા પીધા પછી ચલમ પીવા કયાંક અદશ્ય થઈ ગયો.

“હા, સ્વામીજી ! મને હવે ચા નથી માફક આવતી. નાનપણમાં ગુરુકુલ-કાંગડીમાં રહ્યો, ત્યાર પછી પણ આ બાજુ જ વધારે વિચર્યો એટલે એની ટેવ જ ન પડી. પણ આપણે હવે ચાલશું ને ? પછી તડકો ચડશે. રાતે મેં તો ઠીક ઠીક આરામ કર્યો છે, પણ આપ બહારને બદલે અંદર અને ગંગા ટૂંટિયું વાળીને બહાર ઊંઘી ગઇ એ શું થયું ? આપ પહેલા અંદર આવ્યા હતા ? એ પાછળથી ધૂનમાં ને ધૂનમાં બહાર બેઠી બેઠી ઊંઘી ગઇ હશે એમ લાગે છે. મેં વહેલાં ઊઠીને ભીમપુરીને જગાડ્યો, આપને સુવા દીધા અને બહાર આવીને જોઉં છું તો એ ગાંડી ટૂંટિયું વાળીને ઊંઘતી હતી. હું એને આપને માટે ગરમ પાણી અને ચા બનાવવાનું કહીને શૌચ-સ્નાન માટે ગયો એટલે એને વધારે કાંઇ પૂછ્યું નથી.”

સ્વા. મોહનાનંદજીને વિચિત્રતા લાગે એ સ્વાભાવિક હતું. મેં આસપાસ જોયું તો ભીમપુરી નહોતો; ગંગા નદીકાંઠે હજુ વાસણ માંજતી હતી. ટૂંકામાં પતાવી નાંખતાં મેં કહ્યું: “રાતની વાત લાંબી છે સ્વામીજી ! એ તો આપણે નિરાંતે બેસીએ ત્યારે આનંદથી કહેવાય. વસિષ્ઠગુફાના જૂના વાતાવરણે એનામાં ભાવાવેશ આણ્યો હતો, એને શાંત કર્યા પછી ત્યાં જ બેસાડીને હું અંદર જઇને ધ્યાનમાં બેઠો; અને ત્યાં જ સૂઇ ગયો; એ બહાર જ સૂઇ રહી હશે. રાત્રે બહુ મોડે સુધી અમે બેઠાં હતાં અને પ્રસંગ જ એવો નીકળ્યો કે આવી ચડ્યો કે તે વખતે તો નિદ્રાદેવીને બદલે કાલીસ્વરૂપનાં મહાકાલીની જ લીલા જાગતી-જીવતી બની ગઇ જાણે !”

“એમ ! રાતે કૈં અવનવું બન્યું છે ખરું :” સ્વામીજીએ આશ્ચર્ય બતાવતાં કહ્યું.

“ના; સ્વામીજી ! કશું નવાઈ જેવું ખાસ નથી બન્યું. આપે એના વિષે મને કૈંક કહ્યું હતું, આપની તબિયત બગડી, ભીમપુરી આપની પાસે થાક્યોપાક્યો સૂઇ ગયો. મેં બહાર સૂવાનો વિચાર કર્યો હતો.

એ ધૂણી પાસે થોડીવાર બેઠી એટલે જુની વાતે ઊખળી એમાં એને કૈંક બીક જેવું લાગ્યું. મેં એને શાન્ત કરી; આપનો ઉપદેશ તાજો કરાવ્યો, એને પણ આવેશ શાન્ત થતાં એકાગ્રતા થઈ, એટલે હું અંદર ચાલ્યો આવ્યો; એટલું જ બન્યું છે; બાકી બાઇ છે જિજ્ઞાસુ, શ્રદ્ધાળુ અને સંસ્કારી.'' મેં એમના આશ્ચર્યને દૂર કરવા કહ્યું.

એટલામાં ગંગા આવી પહોંચી. ભીમપુરી પણ આવ્યો. ગંગા ગુફામાં જઇને બધાં વાસણ બહાર લઇ આવી. ભીમપુરીએ પથારીઓ સમેટીને ખભે સામાન નાંખી શકાય એ રીતે બાંધવા માંડયું.

અમે બંને શાંત બેઠા હતા. પણ કોણ જાણે વળી પાછું શું થયું કે ગંગા બધો સામાન ગુફાના આંગણામાં મૂકીને સ્વા. મોહનાનંદજી પાસે આવી; ચરણોમાં નમસ્કાર કર્યા, અને આંખમાં આંસુ સાથે બોલવામાં ગળગળી થઇને રડી પડી.

"મને ક્ષમા કરો, ગુરુદેવ! મેં આપને બહુ કષ્ટ આપ્યું છે. હું આપની બહુ જ અપરાધી કન્યા છું. આપે મારો ઉદ્ધાર કર્યો ન હોત તો હું કેવા કાદવમાં ખરડાતી પડી રહી હોત!!"

હું અવાક, આશ્ચર્યમુગ્ધ થઇ ગયો. વળી પાછી રાતના જેવી દશા થશે કે શું? એની શાંતિનાં વખાણ હમણાં જ કર્યાં, ત્યાં આ વખાણી ખીચડી પાછી દાંતે વળગી!

સ્વા. મોહનાનંદજી કૈં બોલ્યા જ નહીં, એણે ભીમપુરીને ગંભીરતાથી આજ્ઞા કરી:

"ભીમપુરી! જા, તું ગંગાને લઇને ચાલવા માંડ; બધો સરસામાન લઇ જાઓ. અમે પાછળથી આવીએ છીએ." એટલું બોલીને ગંગાને કહ્યું:

"ઊઠ, ચાલ, ગાંડપણ ન કર; અહીં તું નહીં જંપે અને અમનેય નહીં જંપવા દે. સ્વામીજી કહે છે કે તને રાતે ખૂબ સમજાવીને શાન્ત કરી છે ત્યાં પાછી અત્યારે જાણે હતી એની એ. શેઠની શીખામણ ઝાંપા સુધી."

ગંગા ઊભી ન થઈ: ભીમપુરી પણ કાંઈ બોલ્યો નહીં. સ્વા. મોહનાનંદજીએ બીજી વાર આજ્ઞા કરી :

"ઊઠ, ગંગા! ઊઠ. જાઓ, ભીમપુરી! તમે બન્ને ચાલતાં થાઓ, સ્વામીજીનું શૌચસ્નાન પતી જાય એટલે અમે ચાલી નીકળશું."

"બાપજી! આપને એકલા નથી મૂકવા. કાલની અશક્તિ તાજી છે; કદાચ આજે કાંઈ અણધાર્યું બને તો?! આપણે બધાં સાથે જ ચાલશું." ભીમપુરીએ અભિપ્રાય નહીં પણ નિર્ણય કરી નાંખ્યો.

"તમને બીક છે કે આજેય મને પાછા ચક્કર આવે એમ ને! મારા હિતસ્વી તો બહુ જ જબરાં! અત્યારથી એવું અમંગળ કેમ ભાખો છો? રોજ કાંઇ થોડી લૂ લાગે છે? આજ મને તો ચક્કર શું આવે, પણ આ ગંગાનું ચક્કર ચડ્યું છે તે કોણ જાણે ક્યારે બંધ પડશે?! જાઓ, જાઓ, ચાલવા માંડો." સ્વા. મોહનાનંદજીએ પોતાની ગંભીરતા તોડી નાંખીને વાતને હળવી કરવાનો યત્ન કર્યો.

"બાપજી! મારું ચક્કર ફરતું હતું તે આપે સીધું કર્યું; રહ્યુંસહ્યું રાતે સ્વામીજી મહારાજની કૃપાથી સરખું થયું; પણ આપની તો શરીર-પ્રકૃતિ જ નબળી છે, એટલે ભાઈ સાથે ચાલવાનું કહે છે એમાં શું હરકત છે?" ગંગાએ ડાહ્યાં બનીને મુદ્દાસર વાત કહી નાંખી.

"તેં ગાંડપણ કરવા માંડયું એમ લાગ્યું એટલે તને, બલાને જલદી જવાનું મેં તો કહ્યું હતું; બાકી મારે શી ઉતાવળ છે? હું તો આજેય અહીં પડયો રહું!" એટલું કહીને સ્વા. મોહનાનંદજીએ મારા તરફ જોયું અને બોલ્યા, "કેમ સ્વામીજી! ખરી વાત છે ને? આજેય આપણે અહીં રહીએ અને માધુકરી માગી આવીને આનંદ કરીએ? ગંગા, ભીમપુરી જાય તો નિરાંત; નહીં?" સ્વા. મોહનાનંદજીએ જવાબ વાળ્યો.

"ગુરુશિષ્યના વિનોદમાં હું શું વધારે કહું? હું તો બધાંયનો અતિથિ છું; બહુ બહુ તો હૃષીકેશ જવાની ઉતાવળ છે એમ કહીને હું તો એકલા જવાનો આગ્રહ કરું" હું અતિથિ બનીને બોલ્યો.

"આપે વળી નવી જ વાત ઉપાડી; પણ આપ શૌચસ્નાનથી અહીં જ પરવારશો કે રસ્તામાં?" સ્વા. મોહનાનંદજીને પેલાં ભાઇબહેનની વાત માનવી પડી હોય એમ લાગ્યું અને તેથી મને ઉતાવળ કરવા સૂચવ્યું. તેની જ સાથે એ ભાઇબહેનને પણ ગંગાસ્નાન કરવું હોય તો કરી લેવાનું કહ્યું.

ભાઇબહેન રાજી થઇને નાહવા માટે નદી તરફ ગયાં. મને લાગ્યું કે ગંગાની વાત સ્વા. મોહનાનંદજીએ જાણીજોઇને દાબી દીધી. એને ચોળીને ચીકણી કરવા કરતાં ભૂલી જવાનો માર્ગ સાચો તો ખરો.

હું પણ ઊઠીને જંગલ ભણી ગયો; ત્યાંથી ગંગાજી તરફ જતાં ગુફા ભણી નજર નાંખતાં સ્વા. મોહનાનંદજીને સૂઈ ગયેલા જોયા. ભીમપુરી એમની પગચંપી કરતો હતો.

નદીએ જઇને હાથપગ ધોતાં મને યાદ આવ્યું કે મારાં કપડાં ગુફામાં જ પડયાં છે, એટલે હું ત્યાં જવાનું કરું છું એટલામાં થોડે દૂર કપડાં ધોતી ગંગાએ મને જોયો અને પૂછ્યું: "સ્નાન નથી કરવું? બાપજી! કેમ ગુફા તરફ ચાલ્યા?"

"બદલવાનાં કપડાં ગુફામાં પડયાં છે; સ્નાન તો કરવું છે." એમ જવાબ આપ્યો એટલે મને સ્નાન કરવાનું કહીને એ કપડાં લેવા ગઈ. હું પાછો ફરીને ગંગાજલમાં બેસીને સ્નાન કરવા માંડયો.

ચોમાસાના દિવસો હતા. ઉપરવાસ વરસાદ થયો હશે એટલે થોડું પાણી વધ્યું હતું, વર્ષાઋતુમાં ઉપર વરસાદ પડે તેથી પહાડ ઉપરથી ધોવાઈને આવતાં પાણી બહુ જ મેલાં અને ડોળાયેલાં હોય છે. પીવા માટે પણ થોડો વખત ઠારીને પછી નીતારી-ગાળીને પીવું પડે. ગંગા આવી પહોંચી એટલી વારમાં મેં સ્નાન કરી લીધું હતું. ગંગાને કપડાં સોંપીને બોલ્યાચાલ્યા વિના હું ગુફા તરફ ચાલ્યો.

સોએક ડગલાં દૂર હોઈશ ત્યાં તો ત્રણ જણાંને બહારથી આવીને

સ્વામીજી પાસે બેઠેલાં જોયાં. ગંગાએ કાંઈ નહેતું કહ્યું એટલે હમણાં જ આવીને બેઠાં હશે એમ લાગ્યું.

પાસે જઈને જોતાં તો જોગલાને ઓળખ્યો. ભીમપુરીની વહુ બેઠેલી હતી. પાસે એક બીજો જુવાન પુરુષ તથા ઘૂમટો તાણીને એક સ્ત્રી બેઠી હતી.

"અહો, જોગલા! તું આવ્યો? મામીને પણ અહીં આવવાનું મન થયું ને શું?" મેં પૂછ્યું.

"દેવપુરી અને એની વહુ આગ્રાથી કાલ આવ્યાં હશે. એ આપણે અહીં છીએ તેથી આજ સ્નાન કરવા અહીં આવ્યાં." ભીમપુરીએ જવાબ આપ્યો. ભીમપુરીનો પુત્ર દેવપુરી થોડું અંગ્રેજી ભણીને આગ્રામાં રેલ્વેખાતામાં નોકરી કરતો હતો, એ વહુને લઇને માબાપને મળવા આવ્યો હશે તેથી જોગલો, તથા ભીમપુરીની વહુ પણ એની સાથે અહીં ગંગાસ્નાન માટે આવી ચઢ્યાં. મંડળી જામી. "ઠીક થયું, લ્યો; કુટુંબમેળો થયો." હું એટલું બોલીને સ્વામીજી પાસે બેસું છું ત્યાં તો ભીમપુરીએ આગળ વાત વધારી.

"આ છોકરાંઓ આવ્યાં છે અને તૈયાર ખાવાનું લઇને આવ્યાં છે, એ બધાં સ્નાન કરશે એટલી વારમાં તડકો થઇ જશે; અત્યારે વાદળાંયે નથી, એટલે હવે તો સાંજે જ ઘેર જવાનું થશે."

સ્વામીજી સૂતા હતા ત્યાંથી બેઠા થઈ ગયા. મેં એમની તબિયત વિષે પૂછતાં બોલ્યા:

"ના, ના, હું તો અમસ્તો જ આરામ કરતો હતો. આજ તો તબિયત મઝાની છે. સૂતો એટલે ભીમપુરી પાસે આવીને પગે હાથ ફેરવવા માંડ્યો; મેં એને ગુરુસેવાનો લાભ આપ્યો." એટલું બોલીને એ હસ્યા. "કેમ? દેવપુરી! નોકરીમાં ઠીક પડે છે? શરીર તો બન્નેનાં સારાં લાગે છે!" સ્વામીજી બોલ્યા એટલામાં ગંગા દોડતી દોડતી

આવી પહોંચી. બધાંને જોઇને બહુ રાજી થઇ; દેવપુરીની વહુ એના હાથમાંથી ભીનાં કપડાં લઇને સુકાવવા ગઇ. એ એની ભાભી પાસે બેસીને સમાચાર પૂછવા માંડી.

“ હાજી ! નોકરીમાં વાંધો નથી આવતો. આપની કૃપા છે. ” દેવપુરીએ ટૂંકો જવાબ આપીને પતાવી દીધું. બીજી બાજુ નણંદભોજાઇ વાતો કરતાં કરતાં આનંદ અનુભવતાં હતાં. પહાડી ભાષામાં અને તે પણ ધીમેધીમે વાતો થતી હોવાથી એનો અર્થ સમજાય એવો નહોતો. “ સ્વામીજી ! જોયું; આપણે આખો દિવસ અહીં રહેવું પડશે. દેવપુરી અને એની વહુ ગંગાસ્નાન માટે અહીં સુધી આવ્યાં અને ખાવાનુંયે તૈયાર કરીને લાવ્યાં છે. ” સ્વા. મોહનાનંદજીએ મને ઉદ્દેશીને કહ્યું ને તરત જ ભીમપુરીની વહુ શિવાને પૂછ્યું : “ ખાવાનું બધુંય લાવી છે કે અહીં કંઇ કરવું પડશે ? ”

“ દાળભાત કરી લેવાનાં છે. રોટલી શાક તો બનાવીને લાવ્યાં છીએ. ” શિવા ટૂંકો જવાબ આપીને ગંગાને સાથે લઇને પોટલું મૂક્યું હતું ત્યાં ગઇ. પાસેના વાસણમાં દૂધ હતું તે દેખાડયું અને બન્ને જણીએ કૈંક વાત કરી.

“ બાપજી ! આપ દૂધ પીશો ને ? ” ગંગાએ સ્વા. મોહનાનંદજીને પૂછ્યું.

“ હા; શિવા લાવી હોય તો ગરમ કરી લાવ; પણ સ્વામીજીને તાજા દૂધની ચા કરી આપ અને થોડું બપોરની ચા માટે પણ રાખજે. ” સ્વા. મોહનાનંદજીએ સૂચના આપી.

ગંગાએ દૂધ-ચા બનાવીને સ્વા. મોહનાનંદજી તથા મને આપ્યાં. ભીમપુરી લાકડાં વીણવા ગયો. શિવા એના પુત્ર અને પુત્રવધૂ સાથે ગંગાસ્નાન માટે ગઇ. દૂધ–ચાથી પરવારીને ગંગા પણ વાસણ માંજવા ગઇ. હું અને સ્વા. મોહનાનંદજી એકલા પડયા.

“ કાલ તો આપને બહુ ત્રાસ થયો, સ્વામીજી ! ગંગા કહે છે કે

છેલ્લાં થોડાં વર્ષથી એવું થઇ જાય છે. લૂ લાગી કે પેલું બ્લડપ્રેશર—લોહીદબાણ કહે છે એ હશે કે હૃદય ઉપર અસર થાય છે કે એ છે શું?" શરીરસંબંધી સ્વાભાવિક મારાથી વાત શરૂ થઇ ગઇ.

ગમે તેવા નિકટવર્તી સગાંબંધી કે સ્નેહીમિત્ર હોય પણ અંતરમાં ભાવ ન ઊછળે, સહજ સ્વભાવે ઉમળકો આવીને વાતચીત થવા માંડે ત્યાં સુધી કાં મૌન ચાલે, અને વાતચીત થાય તો તે ઉપરટપકે, આમતેમ, અર્થ વગરની અને લગભગ નકામી.

બે સંન્યાસીઓ, સાઠીની પાર પહોંચેલા તીર્થભ્રમણ કરીને પગને થકવીને મનને હરાવીને નિરાંત કરી ચૂકેલા, અકસ્માત્ નદીનાવ સંજોગે એકઠા થયેલા શી વાતો કરે?

મારા હૃદયમાં ગંગાની વાત હતી. તંત્રસાધનાના વામમાર્ગમાં કેટલીએક બિભત્સ ક્રિયાકાંડની તમોગુણી મલિનવાસના પ્રેરિત કર્મજાળ છે. મેં ઘણું જાણ્યું, જોયું અને વાંચ્યુંવિચાર્યું હતું. સ્વા. મોહનાનંદજી પણ એ બધાથી પાર પહોંચેલા શક્તિશાળી મહાપુરુષ હતા કારણ કે ગંગા કહેતી હતી કે એને અવળે માર્ગેથી સીધે રસ્તે લાવીને બચાવનાર જ એ હતા.

અનુભવ સમાન હોવાથી વિશેષ ઊંડા ઊતરવાની અમારી બન્નેની ઇચ્છા ખાસ નહોતી. તત્ત્વચર્ચા કરવી નહોતી; અદ્વૈત, દ્વૈત, ત્રૈતનો નિર્ણય સાધવો નહોતો. જે હતું તે પ્રત્યક્ષ જીવનરૂપ હતું. એને બીજા ક્યાં પ્રમાણથી સિદ્ધ કરવાનું હોય? પણ સંજોગો ઊભા થયા, વસિષ્ઠગુફાએ આવવાનું થયું, ગંગાના પૂર્વસંસ્કાર જાગ્રત થયા અને ભાવાવેશમાં આવીને એ બધું બોલી ગઇ, એટલી જ નવીનતા આ પ્રસંગમાં હતી.

સ્વા. મોહનાનંદજીને ગઇ કાલે કઇ જાતના વ્યાધિની અસર હતી અને એથી આવા અનિકેત સંતને શરીરની ઉત્તરાવસ્થામાં ત્રાસ પડતો હશે કે કેમ, આટલી ઇચ્છા થતાં મેં શરીરની વાત ઉપાડી.

"આવું ત્રણચાર વર્ષથી થઇ જાય છે; સખ્ત ગરમી લાગે, તડકામાં ચાલવું પડે, બીજો કદાચ કાંઇ પરિશ્રમ પડે, ગરમ ચીજો ખાવામાં આવે, કે કબજીઆત જેવું લાગે ત્યારે માથામાં ચક્કર આવે, અશક્તિ જણાય, અને પડયાં જ રહેવાનું મન થાય.

"મને તો એથી માનસિક વિશ્રાંતિ મળે છે. વૃત્તિઓ અન્તર્મુખ થઇ જાય છે, અને જાણે પાતાળકૂવો ફૂટ્યો હોય તેમ આપોઆપ અંતરમાં શાંતિ ભરાઈ જાય છે. કોઇની સાથે બોલવાચાલવાનું, ખાવાપીવાનું કે એવું મનમાં ઉદ્ભવતું જ નથી." એમણે અનુભવ કહી નાંખ્યો. સાથે સાથે એક તત્ત્વવિદ્ને વ્યાધિ પણ ચિત્તનો નિરોધ અને અંતર્મુખતા વધારે છે એવું પ્રમાણસિદ્ધ સત્ય કહી દીધું. મને લાગ્યું કે એમની વૃત્તિ ખરેખર આત્માભિમુખ છે. એમણે આગળ બોલવાનું ચાલુ કર્યું.

"ગંગાની વાત એવી છે કે એના પિતા હતા તો બહુ સમજુ અને શાણા પણ ગોસાંઇકુટુંબના રિવાજો જ ઢંગધડા વગરના હોય છે. ઉત્તરાખંડમાં ગામનાં ગામ એ નાતથી ભર્યાં પડયાં છે; બધા એ આશ્રમપતિત સંન્યાસીઓનાં સંતાન, પણ પાછળથી એમાંયે નાત-જાતની વાડાબંધી પેસી ગઇ છે. ભણતર નામમાત્રનું. આહારવિહાર લગભગ ક્ષત્રિયો જેવો; લગ્નમરણનાં કર્મકાંડમાં કે એવા સંબંધોમાં બહુ વિવેકવિચાર નહીં.

છોકરી મોટી થઇ ત્યાં સુધી એને છૂટમાં રાખી; જોગલાની માની તો બહુ જ બૂરી દશા થઇ, એણે ગંગાજીના પ્રવાહમાં પડીને આત્મ-હત્યા કરી." સ્વા. મોહનાનંદજીએ વાત તો ઊખેળી પણ આટલું બોલીને બંધ પડયા. મને લાગ્યું કે એમને વાત કરવી ગમતી નથી. મેં કહ્યું :

"એમાં વાત તો કૈં નવી નથી. સામાન્ય સાંસારિક જીવોનો જેવો ઘરસંસાર હોય તેના જેવું જ એમાં બન્યું હશે; માત્ર ગંગાની

બાબતમાં મંત્રતંત્રની મેલી સાધના અને પ્રયોગો હતા, એટલે એને સીધે રસ્તે લાવવામાં આપ નિમિત્ત બન્યા, અને ફલીભૂત થયા, એ જ આપની મહત્તા.''

''એમાં ગંગાનાયે શુભ સંસ્કાર પણ ખરાને ?! દુઃખ તો આ જગતમાં પ્રત્યેક જીવાત્માને પડે છે, પણ એ દુઃખને અન્તે વિચાર કરીને પાપકર્મમાંથી છૂટવાનું સૂઝે, પુણ્યકર્મમાં પ્રવૃત્તિ થાય, પુણ્ય-કર્મ કરવા જતાં તપશ્ચર્યા કરવી પડે, અને ધીરજ તથા સમજણથી એમાંથી મુક્ત થવાનો માર્ગ સૂઝે એવા તો વિરલા જ હોય છે. ગંગાને એ માર્ગ સૂઝ્યો એટલા એના પુણ્યસંસ્કાર તો ખરા ને ?''

સ્વામીજીએ નિમિત્ત બનવા છતાં નિરભિમાન દાખવતું, કર્તા છતાં અકર્તાપણાનું સૂચક વિવેચન કર્યું. હું શાન્તિથી સાંભળી રહ્યો.

શિવા, દેવગિરિ અને એની વહુ બધાં નહાઈને આવી પહોંચ્યાં; ગંગા પણ એ બાધની સાથે જ હતી. આવીને શિવાએ ચૂલો સળગાવવા માંડ્યો. ભીમપુરી પણ આવી પહોંચ્યો અને જમાવટ થઈ ગઈ.

સ્નાન કરીને આવેલાંએ પહેલાં સ્વા. મોહનાનંદજીને અને પછી મને નમસ્કાર કર્યા. અમે બેઠા હતા ત્યાં તડકો આવ્યો એટલે સ્વા. મોહનાનંદજીએ ઊભા થઈને કહ્યું: ''ચાલો, સ્વામીજી ! આપણે ક્યાંક છાંયડે જઈને બેસીએ, આ તો બધાં ગડબડ કરી મૂકશે.''

બન્ને જણા થોડે દૂર જઈ એક વૃક્ષઘટા નીચે બેઠા; ત્રણેય બૈરાં રસોઈ કરવા માંડ્યાં; જોગલો પાણી ભરવા ગયો; પાણી ડહોળું હતું અને રેતી નીચે જામી જાય તે રીતે ઠારી મૂકવા માટે વાસણોની છત નહોતી, તેથી ગંગા આવીને અમારાં કમંડળુ પણ પાણી ભરી રાખવા માટે લઈ ગઈ. ભીમપુરી અમારી પાસે આવીને બેઠો.

''ભીમપુરી ! આ છોકરાંનો કાગળ આવ્યો હતો કે અચાનક આવી ચડ્યાં છે ?'' સ્વા. મોહનાનંદજીએ પૂછ્યું.

"વહુને ચારપાંચ માસ થયા છે એટલે મૂકવા આવ્યો છે, પ્રભુ!" હર્ષ અનુભવતાં એણે જવાબ વાળ્યો. હવે સમજાયું કે નણંદભોજાઈ વાતો કરતાં કરતાં શા માટે ધીમું ધીમું હસતાં હતાં. સંસારમાં તો એ જ મોટો લહાવો! ભીમપુરીને એકનો એક પુત્ર, અંગ્રેજી ભણીને નોકરી કરે એવો, એની વહુને સીમન્તના દિવસો આવે એ એમને મન તો દાદાદાદી થવાનો સ્વપ્નમોહ!

"આ કુટુંબ, સ્વામીજી! બહુ સંસ્કારી નીવડયું- છેલ્લાં પંદરેક વર્ષમાં તો એમનું જાણે કાયાપલટ જેવું જ થઇ ગયું." સ્વા. મોહનાનંદજી મારા તરફ જોઇને બોલવા માંડયા, "ભીમપુરીનાં નાનપણનાં તોફાન તો કહે છે કે જોવા જેવાં હતાં. પણ શિવા સુલક્ષણી આવી અને એની શાન્તિ તથા ધીરજે ભીમપુરીને સમજણો તથા ગંભીર બનાવ્યો. એના પિતા મરી ગયા પછી બધી જવાબદારી ઉપાડી લીધી. ભગવાનપુરી નાસી ગયો હતો. બેપાંચ વર્ષ આમતેમ રખડયો. ગંગાજમુનાના કાંઠે ગંજેરી બાવાઓની ન્યાતોમાં ફર્યો, દિલ્હીમાં જમનાકાંઠે કોઈ શિવાલયમાં રહ્યો, ત્યાં કુછંદે ચડીને રોગી બન્યો; નિરાધાર અને અસહાય દશામાં આવ્યો ત્યારે ઘેર પાછો ફર્યો. જોગલાની મા આત્મઘાત કરીને મરી ગઈ, ગંગાની રખડપટ્ટીની વાત તો બહુ લાંબી છે, એ પણ છેવટે હારીને ઘેર આવી અને વેરવિખેર થઈ ગયેલું કુટુંબ એક શિવાનાં ધૈર્ય, શાન્તિ અને સહનશક્તિથી એકઠું થયું તે અત્યાર સુધી હળીમળીને સુખશાંતિથી રહે છે."

"બાપજી! એ બધા રૂડા પ્રતાપ આપના." ભીમપુરી વચમાં ઉપકારના શબ્દો બોલી ઊઠયો.

"સ્વામીજી! અત્યારના યુગને નવા કેળવણીવાળા ક્રાન્તિયુગ કહે છે, એટલે એમાં થોડી અવ્યવસ્થા ચારે આશ્રમમાં દેખાવી જોઇએ- એવો એમનો અભિપ્રાય છે." હું આટલું બોલ્યો કે તરત જ સ્વા. મોહનાનંદજીએ આગળ ચલાવ્યું "એ તો સ્વામીજી! વેદના

વારાથી જગત એવું ને એવું જ છે. દૈવાસુર સંગ્રામ તો વેદપ્રસિદ્ધ હકીકત છે; બ્રાહ્મણક્ષત્રિયોનાં યુદ્ધ થતાં; વર્ણાન્તર લગ્ન થતાં; કર્મકાંડના પ્રાયશ્ચિત્તમાં તો એવા એવા મંત્રો આવ્યા હોય છે કે જાણે દરેકે દરેક મનુષ્ય ન બોલાય એવાં બધાંય પાપ દર વર્ષે કર્યાં જ કરતો હોય! માતૃગમન, ગુરુપત્નીગમનનાં પ્રાયશ્ચિત હોય, એથી વધારે ભયંકર અધોગત સમાજ ક્યાં શોધવા જવો? મનુસ્મૃતિ વગેરે ગ્રન્થોમાં જુઓ, વૈદ્યકના ગ્રન્થમાં વ્યાધિઓનાં વર્ણન વાંચી જાઓ, ક્ષત્રિયો હમેશાં જર, જમીન ને જોરૂ માટે લડી મર્યા છે એ યાદ કરી જુઓ, બધાય કાલમાં અવ્યવસ્થા હતી એટલા માટે તો–વ્યવસ્થા સાચવવા માટે તો–સ્મૃતિઓ લખાઇ છે. આ અનાદિ સંસારમાં ત્રણે ગુણો રમત રમે છે. એકલો સત્ત્વગુણ વધારવાની, જોવાની કે લાવવાની ઇચ્છા કરીને સુધારક બનનારા પ્રયત્નો કરે છે, પણ એથી સંસાર થોડો સુધરી જવાનો છે?!

"વેદના વારામાં ચાર આશ્રમ હશે કે નહિ એ તો ભગવાન જાણે, પણ પાછળથી આશ્રમની વ્યવસ્થા ગોઠવાઇ એથી માનવજાતિનું મહાન્ કલ્યાણ થયું છે. એક અદ્વૈત તત્ત્વની અનુભવભરી શોધ કરવામાં પ્રાચીન ઋષિઓએ કેટકેટલા મનોમન્થન, ત્યાગ, તિતિક્ષા, તપશ્ચર્યા જેવા પ્રાણાન્ત પ્રયોગ કર્યા હશે! શેરડીને પીલીને રસ કાઢી લીધા પછી જેમ કૂચા નકામા છે, તેમ માનવજીવનના રસસ્વરૂપ આત્માને ઓળખીને પંચભૂતના કૂચા જેવા શરીરને, સાપની કાંચળીની જેમ ઉતારીને ફેંકી દેવાની પેઠે, તદ્દન નિરર્થક, મિથ્યા અનુભવીને તો એમણે ધર્મ અને તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠા શોધી કાઢી છે.

"સ્થૂલ ભોગની પાછળ પ્રેરણા કરનાર દ્વૈતની વાસના છે; એ વાસનાનું મૂળ સ્વરૂપ–(પોતાના)ના અજ્ઞાનમા છે; સૂક્ષ્મ શરીરની એ મિથ્યા માથાકૂટ છે; એવું સમજીને અન્તર્મુખ ભાવનાનું કારણ વૈરાગ્ય છે એમ બધાએ શોધી કાઢ્યું, અને વૈરાગ્ય આવ્યો એટલે મન તો ફરી ફરીને સ્વરૂપમાં જ વળે–ઢળે ને!? બીજે જાય ક્યાં?

"બાકી ભૂતલવાસી જીવનસૃષ્ટિમાંનું સર્વોત્તમ સ્વતંત્ર બુદ્ધિવાળું માનવપ્રાણી જો સાવધાન ન રહે તો કીટપતંગાદિની પેઠે કાયા-માયાના કાદવમાં જ ખરડાયા કરે.

"જન્મ્યા ત્યારે તો કશી સાનભાન નહોતી; પણ સંસારી જીવડાં સગાંસંબંધી, ઓળખીતાપારખીતાં અને હિતસ્વી બનીને એવાં વીંટાઇ વળે છે કે એવા અસંખ્ય સંસારી જીવોનો ઉપદેશ પામીને નવજાત બાલક બીજાને ઓળખતો થાય ત્યાં તો મારા-તારાના, સગપણના, સાચાખોટાના તથા લેવડદેવડના દાવા આ ઇશ્વરની સંસાર-કચેરીમાં નોંધાવવા માંડે છે." સ્વા. મોહનાનંદજી એટલું બોલીને બંધ રહ્યા. મને મનમાં હસવું આવતું હતું. એમનો આ વાતચીતનો સંકેત કયાં છે એ કૈં સમજાતું નહોતું.

"સ્વામીજી! આજ આમ આડુંઅવળું કેમ બોલો છો? આપ પહેલાં તો ભીમપુરીના કુટુંબની વાત કરતા હતા એમાં આશ્રમની વ્યવસ્થા, જીવનાં જન્મમરણ, સ્વભાવ અને ત્રણ ગુણનાં ધોરણ એનો કૈં મેળ ખાતો નથી." મને લાગ્યું કે ગઇકાલની માંદગીની નબળાઇ એમના મગજ ઉપર હશે એટલે કૈંક વૈરાગ્ય તો કૈંક ભીમપુરીના કુટુંબીજનોનાં સ્વભાવ યાદ આવતાં જેમતેમ બોલી જાય છે.

"હા; સ્વામીજી! વાત તો આ બધાંની જ કરતો હતો; પણ એમની અથડામણ યાદ આવતાં આપણા સમાજની ધર્મઘેલછા તરફ ઘૃણા આવી ગઇ. મારાં થોડાં પુસ્તકો તથા નોંધપોથીઓ ભીમપુરીને ત્યાં પડેલાં છે તે આપ જોશો એટલે બધુંય જાણશો.

"મને નાનપણથી રોજનીશી રાખવાની ટેવ. જરૂરનું લાગે એ એમાં ફરતો હોઉં ત્યારે પણ નોંધી લઉં. જાતજાતના અનુભવો થયા છે. કર્મકાંડીઓ, સંન્યાસીઓ, સાધુઓ, સન્તો, ફકીરો, આચાર્યો, મતપ્રવર્તકો વગેરેને જોયાજાણ્યા છે તેવી જ રીતે દેશદેશના રિવાજો જોઇને પણ હું બહુ શીખ્યો છું. અંદરથી દેવદેવતાને રિઝવવાનાં

અનુષ્ઠાનો કરનારા, બહારથી સકામ શિષ્યોનાં ટોળાં જમાવનારા, ક્યાંક અવધૂત તરીકે તો ક્યાંક દેવદરબારનો ઠાઠમાઠ દીપાવનારાનાં ટોળેટોળાં ઉભરાઇ પડયાં છે. ધર્મ અને મોક્ષના ધંધાથીઓ જ જ્યાં ત્યાં દુકાનો માંડી બેઠા છે.

"આદ્ય ઋષિ વસિષ્ઠથી માંડીને છેલ્લા રામતીર્થજી સુધીનાં સંત-રત્નો જુઓ, અને પછી આ બધા વેષધારીઓનાં ટોળાં તપાસી જુઓ, સત્સંગ કરવાનું આપણે કહીએ તો ખરા, પણ સંતને ઓળખે એટલી અક્કલ જ આ માનવજીવડાંઓમાં રહી નથી.

"અને સિંહનાં ટોળાં હોય તો સંતનાં ટોળાં સંભવે. સાચો સન્ત સન્માનથી પર રહેવા જાતને છુપાવે ત્યાં એને ઓળખવો પણ શી રીતે?

"એમાં જ આ ગંગા કૂદી પડી; ભગવાનપુરી ભટકયો, જોગલાની માને આપઘાત કરવો પડયો. અને આ એક જ કુટુંબની કયાં વાત કરીએ? આપણા હૃષીકેશની જ વાત કરો ને?

"અત્યારે તો એ શહેર બની ગયું છે. પણ કાલીકમલીવાળા બાબાના નામથી ઓળખાતા સ્વા. સચ્ચિદાનંદજી ત્યાં તપશ્ચર્યા કરવા આવ્યા ત્યારે ભરતજીનું મંદિર માત્ર હતું. એમણે ત્યાં પર્ણકુટી બાંધી. હરદ્વારથી ચાર ધામનાં યાત્રાળુઓ ત્યાં આવીને પડાવ નાંખે, ત્યારે ત્યાં રહેતા તપસ્વીઓને સીધુંસામાન આપી જાય એમાંથી નિર્વાહ થતો. હિંસક પશુઓનો ત્રાસ હતો. સડકો નહોતી; પગકેડીની યાત્રા હતી. દુકાનો નહોતી. સીધુંસામાન આ પહાડીઓ પાસેથી મેળવીને યાત્રાઓ થતી. એવા હૃષીકેશમાં કાલીકમલીવાળા બાવાજીને અન્નક્ષેત્ર સ્થાપવાનું સૂઝયું, અને વસતીના શ્રીગણેશ મંડાયા; ત્યાર પછી તો બીજાં ચાર-પાંચ સદાવ્રત તથા અન્નક્ષેત્ર થયાં. શિયાળાની નીરોગી ઋતુમાં તો કોઇવાર છસો-સાતસો વેષધારીઓને અન્નક્ષેત્રનો લાભ મળતો.

"અને સંઘબળ તૂટયું, કોઇ કોઇને પૂછનાર ન રહ્યું: ભગવાંધારી કે શ્વેતધારી, વિરકતનો વેષ પહેરે તે બધા મહાત્મા; હૃષીકેશમાં રહે

એટલે બધા જ તપસ્વી અને પૂજનીય. યાત્રાની સડકો થઈ; ઠેકઠેકાણે ધર્મશાળાઓ બંધાઈ, અને અત્યારે શહેરી યાત્રાળુઓનાં ટોળાં બધી સુખસામગ્રી લઈને આવવા માંડયાં, એને અંગે મહાત્માઓના મઠ, મંદિર કે સ્થાનો જામી પડયાં. 'ઇશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કાર માટે ભણતરનો પ્રશ્ન મહત્ત્વનો નથી' એ સાદી પણ સાચી વાતનો દુરુપયોગ થયો અને સમાજની ભાતભાતની ભીંસમાં આવેલો માનવસમૂહ હૃષીકેશને મુક્તિધામ માનીને વસવા આવી ચડયો.

“એમાં સારા હશે, પણ બહુ જ થોડા; સાધુસમાજમાં સંગઠન હોય તો કોઇ કોઈને પૂછીને સંયમમાં રાખી શકે, પણ જ્યાં વર્ણ તથા આશ્રમના નિયમોમાં શિથિલતા આવી, એટલે ગંગાજી જેમ ગંગોત્રી તરફ કોઇ કાળે પણ પાછી વળી શકતી નથી, તેમ આપણા આર્ય-સંસ્કારનો અધોગત થતો પ્રવાહ અત્યારે કલિયુગના કલહયુગમાં જ હોમાતો જાય છે. હરદ્વાર અને હૃષીકેશમાં કેટલાએક ખ્યાતનામ સન્તો થઇ ગયા છે, પણ આ હજારોની સંખ્યામાં એની ગણતરી શી?

“ગંગાને દારૂડિયો બંગાળી મળ્યો, ભગવાનપુરીને ગંજેરી બાવાઓ મળ્યા એવી દશા અત્યારે થઈ પડી છે. અન્નક્ષેત્રની સરલતાએ આળસુ, એદી, વેષધારીઓની સંખ્યા વધી ગઈ, એટલે કોઈ કોઇને પૂછે પણ કેવી રીતે?

“હરદ્વાર અને હૃષીકેશ જેવાં તીર્થસ્થાનોમાં પણ દારૂની દુકાનો હોય છે, એટલે ત્યાં એની ખપત હશે ત્યારે રખાતી હશે ને?”

સ્વા. મોહનાનંદજીના એકધારા પ્રવાહને મારે રોકવો પડયો. મેં કહ્યું:

“સ્વામીજી! જવાદ્યોને એ વાત! જગત તો એવું જ ચાલ્યું આવે છે, રામાવતાર અને કૃષ્ણાવતારના જમાનામા પણ મદ્યમાંસાદિનો વ્યવહાર હતો. રામાયણ અને મહાભારતનાં વૃતાંતોમાં કંઇ તથ્ય માનીએ તો એ યુદ્ધોમાં પડેલા સામસામા પક્ષોનાં વર્ણનોમાં ક્યાં દુરાચાર નથી? ઉપરાંત આહારવિહારનાં પણ દેશભેદે જુદા જુદા રૂઢિ-રિવાજ હોય છે, તેવું જ કાળભેદનું છે. સત્યુગ કે ત્રેતામાં જે

સદાચરણ ગણાતું હોય તે અત્યારે દુરાચાર મનાય; દેશકાળનાં પરિણામી કાર્યો જેવું આ ખંડભેદવાળું જગત અને પ્રાણીપદાર્થો ચિત્રવિચિત્ર ભેદોથી ભરેલાં છે. છેવટે એક જ પરમતત્ત્વ વિવર્ત્તભાવે દ્રષ્ટા, દ્રશ્ય તથા દર્શનની ત્રિપુટી રૂપે ભાસમાન થાય ત્યારે એ પ્રકૃતિ. આગળ વધીને અસંખ્યભેદવાળું બને એટલે એ જ વિકૃતિ. એવા વિકારમય વિશ્વમાં પ્રકૃતિ, વિકૃતિ, સંસ્કૃતિ જેવાં દર્શનો થાય એ જ છે આ અનિર્વચનીય ખ્યાતિ. કોઈ એક રીતે એના કાર્યકારણનો ભેદ ઉકેલી જ ન શકાય. પરમતત્વ એક, અદ્વિતીય અને કેવળ હોવા છતાં જ્યારે વિવર્ત પામે ત્યારે એમાં અસંખ્ય તત્ત્વો જણાય. વિજ્ઞાનવાદીઓ કે દાર્શનિકો તત્ત્વોની, લોકલોકાન્તરની, પ્રાણીપદાર્થોની જાતભાતની ગણતરી કરવા માંડે ત્યારે એમાં જે જેટલો ઊંડો ઊતરે એવું એને એ દેખાય; એમાંથી ચાલે સંપ્રદાય અને મતપંથભેદની વાડાબંધી.

"અદ્વૈત અને દ્વૈત વચ્ચે જે મેળ નથી ખાતો એનું મૂળ કારણ જ એ છે. અદ્વૈતવાદીઓ તો એક જ વાત કહીને ઠરી ઠામ બેસી ગયા છે. એક પરમતત્ત્વ છે. એનું નામ કે રૂપ કલ્પવું એ માનવીય પ્રકૃતિનું કાર્ય છે; એ સિવાય ત્રિપુટીમય દ્વૈત દેખાય એ છે વિવર્ત જેવો દૃષ્ટિભ્રમ; એ દ્વૈતમય વિશ્વની રચનાનું પૃથક્કરણ કરનારા જુદાં જુદાં તત્ત્વોનું સંશોધન કરે એમાં એકવાક્યતા હોય જ નહીં. કારણ કે ભેદદૃષ્ટિમાં અભેદ સંભવી જ શકે નહીં. અભેદદર્શી બને એ ભેદવાદને મહત્ત્વ આપે નહીં. અભેદવાદીઓનો ઝગડો ભેદવાદી સાથે છે જ નહિ, અને છે તો માત્ર અભેદ-ભેદના એક જ મુદ્દા ઉપર; વિશ્વપ્રકરણની રચના સાથે જરાયે અદ્વૈતવાદીને આગ્રહ નથી. એ જેવું હોય તેવું પણ ભ્રાન્તિમાત્ર છે; ઉપરાન્ત એક જ રીતે એનું પૃથક્કરણ—સમીકરણ થાય એવું નથી, એથી અભેદવાદીને એ કેવું છે એની સાથે બહુ નિસ્બત નથી. નિસ્બત નથી એટલે ભેદના સંખ્યાવાદ સાથે—સાંખ્યશાસ્ત્ર પ્રમાણેના તત્ત્વોના ભાગ વિભાગ સાથે એને ઝગડો જ નથી. કારણ કે એ ગમે તેવું, પ્રાકૃત, વિકૃત કે સંસ્કૃત હોય તો પણ મિથ્યા છે, નિરૂપયોગી છે,

કલ્પના માત્ર છે, એટલે ભેદવાદી જેવું, અને જેટલું કહે એની મિથ્યાત્વદષ્ટિએ, અધ્યારોપન્યાયે અભેદવાદી હા જ પાડ્યે જવાનો.

"ભેદવાદી જ્યારે દ્વૈતના દ્વંદ્વની ભીંસભરી રમતથી થાકે, કંટાળે, ત્રાહિત્રાહિ પોકારે, ત્યારે અભેદવાદી એના માનવપ્રાણી ઉપર નજર નાંખે; ત્યાંસુધી તો ઉપેક્ષાવૃત્તિ જ કરે છે. અભેદનો વિચાર કરનારો ભેદભ્રમમાં ઊંડો ઊતરે જ શા માટે? આવા અદ્વૈત દર્શીઓથી જગત્‌ને કશોયે લાભ નથી એમ કહેનારા તો ભેદવાદીઓ જ છે ને? અભેદવાદીનો સિદ્ધાન્ત સત્ય અને નિર્ભ્રાન્ત; ભેદવાદીઓ ભ્રાન્ત અને અસત્યને સત્ય માનીને સંસ્કૃતિની વાતો તથા એ પ્રમાણે પાણી વલોવવાનાં કર્મ કરનારાઓ; એ બે વચ્ચે મેળ હોય નહીં, અને ભેદવાદીઓના ભ્રાન્ત અભિપ્રાયની નિર્ભ્રાન્ત અભેદવાદીને સ્પૃહા કે લાલસા પણ શાની હોય?

"સંસાર એટલે જ દ્વંદ્વ અને દ્વૈતની પ્રપંચજાળ; જાલમુક્ત થયેલો જાલબદ્ધની દયા કેમ નથી ખાતો એવો પ્રશ્ન પણ અસ્થાને છે; કારણ કે બદ્ધ–મુક્તની પણ કેવળ કલ્પના કે ભાવના જ છે ને? અને ભાવના પણ ભ્રાન્તિમૂલક છે; કોઇ માણસ બુદ્ધિભ્રમને લીધે ગાંડો બનીને પોતાને ગધેડો માનવા માંડે, એથી એ ગધેડો બની જ ગયો છે, એને માણસ બનાવવો જોઇએ, એવું નિર્ભ્રાન્ત મનુષ્ય માનશે નહીં, અને માનીને એનો ઘાટ બદલવાનો પ્રયત્ન પણ નહીં કરે.

"હું પણ આપની પેઠે બધેય ફર્યો છું; ત્રણેય ગુણની લીલા જોઇ છે; દરેક વર્ણ અને આશ્રમની દશા દુર્દશા જાણી છે. સત્ત્વગુણનો તણખો રજોગુણના રાખના પર્વતમાં ઢંકાઇ ગયો છે; પણ તેથી શું? છેવટે એ સત્ત્વગુણના વિકાસની આશા કરવી, એ પણ ભ્રાન્તિ નથી? ત્રણેય ગુણનું મૂળ પ્રકૃતિ, પ્રકૃતિની કારણદશામાં અવિદ્યા, એ અવિદ્યા એટલે જ માયા. અને માયાની વ્યાખ્યા કોઇ ખાસ રીતે ન થાય, એટલે એને અનિર્વચનીય કહીને ભ. શંકરાચાર્યે પડતી મૂકી:

કારણ કે એ અનાદિ હોવા છતાં સાન્ત છે; એનો અન્ત લાવનારો જીવ પોતે છે. જેમ જેમ એ બ્રહ્મભાવમાં આવવા માંડે તેમ તેમ પ્રાતઃકાલની ઉષા ઊઘડતાં ધીરે ધીરે પ્રકાશ પથરાતો જાય છે અને અંધકારની ઘેરી છાયા પાતળી પડતાં પડતાં છેવટે સહસ્રરશ્મિ ભાસ્કરનાં અજવાળાં—જગતમાં પ્રાણ પૂરે છે, ત્યારે અંધકાર સત્–અસત્ (હતો ન હતો) થઇ જાય છે, એટલે જિજ્ઞાસુ કે મુમુક્ષુએ જો સાધના કરવી હોય તો ભેદબુદ્ધિરૂપ જગત્ અને એની વ્યવહારકક્ષા કે દશાનો ચિત્તમાંથી નિર્મૂળ નીકાલ કરી નાંખવાનું શરૂ કરી દેવું જોઇએ; એને નિર્મૂળ કરવાનું સાધન છે અદ્વૈતસ્વરૂપ એકમાત્ર આત્માનું નિદિધ્યાસન.

"જગત જો અનાદિ અનન્ત હોય તો એવું જ હતું, છે, અને રહેશે એ ન્યાયે પણ એનો બહુ વિચાર કરવાનો નથી.

"સુધારણાની દૃષ્ટિ રાખીએ તો પણ એમાં સત્ત્વગુણી દૃષ્ટિ હોય તો જ મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા જેવાં ભ. પતંજલિનાં બતાવેલાં સાધનોથી મન–વાણી–કર્મને શુદ્ધ રાખવાં જોઇએ.

"તત્ત્વદૃષ્ટિ કેળવવાની હોય તો આત્મભાવવડે જગત્ભાવને ચિત્તપટ ઉપરથી ભૂંસી નાંખવો જોઇએ.

"આપણે તો આયુષ્યને આરે બેઠેલા છીએ; જોવાનું જોયું અને અનુભવવાનું અનુભવ્યું છે. સેંકડો કુટુંબો પ્રારબ્ધયોગે પરિચયમાં આવી ગયાં; સ્વપ્નની રમત હતી; કોઇ લાભ મેળવી ગયાં, કોઇ હાનિ કરાવી ગયાં; એ બધા એમના મનના ખેલ અને ભાવ. આપણે તો એ બધું ભૂલીએ એમાં જ આનંદ! એ જ સ્વરૂપનિષ્ઠા; એ જ જગત્નો અંત!"

સ્વા. મોહનાનન્દજી નીચે જોઇને બેઠા હતા. ભીમપુરી એકતાનથી સ્તબ્ધ થઇ ને સાંભળ્યા કરતો હતો. અચાનક સ્વા. મોહનાનંદજી બોલી ઊઠયા. સાંભળતી વખતે એ માથે હાથ ફેરવતા જતા હતા, જાણે મગજને જાળવી સાચવીને સમજાવવાનો પ્રયત્ન કરતા હોય! મને

લાગ્યું કે ગઇ કાલના બનાવથી એમનાં જ્ઞાનતંતુઓ હજુ સ્થિરતાથી અને સતત્ ધારાવાહી પણે મગજમાં કામ નહોતાં કરી શકતાં. નબળાઇ સ્પષ્ટ દેખાતી હતી.

''આપનું કહેવું યથાર્થ છે, સ્વામીજી ! મારી હકીકત તો આપ મારી જીવનપોથીમાંથી મેળવી લેશો, ત્યારે મારા સંસ્કારનાં પ્રવાહ, પરિણામ અને સારાસાર વિવેકજ્ઞાનની સમજણ પડશે.''

''હું આર્યસમાજના સંસ્કારમાં ઊછર્યો. મહર્ષિ દયાનન્દનો વેદમાર્ગી પક્ષપાત મારી રગેરગમાં ભર્યો હતો. પંડિતો, શાસ્ત્રીઓ, કર્મકાંડી બ્રાહ્મણો પુરાણપંથી સંપ્રદાયો વગેરેનાં દાંભિક વલણોને એમણે પડકાર કર્યો; મૂર્તિપૂજાનો પણ નિષેધ સૂચવ્યો. અવતારવાદને પણ ઉરાડી મૂકયો, અને સુધારણાને માટે વૈદિક ઝંડો ફરકાવ્યો. એ પૂર હજુ મારા ચિત્તમાંથી પૂરેપૂરાં ઓસર્યાં નથી અને તેથી જગતમાં જરા પણ વિકાર જોઉં છું ત્યાં તેની સામે વૈદિક સંસ્કારની ધગશ ઊછળી આવે છે.

''બાકી, આપની વાત સોળે આના સાચી છે. બધા દ્વૈતની પીઠમાં, અધિષ્ઠાન તરીકે એક અદ્વૈત આત્મતત્ત્વ જ છે અને એ દૃષ્ટિ કેળવીએ, એ રીતે જીવીએ, એટલે આ દ્વૈતમય સંસારની સ્વાભાવિક રીતે જ ઉપેક્ષા થાય. શરીરના છેલ્લા શ્વાસની રાહ જોતો એવો જ્ઞાની કયા હેતુથી, કઇ ઇચ્છાથી, શાની વાસનાથી વિશ્વને સત્ય માનીને એમાં ત્રણ ગુણની ઉથલપાથલ કરવાનાં કર્મો કર્યા કરે !?''

એમ કહીને એ શાન્ત થયા. રસોડા તરફથી ગંગાએ આવીને ભોજન—ભિક્ષા તૈયાર થઇ ગઇ છે એવું નિમંત્રણ આપ્યું. ''ચાલો, ભિક્ષા પતાવી લઇએ'' એમ કહીને હું પણ સૌની સાથે ઊભો થયો, ભોજન પરવારીને બધા આરામ કરવા પથારી પર પડ્યાં. એટલામાં એએક વાગ્યાનો સુમાર થયો. ગંગા મારે માટે ચા બનાવીને લાવી. મેં

પીધી. વાદળાં થવા માંડયાં હતાં. તડકો નથી, સાત-આઠ માઇલ જવાનું છે, વરસાદથી બચી જવાની ઇચ્છાથી બધાં તૈયાર થયાં, અને હરગંગે, કહીને સૌએ ચાલવા માંડયું.

વળતી વખતે પગકેડી પકડી; કારણ કે એ બધા સારી રીતે રસ્તાના ભોમિયા હતા. સૌથી આગળ જોગલો પવનવેગે જતો હતો. એની પૂઠળ ગંગા, શિવા અને દેવગિરિની વહુ ચાલતાં હતાં. એની પાછળ અમે બે ભગવાંધારી અને સૌની પાછળ ભીમપુરી તથા દેવપુરી ચાલ્યા આવતા હતા.

મેઘઘટા જામેલી હતી એટલે વરસાદની બીકને લીધે બધાંના પગમાં વેગ હતો, ચારેક માઇલ ચાલતાં ગંગાજીનો કિનારો આવ્યો. અને એ એકલો સીધો જ નહિ પણ વચમાં ઉપસેલો હોઈ જલનો પ્રવાહ ન દેખાય તેમ ભેખડ જેવા પેટથી ગંગાજીને પણ ઢાંકી દેતો હતો. પગકેડી સાંકડી થવા માંડી; જમણી બાજુ ખેતરો હતાં; ડાબી બાજુ ગંગાતટની સીધી સાઠ-સીત્તેર હાથ ઊંડી ભેખડ હતી, અને એ પણ એની ઉપર ઊભા રહીને નીચે જોતાં ગંગાજી ભેખડ નીચે સંતાઈ જતાં હતાં.

સૌ શાન્ત ચાલ્યાં જતાં હતાં; વચમાં વચમાં ગંગા–શિવાની ધીમી ધીમી વાતો ચાલતી હતી. જોગલો પાછો વળી વળીને કોઈવાર માશી, મામી અને ભાભીની વાતોમાંથી રસ નીચોવતો હસતો જતો હતો.

ઝરમર વરસાદ પડવા માંડ્યો. પૂર્વ તરફનાં વાદળાં દોડાદોડ કરીને ઇશાનમાં એકઠાં થવા માંડ્યાં. ઝરમરમાંથી મોટાં મોટાં ફોરાં, અને પછી તો મૂશળધાર પાણી પડવું શરૂ થયું. છત્રીવાળાઓએ છત્રીઓ ઉઘાડી; બીજાંએ માથા પરનાં કપડાં ઠીક કર્યાં; એક મોટું ઝાડ આવ્યું ત્યાં બેસવાનો વિચાર કર્યો, પણ ભીમપુરીએ સલાહ ન આપી. વરસાદ જોર વધારે તો ભેખડો પલળી જાય, રસ્તો લપસણો થાય, અને ગંગાજીને જે કાંઠે ચાલતાં હતાં, તે કાચો માટીકાંકરાનો પહાડ હોવાથી

ભેખડ ધસી પડે તો મુશ્કેલી વધે એમ કહીને એણે આગળ ઉતાવળથી ચાલવાની સલાહ આપી.

કેડી હતી તેના કરતાં વધારે સાંકડી આવી. ધીમે ધીમે, પગ ગોઠવી ગોઠવીને જોગલો, તથા સ્ત્રીવર્ગ પાર ઊતરી ગયાં. જમણી બાજુ પણ થોડું ટેકરા જેવું હતું. નવી વાટ પાડીને ઉપરથી જવાનો પણ કોઇ રસ્તો નહોતો. ચોમાસાના ઘાસપાનની ગોઠણ સુધીની લીલોતરીને લીધે જમીન દેખાય એમ નહોતી. વરસાદ પડવાથી બધે કાદવ થઇ ગયો હતો.

હું ધીરે રહીને પાર ઊતરી ગયો. સ્વા. મોહનાનંદજી મારી પાછળ હતા. દસેક ફૂટ લાંબી, પોણો ફૂટ સીધી ભેખડ ઉપરની કેડીમાં વારાફરતી પાર ઊતરવાનું હતું એટલે સ્વા. મોહનાનંદજી ઊભા રહ્યા હતા.

મેં પાર ઊતરીને પાછા ફરીને સ્વા. મોહનાનંદજીને ધીરે ધીરે પગ ગોઠવીને આવવા કહ્યું. એમને ગઇ કાલથી અશક્તિ હતી. વરસાદથી શરીર અને કપડાં તો તરબોળ થઇ ગયાં હતાં. છત્રીનું ગજું નહોતું. પવન અમારી જમણી બાજુથી ફૂંકાઇને ડાબી બાજુ, ગંગાજી તરફ ધક્કા મારતો હતો. એ બધાની સામે શરીરનું જોર તથા મનની સાવધાનતા રાખીને આ નાની કેડી પાર ઊતરવાની હતી.

અમારા પાંચેક જણના ચાલવાથી કિનારા પરની કેડી પોચી, લપસણી અને કાદવવાળી થઇ ગઈ હતી, હમણાં જ ધસી પડશે એવી દહેશત હતી, પણ પાર કરવાની ઇચ્છાથી એ વિચાર દબાઇ જતો હતો, ગમે તેમ સૌએ જલદી ઊતરી જવું, એ જ અનુમાન હતું. બે જણા પરસ્પર હાથ ઝાલીને ચાલે એટલી તો જગ્યા જ નહોતી. સ્વા. મોહનાનંદજીએ પગલાં ભરવા માંડયાં. એક, બે અને ત્રણ પગલાં ભરે છે એટલી વારમાં તો ડાબી બાજુનો, ભેખડ તરફનો પગ લપસ્યો, અને ધડબડાટ કરતી, પ્રચંડ, સાડાપાંચ ફૂટની ઊંચી કાયા ગંગાજી તરફ ધસી પડી ! હરિ ૐ ! હાય ! હાય ! ભીમપુરી બૂમ પાડી ઊઠયો. ગંગા, શિવા, જોગલો વગેરે

દોડી આવ્યાં. વરસાદનું જોર અને પવનનો સુસવાટ વધતાં હતાં. ભીમપુરી ભેખડ ઉપર ઊંધો સૂઇને જુવે છે ત્યાં એણે શું દીઠું?

ભયંકર દૃશ્ય! આળોટતી, લથડિયાં ખાતી, કાદવ–કાંકરામાં ખરડાતી સ્વા. મોહનાનંદજીની કાયા દડતી દડતી ધબ દઈને નીચે પ્રવાહમાં પડી. અવાજ સૌએ સાંભળ્યો.

શું કરવું? શરીર ગયું? ગંગાજીનો પ્રવાહ દેખાય એમ નહોતો. જોગલો ગંગાજીને કાંઠે કાંઠે આગળ પ્રવાહ નજરે પડે એવું સ્થાન જોવા દોડયો. ગંગા, શિવાનું રુદનઆક્રંદ શરૂ થયું. ભીમપુરી બેબાકળો બનીને કેડીની આ પાર આવ્યો. દેવપુરી જમણી બાજુ ટેકો લેતો લેતો આવી પહોંચ્યો. હું તો શૂન્યમનસ્ક થઇને આમતેમ જોયા જ કરું છું.

કલ્પનામાં ન આવે એવો પ્રસંગ! અને હવે શું કરવું? ગંગા જોગલાની પાછળ દોડતી થઇ. શિવા અને દેવપુરીની વહુ તો બેઠાં બેઠાં રડતાં જ હતાં. ભીમપુરીએ દેવપુરીને ઉપરના ગામડામાં જઇને બેચાર જણને બોલાવી લાવવા કહ્યું.

"ભીમપુરી! ગભરા નહીં; શરીર તો નીચે પ્રવાહમાં પડી ગયું; તણાઇ ગયું હોય તો આગળ કોઇ ઠેકાણે દેખાય; જીવતું હશે કે નહિ એ શંકા પડતું છે. સામે કાંઠે પણ કોઇ દેખાતું નથી; આપણે બધાં આગળ કાંઠેકાંઠે ચાલવા માંડીએ; પ્રવાહ દેખાશે ત્યારે કૈંક સમજણ પડશે. બાકી તો અક્કલ કામ કરે એવું નથી. માણસો આવીનેય શું કરશે? ભેખડ સીધી હોત, વચમાં કોઈ મોટું ઝાડ હોત તો શરીર વળગી રહ્યું હોત. આ તો નીચે આળોટતું અથડાતું ગયું અને ધબકારો પણ સાંભળ્યો. "શિવા! ઊઠો, ચાલતાં થઇએ." મારી વાચા ઊઘડી; મનને શાન્ત કરીને ગંભીરપણે, છતાં ઉતાવળે પગલે બધાંયે ચાલવા માંડયું. દેવપુરી થોડે સુધી સાથે હતો, કારણ કે જમણા હાથ તરફ સીધી રીતે ચડાય એવું તો હતું જ નહિ.

સોએક ડગલાં આગળ ગયાં ત્યાં તો જોગલો દોડતો દોડતો સામે મળ્યો.

"મામા, ભગવું કપડું દેખાય છે." હાંફતાં હાંફતાં એ બોલી ઊઠયો. "કૂઇ ત્યાં ઊભાં છે; જલ્દી ચાલો."

"હેં ? કયાં" કહેતાં કહેતાં ભીમપુરી દોડયો; પાણીથી તરબોળ કપડાં, ધોધમાર વરસાદ, પવનના સપાટા, અને કાદવકીચડથી ખરડાયેલા પગે, એની પાછળ અમે પણ ઝડપથી ચાલવા માંડયું. પાણીની સપાટીથી ઉપરના કાંઠા સુધીની ભેખડ હવે સીધી આવતી હતી.કાંઠે ચાલતાં જલનો પ્રવાહ દેખાતો હતો. ઠીક ઠીક ચાલ્યા એટલે ગંગાને પાણી તરફ નીચે જોઇને બેઠેલી દીઠી. વરસાદના પાણીમાં ભીના થયેલા ચહેરા ઉપરનાં આંખનાં આંસુ એકમેક થઇ ગયાં હશે, એમ એની દુ:ખી મુખમુદ્રા અને લાલચોળ આંખો ઉપરથી જ જોઇ શકાય એમ હતુ. અમને જોઇને એ ઊભી થઇ. મારી પાસે આવીને બૂમ પાડી ઊઠી !

"બાપજી ! મારા તારણહાર ગયા !" ઊભી ઊભી જ બેબાકળી બનીને એમ બોલતી જોરથી રડી પડી. મેં શિવાને એને પકડીને બેસાડી દેવા કહ્યું. જોગલો નદી ભણી જોઇને બોલ્યો : "જુઓ, મામા ! પેલા ઝાડની પાણીમાં ડૂબેલી ડાળમાં ભગવું કપડુ ભરાઇ ગયું છે" મેં, ભીમપુરી અને દેવપુરીએ નીચે બેસીને એ તરફ ઝીણી નજર નાંખી. શરીર ઉપરના કપડામાંથી એકાદ પંચીઉં કે ચાદર ડાળમાં ભરાઇને પાણીમાં લહેરિયાં લેતું હતું. બીજું કાંઇ દેખાતું નહોતું. એમ અનુમાન થયું કે શરીર ત્યાંથી ઘસાઇને તણાઇ ગયું હોય તો એમાંથી ડાળીએ કપડાને ખેંચી રાખ્યું હોય અને વજનદાર શરીર તણાઇને આગળ નીકળી ગયું હોય. અથવા શરીર નીચે ધસ્યું ત્યારે કપડાં છૂટાં પડી ગયાં હોય એમાંથી તણાતું તણાતું એકાદ ત્યાં ભરાઇ ગયું હોય !

અને શરીર ત્યાં એટલામાં જ કયાંક પાસે, કે આ જગ્યાના કોતરમાં, બખોલમાં કયાંક ભરાઈ પણ પડયું હોય! બધી કલ્પનાઓ હતી. શરીર

નથી દેખાતું એ વાત પ્રત્યક્ષ હતી. પાણી ડહોળાં અને પૂરને લીધે ઉછળતાં હતાં, બેપાંચ માઇલની આ જગ્યા વધારે ઢાળવાળી હોવાથી નદીનો વેગ જોરદાર હતો. અને ભગવતી ગંગાજી! જેની વચમાં સમાધિસ્ત શિવલિંગ જેવા મદમત્ત હાથી જેવડા પથ્થરો પડયા હોય, એની હડફેટમાં શરીર અફળાયા પછી સાજું રહે જ ક્યાંથી?

આ ભગવા કપડાની પાછળ ફસાઈ પડયું હોય અથવા આગળ ક્યાંક નીકળી પડયું હોય એ બે જ કલ્પનાનો સંભવ. પાછળ જવાય એમ નહોતું. એટલે ભીમપુરીને આગળ જવાનો વિચાર સ્ફૂર્યો અને બોલી ઊઠયો:

"હું કાંઠે કાંઠે આગળ જાઉં છું, ગંગા! તમે બધાં સ્વામીજીને લઇને ઘેર પહોંચી જાઓ. જેટલી શોધ થાય એટલી કરીને હું ઘેર આવીશ."

"ગંગા! ચાલો આપણે ઘેર જઇએ. તું શાંત થા; બનવાનું હતું તે બની ગયું. કોઇના હાથની વાત નહોતી અને નથી રહી. એમનું શરીર અશક્ત હતું. પગ લપસતાં ચક્કર આવ્યા હશે, અને શરીરના આયુષ્યનો અવધિ થયો હશે એટલે પંચતત્ત્વ પરસ્પર લય પામ્યાં. ગભરાવાથી, દોડધામ કરવાથી, માણસોનાં ટોળાં કાંઠે કાંઠે ફેરવવાથી કાંઈ શવ હાથ લાગે એમ નથી. આટલો મોટો ચોમાસાનો ડોળાં પાણીનો પ્રવાહ, ધોધમાર વરસાદ, પાણીનું વધતું જતું પૂર, ઘાસવાળા કિનારા, અને આ સીધી ભેખડો એ બધાંને લીધે નીચે નદીને કાંઠે પહોંચાય એવું જ નથી.

"એ તો શિવસ્વરૂપ હતા. અને હજુ પણ શિવસ્વરૂપ, અજન્મા અને અમૃતસ્વરૂપ છે. સવારની વાતચીત તેં નથી સાંભળી, પણ ભીમપુરી બેઠો હતો. એમની આત્મનિષ્ઠા દૃઢ હતી. અનુભવ થયા પછી શરીર પ્રારબ્ધ ભોગવતું હતું, તેનો ક્ષય થયો; શોકમોહ કરવો નકામો છે. તમારી છત્રછાયા ગઇ એટલે તમને લાગે એ સ્વાભાવિક છે, પણ તમે એમણે આપેલા જ્ઞાનને જો સમજ્યાં હો, તમે એમનામાં

શ્રદ્ધાભક્તિ હતાં એનું રહસ્ય જાણ્યું હોય, તો એ આત્મદર્શીને જેમ, શોકમોહ નહોતાં, તેવાં જ તમારે પણ આવે ત્યારે આત્મદષ્ટિ રાખીને દૂર કરવાં જોઇએ.

"ચાલો આપણે ઘર તરફ જઇએ. હું પણ સાથે જ આવું છું. ભીમપુરીને શોધ કરવાની ઇચ્છા હોય તો કાંઠે કાંઠે ફરી આવે; બાકી હવે બધા પ્રયત્નો નકામા છે એમ મને તો લાગે છે.

હું આમ બોલું છું એટલી વારમાં તો જોગલાની બૂમ પડીઃ "એ જાય, પણે જાય; જુઓ, જુઓ."

સ્વા. મોહનાનંદજી એવું નામરૂપધારી શરીર કોઇ બખોલમાંથી નીકળીને પ્રવાહ ઉપર ઊંચુંનીચું થતું વહી જતું જોગલાએ જોયું, એની બૂમ સાંભળતાં બધાંની નજર એ તરફ ગઇ; સો-બસો હાથ સુધીના દૃષ્ટિગોચર થતા પ્રવાહમાં તણાતું, તરતું ડૂબતું શવ નજરે પડ્યું.

ભક્તોને-પ્રેમીઓને છેલ્લાં દર્શન કરાવવા જ જાણે અકસ્માત્ નીકળીને ઉપર આવી ગયું હોય એમ એનાં બધાંને દર્શન થયાં. "ઓ પ્રભુ! મારા ભગવાન!" કહીને ગંગાએ દંડવત્ પ્રણામ કર્યાં; બીજાંએ પણ બેસીને નમ્રતા દાખવી; મારા મુખમાંથી "शिवोऽहम्"નો પ્રચંડ ઘોષ નીકળ્યો; અને ચમત્કાર તો એ થયો કે એ શવ કોઇ પથરામાં અથડાતાં ઊભું થઇ ગયું અને એમનું મુખ-મસ્તક દર્શનીય બન્યાં. ટીચાવાથી ઉપર ઘા પડ્યા હતા, પણ છેવટે, અંતિમ ઘડીએ આપ્તજનોને દર્શન આપીને કૃતાર્થ કર્યાં.

દર્શનથી બધાંને સંતોષ થયો. ભીમપુરી ખુશખુશ થઇ ગયો અને એ પવનવેગે કાંઠે કાંઠે દોડયો. એને આશા બંધાઇ કે ક્યાંક સપાટ કાંઠો આવે તો કોઇની મદદ વડે દોરડાં નાંખીને પ્રયત્ન કરી જોઉં.

"દેવપુરી! ચાલો હવે આપણે ઘેર જઇએ, વરસાદનું જોર નરમ પડતું નથી. હજુ ચાલવાનું બાકી છે. કેવું સુંદર પ્રારબ્ધ! તમે બધાંય

અહીં આવી ચડયાં, અને સ્વામીજીની જલસમાધિનાં દર્શન થયાં; એમને પ્રણામ કરીને સવારે જ બધાં છેલ્લા આશીર્વાદ મેળવી ચૂકયાં. ઘેર રહ્યો એક તારો કાકો બિચારો!'' મેં કહ્યું એટલે બધાંએ ચાલવાની વાટ પકડી.

સૌ પોતપોતાના મનોભાવમાં વ્યસ્ત હતાં. મૌનભાવે રસ્તો કપાતો હતો. થાકીને લોથ થઇ ગયેલાં, પલળીને તરબોળ બનેલાં છેક સાયંકાળે ઘેર પહોંચ્યાં. વરસાદ પણ ધીમો પડયો. ઘરમાંથી જાણે કોઇ દીર્ઘ-પરિચિત આપ્તજનનો લોપ થયો હોય એવી સ્મશાનશાંતિ પ્રસરી રહી. હું થોડીવાર નીચે બેઠો એટલીવારમાં, પરમ દિવસે જે ઓરડામાં રાત્રિવાસ કર્યો હતો ત્યાં સાફ કરીને ગંગાએ મને બોલાવ્યો. હું ગયો; પથારી તૈયાર હતી. ભીનાં વસ્ત્ર કાઢીને ગંગાને સોંપ્યાં: એક ભીના પંચીઆભેર બેસવાનો વિચાર કરું છું ત્યાં તો ગંગા નીચે જઇને સૂકાં કૌપીન ચાદર લઇ આવી: "લ્યો! બાપજી! આ પહેરી લ્યો. સ્વામીજી-નાં બદલવાનાં આવાં થોડાં વસ્ત્ર અહીં પડયાં છે. હવે તો અમારે મન આપ જ સ્વા. મોહનાનંદજી! આપ જ અમારા ગુરુદેવ!"

જવાબ આપ્યા વગર સૂકાં વસ્ત્ર પહેરીને આસન ઉપર બેઠો. ગંગા ભીનાં કપડાં લઈને નીચે ગઇ.

## વર્ણક અગિયારમો

### શોકમોહ

હૃષીકેશ છોડ્યા પછીની આ ત્રીજી રાત. ત્યાંથી ફરવા નીકળ્યો અને ભીમપુરી મળ્યો. વરસાદે હેલી મચાવી. પાછા વળાય એમ ન રહ્યું. જોગલો આવ્યો; પલળીને ભીમપુરીની સાથે એને ઘેર ગયો. ત્યાં સ્વા. મોહનાનંદજીનો સમાગમ થયો, રાત્રે દાંત પડ્યો; સારી એવી સત્સંગચર્ચા થઇ.

વસિષ્ઠગુફાની યાત્રા માટે યોજના થઈ. સવારે એ પ્રમાણે ત્યાં સૌ ગયાં; સ્વામીજીની તબિયત બગડી એટલે દિવસરાત ત્યાં રહેવું પડ્યું. ગંગાની આત્મકથા ઉખળી; સ્વામીજીનું પણ થોડું સંકેતમાત્ર આત્મકથન જાણવા મળ્યું. ગંગા ભાવાવેશમાં આવી, રાત્રે એ ધ્યાનસ્થ થઇ; સવારે નીકળવાનું હતું ત્યાં ભીમપુરીનાં પુત્ર અને પુત્રવધૂ આવ્યાં. આખો દિવસ ત્યાં ગાળીને નીકળ્યા. વરસાદ શરૂ થયો. રસ્તો ચીકણો અને લપસણો થયો; સ્વા. મોહનાનંદજી લપસીને ભગવતી ભાગીરથીના જલપ્રવાહમાં અકસ્માત રીતે સમાધિસ્થ થયા; આ બન્યું બધું માત્ર અઢી દિવસ અને બે રાત્રિના જેટલા કલાક થાય એટલા સમયમાં.

માનવચિત્તના ક્ષેત્રપટમાં બધું અકલ્પિત પણ બ્રહ્માંડના તાણા-વાણામાં જાણે નિર્મીત થઈ ચૂક્યું હોય એમ જ એક પછી એક બની ગયું. સૌએ જોયા કર્યું, કોઇએ ભોક્તાબનીને ભોગવ્યું; કોઈ હસ્યાં, કોઇ રડયાં; હર્ષ અને શોક બન્નેનાં દર્શન થયાં; હું દ્રષ્ટા હોવા છતાં કોઇ વખતે દયાળુ બનીને આર્દ્ર થઈ જતો હતો. પરંતુ દીર્ઘ

પરિચયને અભાવે મમત્વનું બંધન નહીં, તેથી લગભગ અલિપ્ત રહીને સાક્ષીભાવ સાચવી રહ્યો હતો.

સ્વા. મોહનાનંદજી ! શાસ્ત્રસંસ્કાર, સદાચાર, સુહૃદ્ભાવ અને આત્માનુભવની આટલા ટૂંકા પરિચયમાં એમણે ઠીકઠીક છાપ પાડી. માતાવિહોણા બનીને કાંગડી–ગુરુકુલમાં વેદાધ્યયન કરવા રહ્યા. સંસ્કારવશાત્ હરદ્વાર–હૃષીકેશના સંતસાધુસમાજના સંસર્ગમાં આવ્યા; ત્યાગનો રંગ લાગ્યો, સંન્યાસ ધારણ કર્યા પછી પણ પરોપકારી સેવાવૃત્તિ અને સદાચારના આગ્રહે ગંગા જેવાં કેટલાંએ પાત્રોને પ્રેરણા આપી ઉન્નત બનાવ્યાં; અને એમનું દેશકાળની પરિસ્થિતિનું અવલોકન તો જાણે સચોટ-આબાદ. એમના શબ્દે શબ્દે હૃદય હલવાતું. વાક્યે વાક્યે દેશદાઝ, ધર્મદાઝ અને માનવદાઝની જ્વાળાઓ ઝરતી. પ્રખર વૈરાગ્ય અને સુદૃઢ આત્મભાવનાની પાંખો ઉપર ઊડનાર એ હતો એક મુક્ત હંસ !

અલબત્ત ! મારા મન ઉપર તો આવી સુંદર છાપ પડી ! એકલો બેઠો છું. અંતરમાં શાંત, ગંભીર ભાવો ગડમથલ કરે છે ! થોડી વારે ગંગા ઉપર આવી.

“બાપજી ! કૈં ખાવાનું લેશો ? શું બનાવું ?” એટલું પૂછે છે ત્યાં પાછળ જોગલો આવીને બોલ્યો: “ માશી ! મામા આવ્યા છે. નીચે બોલાવે છે.” મારો જવાબ સાંભળ્યા વગર એ તરત જ નીચે ચાલી ગઈ. ભીમપુરી અમારાથી છૂટો પડીને શવની શોધમાં આગળ દોડી ગયો હતો. કૈંક નવા સમાચારની જિજ્ઞાસામાં હું પણ પાછળ પાછળ નીચે ઊતર્યો.

ભીમપુરી પરસાળમાં માથે બન્ને હાથ મૂકીને નિરાશ વદને બેઠો હતો. રાત પડી ગઈ હતી. ઝાંખે અજવાળે એક બાજુ ભીમપુરી અને ભગવાનપુરી તથા બીજી બાજુ શિવા, ગંગા અને દેવપુરી શાન્ત, મૌન

રાખીને બેઠાં હતાં. જોગલો ઢોરને ઘાસચારો કરતો હતો. દેવપુરીની સ્ત્રી ઘરમાં હતી.

કોઇ કંઇ પણ બોલતું જ નહોતું, પરન્તુ મારા જવા સાથે જ ભીમપુરીનો અત્યાર સુધી સાચવી રાખેલો સંયમ તૂટયો. પરશાળમાં દાદરને છેલ્લે પગથિએ હું પહોંચું છું એટલામાં ભીમપુરી ઊભો થઇને મારા પગમાં પોક મૂકીને ઢળી પડયો. હું ઊભો જ રહ્યો, શિવા પોતાને સ્થાને શાન્ત બેસી રહી, પણ ગંગાએ આવીને ભીમપુરીને ઉઠાડતાં કહ્યું : "ભાઇ, શાન્ત થાઓ; એમણે તો આપણા કુટુંબ માટે જાણે સર્વસ્વ આપી દીધું હોય એમ દેહત્યાગ પણ આપણી સાથે, આપણી નજર આગળ, આપણી સેવા સ્વીકારતાં સ્વીકારતાં કર્યો ! એ સદેહે સગુણબ્રહ્મ હતા; અને હવે નિર્ગુણ રૂપે સર્વવ્યાપક છે. ઊઠો ભાઈ! જીવન્મુક્ત પુરુષો માટે શોકમોહ કેવો ?"

એટલું ભીમપુરીને ઉઠાડતાં ઉઠાડતાં કહીને મને કહ્યું : "બાપજી! ઉપર પધારો, ભાઈ હમણાં જ આવ્યા એટલે આપને જોઇને હૃદય ભરાઇ આવ્યું. અમે હમણાં ત્યાં આવીએ છીએ."

હું તરત જ કશું બોલ્યાચાલ્યા વગર ઉપર ગયો. વાતાવરણમાં શાન્તિ હતી; શોકમોહની નહીં; પણ તત્ત્વનિષ્ઠાથી ભરપૂર, અને ગંભીર સાક્ષી ચૈતન્યની નિષ્ઠાવાળી.

સૌથી પ્રથમ ગંગા ઉપર આવી, એની પાછળ શિવા હતી. બન્ને આવીને બેઠાં અને ગંગાએ 'ભોજન માટે શું બનાવવું છે' એવો પ્રશ્ન કર્યો :

"ગંગાબહેન ! થનાર થઈ ગયું રવા. મોહનાનંદ કહેવાનું નામરૂપ ધારી શરીર પંચતત્ત્વો સાથે તદ્રૂપ થવા વિલીન થયું, અને એમનું અહમ્-હું પણું તો પરમતત્ત્વ સાથે અભેદ અનુભવતું હતું એટલે એને તો

ક્યાંય આવાગમન હતું જ નહી. બ્રહ્મસ્વરૂપે તો એ હતા, છે, અને હશે. ત્રિકાલાતીત એમનું સ્વરૂપ; દેશની મર્યાદા તોડીને મુક્તવિહાર કરતું એમનું આત્મભાન; એમનો સત્સંગ તમે સેવ્યો છે. તમારા કુટુંબ સાથેની એમની આત્મીયતા નજરે જોવાનો મને જે પ્રસંગ સાંપડયો, એથી તમે પૂરેપૂરાં કૃતકૃત્ય થયાં છો એમ કહું તો અતિશયોક્તિ નથી.

"એ પૂરા વિરક્ત હતા; અને વિરક્ત એટલે શુષ્કચિત્ત ઉદાસીન નહીં, પણ તમારાં શુદ્ધ ભક્તિ અને સેવાથી આકર્ષાઈને તમારા કુટુંબ પ્રતિનો એમના આત્મદર્શનનો, વાત્સલ્યનો, કરુણાનો પ્રચંડ ધોધ જ વહ્યા કરતો હતો એમ મને તો લાગ્યું છે. આપણે આત્મદર્શનનાં આતુર હોઈએ, તો બ્રહ્મવિદ્ આપણું દર્પણ બને છે કારણ કે આપણને એ બ્રહ્મસ્વરૂપે જ નિહાળે છે; આત્મવત્ માને છે એટલે આપણે એમને પોતાના–આત્માના આત્મસ્વરૂપે માનીએ છીએ.

"પરન્તુ એમાં આપણને દેહદૃષ્ટિ આડે આવે છે. બ્રહ્મવિદ્ આપણા સમસ્ત વ્યક્તિત્વને બ્રહ્મસ્વરૂપે અનુભવે છે, એટલે આપણા તન-મનના વિકાર એમને સતાવતા નથી તેમ આવરણરૂપે આડા પણ આવતા નથી. આપણે દેહદૃષ્ટિ રાખીને એમને બ્રહ્મસ્વરૂપે અનુભવવા માટે ભક્તિ, સેવા, સત્કાર, પૂજા વ. કરીએ ત્યારે આપણી દૃષ્ટિમાં દેહાધ્યાસ ભરેલો હોય એટલે એ સ્વભાવે આપણે એ દેહને જ બ્રહ્મ માનીને નિત્ય એમના દેહની, આંતર પ્રેમની છત્રછાયાના ભૂખ્યાતરસ્યા વલોપાત કરીએ છીએ. આપણે એમની દૃષ્ટિ જેવી દૃષ્ટિ કેળવીએ તો, જે દૃષ્ટિથી આપણને એમણે જોયાં-અનુભવ્યાં, એ જ દૃષ્ટિથી આપણે આપણને આત્મસ્વરૂપે, બ્રહ્મદૃષ્ટિએ, સર્વાત્મભાવે અનુભવીએ, તો પછી કોઇ પણ દેહાન્ત માટે કલ્પાંત શા માટે કરવાનો હોય?!"

એટલામાં ભીમપુરી ઉપર આવ્યો અને એની પાછળ દેવપુરીની વહુ

આવીને એની સાસુને ધીમેથી કૈંક કહેવા માંડી એટલે મારી પંડિતાઇ ઓસરી ગઈ. પુત્રવધૂની વાત શિવાએ સાંભળી અને એટલી જ ગુપ્તતાથી શિવાએ એ વાત ગંગાને કહી એટલે ગંગા બોલી.

"બાપજી! જમવાની વાત મેં આપને પૂછી પણ વાતમાં ને વાતમાં આપે જવાબ આપ્યો નહીં અને હુંયે આપને યાદ દેવડાવવાનું ભૂલી ગઇ. શું જમશો અત્યારે? વહુ એ જ પૂછવા આવી છે."

જમવું, ન જમવું, ભૂખ છે કે નથી, એવો વિશેષ વિચાર કરી શકે એવી મનોવૃત્તિ નહોતી. કારણ કે ચિત્તનું સમગ્ર ચિંતન તો સમીસાંજના અદ્‌ભુત પ્રસંગમાં ગુંચાયેલું હતું. સહજ સ્વભાવે પેટ ઉપર હાથ ફર્યો અને કૈંક બોલાય છે એટલી વારમાં મારી વ્યાકુળતા જોઇને ગંગા જ બોલી:

"એ વાગે જમ્યા છો એ વાત સાચી પણ ચાલીને આટલું આવ્યા, વરસાદમાં પલળ્યા, અઘટિત બનાવ બની ગયો, એટલે શરીરને ભૂખ અને થાક બેય લાગ્યાં હશે, મનમાં એની અસર અત્યારે નહીં જણાતી હોય, પણ સવારે નબળાઈ લાગશે, એકાદ બે પૂરી બનાવી લાવે તે જમી લેશો?"

ગંગાબહેન તો ખરે જ ભગવતી ગંગામાતાના જેવી જ સમય-સૂચક અને વાત્સલ્યભરી નીકળી. એણે મનોવૃત્તિને કાબૂમાં લઇને ભીમપુરીને શાન્ત કર્યો, મને બદલાવવા માટે કોરાં કપડાં કાઢી આપ્યાં, અને અત્યારે સ્વા. મોહનાનન્દજીના દેહાવસાનનો શોક ઉતારવા હું એમના બ્રહ્માવદ્‌પણાના ગુણગાન કરું છું, એવે વખતે પણ એ સમતા સાચવીને યથેષ્ટ વ્યવહારમાં ભૂલ નથી પડવા દેતી.

આ છે સત્‌ના શોધનથી સન્નારી બનેલી આર્ય વિધવાની માતૃત્વ-ભર્યા વાત્સલ્યની સેવાવૃત્તિ! એની સમદૃષ્ટિથી, સાવધાનતા ભરી વિવેકવૃત્તિથી અને જાતને સંભાળીને બીજાને સંભાળી લેવાની

યોગકુશળ મનોદશા. સ્વા. મોહનાનન્દજીનો આઘાત સૌથી એના ચિત્ત ઉપર વધારે પડયો હતો, પણ વિવેકપ્રધાન મનોવૃત્તિથી એને રૂઝવ્યો, ચિત્તમાં સ્થિરતા આણી અને મારે કૈં ખાવું છે કે નહિ એની વિવેકી વાણીથી સૂચના કરી.

હું એના આગ્રહનો વિચાર કરવા માંડયો, સવારે વહેલા ઊઠીને મારે હવે હૃષીકેશ જવું છે, કે જવું જોઈએ એવી સ્વાભાવિક મનોદશા પ્રત્યક્ષ થઇ, એ બધાં જમશે કે નહિ જમે, મને સવારે જવા દેશે કે રહેવાનો આગ્રહ કરશે, એની મૂઝવણ થતાં મેં જવાબ આપ્યો:

"કૈં ભૂખ જેવું લાગતું નથી; પણ જેવી તમારી મરજી."

આટલું ટૂંકામાં પતાવીને હું શાન્ત પડયો, મારી વાગ્ધારા સરસ્વતી દેવીએ થંભાવી દીધી અને મનોદેવતા અન્તરમાં જ વિચારમગ્ન બની.

હું આ કુટુંબ સાથે માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં આટલો બધો નિકટવર્તી બની ગયો એ નવાઇ જેવું છે. ભીમપુરી સાથે અહીં આવ્યો, એમાં તો કેવળ પ્રારબ્ધપતંગને પરેચ્છાના દોર ઉપર છૂટો મૂકી દીધો એ જ કારણ હતું. જ્યાં જવાય ત્યાં ઠીક જ હશે અને છે, એવી ઇશ્વરાધીન મનોદશાને લીધે અહીં આવી ચડયો. સરળતાની સાક્ષાત્ મૂર્તિ જેવા સ્વા. મોહનાનંદજીનાં દર્શન થયાં, વસિષ્ઠગુફા ગયા, ભીમપુરીની કુટુંબકથા અને ગંગાની આપવીતીની વાતો સાંભળવાનો યોગ આવ્યો, અને આજે તો એ મોહનાનન્દજી હતા નહોતા થઈ ગયા.

વેદાન્તની આ વિશ્વ સંબંધે એક અધ્યારોપઅપવાદ નામની બહુ જ પ્રચલિત પ્રક્રિયા છે.

ભ. શંકરાચાર્ય કેવલ-અદ્વૈત તત્ત્વનો જ સ્વીકાર કરે છે. એમના પરમગુરુ ભ. ગૌડપાદાચાર્ય પરમતત્ત્વને અજાત કહે છે, અને સિદ્ધ કરે છે કે એ તત્ત્વ એક અને અદ્વિતીય છે, એટલે વસ્તુત: એમાંથી

એમાંથી કશું જાત—કશુંયે જન્મ્યું કે ઉત્પન્ન થયું જ નથી, થાય પણ નહીં. બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્ક્ય તો સ્વપત્નીને જ આત્મા સિવાય કશું કાંઈ છે જ નહિ, એ જ પ્રિય લાગે એવો શ્રેયસ્ પદાર્થ છે એવું સ્પષ્ટ વિધાન કરે છે. મહર્ષિ વસિષ્ઠના નામે ચડેલો યોગવાસિષ્ઠ મહારામાયણ ગ્રન્થ પણ વારંવાર એમ જ કહે છે કે હે રામભદ્ર! આ કશુંયે છે જ નહીં. ત્રિપુટી માત્ર ચૈતન્યનો જ મનઃકલ્પિત વિલાસ છે. એ અભેદ એટલા માટે કહેવાય છે કે આ દશ્યભેદનો એમાં નિરાસ કરવાનો છે. જે છે તે કેવલ દૃષ્ટિભ્રમ છે. એ સિદ્ધાંતને અજાતવાદ, પ્રૌઢીવાદ કે એથી નીચે ઊતરતાં દૃષ્ટિસૃષ્ટિવાદ, વિવર્તવાદ એવાં એવાં ભિન્નભિન્ન યુક્તિપ્રમાણે નામો અપાય છે. પણ બધાનું તાત્પર્ય એ જ છે કે જીવભાવ આભાસ માત્ર છે, અધિષ્ઠાન અનામી, અરૂપી, અલિંગી છે અને તેથી અજાત છે. જીવભાવ અધ્યાસ માત્ર છે, મિથ્યાજ્ઞાન છે, ભ્રાન્તિ છે, અને અધિષ્ઠાનના અનુભવથી એ અધ્યાસની નિવૃત્તિ થાય છે. આવા અદ્વૈતતત્ત્વના અનુભવી પાસે જિજ્ઞાસુ કે મુમુક્ષુવર્ગ ઉપદેશશ્રવણ માટે આવે ત્યારે અનુભવીની દૃષ્ટિમાં તો કેવળ અજાત બ્રહ્મ જ સભર ભર્યું હોય છે, પણ દર્પણમાં જેમ કોઇપણ આકૃતિ ન હોવા છતાં, પ્રત્યક્ષ અને સમીપ આવનાર જડચેતન પદાર્થ દૃષ્ટિગોચર થાય છે, તેવી રીતે તત્ત્વવિદ્‌નું હૃદય નિર્વિષયી દર્પણ જેવું હોવાથી મુમુક્ષુનું પ્રતિબિંબ એમના ચિત્તાદર્શમાં પડે છે ત્યારે એમને દ્વૈતભાન થાય છે. મુમુક્ષુ જીવાત્મા, જગત તથા જગતપતિનું ઉપદેશ પૂરતું, તત્કાલીન અસ્તિત્વ એ સ્વીકારે, શિષ્યની દૃષ્ટિ સાથે તદાકાર બનીને, એની ભૂમિકા સુધી એ ભાવે નીચે ઊતરીને કર્મ, ઉપાસના કે જ્ઞાનનાં સાધનસાધના શીખવે, સમજાવે કે અનુભવ કરાવે, એનું નામ અધ્યારોપ કહેવાય છે. પોતાની દૃષ્ટિમાં વાસ્તવિક રીતે કશુંયે ન હોવા છતાં ઉપદેશ પૂરતું પણ દ્વૈત સ્વીકારી લેવું, એ છે અધ્યારોપ અને જિજ્ઞાસુને

ક્રમેક્રમે ઉપદેશ–અનુભવ આપી–કરાવીને એની દૃષ્ટિમાંથી પણ દ્વૈતાભાસનો ઉચ્છેદ કરવો એ છે અપવાદ.

ન હોય તે વસ્તુની કલ્પના કરવી એ છે સત્ય વસ્તુમાં મિથ્યા વસ્તુનું આરોપણ અથવા અધ્યારોપ, અને અવસ્તુને ઉરાડીને અધિષ્ઠાન વસ્તુ અનુભવવી એ છે અવસ્તુનો અપવાદ.

મારે આ પ્રસંગે અધ્યારોપ–અપવાદનો અનુભવ થયો. હૃષીકેશથી ફરવા નિમિ-ત્તે નીકળ્યો ત્યારે ભીમપુરીનો સંસાર, તથા સ્વા. મોહનાનંદજી મારા ચિત્તદર્પણમાં નહોતાં. એ બધાં ઇન્દ્રિય પ્રત્યક્ષ થયાં, ત્યારે એમને સત્ય માનીને વ્યવહાર થવા માંડ્યો, એ હતો અધ્યારોપ; એ વ્યવહારસ્વપ્નમાંથી સ્વા. મોહનાનંદજી ઊઠી ગયા, એટલો એમના પૂરતો અપવાદ થઇ ચૂક્યો. હવે દૃષ્ટિ સમીપ ભીમપુરીનો સંસાર બેઠો છે, એનોયે સમય જતાં અપવાદ થશે; હું તો જેમનો તેમ હતો તેવો હોઇશ, અને અત્યારે પણ તટસ્થદૃષ્ટિએ છું, એવી છે આ દ્વૈતાભાસની લીલા!

અધ્યારોપ–અપવાદ મનમાં થઇ ગયો એટલી વારમાં ગંગા, શિવા તથા દેવપુરીની વહુની ભોજનની મસલત પૂરી થઇ હશે એટલે વહુ ઊઠીને નીચે ગઇ, શિવા પણ એની પાછળ એકાદ બે ક્ષણે નીચે ઊતરી. ભીમપુરીએ કહ્યું:

“મહારાજજી! અમે તો અનાથ થઇ ગયાં; મારા પિતાજીનો દેહાન્ત થયો ત્યારે પણ આટલું દુઃખ અમને નહોતું લાગ્યું. સંસારવ્યવહારમાં તો એ અમને મોટામાં મોટી ઓથખોટ પડી હતી, પણ કોણ જાણે કેમ, ખૂબ જ મનને સમજાવું છું તોયે જાણે સર્વસ્વ હરાઇ ગયું હોય એવી મનોવ્યથા થયા જ કરે છે. સવારે જ કેટલો આનન્દ હતો, સત્સંગની હૂંફ હતી, સંસાર તો યાદ જ નહોતો આવતો. આત્મનિષ્ઠાની મસ્તીમાં ઊછળતાં હતાં, ત્યાં પ્રાણને સૂકવી નાંખે એવો આ અકસ્માત

વજ્રાઘાત પડયો. સ્વામીજી અમારા પ્રત્યેકના જીવનના પ્રાણસમા હિતૈષી હતા. આ ઘરની શાંતિ એમને લીધે જ હતી. ગંગાનું તો આખું જીવન પલટાઇ ગયું. મારી જડતા ગઇ; દેવપુરી ભણ્યોગણ્યો અને એની મા તથા વહુ માદીકરીની પેઠે રહીને બધાંની સેવા કરે છે. અવારનવાર સ્વામીજી પધારે, થોડુંઘણું રહે, અને જ્ઞાન અને શાંતિ ઓછાં થયાં હોય તે પૂરાં કરી જાય, શું કહું? બાપજી! અમારી ઓથ ગઇ! અમે છત્ર-છાયા વગરનાં થઇ ગયાં. એમણે ધર્મપાલન શીખવ્યું. જ્ઞાન આપ્યું, સત્સંગ અને સેવા કરતાં શીખવીને જિજ્ઞાસુ બનાવ્યાં. હે રામ!"

એમ કહીને એણે નિઃસાસો નાંખ્યો. અશ્રુ મહામહેનતે ખાળી રાખ્યાં હોય એમ મોં ઉપર હાથ ફેરવ્યા એ ઉપરથી જણાયું.

"ભાઇ! આપણાં જેવાં પ્રારબ્ધ અને જેટલો પુણ્યયોગ હશે એટલો આપણને સત્સંગ મળ્યો. આપણાથી તો કાંઇ સેવા બની શકી નથી; અને એમને સેવા લેવાની ઇચ્છા જ કયાં હતી!? છેલ્લાં ચારપાંચ વર્ષથી તો બેચાર મહિને આવે ત્યારે બેચાર દિવસ રહે અને શાંતિ આપીને પાછા ઉપર પર્વતોમાં વિચરવા ચાલ્યા જાય." ગંગાએ ઉમેર્યું, મારી વાચા પણ ઊઘડી.

"તમારો સહવાસ તો બહુ લાંબો, ખરું? દેશમાં બીજે કયાં કયાં જતા હતા એ જાણો છો? તમારે એમની માર્ફત કાંઇ ઓળખાણ થયેલાં? ચાર ધામનાં યાત્રાળુઓ હૃષીકેશ આવતાં હશે એમાં એમનાં ઓળખીતાં હોય તે કોઈ અહીં આવતાં ખરાં? એમણે કહ્યું હતું કે તમારી પાસે એમનાં કાંઇ પુસ્તકો અને કેટલુંક લખાણ પણ છે." મને એમના પૂર્વવૃત્તાંતની જિજ્ઞાસા ઊઘડી. સવારે એમણે નિત્યનોંધની વાત કરી હતી એને આધારે હું આમ બોલી ગયો.

અત્યારે અમે બધાં સહજ સ્વભાવે વાતો કરતાં હતાં. અમુક જ પ્રસંગ કાઢવો છે, એવું મનમાં નહોતું અને મન તો સ્વામીજીના

વિયોગથી ભરેલું હતું એટલે ખાસ હેતુથી કશી વાત થઇ પણ કેમ શકે?

એટલી વારમાં દેવપુરીની વહુ થાળીમાં બેચાર પૂરી, શાક અને દૂધની વાડકી મૂકીને, મારે માટે ખાવાનું લઇને આવી.

“જમી લ્યો, પિતાજી!” એમ કહીને ત્રણેય જણાં નીચે ગયાં. ગંગા આવીને પાણી મૂકી ગઇ.

સ્તબ્ધભાવે મેં ખાધું; ખાવાના વિચાર વગર જ ખાઇ લીધું; ગંગાને થાળી લઈ જવા બૂમ મારી એટલે જોગલો આવીને લઇ ગયો. જોગલાને પૂછતાં જણાયું કે બધાં માટે ખીચડી બનાવી હતી એ જમતાં હતાં. મારે માટે જ પૂરી શાક બનાવ્યાં હતાં. એમને શું ખબર કે મને ખીચડીથી વધારે સંતોષ થાત! પણ એમાં હતી આતિથ્યની જ નહિ પણ સન્તસેવાની પૂજ્ય ભાવના. મારી કેટલી બધી ભૂલ થઇ કે મેં ઘરમાં શું રાંધવાનું છે એ વિષે પૂછ્યું જ નહિ! હું શૂન્યમનસ્ક બની ગયો હતો એનું આ પરિણામ. પહાડનાં તદ્દન સામાન્ય સ્થિતિનાં માણસ ચતુર્થાશ્રમી માટે કેટલો આદરસત્કાર સેવે છે! આ છે ઇશ્વરપ્રીત્યર્થ નિષ્કામ કર્મયોગ. કશાયે બદલાની આશા નહીં; અતિથિદેવોભવ—બનીને આંગણે આવેલાનો પોતાનાં સર્વશ્રેષ્ઠ સાધનો વડે સત્કાર કરશે, એમાં કેવલ ચિત્તની પવિત્ર પ્રસન્નતા વિના બીજું શું હોઇ શકે? અને તેમાંયે ઇશ્વરપ્રીત્યર્થ જીવન ગાળનારા માટેનાં સન્માન તો વેદકાળના વારાથી અવિરત પ્રવાહે હજુયે ચાલુ જ છે આ દેશમાં.

અહીં તો હું મારો ધર્મ ચૂકયો એટલું મને લાગ્યું. શું રાંધવાનું છે એ મારે પૂછવું જોઇતું હતું. શરીરને પૂરીશાક કરતાં ખીચડી વધારે યોગ્ય હતી, અને સ્વા. મોહનાનન્દજીના બ્રહ્મલીન થવાના પ્રસંગે પણ મને ખીચડી ન સાંભરી એવી બુદ્ધિની ક્ષણભરની જડતા માટે થોડો વિષાદ થયો!

ભીમપુરી જમીપરવારીને પુસ્તકોનું પોટલું લઇને ઉપર આવ્યો અને બોલ્યો :

"મહારાજજી! આ બધું હાથનું લખાણ છે. બીજાં છાપેલાં સંસ્કૃત-હિન્દી પુસ્તકો નીચે એક પેટીમાં ભર્યાં છે એ તો સવારે આપને બતાવીશ. આપે નિત્યનોંધની વાત કાઢી એટલે અત્યારે આ લઇ આવ્યો છું. જોવું હોય તો ખોલી જુઓ. અમને એમાં કાંઈ સમજણ નહીં પડે; આપ વાંચશો તો અમને પણ એમાંથી ઘણુંયે જાણવાનું મળશે."

એમ કહીને પોટલું મારી પાસે મૂકીને એણે છોડયું. નાનીમોટી એવી ૧૦૦-૧૫૦ પાનાંની દસબાર નોટ એમાં હતી. મેં એક પછી એક લઇને પાનાં ફેરવી જોયાં. કયાંક પેન્સિલનું તો કયાંક શાહીનું લખાણ હતું. કયાંક ગુજરાતી તો કયાંક હિન્દી ભાષાનો ઉપયોગ થયો હતો. અમુક લખાણને મથાળે મિતિસંવત પણ દેખાતાં હતાં. થોડાં સંસ્કૃત અવતરણો હતાં. એકાદ બે નોટમાં ગુજરાતી-હિન્દી ભજનો ઉતારેલાં હતાં. મને લાગ્યું કે સંગ્રહ ઠીક ઠીક મોટો છે, અને મિતિ-સંવતવાળા લખાણમાં એમણે પોતાના અનુભવો કદાચ લખ્યા હશે. ગંગાની વાત કરતાં સવારે જ એમણે કહ્યું હતું કે: "મારાં થોડાંક પુસ્તકો અને નોંધપોથીઓ ભીમપુરીને ત્યાં પડયાં છે તે જોશો." એ વખતે આગાહી જ કરી હશે કે શું? અકસ્માત્ દેહપાતની એમને ખબર પડી ગઇ હશે? એમણે કૈંક થોડું ભાવી વાંચવાની ઉપાસના તો નહિ કરી હોય? અથવા કાલભગવાને જ એમના શુદ્ધ ચિત્તમાં પ્રેરણા કરીને ભાવી ઉકેલાવ્યું હશે!?

નોટો ઉથલાવતાં ઉથલાવતાં આવા વિચારો મનમાં ફરી વળ્યા, અત્યારે રાત્રે દીવાને અજવાળે વાંચવાની મહેનત કરવાનું રુચ્યું નહીં એટલે 'સવારે બધું ઉથલાવી જોશું.' એમ કહીને મેં એને પોટલું બાંધવાનું સૂચન કર્યું. એણે બાંધવા માંડયું. એટલામાં નીચેથી પરવારીને

બધાંય ઉપર આવ્યાં. ગંગા જાણે નીચેથી કાર્યક્રમ ઘડીને જ આવી હોય એમ બોલી :

"પિતાજી! કંઇક શાસ્ત્રશ્રવણ કરાવોને. સ્વામીજી મહારાજે પરમદિવસે જ થોડું વાંચ્યું હતું, એ તો જ્યારે અહીં રહે ત્યારે કંઇક ને કંઇક વાંચી સંભળાવે અને ઉપદેશ આપ્યા કરે."

"મારી પાસે તો કોઈ પણ પુસ્તક નથી. સ્વામીજીનાં પુસ્તકોમાં યોગવાસિષ્ઠ મહારામાયણ હોય તો લઈ આવ એટલે એમાંથી મનને શાંતિ મળે એવું થોડું વાંચીએ." મેં કહ્યું એટલે નીચેથી યોગવાસિષ્ઠ મહારામાયણનો પહેલો ભાગ ગંગા લઈ આવી. શું વાંચવું એનો નિર્ણય ન કરતાં સહજ સ્વભાવે ઉઘાડતાં 'સ્થિતિ પ્રકરણ' નો ચોથો સર્ગ ઊઘડ્યો. ધીરે ધીરે સમજાવીને વંચાઈ રહ્યો. બધાંયે એકચિત્ત સાંભળ્યો. અને જે નીકળશે તે પ્રસંગોચિત્ત જ હશે એવી શ્રદ્ધાથી વાંચવા માંડ્યું તે પ્રકરણ બહુ સુન્દર નીકળ્યું. પ્રકરણ હતું "સ્થિતસંકુરકલન" એટલે જગતનું મૂળ મન છે. મનના નાશથી જગતની શૂન્યતા થાય છે, એવો સુન્દર પ્રકરણસંદર્ભ નીકળી આવ્યો. વિસ્તારથી વાંચતાં–સમજતાં ખાસો દોઢેક કલાક નીકળી ગયો. છેલ્લો શ્લોક બહુ જ ઉત્તમ હતો. જુઓ, તે આ રહ્યો :

**मनोजगज्जगदखिलं तथा मनः**
**परस्परं त्व विरहिते सदैव हि ।**
**तयोर्द्वयोर्मनसि निरन्तरं क्षिते**
**क्षितं जगन्नतु जगति क्षिते मनः ॥**

**અર્થ** :—"મન છે તે જ અખિલ જગત છે તથા જગત છે તે જ મન છે એ પ્રમાણે પરસ્પર એકબીજાના વિના એકબીજાની સ્થિતિ નથી, પણ એ બેમાંથી મનનો નિરન્તરને માટે ક્ષય થાય છે, પણ જગતનો ક્ષય થવાથી મનનો ક્ષય થતો નથી."

કેવો અદ્‌ભુત ઉપદેશ! મન એ જ જગત્ અને જગત્ એ જ મન એ સાવ સાચી વાત, કારણ કે મનનું અસ્તિત્વ હોય ત્યાં સુધી ઇંદ્રિયો દ્વારા જાગ્રત સ્વપ્નનું જગત પ્રત્યક્ષ થયા કરે, સુષુપ્તિમાં અવ્યક્તરૂપે રહે, સમાધિમાં સૂક્ષ્મ અને શુદ્ધ સત્ત્વરૂપે રહે, મૂર્ચ્છામાં જડ બનીને પડી રહે, એવું આ મન માત્ર તત્ત્વજ્ઞાન અને વાસનાક્ષયથી જો નાશ પામે તો જગત્‌રૂપી દૃશ્યનો અનુભવનાર દ્રષ્ટારૂપ જીવાત્મા જ ન રહે, એટલે મન અને એના અવ્યક્ત અધિષ્ઠાન અવિદ્યાનો સમૂળો ઉચ્છેદ થાય, ત્યારે જ જગતનો નાશ થાય.

પરન્તુ જ્યાં સુધી જગત્ અને દૃશ્યભાન કરનાર દ્રષ્ટા રહે, ત્યાં સુધી જગતના જ અંશવિભાગ જેવું, સંસારના મૂલકારણ જેવું મન શી રીતે નાશ પામે? ઉપરાંત જગતનું મૂળ તો મન છે, મૂળનો નાશ પામ્યા વિના જગત્‌રૂપ વૃક્ષનો સમૂળો ઉચ્છેદ પણ કેમ થઈ શકે? જગત્‌રૂપ વૃક્ષ લોકલોકાન્તરરૂપ અસંખ્ય શાખાપ્રશાખાવાળું હોવાથી એમાંથી અવનવાં પત્ર પુષ્પરૂપ વાસના, તથા ફલરૂપ નામરૂપવાળાં શરીર ઉત્પન્ન થયા જ કરવાનાં. જ્યાં જ્યાં શરીર ત્યાં ત્યાં મન, અને જ્યાં જ્યાં મન ત્યાં ત્યાં જગત્ એ રીતે મનના નાશથી જગતનો નાશ થાય, પણ જગતના નાશથી મનનો નાશ થવાનો સંભવ નથી. સુષુપ્તિ, મૂર્ચ્છા કે સમાધિમાં એ અવ્યકતરૂપે નિરુદ્ધ થઇને પડયું રહે, પણ કર્મસંસ્કારનો ઉદય થતાં, સ્વપ્નજાગ્રતની સૂક્ષ્મ તથા સ્થૂલ અવસ્થામાં એ જગત્ વૃક્ષરૂપે મહાન્ આડંબર ઊભો કરી શકે એવું બલવાન રહે છે. જગત્‌વૃક્ષનું મન એ બીજ છે; બીજનો નાશ થવાથી જગત્-વૃક્ષનો નાશ થાય, પણ જગત્‌વૃક્ષમાંથી અસંખ્ય ફલબીજનો પરિપાક થાય, એનો નાશ થવો અસંભવિત છે.

ઉપરાન્ત જિજ્ઞાસુને અત્યંત નિકટવર્તી તો એનું બીજાંકુરરૂપ મન છે; પ્રખર વૈરાગ્યરૂપ અસંગશસ્ત્ર તથા આત્મસૂર્યરૂપ પ્રચંડ જ્ઞાનાગ્નિ વડે એનો ઉચ્છેદ કરીને ભસ્મીભૂત કરી નાંખવાનો ઉપાય,

અદ્‌ભુત અને અલૌકિક સાધન બ્રહ્મર્ષિ વસિષ્ઠે બતાવ્યું છે. ખરે જ, એ જ્ઞાનવિજ્ઞાનભર્યો ઉપદેશ અલૌકિક છે.

વાચનને અન્તે મારા મનોભાવમાં પણ અદ્‌ભુત શાન્ત આવી. બધાં શાન્ત બેઠાં હતાં, એટલામાં ગંગાએ પરમ દિવસના જેવી

**श्रीकृष्ण गोविंद हरे मुरारे,**
**हे नाथ नारायण वासुदेव—**

ની પાવનકારી નામધૂન શરૂ કરી; બધાં ઝીલીઝીલીને બોલવા માંડ્યાં; વીસેક મિનિટ એ કીર્તન ચાલ્યું; સૌ ભગવદ્‌ભક્તિના આનન્દમાં તરબોળ હતાં, બંધ નેત્રે જાણે સમાધિસુખ ભોગવતાં હોય એમ ધૂન બંધ કર્યા પછી સૌ શાન્ત મૌન ધારીને બેસી રહ્યાં. હું બંધ નેત્રે, એ નામધૂનના નાદશ્રવણમાં ચિત્તને પરોવીને પરમાત્માની અસીમ કૃપાનો અનુભવ લેતો હતો, સહજ સ્વભાવે हरि ॐ तत्सत् એવો ઉદ્‌ગાર મારા મુખમાંથી નીકળ્યો. મારાં તેમ જ એ બધાંયનાં નેત્રો ઊઘડયાં અને શાન્તિ તો જાણે સાક્ષાત્ મૂર્તિમન્ત દેવી બનીને બધાના અન્તરમાં વિરાજતી હોય, તેમ અનુભવ થતો હતો.

“કાલે સવારે હું હવે હૃષીકેશ જઇશ”. જવનો પ્રસ્તાવ મૂકીને આગળ બોલવા જાઉં છું, ત્યાં જ ભીમપુરી વચમાં બોલી ઊઠયો:

“ના મહારાજજી! એમ આપનાથી હવે ન જવાય. આમ અહીં તો આપને આ ઘેર એકેય દિવસ નિરાંતે રહીને અમ ગરીબને સેવા આપવાનો વખત જ નથી મળ્યો. અમારે મન તો જિન્દગીનો હતા-ન હોતા જેવો પ્રસંગ થઈ પડયો છે. આપની હાજરીથી જ આ શાન્તિ સચવાઇ રહી છે. ગંગાએ તો માથાં પટકી નાખ્યાં હોત. એની ભભી ઓછાબોલી છે પણ એનો આઘાત નાનોસૂનો નથી. આ બધાં શાંત દેખાય છે એ આપના જ પ્રતાપથી. આપ એકાદ અઠવાડિયું રહો એટલે અમારો ખેદ વીસામે પડે.”

"એક અડવાડિયું આખું?! શું કહે છે? ભીમપુરી! હું તો હૃષીકેશથી ફરવાને બહાને નીકળ્યો હતો તેમાં અકસ્માત્ નડયો કે આવી ચડયો એટલે અહીં આવ્યો; તેમાં આ કરુણ પ્રસંગ બની ગયો. મારાથી હવે રહેવાય એમ નથી. જ્યાં હું હૃષીકેશમાં ઊતર્યો છું ત્યાં પણ બધા આશ્ચર્ય પામતા હશે કે આ મહારાજ એકાએક કહ્યા વિના ક્યાં ઊપડી ગયા?" મેં સ્વાભાવિક રીતે, કશીયે મમતા સ્પર્શ ન કરતી હોય એમ જવાબ આપી દીધો. જવાની વાત નીકળતાં ગંગાના પ્રાણ હચમચી ઊઠયા; એની મનોવૃત્તિ સમજવી અઘરી હતી. ભીમપુરીનો વિવેક નકામો નીવડયો જાણી એણે બાજી બદલી નાંખતાં કહ્યું:

"પિતાજી! એ વાતનો સવારે નિર્ણય કરશું. હજુ આપણે ભજન ગાવાનાં બાકી છે. અત્યારે તો શાંતિથી ભગવદાનંદ લેવાનો છે. સ્વામીજીના વિયોગનું દુઃખ તો હજુ સાલે છે ત્યાં ભાઇએ આપના જવાની વાત ક્યાં ઉચ્ચારી?! જવાની વાતનો સવારે નીકાલ થશે. અત્યારે ભવોભવનું આવાગમન ટળે એવું ભજન ગાઈ લઈએ. ભાભી! ચાલો ઉપાડો."

ખૂબ ભાવથી ભજન ઊપડયું:

**रहना नहिं देश बिराना है!**

**यह संसार कागदकी पुड़िया, बूंद पड़े घुल जाना है ॥१॥**
**यह संसार काँटकी बाडी, उलझपुलझ मरि जाना है ॥२॥**
**यह संसार झाड और झाँखर, आग लगे बरि जाना है ॥३॥**
**कहत कबीर सुनो भाइ साधो! सतगुरु नाम ठिकाना है ॥४॥**

એક એક પંક્તિ બબ્બેચારચાર વાર ઉથલાવી ઉથલાવીને સૌએ ગાયું. સુંદર અલૌકિક વાતાવરણ ઊભું થયું. એકાદબે ક્ષણ મૌન રહ્યું. ગંગા મને પગે લાગીને શાંતિભરી દીનતાથી બોલી:

"પિતાજી! અત્યારે આપ આરામ કરો; આવવાજવાની કે બીજી વ્યવહારની વાતો સવારે નિરાંતે થશે. આપનાથી ઊઠીને તરત જ થોડું જવાય એમ છે? અમારી વિનંતિ અવગણો એવો સંબંધ નથી રહ્યો હવે, બાપજી!"

હું કશુંયે ન બોલી શક્યો; વારાફરતી સૌ પ્રણામ કરીને નીચે ગયાં. મેં આસન ઉપર શરીર ઢાળ્યું: બત્તી શાંત કરી; નિદ્રાદેવીએ આજ તો જલદી સમાધિલીન બનાવ્યો હશે એનું તો હું બ્રાહ્મમુહૂર્તમાં જાગ્યો ત્યારે જ ભાન થયું.

## વર્ણક બારમો

### શવની શોધ

સવારે બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ઇષ્ટસ્મરણ થવું જોઇએ, એવો અભ્યાસ હોવા છતાં આજે મનમાંથી સ્વા. મોહનાનંદજીનું ચિત્ર ખસતું નથી. એમનું જ સ્મરણ ચાલ્યા કરે છે. અકસ્માત્ મળ્યા, ભેટ્યા અને ગયા ! એમની નિત્યનોંધ જોવા–જાણવાની ઇચ્છા તીવ્ર થતી જતી હતી. ભીમપુરીના કુટુંબનો બેચાર દિવસ અહીં રહેવાનો આગ્રહ એને લીધે જ મનમાં ઊંડે ઊંડે કૈંક ગમતો હોય એમ લાગ્યું.

બાલ્યાવસ્થાથી જ હરદ્વાર-હૃષીકેશના વાતાવરણનો લાભ લીધેલા સ્વા. મોહનાનન્દજી ભારતવર્ષ ખૂંદી વળ્યા હશે, લોકજીવનનો અભ્યાસ કર્યો હશે, આત્મજીવનના પારખુ બનીને સન્તજીવનના દર્પણમાં પોતાના ચિત્તને નિરખી લીધું હશે. ભીમપુરી જેવાનાં કુટુંબોના પરિચયમાં આવીને શુભસંસ્કાર રેડયા હશે, અને પોતે પણ ભવ-વનના વગડામાં ભટકી ભટકીને હિંસકપશુ જેવાં કામક્રોધ, તથા મોહમમતા જેવાં મનોહર પંખીઓથી નિર્મોહી રહીને સુરક્ષિત રીતે જે કક્ષાએ પહોંચ્યા, એ તો મેં નજરે જોયું જાણ્યું. એમનામાં સરલતા હતી; નિર્મોહી પ્રેમ હતો; સદાચારની સાદાઈ હતી; આત્મચિંતનનો સંભાર હતો. એવા એ મોહનાનન્દ વિષે વિશેષભાવે જાણવાની જિજ્ઞાસા જોર કર્યે જતી હતી.

ભળભાંખરું થયું; નીચે પગરવ સંભળાવા માંડયો; ઓરડામાં અંધારું હોવાથી મેં ફાનસ સતેજ કર્યું. જોરથી થોડા ૐના ઉચ્ચાર કર્યા ને આસન ઉપર શાંત થઈને બેઠો. જોગલે ઉપર આવીને નમસ્કાર

કરીને કહ્યું: "મહારાજજી! દાતણપાણી માટે નીચે પધારો છો કે પાણી ઉપર લાવી આપું? આપ દાતણ કરી લ્યો એટલે માશીબા ચા લાવે."

"ચાલ નીચે આવું છું." એમ કહીને એની પાછળ પાછળ હું નીચે ઊતર્યો. ઓશરીના છેડા ઉપર ગરમ પાણીનો લોટો પડયો હતો. ગંગા તરત જ રસોડામાંથી બહાર આવીને બોલી: "પિતાજી! હાથમોં ધોઇ લ્યો એટલે ચા બનાવી આપું. ગરમ પાણી તૈયાર જ છે."

હું વાડા બહાર જઇ આવ્યો. દાંતમોં તથા હાથપગ ધોયાં. મને લાગ્યું કે અહીં નીચે બેસીને જ ચા પી લઉં તો શું ખોટું છે? પણ એટલી વારમાં તો ગંગા ચાનો લોટો લઇને રસોડામાંથી બહાર આવી મેડા ઉપર જવાની તૈયારી કરતી હતી; એને રોકવાનું કહું છું ત્યાં તો એ ઉપર ચડી ગઇ; મેં ઉપર જઇને જોયું તો મારા આસન પાસે ચાનો ભરેલો લોટો, અને પિત્તળનાં પ્યાલા-રકાબી પડયાં હતાં. દેવપુરી આગ્રાથી નવાં જ લાવ્યો હશે એમ લાગતું હતું. હું બેઠો એટલે એણે પ્યાલામાં ચા રેડી.

"ગંગાબહેન! રાતે ભીમપુરીએ અને તમે બધાંએ મને રહેવાનો આગ્રહ કર્યો છે, પણ મારાથી વધારે દિવસ રહેવાય એમ નથી. ગુજરાતમાંથી હું ઘણે વર્ષે હૃશીકેશની યાત્રાએ આવ્યો છું. મારો સરસામાન જે ધર્મશાળાની ઓરડીમાં પડયો છે ત્યાં તાળું વાસેલું છે, એટલે એની તો ચિન્તા નથી પણ ત્યાં એક પ્રેમાળ વાનપ્રસ્થાશ્રમી સજ્જન રહે છે એ મારે માટે ચિન્તા કરતા હશે.

"તમને સ્વામીજીના સત્સંગનો અમૂલ્ય લાભ મળ્યો છે; એ રીતે જીવન ગાળો છો અને ગાળશો એટલે ધન્યધન્ય અને કૃતકૃત્ય. હું શૌચસ્નાનથી પરવારી લઉં પછી એમનાં પુસ્તકો જોઇ લઉં; એમાં કૈં ઉપયોગી હોય તો વાંચીને પછી આપણે વાતચીત કરશું."

આટલું બોલીને મેં ચા પીવા માંડી, બેએક પ્યાલા ખતમ કર્યાં. અજવાળું થવા માંડયું હતું. ભીમપુરી નાઇધોઇને ઉપર આવ્યો. મેં એને ફાનસ બોલવી નાંખવાનું કહ્યું.

"ભાઈ! પિતાજી તો રોકાવાની ના પાડે છે. શું કરશું ? ત્રણેક દિવસ જો ઓછામાં ઓછા રહે તો થોડી સગવડ થાય. તમે કૈંક કહોને." ગંગાએ ભીમપુરીને મને રહેવાનો આગ્રહ કરવા કહ્યું.

"મહારાજનું રોકાવાનું મુખ્ય કારણ તો અમારા શોકનિવારણ માટે છે; વ્યવહારની રીતે કહું તો એક બીજું પણ કારણ છે. સ્વામીજીનો દેહવિલય અમારે ત્યાં જ થયો કહેવાય, એમના પરિચયમાં આવેલાંને અમે ઓળખતાં નથી. આ નોંધપોથીઓમાંથી કૈં સરનામાં મળે તો આપને હાથે બધાંને યોગ્ય ખબર આપવી જોઇએ એમ અમને લાગે છે.

"આપની પાસેથી નીચે જઇને અમે બધાંયે એવી સલાહ કરી છે કે આપ નિરાંતે આ બધું લખાણ જોઇ જાઓ. એમાંથી જાણવા જેવી હકીકત હોય તે અમને કહો, એમના શિષ્યવર્ગનાં નામ ઠેકાણાં મળે તો સૌને ખબર આપો અને ત્રીજે દિવસે કૈંક બ્રહ્મભોજન કરીએ ત્યારે આપ એમાં સલાહ આપવા હાજર રહો. આપ આ વાત યોગ્ય માનો કે નહિ એ હું નથી જાણતો, પણ અમારાં બધાંના હૃદયનો ભાવ મેં કહી સંભળાવ્યો." ભીમપુરીએ ભક્તિભાવભરી ગંભીરતાથી મુદ્દાની વાત કહી નાંખી.

"હા...આ;" એવા લાંબા હાકાર સાથે મારાથી બોલવાની શરૂઆત થઇ, "વાત તો ઠીક કરી, ભીમપુરી! બાપનું બારમું કરવું જોઇએ એમને ? પણ એ બધું હું સ્નાનથી પરવારી લઉં પછી વિચારીએ. એમનાં પુસ્તકો કે લખાણનાં પોટલાં બધાં અહીં મૂકી જાઓ. હું હવે નીચે આવું છું."

આટલી વાતચીત કરીને અમે ત્રણેય નીચે ઊતર્યાં. હું કમંડળુ ભરીને જંગલ તરફ ગયો. આવીને સ્નાન કર્યું; સ્નાન માટે બહાર આંગણામાં પાણીના બે મોટા ઘડા, લોટો તથા બેસવા માટે બાજોઠના જેવો મોટો સપાટ લાકડાનો કડકો પડયો હતો.

સૌ પોતપોતાના કામધંધામાં પડયાં હતાં. સ્નાન કરીને હું ઉપર ગયો. સ્વા. મોહનાનંદજીની કહેવાતી બધી જ સામગ્રી આસન પાસે ભીમપુરી મૂકી ગયો હતો. એમાંથી એક પોટલું ખોલ્યું એટલામાં ગંગા ઉપર આવી અને બોલી :

"પિતાજી! આ બે પોટલાં પુસ્તકોનાં છે; નાનું પોટલું કપડાંનું, મોટું પુસ્તકોનું છે. એક આ પતરાનો ડબો છે એમાં પરચુરણ ચીજ વસ્તુઓ છે. અમે આજ સુધી એમાંનું કશું જોયું નથી, પણ હું તો આપને તાજા દૂધની ચા માટે પૂછવા આવી છું; કરી લાવું? કે દૂધ લાવું?"

"ચા કે દૂધની હવે કશી જરૂર નથી; નીચે કામ ન હોય તો અહીં થોડી વાર બેસ; આપણે આ બધું જોઈ લઈએ. ભીમપુરીને પણ બોલાવ." મેં જવાબ આપ્યો.

"ભાઇ તો ખેતરમાં કામ છે એટલે ત્યાં ગયા છે. બારેક વાગે આવશે. આપ થોડું દૂધ પીઓને?" એમ કહી એણે દૂધનો ફરી આગ્રહ કર્યો.

"ના, બહેન, દૂધ પીવાની રુચિ નથી. અને એક બીજી વાત કરી લઉં. રાતે તમે બધાંએ ખીચડી ખાધી અને મને પૂરીશાક ખવરાવ્યાં એ ઠીક નથી કર્યું. હું બીજા વિચારમાં હતો એટલે તમે શું ખાશો એ પૂછવાનું ભૂલી ગયો; જલદી પચે એવી ખીચડી ગુમાવીને જલદી ન પચે એવી પૂરીઓ વિચારમાં ને વિચારમાં ખાઈ બેઠો, એટલે અત્યારે બીજી વાર ચા કે દૂધ પીવાની જરાયે રુચિ નથી.

"અત્યારે મગની દાળ અને રોટલી બનાવજો, અને જમવાનું હું પણ મોડું રાખીશ. આ બધું જોવા તપાસવાનું છે એટલે એમાં વખત વીતી જશે. સાંજે તો મારે જવાનું જ છે એ પણ કહી દઉં છું. મને વધારે રહેવાનો આગ્રહ હવે ન કરશો." મેં જલદી જલદી આજ્ઞાકારક રીતે કહી નાંખ્યું. ગંગાને એ ન ગમ્યું હોય એમ મને લાગ્યું. એ તરત જ વિનમ્ર ભાવે બોલી :

"પિતાજી! આપને જલદી જવાનું મન થાય એ સ્વાભાવિક છે. પણ ભાઇ પોતાનો શોક ખૂબ જ દબાવી રાખે છે. આપની હાજરીથી જ એ આટલા શાન્ત રહ્યા છે અને કામકાજમાં પણ આજથી જ લાગી ગયા છે. એ બહુ બોલે એવા નથી પણ અમને સ્વામીજીની જબરી ઓથ અને હૂંફ હતી. અત્યારે બધાં જાણે નિરાધાર બની ગયાં હોઇએ, અમારામાંથી જાણે દૈવત હણાઇ ગયું હોય એમ લાગે છે. આપ બેત્રણ દિવસ ન રોકાઇ શકો? આપની સેવાયે અમારાથી કશી નથી બની શકી. રાતે વરસાદમાં પલળીને પાછા જવાય તેમ નહોતું એટલે ભાઇની સાથે ભેટો થતાં આપ અહીં આવી ચડયા. રાત્રે દાંત પડી ગયો. સવારે વસિષ્ઠગુફા ગયા; ત્યાં સ્વામીજીને અશક્તિ આવી. જેવું તેવું ખાઇપીને ચલાવ્યું. વચમાં થોડું મેં પણ હેરાન કર્યા. આપણ બધાં ગઇ કાલે અહીં આવ્યાં. આપ તથા સ્વામીજીનાં સેવા-સત્સંગ થશે એમ અમે ધારતાં હતાં, ત્યાં તો સ્વામીજી બ્રહ્મલીન થયા.

"ભાઇ, ભાભી બધાં તો કહે છે અને હું પણ આપને આગ્રહથી કહું છું કે વધારે નહીં તો આજ અને કાલ બે દિવસ રોકાઇ જાઓ તો સારું. પરમ દિવસે સવારે ભાઇ આપને હૃષીકેશ સુધી પહોંચાડી જશે."

ગંગાએ કહ્યું તે સાવ સ્વાભાવિક અને મને સમજાય તેવું જ હતું, પણ કોણ જાણે કેમ હવે મન ઊંચું થઇ ગયું હતું. અહીં વધારે

રહેવાથી શું લાભ છે? એવો પ્રશ્ન વારંવાર અંદર ઊભો થતો હતો. સાંજે જવાનું કહી ચૂક્યો છું. ગંગા આવતી કાલે પણ રહેવાનું કહે છે. વિવેકભર્યો આગ્રહ છે.

મારે અંગત કામગીરી શી હતી? હૃષીકેશ સહજસ્વભાવે થોડું રહેવા જ આવ્યો હતો. વર્ષો પહેલાં આ બાજુ ગંગાતટે ગામડામાં રહ્યો છું. એટલે મારે મન હિમાલય તો મોસાળ જેવું છે. રહેવાનું ગમે; એકાન્તચિંતવન વધે; અને શરીરનિર્વાહ તો પ્રારબ્ધયોજ્યો બધે સરખો જ રહેવાનો છે, પણ અત્યારે લાંબો વિચાર કરવા મન તૈયાર નહોતું, એટલે કહી નાંખ્યુ :

"એ બધું જમ્યા પછી આપણે જોઉં લેશું. હમણાં તો મને આ બધું જોઇ તપાસી લેવા દે. પણ બેસ; આ ડાબડો પહેલા આપણે ઉઘાડી જોઇએ, એને તાળું તો નથી; તમે કોઇએ એમાં શું છે એ માટે સ્વામીજીને પૂછ્યું પણ નહીં હોય."

"ના પિતાજી! શું કામ પૂછવું પડે? એમની વસ્તુઓમાંથી જે માગે તે આપીએ, અને ઉપર કપડું બાંધીને આપે એટલે એમનો એમ મૂકી રાખીએ. એમની આજ્ઞા વિના એ જોવાય જ કેમ?" ગંગાએ જવાબ આપ્યો. એ દરમ્યાન મેં ઉપરનું કપડું કાઢીને ડાબડો ઉઘાડી નાંખ્યો.

ડાબડો તાળું મારી શકાય એવો નકૂચા–મજાગરાંવાળો હતો. પણ તાળું મારેલું નહોતું. ઉપરના ઢાંકણામાં ત્રણેક ખાનાં હતાં. જેમાં થોડા કાર્ડ કવર અને ટિકિટો રાખેલાં હતાં. નીચે એકાદ હોલ્ડર, ટાંકોનું પડીકું, શાહીનો ખડીઓ તથા ટીકડીઓ, બેએક વાપરેલી પેનસીલનાં અડધિયાં, તથા એક રબરનો ટુકડો હતાં આ ડાબડો તો એમની લેખનસામગ્રીનો હતો.

રાતે ખોલેલું પોટલું ખોલ્યું. હાથલખાણની ત્રણેક નોંધપોથીઓ

હતી. વચમાંથી એક નાની એવી ચોપડી નીકળી તેમાં પચાસેક નામ હતાં, એ ગંગાને મેં વાંચી સંભળાવ્યાં, એમા માણુસ તથા ગામનાં નામ જ માત્ર હતાં. ઠેકાણું વગેરે કાંઇ મળે જ નહીં. દાખલા તરીકે શ્રી રામનરેશ, પટણા; શ્રી છગનલાલ, મુંબઇ; શ્રી ગણેશીલાલ, દિલ્હી; શ્રી વર્ત્તક પુના;—આવાં જ બધાં નામ હતાં, અને ઠેકાણાં તો સ્વામીજીની સ્મરણુશકિતમાં કે જે એમની સાથે વિલીન થઈ ગઇ. એ બધાં નામ વાંચીસંભળાવીને એમાંથી કોઇને ગંગા ઓળખતી હોય એમ ન લાગ્યું. ચાલો એક કામ તો પતી ગયું. કોઇ એવું સરનામું નથી કે જેમને પત્રથી એમના દેહાવસાનની ખબર આપી શકાય. સાને મન એ નામશેષ થયા. પોતપોતાના અંતરમાં એમના સત્સંગ સહવાસથી ઝીલેલાં પ્રેરણામૃતથી તૃપ્ત થાય અને આનંદ માણે, અંતરબાહ્ય બન્ને પ્રકારે લકતવિરકત બનીને તત્ત્વચિંતવન દ્વારા આરૂઢ બનેલા કેટલાએ બ્રહ્મનિષ્ઠ સંતસાધુઓ અનિકેતરૂપે ભારતવર્ષમાં થઇ ગયા હશે. જનસંપર્કમાં રહેવા છતાં અનાસક્ત અને એકાકી બનીને પ્રાંતપ્રાંતમાં, તીર્થેતીર્થે કે ભક્તોનાં હૃદયના આતિથ્યથી ખેંચાઇને શહેરગામડે સેવા-સત્સંગથી પરસ્પર ધન્ય બન્યાં હશે. જિજ્ઞાસુઓ અને સંતોનાં નામચિહ્ન કાગળનાં થોથાંપોથાં કે છાપાંચોપાનિયામાં છપાય-વંચાય એટલી જ એમની સંખ્યા હશે એમ કેમ માની લેવાય?

"ગંગાબહેન! તું હવે નિરાંતે નીચે જઇને કામધંધે લાગી જા; ડાબડામાંથી કશું એમના વિષે માહિતી મળે એવું નથી નીકળ્યું. નોંધપોથીમાં માત્ર ગામનાં જ નામ છે, એમાં તમારું કોઇ ઓળખીતું નથી એટલે ખબર આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી. બીજી નોંધ-પોથીઓ હવે હું નિરાંતે વાચું છું."

ગંગાને મેં રજા આપી. પ્રણામ કરીને જતાં જતાં પણ એણે ચા-દૂધનો વિશેષ આગ્રહ કર્યો એટલે એની ઇચ્છામાં હોય તે લાવે એમ કહી નાંખ્યું.

નોંધપોથીઓને ક્રમસંખ્યા લખી હતી. સંખ્યા ૧ની પોથી લઇને પથારીમાં હું આડો પડયો. આજે સર્વત્ર ઉદાસિનતા જ લાગ્યા કરતી હતી કારણ સ્પષ્ટ હતું. ભીમપુરીનું આખું કુટુંબ અસ્વસ્થ (સ્વ એટલે આત્મા; આત્મસ્વરૂપમાં ચિત્ત રાખીને તટસ્થ, શાંત અને નિશ્ચલ રહીને બુદ્ધિ સાક્ષીભાવે સ્થિર રહી શકે તેવું ન)હતું. એમનું દૈવત હણાઇ ગયું હોય એમ ખરેખર લાગતું હતું. કૈંક ખોવાઇ ગયું છે, ક હારી બેઠાં છે, કૈંક અભાવ એમના ચિત્તને લાગ્યા કરે છે, એવી ઉદાસિન મનોદશાને લીધે એમના વ્યવહારમાં તો શું પણ આખા મકાનમાં બધે ગમગીન બેચેની ભરી હોય એમ લાગતું હતું.

ગંગા દૂધ લઇને આવી. બેઠાં થઈને પી લીધું. "કેમ બાપજી! કંઇ વાંચ્યું?" એની ઉત્સુકતા પણ જબરી હતી તેથી બેસતાં બેસતાં જ પૂછી નાખ્યું.

"ના, ગંગા! હજી તો જરાયે વાંચ્યું નથી; પોથી લઇને આડો પડયો એટલામાં તો તું તરત જ આવી પહોંચી. ભીમપુરી, ભગવાનપુરી, દેવપુરી, જોગલો બધાંય ખેતરમાં ગયાં છે? કામ બહુ ચડી ગયું હશે, ખરું?" આટલું દૂધ પીતાં પીતાં મારાથી પૂછાઇ ગયું.

"પિતાજી! હું હવે આપને સ્પષ્ટ વાત કહી નાખું. અમે બધાંય એટલા બધાં અકળવિકળ થઇ ગયાં છીએ કે જાણે કશુંયે ચેન જ નથી પડતું. કાંઇ કામ પણ નથી સૂઝતું.

"હું થોડું જૂઠું બોલી હતી એ માટે ક્ષમા કરશો; ભાઇ કામકાજે નહીં પણ સવારથી ગંગાકાંઠે ફરવા ગયા છે. અને બીજા ત્રણેયને પણ આગળ રવાના કરી દીધા છે. આપને રોકવાનો આગ્રહ કરવાનું પણ એ જ કારણ છે કે સ્વામીજીનું શવ મળી આવે તો અમને કૈંક શાંતિ થાય. સવારથી બધાય એ માટે જ રખડયા કરે

છે. પાછા આવે ત્યારે ખરા. ઘરમાં તો હું, શિવા અને વહુ ત્રણ જ જણાં છીએ.

"આપને શું કહું? આપની હાજરીથી અમારી રોકકળ અટકી છે. મનને સમજાવીએ છીએ પણ માનતું નથી. એને મોહ કહો, ભકિત કહો, આસકિત કહો, વૈરાગ્યનો અભાવ કહો, જે હોય તે ખરું, પણ સ્વામીજીની અમારા ઉપરની વાત્સલ્યભરી દૃષ્ટિ અને દેખરેખ, ઘણાં વર્ષોનો સત્સંગપરિચય, અને અમારી હાજરીમાં અમારે જ આંગણે આવા અકસ્માતથી એમનું શરીર જલસમાધિમાં લીન થાય, એનું પારાવાર દુઃખ થાય છે.

"બનવા કાળ બની ગયું છે, અન્યથા થવાનું નહોતું, અને જે થયું છે તેમાં નિરુપાય છીએ એવું જાણતાં છતાં પણ એમ થાય છે કે ક્યાંક ગંગાતટે શરીર તણાઇ આવે, તો પૂજનદર્શન કરીને વિધિસર ગંગામાતાને ખોળે પધરાવીએ. એ ઇચ્છા શાંત થતી નથી. ભાઇ વગેરે સવારથી એ માટે જ ગંગાકાંઠે ફરવા ગયા છે. હું જૂઠું એટલા માટે બોલી કે આપ ખોટી ચિંતામાં ન પડો, અને આ લખાણ નિરાંતે વાંચી શકો.

"શું કહું? મનમાં બેચેની છે એટલે કશુંયે જાણે સૂઝતું જ નથી. ભાઈ વગેરે રખડવા ગયા, શિવા રસોઈ વગેરેના કામકાજમાં પડી છે, અને હું ઉપરનીચે આવજા કરીને આપને ત્રાસ આપું છું એવું સમજવા છતાં લાચાર બનીને આપને હેરાન કર્યા કરું છું."

ગંગાની આંખમાં આંસુ ઊભરાઇ આવ્યાં. હું સ્તબ્ધ બનીને એની સામે એકી ટશે જોતો બેઠો હતો. એના બોલી રહ્યા પછી અમે બન્ને થોડી વાર વણબોલ્યાં બેસી રહ્યાં.

"બાપજી! હું જૂઠું બોલી એટલે આપને માઠું લાગ્યું હશે; પણ

ભાઈ ઉતાવળા ઉતાવળા બધાંને લઇને સવારમાં ચાલી નીકળ્યા અને આપને રોકવા માટે મને કહી ગયા. આપને રોકવાનો આગ્રહ તો એમણે પણ કર્યો હતો. અમારી અશાંતિનો પાર નથી. અમારી નજર સામે, અમારે ત્યાં એ પધાર્યા તે જ વખતે અકસ્માત્ બન્યો એનું દુ:ખ થયા કરે છે. એમણે આપેલું જ્ઞાન અંદરથી જાગ્રત છે, જન્મ અને મૃત્યુનો શોક કરવો નકામો છે, શરીરનો અન્ત તો મૃત્યુથી જ આવવાનો છે, એવું સમજવા છતાંયે વ્યાકુળતા વધતી જાય છે. પ્રાણમાં ચંચલતા વધે છે અને વિવેક હોવા છતાં મન અસ્થિર બનીને શાંતિ ભોગવવા દેતું નથી.

"કોઈ પણ રીતે આપ બેપાંચ દિવસ રહો એ ઇચ્છા શાંત થતી નથી. એને લીધે જૂઠું બોલાઇ ગયું. આપને ગમ્યું નહીં હોય, રહેવાની આપની ઇચ્છા નથી પણ શી વાત કરું? બાપજી! અમારી સ્થિતિ દુ:ખી નહીં, પણ ચંચલ છે. અમને શાન્ત કરીને આપ સુખેથી સીધાવો.

"ભાઇ બોલે છે થોડું પણ એમનો સંતાપ ઓછો નથી; બધાયને લઇને સવારથી ગયા છે. ભાગીરથીના ચોમાસાના ધોધમાર પ્રવાહમાં તણાયેલું શરીર અત્યારે મળી આવે એવી જરાયે આશા નથી, છતાં મન માનતું નથી, અને બધાં કાંઠે કાંઠે ભટકવા દોડ્યાં છે. આપ ન હોત તો હું પણ ક્યાંક બેભાન જેવી ફરતી જ હોત. આપની હાજરીથી અમને કેટલી બધી શાંતિ છે એનો આપ વિચાર તો કરો. આપ ન હોત તો અમે ગાંડાંઘેલાં બની ગયાં હોત; રોકકળ ચાલી હોત, અને બેબાકળાં બનીને હૃષીકેશ સુધી દોડી જઇને ત્યાં ધમાલ પણ મચાવી હોત. આપને લીધે જ આટલી ધીરજ રહી છે, અને શાંતિથી શરીરની શોધ કરીએ છીએ." ગંગાએ યજમાન કુટુંબની મનોદશા સ્પષ્ટ કરી બતાવી.

શું કહું? અત્યારે મારે એમની દૃષ્ટિનો વિચાર કરવાનો રહ્યો;

અકસ્માત્ આવી ચડયો અને પછી તો અકસ્માતની પરંપરા જ ચાલી, જે પ્રસંગનાં કારણોને જલદી ન ઉકેલી શકાય; ધારણાની ઉપરના પ્રદેશમાંથી નીકળી નીકળીને પ્રસંગો આવી ચડે, બુદ્ધિ કારણોનો વિચાર કરવા સ્મૃતિભંડાર જેવા પૂર્વચિત્તમાં ઊંડે ઊતરીને શોધ કરવાના ફાંફાં મારે ત્યારે આપણે એવા સંયોગોને અકસ્માત કહીએ છીએ.

ગંગા મને રોકાઇ જવાનું કહે છે એ પણ મારા માટે તો અકસ્માત જ છે. એ બધાંની સ્થિતિ ચંચલ, વ્યગ્ર, શોકગ્રસ્ત અને એટલી બધી વ્યાકુળ બની છે કે એમને કૈંક સ્થૂલ અવલંબન જોઇએ છીએ. મારા ઉપર બધાંની દૃષ્ટિ ચોંટી છે. એક તો અત્યારે મારા વિના બીજું કોઇ એવું નથી કે જેની પાસે બેસીને શાંતિ તથા આશ્વાસન મેળવી શકે, અને બીજું સદ્‌ગત સ્વામીજી સાથેના મારા ટૂંકા સહવાસમાં પણ અમારી બન્નેની નિકટવર્તી મૈત્રીની લીધે મારા ઉપર એ બધાંને વ્યક્તિગત પૂજ્યભાવ ઊપજ્યો છે.

દયા, કરુણા, આર્દ્રતા, સરલતા અને બધાંથી ચડી જાય એવું માનવસુલભ સૌજન્ય અધ્યાત્મમાર્ગના પ્રવાસીના જીવનમાં ન ઊતરે તો એ અન્તર્મુખ સાધક જ ન કહેવાય. સત્સંગ, ગુરુસેવા અને ભક્તિ દ્વારા ચિત્તમાં વિષય અને વિષયાન્ધ માટે ઉપેક્ષા રહે એટલી કઠોરતાની સાથે અન્તર્મુખી, અધ્યાત્મમાર્ગી, ભક્તજિજ્ઞાસુઓ પ્રતિ અનુકંપા દાખવતી કરુણા પણ સહજસુલભ થાય એ તો બ્રહ્મવિદ્‌ના જીવનની પણ કસોટી છે. અંગત રીતે બોલતાં તો મારે કઇ એવી બીજી કામગીરી અત્યારે હતી કે જ્યાં જઇને બીજાંના ચિત્તને શાંતિ આપવામાં હું નિમિત્ત બનું ? યાત્રાને નિમિત્તે હૃષીકેશ આવી ચડયો હતો; એકાન્તવિહારની ઇચ્છા થઇ એટલે નીકળી પડયો; ભીમપુરી મળ્યો અને યદૃચ્છા પ્રારબ્ધના વેગે અવનવીન દૃશ્યો ઉપરાઉપર ઝડપથી દેખાડવા માંડયાં. ગંગા જેવી સધવા વિધવાના યોગવિયોગને ઘોળીને પી જનારી સાધ્વી સ્ત્રીનો જીવનગ્રંથ સાંભળ્યો. સ્વા. મોહનાનન્દજીની સાધુતાભરી પરમહંસ

દશાનું જ્ઞાન થયું. પુરા પ્રાચીન વસિષ્ઠગુરૂને આંગણે અદ્ભુત વાર્તાલાપો માણ્યા અને યાત્રાનો અંત આવતાં પહેલાં સ્વા. મોહનાનન્દજી નામધારી શરીરનો અન્ત આવ્યો.

ગંગાની વાત મને ઠીક લાગી. ચિત્ત કોમળ થયું; "ઠીક, બહેન! તમે બધાં કહો છો એટલે એકેક દિવસ રોકાઇ જઇશ. શાંત થાઓ અને ચંચલ બનીને આ દોડધામ માંડી છે એ હવે બંધ કરો."

હું આટલું કહુ છું એટલી વારમાં તો જોગલો ઝડપભેર ઉપર આવીને માસી પાસે બેસી ગયો. અમે બન્ને આશ્ચર્યભર્યાં એના સામું જોઈ રહ્યાં.

## વર્ણક તેરમો

### જ્યારે શિવા બોલે છે

જોગલાને જોતાં અમે બન્ને અવાક્ શાં એના ભણી તાકી રહ્યાં, ગંગાની સોડમાં આવીને એ ભરાઇ પેઠો; માસીએ વહાલથી વાંસામાં હાથ ફેરવીને એની સામે તાકીને જોયું; જોગલો ઉત્સુકતા અને આશ્ચર્યથી કંઇક બોલવા જતો હતો એવામાં ગંગા બોલી:

"જોગલા! બાપજીને પગે તો લાગી લે, એમનો એમ જડ જેવો આવીને બેસી ગયો તે."

જોગલે હસતાં હસતાં પગે લાગવાનો વિધિ પતાવ્યો ગંગાએ ફરી કહ્યું:

"તું ક્યાંથી આવ્યો?"

"હું બ્રહ્મપુરીથી આવું છું. મોટા મામા, નાના મામા, મોટાભાઇ અને હું, ચારેય ફરતા ફરતા બ્રહ્મપુરી ગયા અને પાણી ઓસરતાં હતાં એટલે ત્યાં કાંઠે બેસી રહ્યાં.

"માસી! પાણી ઊતરતાં એક મોટા પથ્થરની ભેખડમાં સ્વામીજીનું શરીર મળી આવ્યું. માથું તો સાવ ટીચાઇ ગયું હતું. પણ કમર ઉપર લંગોટી ભગવા રંગની હતી, એટલે અમે ઓળખી લીધું, મામા ત્યાં બેઠાં છે, મોટાભાઇ ઘેર આવે છે; તમને મોટા મામા ત્યાં બોલાવે છે." આટલું કહીને એ અટક્યો.

"પિતાજી! શું કરવું? મારે જવું પડશે એમ લાગે છે. પરિશ્રમ કર્યો પણ સફલ થયો એમ કેમ કહેવાય? સંન્યાસીના શવના અંતિમ

સંસ્કાર તો જળ કે ભૂમિસમાધિના જ હોય છે, અને ગંગાજીને પવિત્ર કાંઠે તો જળસમાધિ જ ઉત્તમ ગણાય છે. એ તો ગઈ કાલથી જ થઈ ચૂકી હતી પણ કંઈક ઉત્તર સંસ્કાર કરવાની અમારી બધાંની ઇચ્છા હતી, એટલી સફળ થઇ એ જ સંતોષ. બાકી બીજો તો શું અર્થ રહ્યો હવે ? હું જાઉં છું, જોગલો અને શિવા અહીં રહેશે. ત્રણ-ચાર કલાકમાં અમે બધાં પાછાં આવશું; આપને ભાભી ભોજન કરાવશે. આપ શાંતિથી આરામ કરો.''

ગંગા આટલું બોલે છે ત્યાં ભીમપુરીનો પુત્ર ઉપર આવ્યો. એણે મને નમસ્કારવિધિ કરીને ગંગાને કહ્યું.

''ફઇબા, મારે તો રાતની ગાડીએ હૃષીકેશથી આગ્રા જવાનું છે એટલે પાછો આવ્યો છું. મારી રજા પૂરી થાય છે. હું એકલો જ જવાનો છું. એટલે જમીને તમારી સાથે જ પાછો આવું છું બ્રહ્મપુરીથી સાંજે હુંય સીધો હૃષીકેશ ચાલ્યો જઇશ.''

વડીલ તરીકે ગંગાએ હકીકત સાંભળી અને તરત જ બધાં નીચે ગયાં ને સૌએ જમી લીધું હશે એટલે શિવા મને, ભિક્ષા માટે પૂછવા આવી. મેં નીચે જઇને જમવાનું કહેતાં એ નીચે ઉતરી ને તૈયારી કરવા માંડી. હું થોડી વારમાં ગયો એ જ વખતે સરસામાન લઈ ને ગંગા અને દેવપુરી રવાના થયાં. જોગલો, શિવા અને પુત્રવધૂ ઘેર રહ્યાં.

હું જમવા બેઠો; સરસ દાળભાત રોટલી બનાવ્યાં હતાં. સાથે દહીંની વાડકી મૂકી હતી. પુત્રવધૂ રસોડામાં હતી ને શિવા પીરસતી હતી.

''પિતાજી ! આપ આવ્યા પણ શાંતિ ન રહી. જે દિવસે આવ્યા. તે દિવસે પલળીને હેરાન થયા. બીજે દિવસે વસિષ્ઠગુફા ગયા ત્યાં પણ આપ નિરાંતે ઊંઘી નથી શકયા એમ બહેન કહેતાં હતાં, અને સ્વામીજી મહારાજ અકસ્માત્ ગંગાજીમાં પડી ગયા, એમાંયે આપને

હેરાનગતિ તો ખરી જ ને!? અમે તો એબાકળાં બન્યાં, આપની સેવા પણ શાંતિથી નથી થઇ; કશોયે આનન્દ જ ન રહ્યો જાણે. છોકરો આજ સાંજે જવાનો છે એટલે એ ગયો. વહુ તો હવે પાંચ-છ મહિના અહીં જ રહેશે. આપ પાંચ-સાત દિવસ રોકાશો ને?!''

જે શિવાએ અત્યાર સુધી મારી સાથે વાતચીત નહોતી કરી, પણ પ્રસંગ પડતાં અતિથિનો વાતચીત વડે પણ સત્કાર કરવો પડે, મારા મનમાં કશોયે સંકોચ ન રહે, એવી દૃષ્ટિથી, કે કોણ જાણે,પણ ખૂબ સભ્યતા અને સૌજન્યથી એની વાચા ઊઘડી: એમાં મુખ્ય સૂર તો હતો મને વધારે રોકી રાખવાનો. બે દિવસ રહેવાનું મેં વચન આપ્યું છે એ જાણતી નહોતી એટલે ભીમપુરી વગેરેનો જે રીતનો આગ્રહ હતો, એ જ દૃષ્ટિથી એણે પાંચ-સાત દિવસ રોકાઇ જવાનું કહ્યું.

''ના બહેન! વધારે રોકાવાય એમ નથી. ગંગાબહેને સવારે ખૂબ જ આગ્રહ કર્યો તથા બે દિવસ રહીશ એમ મેં કહ્યું છે, વધારે રહેવાય એમ નથી.

''સેવા તો તમે ખૂબ જ કરી છે. હું અહીં અકસ્માત્ આવી ચડ્યો. સ્વામી મોહનાનંદજી જેવા સરલ સંતનું શરીર અકસ્માત્ જલસમાધિમાં પડ્યું એથી તમને શોક થાય પણ આ સંસારમાં કશુંયે અકસ્માત્ જેવું શું છે? જેમ ચાલવાનું હોય તેમ જ આ જગત અને એનો વ્યવહાર ચાલે છે. આપણે ઇશ્વરનો અને જીવનાં પૂર્વકર્મનો વૃત્તાન્ત જાણીએ નહિ, એટલે ફલ ભોગવવાનાં હોય ત્યારે ક્યાંક અકસ્માત્, તો ક્યાંક ગમે તેને નિમિત્ત બનાવી લઇને વાતો કરીએ. બાકી તો એમની આયુષ્યની મર્યાદા પૂરી થઇ હશે. જેટલું આયુષ્ય હશે એટલા શ્વાસોચ્છ્વાસ એમણે પૂરા કર્યા હશે. જન્મ અને મૃત્યુની ઘટમાળ તો ચાલ્યા જ કરે છે. જન્મ વખતે હર્ષ અને મૃત્યુ વખતે શોક થાય એ સંસારનો ક્રમ છે.

"વળી સંન્યાસી સંત માટે શોક કરવો વ્યર્થ છે. શરીર પંચ-તત્ત્વમાં ભળી ગયું, અને જે આત્મસ્વરૂપે એ જીવતા હતા, એ તો સર્વ-વ્યાપક નિત્ય છે, છે ને છે જ. એમાં ક્યાં જન્મમૃત્યુ હતાં કે એને માટે શોક કરવો?

"તમને એમની છાયા હતી; હૂંફ હતી; વ્યવહારમાં શાંતિ રાખીને જીવનને પવિત્ર રાખવાનું એ શીખવતા હતા, અને ઇશ્વરના સ્મરણમાં તમે રહો એવી પરિપાઠી શીખવી ગયા. ગંગાબહેનમાં બહુ ઊંચા સંસ્કાર છે. એમને તો સત્સંગનું ફલ મળી ગયું છે. એ જ્ઞાની છે અને થોડો ખેદ થાય છે, પણ તરત જ ચિત્તનું સમાધાન કરી નાંખે છે.

"મનેય પુષ્કળ લાભ થયો છે; સ્વા. મોહનાનંદજી જેવા બ્રહ્મ-વિદ્ સંન્યાસીનો એમના શરીરના અંત સમયે પરિચય થયો. આટલું સાથે રહ્યા તેમાં પણ જાણે અમે બન્ને શરીરે જ જુદા. મન તથા પ્રાણથી એક જ હોઇએ એ રીતે જ અમે રહ્યા છીએ. શરીરનો અંત તો એક દિવસ આવવાનો જ હતો. મને એમના સહવાસથી ખૂબ જ સન્તોષ થયો છે.

"અને તમારા પવિત્ર અને સંસ્કારી કુટુંબનો સહવાસ થયો એ પણ કાંઇ ઓછા આનંદની વાત છે? મને ક્યાં કોઇ જાતનો ત્રાસ થયો છે? આટલા ટૂંકા વખતમાં જે જે પ્રસંગો બની ગયા, એથી જ્ઞાનમાં વૃદ્ધિ થઇ છે; ઘણુંયે જાણવાનું મળ્યું. કારણ કે ગંગાબહેન જેવાં જિજ્ઞાસુના જીવનના અટપટાં વિઘ્નોની થોડી વાતો સાંભળી. મને તો ગંગાબહેન અને એના પાછલા પ્રસંગો જાણીને આનંદ થયો છે. પરમાત્મા એને આ જ શરીરમાં જીવન્મુક્તિનું સુખ અપાવે."

જમતાં જમતાં વચમાં અટકી અટકીને મેં ઉપર પ્રમાણે કહ્યા કર્યું. શિવા શાંત રીતે સાંભળતી હતી; ગંગામાં વિવેકબુદ્ધિ અને જ્ઞાન-

પ્રતિભા હતાં, ત્યારે શિવામાં ભક્તિ અને સેવાની નિર્મળતા હતી. કુટુંબસેવાના જ એક અંગ તરીકે સ્વા. મોહનાનંદજીની જીવનપાત્રક સેવા એણે મૂંગે મોંયે કર્યા કરી હતી. ગંગાની પેઠે એણે વેદાન્ત નહોતું વાંચ્યું; ગંગાને યુવાન અવસ્થામાં વિક્ષેપ ઊભો થયો હતો; આત્મશિખરનાં પગથિયાં ચડતાં એને ઊંચીનીચી જીવનભેખડો ઓળંગવી પડી હતી. રજોગુણભર્યા યૌવનમદમાં નીતિ અને ધર્મનું ભાન એનામાં જાગ્રત હોવાથી પતિવ્રત એણે તોડ્યું નહોતું; પેલા બ્રહ્મચારી ઉપર મંત્રમુગ્ધ બનવામાં એના શરીરનો કામવિકાર જ કારણરૂપે હતો; એવો યૌવનસુલભ જાતીય આવેશ ક્ષન્તવ્ય એટલા માટે ગણાય કે એ કુમારિકા હતી; ગૃહસ્થાશ્રમી થવાના એને કોડ હતા; પણ ગૃહસ્થાશ્રમીની સાથે સાથે મંત્રવિદ્ધ યોગિની થવાની પણ લાલસા લાગી હતી. બ્રહ્મચારીના પરિચયથી એને મંત્રયંત્રનો મોહ લાગ્યો; એ મોહમાંથી પરિચય સાધતાં સાધતાં ક્ષુદ્ર ચમત્કાર, દોરાધાગા તથા તાવીજ વડે પામર, વિષયી અને અબુધ મનુષ્યોનું આશીર્વાદ કે શાપ વડે કલ્યાણ–હાનિ કરી શકાય છે એવી ભોળી પણ વાસનાભરી એની મનોવૃત્તિ બની હતી. એનું ફલ થોડા જ વર્ષમાં એ પામી; સદ્ભાગ્યે, પૂર્વના પુણ્યપ્રભાવે અને ઇશ્વરની દયાથી સ્વા. :મોહનાનંદ જેવા સંતનો પરિચય થયો અને એ વિષયબંધમાંથી ઊગરીને સત્સંગના મુક્ત પન્થે વિચરવા લાગી.

શિવાનો સ્વભાવ નિરાળો હતો. એ હતી ધર્મભાવનાથી ભરેલી લજ્જાશીલ ગૃહરાણી; એનામાં હતી પતિ, પતિનું કુટુંબ અને એ અંગેના વ્યવહાર દ્વારા શાન્ત, સહનશીલભાવે સેવા કરવાની સ્ત્રીસુલભ ધર્મભીરુતા. એની વાટ સીધી અને સરલ હતી; વાંકાચૂંકા, આડા-અવળા, ભેદભાવથી ક્લેશ વધે એવા માર્ગમાં પણ સરલતાથી ચાલી જવાનું એના સ્વભાવમાં જ હતું. ભીમપુરીની જડતા, ગંગાની ચંચલતા, ત્યાર પછી દિયર, ભાણેજ, સાસુ, સસરા, વગેરેની કેટકેટલી

ગડમથલ એની નજર સામે આડીઅવળી થઇ હશે પણ અત્યારે જે શાંતિ દેખાય છે, તેથી મને એમ લાગ્યું કે એનો એને ખેદ નથી, વિષાદ નથી, એના આઘાતથી એ દુઃખી નથી; પણ બધાય કડવા પ્રસંગોમાંથી પણ મધુરસ સારવીને એક ધર્મશીલ પત્ની તરીકે પોતાની જાતને તાવી તાવીને એણે શુદ્ધ કુંદન જેવી કરી છે. તપશ્ચર્યાએ એને શુદ્ધ, શાન્ત અને ગંભીર બનાવી છે.

આ શિવાએ અત્યાર સુધી મારી સાથે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો; પ્રસંગ પણ નહોતો પડ્યો; અત્યારે ઘરમાં એ મુખ્ય વ્યક્તિ તરીકે હોવાથી મારી સાથે વાતચીતનો પ્રસંગ શોધ્યો હોય એમ મને પાછળથી સમજાયું. મેં તો ગંગાની વાત કાઢતાં કાઢતાં વેદાન્તની ભાષા વાપરી નાંખી હું મારી ધૂનમાં હતો. સ્વા. મોહનાનંદ સંબંધે વિચારપરમ્પરા ચાલતી હતી. ગંગાની લાગણીઓનો અભ્યાસ કરતો હતો, ત્યાં શિવાએ રહેવાનો આગ્રહ કર્યો, સ્વામીજીના વિયોગ માટે ખેદ બતાવ્યો એટલે હું તો જેમ ગંગાની સાથે વાત કરતો હોઉં એમ બોલી ગયો.

શિવા થોડે દૂર સામે જ બેઠી હતી; એ વચમાં પીરસવા ઊઠે, હું ખાતો જાઉં, એ સિવાય પણ થોડું વચમાં બોલાતું હતું મારા કહેવાથી એના ચહેરા ઉપરના ભાવમાં કોઈ પણ જાતની વધઘટ નહોતી થતી, એની શાન્ત ગંભીરતા એમની એમ, અખંડ અને એકભાવરૂપ દેખાઇ આવતી હતી.

શહેરમાં રહેનારી, ગર્ભશ્રીમન્ત તરીકે ઓળખાવનારી, બધી વાતમાં સંસ્કારી છાપ પાડવાના મનોરથવાળી, ક્યાંક નવીન તો ક્યાંક રૂઢિચુસ્ત મનોદશા દાખવનારી સન્નારીઓ જોઇ છે, ઘણાંના સત્કાર મળ્યા છે; જીવનકથનીઓ કે કુથલીઓ સાંભળી છે. વેદના અને વિષાદના ઊચ્છ્વાસ ઝીલ્યા છે; અશ્રુઓની ઝડીઓ જોઇને દયા દાખવી છે. દંભ અને

સરલતા. આડંબર અને નિરભિમાન, ઘમંડ અને સેવા—આવી આવી જુદાં જુદાં સ્વરૂપે વિહાર કરતી મનોવૃત્તિઓની માયામૂર્તિઓનો પરિચય મળવાનું પ્રારબ્ધ ભોગવ્યું છે, અને એ જ દૃષ્ટિથી હું શિવાને જોતો, જાણતો ભક્તિભરી ભિક્ષા આરોગતો હતો.

શિવા માટે મારા અંતરમાં ખૂબ ખૂબ સદ્‌ભાવ જાગ્યો. પર્વતીય પ્રદેશનું, ગોંસાઇસાધુની નાતજાતનું અલ્પઅક્ષરી જ્ઞાનવાળું, ખેડૂત તરીકે જીવનારું કુટુંબ એક પરમ પવિત્ર પરિવ્રાજકના સત્સંગથી કેટલું વિશુદ્ધ, કર્મશીલ અને સેવાભાવી બને છે, એનું એ જીવતું જાગતું પ્રત્યક્ષ દૃષ્ટાન્ત હતું. ભીમપુરીની જડતા ચેતન બનીને ગંભીર કર્તવ્યશીલતામાં પરિણામ પામી; ગંગાની ચંચલ મનોદશાએ ભક્તિ અને આત્મજ્ઞાનની વ્યાપક આત્મભાવનાનું સ્વરૂપ પકડયું; શિવાનાં સ્ત્રીસુલભ લજ્જા અને ધર્મભાવનાએ શાંતિ અને સેવાનું ધર્મવ્રત ધારણ કર્યું; કુટુંબનાં નાનાં મોટાં બધાંય જાણે પ્રેમ અને ધર્મના વાતાવરણમાં હરતાંફરતાં, કામ કરતાં, અને સેવા કરતાં સદાચારનું દિગ્દર્શન—સંકેત કરાવતાં હોય, એમ મને લાગ્યું. એમની પાસે વૈભવભર્યા રંગમહેલ નથી, વિમાન, મોટર કે હાથીઘોડા નથી, બાગબગીચાની કૃત્રિમ શોભા નથી. શહેરી બનાવટ એમણે જોઇ હશે, પણ એવી સજાવટ ઊભી કરવાની કશી ગડમથલમાં પડયાં નથી; એમની રહેણીકરણી સીધી અને સાદી, પ્રકૃતિના સ્વાભાવિક પ્રદેશને ખોળે રમતાં ખેલતાં પંખી જેવી છે; નિર્દોષ કામકાજ કરતાં જે કાળે જે કાંઈ મળે, ખેતીના નિર્દોષ પરિશ્રમમાંથી પૃથ્વીમાતા અન્નવસ્ત્ર અને નિવાસસ્થાન માટે જેવી અનુકૂળતા કરી આપે, એમાં સંતોષ માનીને ઇશ્વરચિંતનને જીવનનું લક્ષ્ય બનાવી રાખવું એટલું જ એ શીખ્યાં હતાં. પ્રતિકૂળતાઓ આવે, હર્ષશોક કે લાભહાનિના પ્રસંગો ઊભા થાય, એવે વખતે એ બધાંને ઇશ્વરદત્ત તપશ્ચર્યાનાં નિમિત્તો માનીને તન-મનને કસી લેવાં—આવી સ્વાભાવિક જીવનશૈલીથી આ કુટુંબ જીવતું હતું.

"ઠીક, પિતાજી! આપ બે-ત્રણ દિવસ રહેશો તો અમને બધાંયને સારું લાગશે." શિવાના ટૂંકા જવાબ પછી વધારે વાતચીત ન થઇ. હું ભિક્ષા લઇ, હાથમોં ધોઇને ઉપર આવ્યો, જોગલો મારા કમંડળુમાં પાણી ભરીને "આપ હવે થોડો આરામ કરો" એમ કહીને નીચે ગયો.

આસન ઉપર હું પડયો; હાથમાં સ્વ. મોહનાનંદજીની નિત્યનોંધની એક પોથી લઇને વાંચવા માંડી. ઘણાં વર્ષો પહેલાંનાં મિતિ–સંવત એમાં હતાં. બબ્બે પાંચ પાંચ વાકયો વાંચતાં આખી ઉથલાવી નાંખી; પડયાં પડયાં શરૂઆતથી વાંચવાની ઇચ્છા કરું છું ત્યાં તો જોગલો અને ભગવાનપુરી ઉપર આવ્યા. હું પથારીમાં બેઠો થઈ ગયો. ભગવાનપુરી બોલ્યો :

"મહારાજજી! બહેન ત્યાં આવ્યાં એટલે હું અહીં આવ્યો છું. સ્વામીજીના શરીરને પાછું હતું એમનું એમ ગંગાજીમાં પધરાવી દીધું. બહેન અહીંથી થોડી પૂજાની સામગ્રી લાવ્યાં હતાં એનાથી આવડી એવી પૂજા કરી અને બ્રહ્મપુરીમાં બે સાધુઓ રહે છે, એમની પાસેથી મોટા વાંસ લઇને ગંગાજીના પ્રવાહમાં શરીરને પધરાવી દીધું. બહેન તથા ભાઈ હૃષીકેશ ગયાં છે તે થોડી વારમાં આવશે. મારે ખેતરમાં કામ હોવાથી ત્યાંથી જ પાછો આવ્યો છું. ભાઇ કલાક બે કલાકમાં જ આવી પહોંચશે એમ કહેવડાવ્યું છે."

"સારું." મેં ટૂંકો જવાબ આપ્યો. એ બન્ને આટલો સંદેશો સંભળાવીને નીચે ઊતરી ગયા.

ગંગા અને ભીમપુરી હૃષીકેશ ગયાં ત્યારે હુંયે ગયો હોત તો એમની સાથે સાથે પહોંચી જાત એવો વિચાર અચાનક સ્ફૂર્યો. અહીં રોકાઈ જાઉં છું, એમના આગ્રહથી મન શિથિલ થાય છે, એમનાં સત્કાર અને વિવેકભર્યાં વર્તનથી ચિત્ત પ્રસન્ન થાય છે, એમાં મને અદૃષ્ટ રીતે મોહ-મમતાની ગંધ તો નહિ છેતરતી હોય! સંકલ્પ-વિકલ્પો અંતરમાં કૂદવા માંડયા.

શા માટે વધારે રોકાવું? હું શું એમનું વિશેષ હિત કરવાનો હતો? અને મારે એમની સાથે ખાસ ઓળખાણ વધારીને પણ ભવિષ્યમાં શું લાભ લેવાનો હતો? એમના કુટુંબના સંસ્કાર સારા છે. સ્વ. મોહનાનંદજીના સત્સંગનો સારો એવો પ્રભાવ પડેલો છે. ઘરનાં બધાં માણસો વ્યવસ્થિત જીવન ગાળે છે; ભીમપુરી, ગંગા અને શિવા—તેમ જ બીજાં બધાં સાચી સમજણથી કામધંધો કર્યે જાય છે, એમાં એમને હવે વધારે હું શું આપવાનો હતો?!

સ્વા. મોહનાનન્દજીના શબ્દોનો એમના ચિત્તમાં જે સંગ્રહ થયો હશે, અંતઃકરણના અદૃશ્ય ભંડારમાં જે સંસ્કાર અજ્ઞાતરૂપે પડયા હશે, એ બધા હવે વિયોગવિરહનાં સંસ્મરણથી સ્વાભાવિક રીતે જ જાગ્રત થઈને જીવનના પ્રત્યેક પ્રસંગે સ્વાભાવિક રીતે પ્રેરણા આપ્યા કરશે. વાચન કરતાં વિચાર મહત્ત્વનું સાધન છે; જપ અને ધ્યાનના કરતાંયે અનિવાર્ય આવતાં દ્વંદ્વોમાં વિક્ષેપ ન થવા દેવો એ વિચારનું કાર્ય છે. એવું જીવન આ બધાં જીવી રહ્યાં છે. ગંગાને તો આત્મભાવના સંસ્કાર પણ લગભગ દૃઢ જેવા થતા જાય છે. ભીમપુરી ગૃહસ્થાશ્રમના વડલા જેવો શીતલછત્ર બનીને સૌની સેવા કર્યે જાય છે. બાકીનાં બધાં યથાધર્મ શાંતિ રાખી શકે છે, પછી મારે વધારે રોકાવાનું શું પ્રયોજન?

આવું આવું મનોમન્થન શરૂ થયું. ઊભો થઈને ચાલવા માડું? આ બધાયને કહી દઉં કે હું હૃષીકેશમાં ભીમપુરીને મળી લઈશ અને જરૂર પડશે તો પાછો એમની સાથે અગર એકાદ બે દિવસ પછી આંટો મારી જઈશ. ઉપરા ઉપર ભિન્નભિન્ન પ્રકારના ઊલટાસુલટા વિચાર આવે, જૂના નિર્ણયની વિરુદ્ધ નવા સંકલ્પો ઊભા થાય, વિકલ્પોની પરમ્પરા ચાલે, ત્યારે જે ખળભળાટ થાય એનું નામ વિક્ષેપ. મનમાં વિક્ષેપ થાય ત્યારે એની સાથે તદાકારતા અનુભવતો પ્રાણ પણ ચંચલ બને. હું ઊભો થયો; ઓરડીમાં જ આમતેમ આંટા મારવા

માંડ્યો. વ્યર્થ અહીં રોકાઈ ગયો એમ લાગ્યું: "જોગલા! ઉપર આવતો," એની બૂમ પડાઇ ગઇ.

હરિણફાળે દાદરનાં પગથિયાં ચડતો જોગલો પર આવીને બારણા પાસે ઊભો રહ્યો.

"જોગલા! ભગવાનપુરી અને તારાં મામીને ઉપર મોકલને. મને લાગે છે કે હુંયે હૃષીકેશ આંટો મારી આવું."

જોગલો એવી ઝડપથી નીચે ગયો; ગયો તેવો જ ઉપર આવ્યો અને બોલ્યો, "મામી વગેરે જમવા બેઠાં છે. જમીને તરત જ ઉપર આવશે. આપ આરામ કરતા હતા તે કેમ ઊભા થઈ ગયા, પિતાજી?"

"જોગલા, મેં બે દિવસ રોકાવાનું કહ્યું હતું, પણ તારા મોટા મામા અને માશી હૃષીકેશ ગયાં એટલે મને એમ થાય છે કે હુંયે હવે ત્યાં જાઉં. ત્યાં એમને મળીશ. હું કોઇને કહ્યા વિના જ ત્યાંથી નીકળ્યો છું. ત્યાં ઓળખાણવાળા સંતો ચિન્તા કરતા હશે એટલે મળીને પછી બેત્રણ દિવસ માટે રહેવા આવીશ, મેં રહેવાનું કહ્યું છે એટલે આવીશ તો ખરો."

"ના, મહારાજજી! એમ ન જવાય; મોટા મામા અને માશી આવ્યા વિના અમે કેમ જવા દઇએ? એ હમણાં જ આવતાં હશે. આપ અહીં છો એટલે વધારે રોકાય જ નહિ. થોડો સરસામાન ખરીદવા એ હૃષીકેશ ગયાં છે. લક્ષ્મણઝૂલાની દુકાનોમાં જો જોઇતી વસ્તુઓ મળશે તો હૃષીકેશ સુધી જશે પણ નહિ. આપ જાઓ તો પણ એ રસ્તામાં જ મળશે, અને એટલેથી પાછા આવવું પડે એવું શા માટે કરવું?" જોગલે સમાધાન કરવાનું શરૂ કર્યું એટલી વારમાં તો શિવા ઉપર આવી પહોંચી. એ જ ગંભીર મુખમુદ્રા અને એ જ લજ્જાભરી નમ્રતા. ધીરેથી આવીને બારણાની અંદર બેસી ગઇ. હું પણ પથારી ઉપર શાંત થઈને બેઠો. જોગલો મામી પાસે બેશીને બોલ્યો:

"મામી ! જુઓને સ્વામીજી મહારાજ જવાની વાત કરે છે. મામા અને માશી વિના એમને નહિ ગમતું હોય એમાં લાગે છે." એમ કહીને એ હસ્યો.

શિવા પણ જોગલાની સામે જોઇ ને હસી. તરત જ મારા તરફ જોઇ ને બોલી :

"પિતાજી ! જમતાં જમતાં તો આપે બેત્રણ દિવસ રોકાવાનું કહ્યું હતું તે વિચાર કેમ બદલી નાંખ્યો ? બહેન હૃષીકેશ ગયાં છે ખરાં, પણ એ તો આવ્યાં સમજોને ! આપને નથી ગમતું ? ભગવાનભાઇએ આવીને ખબર આપ્યા એટલે જવાની તૈયારી કરી કે શું ?" જોગલાએ વચમાં મારી સાથેની એની વાતચીત કહેવા માંડી. "મામી ! મહારાજ કહે છે કે હું હૃષીકેશ જઇને ત્યાં મામાને મળીશ અને પછી એકાદ બે દિવસ માટે નિરાંતે રહેવા આવી જઇશ."

"ના પિતાજી !" શિવાએ આગળ ચલાવ્યું. એ બન્ને તો થોડું સીધુંસામાન લેવા ગયાં છે. ભગવાનભાઇ એ આપને બધી વાત નહીં કરી હોય. બ્રહ્મપુરી સુધી ગયાં છે, અને ત્યાંથી હૃષીકેશ પાસે પડે એટલે થોડું ઘણું કંઇક લાવવાનું છે તે સાથે સાથે ત્યાં જઇ ને લઈ અવાય. બીજો ખાસ ફેરો ન થાય એટલે જ ત્યાંથી સીધાં ગયા છે. લક્ષ્મણઝૂલાની દુકાનોમાંથી જ જો જોઇતો સામાન મળી જશે તો હમણાં આવી પહોંચ્યાં જ સમજોને. આપ સ્વામીજીની નોટબૂકો વાંચી રહ્યા ? એમાં શું લખ્યું છે ?" શિવાએ જવાબની સાથે હું એકલો હતો એથી જવાનું મન થયું હશે એમ માનીને વાતચીતનો પ્રસંગ ઉપાડયો.

હૃષીકેશ જવાની ગડમથલ એટલી વારમાં શાંત થઇ ગઇ હતી. અહીં રહેવાની મારી ઇચ્છા નહોતી એ તો સ્પષ્ટ વાત હતી; રહ્યો હતો કેવલ આ બધાના આગ્રહથી–એમની જ ઇચ્છાથી; સ્વેચ્છાથી નહિ પણ પરેચ્છાથી રહેવું પડયું હતું.

ઈશ્વરની ઇચ્છાથી અર્થાત્ યદૃચ્છાથી હું આ તરફ આવી ચડ્યો; અને જે કાંઈ બન્યું તેમાં કોઈની ઇચ્છા પ્રમાણે ક્યાં બન્યું છે? અત્યારે અહીં રહેવાની ગડમથલ ચાલે છે, યજમાનનો આગ્રહ છે; હું હા-ના-ના સંકલ્પવિકલ્પમાં મનને રમાડ્યાં કરું છું અને છેવટે યદૃચ્છાને જ અધીન બનું છું. પણ હવે શિવાને મારે જવાબ આપવો જોઈએ એવી સ્ફુરણા થતાં મેં કહ્યું:

"શિવાબહેન! ભીમપુરી અને ગંગા હૃષીકેશ ગયાં છે એમ સાંભળ્યું એટલે મને પણ જવાનું મન થઈ આવ્યું. તમારાં બધાંનો આગ્રહ છે એ સાવ સાચી વાત છે, પણ હવે તો વધારે રહેવાનો કાંઈ અર્થ નથી ને!? તમારી ભક્તિ છે અને સ્વા. મોહનાનંદજીના વિયોગનો તમને આઘાત લાગ્યો છે એટલે મને રોકાવાનો આગ્રહ કરો છો એ હું જાણું છું પણ હું હૃષીકેશથી માત્ર ફરવા નીકળી આવ્યો; નીકળ્યો પણ જાણે ક્યાંક એકાદ બે દિવસ માટે રહેવા જતો હોઉં તેમ કમંડળુ વગેરે લઇને, અને થયું પણ તેમ જ. આવું જ, બહેન! બધા જગતનું છે. માણસ ધારે છે કાંઈ, ઈશ્વર ધારે છે કંઇક બીજું, એમ ઊલટા-સુલટી પ્રસંગો ઊભા થાય છે અને દિનરાત વીતતાં વીતતાં આયુષ્ય પૂરું થાય છે.

"જુઓને! સ્વા. મોહનાનંદજી વસિષ્ઠગુફામાં જ નબળા પડી ગયા. અહીં પાછા આવતાં વરસાદ પડ્યો. જમીન લપસણી બની; એ લપસ્યા અને ભગવતી ભાગીરથીએ પોતાના ખોળામાં ઝીલીને આત્મસાત્ કરી મૂકયા. એના ઉકેલમાં ક્યાં આપણી ટૂંકી બુદ્ધિ કામ કરે એવું છે? જે બન્યું તે બનવાનું જ હતું; ઈશ્વરની ઇચ્છા તે જ આપણી ઇચ્છા માની લઇને શાંતિ રાખવી એ જ આપણો ધર્મ. પરમાત્માના સ્વરૂપ જેવું જગત, એમની જ જાણે પ્રત્યક્ષ મૂર્તિ હોય એવું, વિરાટકાય બનીને આપણને ઇશ્વરનું સ્મરણ કરાવ્યા કરે છે. એમની ઇચ્છા પ્રમાણે બધું બન્યા કરે છે. આપણે સુખદુઃખ ન

માનતાં શાંતિ રાખીએ, આપણાં અહંકાર, ઇચ્છા, ભોગવાસના, કર્મ-ફલની આસક્તિ, મમતા, મોહ, એ બધાને ભૂલવા ઇશ્વરનું સતત સ્મરણ રહે એવું જ્ઞાન કેળવીએ ત્યારે જ મનુષ્યજીવનનું સાર્થક્ય ગણાય.'' આવું આવું હું અસ્વસ્થ ચિત્તે બોલી ગયો.

''હા, પિતાજી! સંસારમાં ક્યાં આપણું ધાર્યું કંઇ થાય છે? પરમાત્મા જેમ રાખે તેમ રહેવું ને સૌની બને એટલી મરજી સાચવીને સેવા કર્યા કરવી એટલું જ હું તો શીખી છું. મારા પિતાજી મારા જન્મ પછી તરત જ ગુજરી ગયેલા. મારી માતાની હું એક માત્ર પુત્રી અને માતા સત્તરમે વર્ષે વિધવા થઈ; કાકાઓ હતા તે જમીનની ખેતી કરીને અમને નિર્વાહ પૂરતું આપતા; માએ વિધવા બન્યા પછી પવિત્ર જીવન ગાળતાં ગાળતાં મને ઉછેરીને મોટી કરી અને અહીં પરણાવી. મારાં લગ્ન પછી ત્રણેક વર્ષે એ સ્વર્ગે સીધાવી. મારે માટે તો પરમાત્માએ અહીં આ ઘરમાં જ બધું ગોઠવી આપ્યું મારા સસરા બહુ પવિત્ર હતા. મારી ખૂબ સંભાળ રાખતા. હું પરણીને આવી ત્યારે જોગલાના મામાનો સ્વભાવ કંઇક શાન્ત પડ્યો હતો. ભગવાન-ભાઈ તો ક્યાંક નાસી ગયા હતા. ગંગાબહેન પણ તે વખતે અહીં નહીં. મારાં નાનાં નણંદ અહીં રહેતાં હતાં તેય બેએક વરસ પછી આ જોગલાને એકાદ વર્ષનો મૂકીને મરી ગયાં. મેં તો, પિતાજી! મૂંગે મોંએ ઘરનો ધંધો જેવો આવડ્યો તેવો કર્યા કર્યો; પૂછે એ વાતનો જવાબ, નહિ તો શાંતિથી કામકાજ કર્યા કરું એટલે કોઈ દિવસ મારે નિમિત્તે ઘરમાં અશાંતિ નથી થવા દીધી.

''પછી સ્વ. મોહનાનંદજી જતા આવતા થયા, હું મારા પોતાના જ પિતા સમજીને એમની સેવા કર્યા કરતી. મને એક જ વાત કહેતા કે દીકરી! મનમાં ઉદ્વેગ ન કરીશ. કઇયે અજંપો થાય ત્યારે સંસાર તો એમ જ ચાલે, બધાના સ્વભાવ સરખા ન હોય, એમ સમજીને તરત જ

મનમાં "હરિ ૐ" "હરિ ૐ" બોલ્યા કરજે. એનાથી તને શાંતિ રહેશે અને બીજાં પણ શાંત થઈ જશે.

"ગંગાબહેનની વાતો પણ આપે જાણી હશે. એ ભલાં ભોળાં, કામકાજમાં બહુ જ હુશિયાર, બધી વાતમાં આગળ પડતાં, પણ એટલાં બધાં ઉતાવળીઆં કે ઘડીમાં કંઇનું કંઇ કરી નાખે. હવે તો બહુ જ વિચારીને બધું કરે છે, પણ હું પરણીને આવી ત્યારે તો એ વસિષ્ઠગુફામાં રહેતાં હતાં. પહેલાં તો મનેય એમને ત્યાં રહેતાં જોઇને નવાઇ લાગી. પણ મારા સ્વભાવ પ્રમાણે હું તો કાંઇ બોલતી જ નહિ. જે થાય તે જોયા કરું.

"એમના વર બંગાળી હતા. માણસ બહુ ચાલાક હતા. વસિષ્ઠ-ગુફામાં થોડું રહ્યા પછી દેશદેશાવરમાં નીકળી પડયા. મારા સસરા શોધમાં નીકળ્યા પણ કાંઇ પત્તો ન ખાધો. એટલામાં સ્વામીજી મહારાજ આવ્યા ને સાથે સાથે ગંગાબહેનનો બંગાળમાંથી કયાંકથી કાગળ આવ્યો કે મને બચાવવી હોય તો તરત જ અહીં આવીને મને લઇ જાઓ." એટલું કહીને એ શાંત પડી; ન કહેવા યોગ્ય કહી નાખ્યું હોય એમ એને લાગ્યું હશે એમ મને જણાયું, એ શરમાઇ ગઇ, ભોંઠી પડી કે કોણ જાણે કેમ, પણ અચાનક બોલતી બંધ પડી. મને ય લાગ્યું કે વખત ગાળવા માટે જ મને વાતે ચડાવીને બોલવાનું શરૂ કર્યું હતું. એમાંથી એ પોતે જ અંગત વાતોમાં ચડી ગઇ. ગંગાની વાત કહી નાખી એથી ક્ષોભ થયો હોય એમ મને લાગ્યું. મેં જવાબ આપ્યો.

"શિવાબહેન! ગંગાની વાત તો એણે પોતે જ મને થોડીઘણી કરી છે. થોડું સ્વા. મોહનાનંદજી પણ કહી ગયા છે. એનો સ્વભાવ તમે કહો છો તેવો જ છે, પણ હવે તો એ બહુ સમજુ બની ગઈ છે. એણે બંગાળીને પતિ તરીકે સ્વીકાર્યો પણ પોતાના ચારિત્ર્યમાં કશું આડુઅવળું નથી થવા દીધું. એને મંત્રતંત્રનો અને ચમત્કારનો મોહ લાગ્યો હતો, એ બંગાળી બાબા એની જ ગડમથલમાં રહેતા હતા,

અને મંત્ર તંત્રની શક્તિપૂજામાં ગંગા મદદરૂપ થશે એમ માનીને એના ઉપર મુગ્ધ થયા. પરસ્પર બન્ને મોહમાં હતાં એમ માનીએ તો પણ ખોટું નથી.

"પણ હવે એ વાતનો કશો અર્થ નથી- અત્યારે તો પાકટ વય થવા આવી. જવાબદારી પણ વધી; સત્સંગ ખૂબ કર્યો; ઇશ્વર-ભજનમાં મન ચોંટયું એટલે બગડેલી બાજી સુધરી ગઈ.

"તમનેય આ ઘરમાં ઠીક ઠીક શીખવાનું મળ્યું. તમારા પૂર્વસંસ્કાર સારા અને માતુશ્રી ધર્મભાવનાવાળાં હશે, એટલે કુળના અને ગર્ભના શુભ સંસ્કારથી તમે પણ આ ઘરમાં આવીને ગૃહસ્થાશ્રમને દીપાવવામાં ઠીક ઠીક મદદ કરી છે.

"તમારો પુત્ર પણ સમજુ છે; વહુને પણ તમે સાચવીને કેળવવા માંડી છે, એ તો બિચારી હજુ બાળક કહેવાય; પણ તમે બધાં જે રીતે ગૃહસ્થાશ્રમ ચલાવો છો, એ રીત જ એવી છે કે સૌને સારા સંસ્કાર જ મળે અને ગરમાં શાંતિ વધતી જાય."

આવી સીધીસાદી વાતચીત ચાલતી હતી, એવામાં પુત્રવધૂ પણ ઉપર આવીને સાસુની પાસે બેસી ગઇ ગઇ. શિવાએ મૂળ મુદ્દો પાછો ઉપાડયો.

"બધી વાતે, પિતાજી! ઠીક છે, પણ સ્વામીજીના જવાથી બધાંય જાણે બેબાકળાં બની ગયાં છે, એટલે આપને તો થોડા દિવસ રોકાવું જ પડશે. થોડો આપનો સત્સંગ થશે એટલે બધાંના મન હલકાં થશે, એટલે હવે જલદી જવાની વાત કૃપા કરીને કરશો જ નહિ. બહેનની આવવાની તૈયારી છે; અમે નીચે જઇએ છીએ, આપ થોડો આરામ કરો એટલી વારમાં એ બન્ને આવી પહોંચશે."

એમ કહીને ત્રણેય જણ નીચે ઊતર્યાં; હું પથારીમાં લાંબો થઇને આરામ લેવા પડયો.

## વર્ણક ચૌદમો

### પરિવ્રાજક

પથારીમાં વામકુક્ષી માટે પડયો તો ખરો, પણ પડખાં ફેરવવા સિવાય શરીર કે મનને આરામ જેવું કશુંયે ન મળી શકયું.

સ્વા. મોહનાનન્દજીના "પરિવ્રાજક"પણાની જોઈ–જાણી એટલી વિગતો ઉપરથી સ્વા. રામતીર્થની પરમહંસ સંન્યાસીની વ્યાખ્યા યાદ આવી. "સંત-સંન્યાસી એટલે હરતીફરતી, દેશવિદેશ ખૂંદી વળતી, જીવતી જાગતી, પ્રસંગમાં આવે એવા અધિકારીને આત્મપ્રભાની પ્રકાશવન્તી જીવનજ્યોત દેખાડતી વિશ્વવિદ્યાની મહાશાળા છે.." એમ એ કહી ગયા છે એનું પ્રત્યક્ષ દૃષ્ટાન્ત મને સાંપડયું.

શુષ્ક, જડ અને કર્મવીર એવા ભીમપુરીમાં રસ, ચૈતન્ય અને ઉદ્યોગ રેડ્યાં; પર્વતીય પ્રદેશમાં ગોસાંઈ જેવી ત્યાગભ્રષ્ટ પરંપરાની જ્ઞાતિમાં સ્વતંત્ર–સ્વચ્છંદ ઉછરેલી, યૌવનસુલભ જાતીયવિકારથી ભરેલી છલકાતી, જીવનને પ્રથમ પગથિયે જ બંગાળી મંત્રતંત્રમાં રચ્યાપચ્યા રહેનારા વિકૃતચિત્ત યુવાનની મોહમાયાની રિદ્ધિસિદ્ધિની જાળમાં ફસાઈ પડેલી ગંગાનો પુનરુદ્ધાર કરીને વૈધવ્યનું બ્રહ્મચર્યપાલન, સત્સંગ અને ગુરુશરણના વિધિનિષેધ દ્વારા જિજ્ઞાસુ–મુમુક્ષુના પ્રત્યક્ષ જીવનપાઠ શીખવ્યા.

નિર્દોષ ગભરુ બાળા જેવી શિવાને અલ્પ પરિચયે પણ સૌભાગ્ય-જીવનનાં શૃંગાર જેવાં સેવા, શુશ્રૂષા અને સત્કાર–આતિથ્યનાં આભૂષણ સજાવીને સતીત્વનાં શિક્ષણ આપ્યાં.

એ "પરિવ્રાજક" તે સ્વા. મોહનાનન્દજી ! ગુજરાતનું શરીર, બાલવયે માતૃવિયોગના નિમિત્તે આર્યસમાજસ્થાપિત ગુરુકુલમાં વેદ-વેદાંગનો અભ્યાસ, બ્રહ્મચર્યપાલનની મહત્તા અને અંતે સગુણ નિર્ગુણ-ની મિથ્યા ભાંજગડ કે માથાફોડ કરતા અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈત, ત્રૈત—એવા સંપ્રદાયોથી મુક્ત રહીને એ બધાંય દ્વૈત જેમાં અનુભવે ગળી જાય એવા શાંકરસિદ્ધાન્તના કેવલાદ્વૈતનો અનુભવ કરીને પરમ-હંસ દશાનો પરિચય આપતા ચતુર્થ આશ્રમને દીપાવનારા એ સંન્યાસી બન્યા! ત્યાર પછી અનિકેત નિયમનું પાલન કરવા મુક્ત વિહાર કરતા પરિવ્રાજક બન્યા! અસંખ્ય કુટુંબોના પરિચયમાં એ આવ્યા હશે. વૃદ્ધ કે યુવાન, તરુણ કે બાળક, એવાં સ્ત્રી-પુરુષ પાત્રોએ જ્યાં જ્યાં એમને સત્કાર્યા—સેવ્યા હશે, ત્યાં ત્યાં જીવનના દિવ્ય ભાવનો સંચાર કર્યો હશે, એમ આ એક કુટુંબના પ્રત્યક્ષ દર્શનથી મને લાગ્યું અને આશ્ચર્યમુગ્ધ બનેલો હું પથારીમાં પડખાં બદલતો વિચારમાળા ફેરવતો હતો.

પરિવ્રાજક શબ્દના અર્થ ઉપર વિચાર કરવા માંડ્યો. 'વ્રજ' શબ્દનો અર્થ જવું, વિચરવું, વિહાર કરવો, પ્રાપ્ત કરવું, એવો થાય છે; 'વ્રાજક' એટલે સ્વતંત્રપણે વિચરનાર; યથેચ્છ દેશવિદેશમાં વિના સંકોચે યાત્રા કરનાર; 'પરિ' શબ્દ એમાં વિશેષતા બતાવે છે; વ્રાજક શબ્દની થોડી મહત્તા વધારે છે.

દેશવિદેશમાં જેણે સ્વતંત્ર અને મુક્તપણે વિહરવું હોય એણે શરીરને એવી રીતે કસવું જોઇએ કે જ્યાં જેવાં અન્નજળ મળે, સ્નાન-શય્યા માટે સગવડ મળે, એનાથી શરીર નભી શકે; ઉપરાંત જ્યાં જ્યાંથી અનાયાસે, અયાચક રીતે મળે એનાથી એની સ્વાસ્થ્યસ્થિતિ પણ અનુ-કૂળ રહે; એવો યાત્રાળુ માનવસમાજને જો કોઇપણ રીતે ઉપયોગી ન થાય તો એની દેહયાત્રા પણ ન નભે. જીવતા શરીરને પોષણ માટે અન્ન જળ જોઇએ; શીતોષ્ણ નિવારણ માટે વસ્ત્ર કે આશ્રયસ્થાન જોઇએ.

એના સ્થૂલ શરીરની સગવડ માટે લોકસમૂહ સાથેના સંસર્ગની એટલી અનિવાર્ય આવશ્યકતા.

પણ સાંસારિક વાસનામાં રચ્યાંપચ્યાં રહેનાર માનવપ્રાણી નિઃસ્વાર્થી ભાગ્યે જ હોઈ શકે. થોડા પણ ઉપદ્રવ કરાવનાર પ્રતિ રાગદ્વેષનું વર્તન એમનામાં સ્વાભાવિક હોય છે, એટલે અંશે પરિવ્રાજકનું વર્તન નિરુપદ્રવી હોવું જોઇએ: એના મનમાં શાન્તિ, ઇંદ્રિયોમાં સંયમ, તેમ જ હૃદયમાં પ્રેમ, દયા, ક્ષમા, ઉદારતા વગેરે સાત્ત્વિક ભાવ પણ ભરપૂર હોવા જોઈએ. આવા સદ્‌ગુણથી તમોગુણી મનુષ્ય પણ સહજ સ્વભાવે એમના પ્રતિ ઉદાર બનીને સંસર્ગ સાધે અને દયા-ક્ષમાના ભાર નીચે દબાયેલો પ્રસન્ન ચિત્તે એમનો સહવાસ સાધી શકે, એવો એમનો સ્વભાવ ઘડાવો જોઇએ.

પરન્તુ એટલેથી જ પરિવ્રાજકનો જીવનવ્યવહાર પૂરો થતો નથી. ગૃહસ્થાશ્રમના મીઠા મધુર સંબંધો, ધનવૈભવનો શરીરને આરામ મળે એવા સંયોગો તથા માનવસમૂહમાં માનપાન મળે એવા લાડઘેલા પ્રસંગોનો ત્યાગ કરીને એકલા, અટુલા નિર્બંધ, અને સ્નેહમુક્ત બનીને વિહરવામાં કાંઇક વિશેષ હેતુ હોવો જોઇએ. અને એ હેતુમાં જ કંઇક અલૌકિક, દિવ્ય ભવ્યતા ભરેલી આત્મપ્રતિભા ભરેલી છે.

તત્ત્વજ્ઞાનનો સર્વોપરિ સિદ્ધાન્ત, ભક્તિનું સર્વશ્રેષ્ઠ ધ્યેય, કર્મયોગની અપ્રતિમ સેવાવૃત્તિનો સંતોષ—એવાં એવાં હૃદયને અપૂર્વ અને પરિપૂર્ણ તૃપ્તિ આપે એવાં સાધનોથી એનું જીવન ઘડાવું જોઇએ. વિશ્વ માત્રના અધિષ્ઠાન જેવા, સર્વવ્યાપક, પરમ પ્રેમાસ્પદ, આનન્દસ્વરૂપ તત્ત્વની શોધ-સાધનામાંથી એણે જીવનકલાનો સારસિદ્ધાન્ત સારવી લીધો હોવો જોઇએ.

અને એવું જ હોયછે. એના જીવનશોધન અને સાધનસાધનામાં અલૌકિક હેતુ અને લક્ષ્યમાં પારદર્શિક અનુભવ હોય છે કારણ કે:

(૧) વર્તમાન શરીરનાં જન્મમૃત્યુ, સુખદુઃખના ભોગ, તથા વર્ગ-વિગ્રહનાં મૂળમાં કંઇક હેતુ હોવો જોઈએ, એવું એનું સંશોધન હોય છે.

(૨) એ હેતુનું પૃથક્કરણ અને સમીક્ષા કરતાં વર્તમાન શરીરનું કારણ પણ આંતરિક મન છે એમ જણાય છે. મન એટલે માનવ-શરીર દ્વારા નિત્ય આનન્દ માટેની ઝંખનાભરી ઇચ્છા એટલે વાસનાનો સમૂહ.

(૩) એ વાસનાઓ અસંખ્ય અને વિષયાકાર હોય છે. તૃપ્તિની ઇચ્છા હોવા છતાં એમાં અતૃપ્તિ વધતી જાય છે, સંતોષની ક્ષુધા હોવા છતાં અસન્તોષનાં વાદળ ઘેરાતાં જાય છે; અને એક વાસનાની અતૃપ્તિમાંથી બીજી અસંખ્ય વાસનાઓનાં બીજ મનરૂપી ક્ષેત્રમાં વેરાતાં સંઘરાતાં જાય છે.

(૪) અતૃપ્તિ અસન્તોષ, દુઃખ જેવાં વાસનાઓનાં ઝાંખરાંનું મૂળ કારણ છે તૃપ્તિ, સન્તોષ અને સુખના કેન્દ્રસ્થાનનું અજ્ઞાન.

(૫) નિત્ય સુખ, નિત્ય તૃપ્તિ, નિત્ય સંતોષ, નિર્વિઘ્ન આનંદ—એ નામરૂપે જુદું હોવા છતાં અનો આધાર મનની સાચીખોટી, સારીમાઠી સમજણ—અણસમજણમાં છે. એ માઠીખોટી સમજણ એટલે જ અજ્ઞાન.

(૬) મનુષ્યના આન્તરમનના બે વિભાગ છે: દ્રષ્ટા અને દ્રશ્ય; બાહ્ય વિષયો દશ્ય અને ભોગ્ય બને તો ઈંદ્રિયો દ્રષ્ટા અને ભોક્તા છે

(૭) તૃપ્તિ મનના વલણ ઉપર આધાર રાખે છે એમ સમજાય :છે એટલે ઈંદ્રિયોને દૃશ્ય કે ભોગ્ય માનીએ એટલે મન દૃષ્ટા અને ભોક્તા બને છે.

(૮) દૃષ્ટા અને દૃશ્યના આ બધા વિભાગ પરસ્પર વિકારી એટલે ક્ષણે

ક્ષણે બદલાયા કરે એવા છે. એક રૂપે એ રહેતા નથી તેથી એમાં પ્રાપ્ત થતાં સુખ પણ વિકારી અને અનિત્ય છે.

(૯) આવી સમજણ મનથી પણ ઉપર રહેનાર મન, ઇંદ્રિયો અને વિષયોના વિકારોને જોનાર, દૃષ્ટા અને દૃશ્ય, ભોક્તા અને ભોગ્ય, જ્ઞાતા અને જ્ઞેય, એને તપાસી જોનાર, કોઇક સમજણવાળું, તત્ત્વ છે; એ છે વિવેકવાળી બુદ્ધિમાં સાવતો સાક્ષીભાવ.

(૧૦) એ બુદ્ધિ પણ ચંચળ તથા વિકારી છે; અને એનાથીયે પર જતાં એક બીજું તત્ત્વ સાંપડે છે; વિજ્ઞાન, મન, ઇંદ્રિયો અને વિષયો એ બધાંને નિત્ય, તટસ્થ, નિર્લેપ, અસંગ, અવિકારી રહીને જોનાર તો આત્મા છે; જાગ્રત; સ્વપ્ન, સુષુપ્તિમાં; બાલ્યાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીમાં; ક્ષણથી માંડીને વર્ષોના ગાળામાં, આધિ, ઉપાધિ અને વ્યાધિમાં; સદાસર્વથા એક એવું સમરસ, સત્તાવાન્, પ્રકાશમાન્, આનન્દસ્વરૂપ, બધા વિકારોની સાક્ષી આપે એવું છે, એ સૌનું પોતાનું, બધાં દૃષ્ટા-દૃશ્યથી પર હોઇ શકે એવું, નિર્વિકારી-સ્વ-છે, અને એ જ આત્મા છે.

(૧૧) નિત્ય સુખ, નિત્ય સત્તાશીલ, નિત્ય ચૈતન્યસ્વરૂપ, નિર્વિકારી, અસંગ, સ્વાધીન એવું એ આત્મસ્વરૂપ સંસારની અપેક્ષાએ સદાસર્વથા સચ્ચિદાનન્દ છે.

(૧૨) ઇંદ્રિયો વિષયોમાંથી પાછી વળીને મનમાં પડે; મન પાછું ફરીને બુદ્ધિમાં ડુબકી મારે; બુદ્ધિ બાહિર્મુખ દૃષ્ટિને બદલે અન્તરમુખ થઇને જ્યાં સ્વ- તરફ વળે ત્યાં તરંગ સુધાસાગરમાં ગળી જાય, દીપક સૂર્યપ્રકાશમાં લીન થાય, દોરો વળ મૂકીને રૂમાં એકરૂપ થાય અને શબ્દ આકાશમાં શાન્ત થાય તેવી રીતે એ પણ કોઇ અવર્ણનીય અધિષ્ઠાનમાં હતી-નહોતી થઇને, સત્-અસત્પણાનો લોપ કરીને-સ્વ-માં-સ્વ-સ્થ બને છે.

(૧૩) એ સ્વ–સ્થતા એટલે સ્વરુપ સ્થિતિ. બુદ્ધિ, મન, ઇંદ્રિયોને ત્યાં ટાઢક થાય છે; હિમાલયના જેવી શીતલતા, અમૃતપાન જેવી તૃપ્તિ, સંસારીઓને કલ્પના પણ ન આવે એવી આનન્દમય મનોદશા,– એવું એવું સંસારીધર્મથી વિપરીત બધું ત્યાં અનુભવમાં આવે છે. અસંખ્ય જન્મોમાં જે શોધી થાકયા, અકલ્પ્ય કષ્ટો વેઠીને જેને માટે કર્મો કર્યાં, રુદન, આક્રંદ કરી કરીને એને બોલાવ્યું– નિમંત્ર્યું, એ જાણે હવે પાતાળ ફૂટયું હોય તેમ અંતરથી છલકાઇ ઊભરાઈ ઊઠયું.

(૧૪) એને જ માટે જન્મ લીધો હતો. જાતીયવાસના પણ એને માટે જ હતી અને ગૃહસ્થાશ્રમી બનીને પ્રજાસંતતિની પણ એ સુખની કામનામાં વેલ વધારી હતી. વાનપ્રસ્થ બનીને વનવગડામાં તપ કર્યાં હતાં; વ્રતઉપવાસ કરીને ભૂખતરસ ભોગવી હતી. મંત્રો ભણીભણીને કંઠ સૂકવી નાંખ્યો હતો; અને શું શું નહોતું કર્યું અને શું કર્યું હતું, એની ગણતરી પણ સ્મરણશક્તિ ન કરી શકે, પછી જ્યારે હારીથાકીને ઇંદ્રિયો, મન બુદ્ધિ બધાં હેઠાં બેઠાં—બેઠાં તેવાં જ પડ્યાં પોતાના મૂળ, ઉદ્ગમ સ્થાનમાં— અધિષ્ઠાનમાં; તરંગ જેમ નિરાધાર થતાં પડે સમુદ્રમાં તેમ; અને ત્યારે જ થઈ શાન્તિ, સત્ય સમજાયું; સાચા સાધનનું જ્ઞાન થયું; પ્રૌઢ સાધનનું રહસ્ય સાંપડયું; જયજયકાર થયો માનવજીવનનો; અંતિમ લક્ષ્ય સિદ્ધ થયું. કર્તવ્યથી, પ્રાપ્તવ્યથી, જ્ઞાતવ્યથી, દૃષ્ટવ્યથી, ભોક્તવ્યથી—બધાથી મુક્ત થઇને કૃતકૃત્ય થયેલું એ માનવશરીર યથેચ્છ જીવનવિહાર કરે એ છે એની વ્રજયાત્રા; એ કહેવાય વ્રાજક; એ છે પરિવ્રાજક!

સ્વા. મોહનાનન્દજીએ જીવનના ધર્મો અને દેહનાં કર્મોનો સાર સારવી લીધો હતો. પ્રાચીન ઋષિઓએ ગોઠવી આપેલા માર્ગદીપક

જેવા જ્ઞાનગ્રન્થોનું અનુશીલન કરીને પોતાની વિજ્ઞાનજ્યોતિ પ્રકટાવી હતી. આત્મપ્રતિભાને અજવાળે પગલે એમણે સંયમ અને સદાચાર, શીલ અને શાન્તિ, તપશ્ચર્યા અને ત્યાગ, વિવેક અને વૈરાગ્ય જેવાં જ્ઞાનકવચ પહેરીને દેશવિદેશમાં યથાપ્રારબ્ધ વિચરવા માંડયું હતું. શ્રદ્ધાળુ અને ભકિતભર્યાં અસંખ્ય કુટુંબના પરિચયમાં આવ્યા હશે. જયાં જ્યાં અજ્ઞાનનાં આવરણ હશે, પ્રકાશની ઊણપ હશે વિવેકની ખોડખાંપણ હશે, વિચારની અણઆવડત હશે, ત્યાં ત્યાં એમણે સીધી સાદી વાટ બતાવીને સૌને જીવનમાર્ગ સુગમ અને સરળ કરી આપ્યો હશે. હું તો જીવનના વેઢે ગણાય એટલા બે દિવસના અતિથિ જેવો બનીને એમના પરિચયમાં આવ્યો; અને તે પણ અકસ્માતના પ્રસંગે; એમણે સ્વમુખે જેટલી આત્મકથા કહી નાંખી એમાં એમના અનુભવનો સાર હતો. વૈરાગ્યના પ્રખર અગ્નિથી એમનો અનુભવ કસોટીસિદ્ધ હતો. દ્વૈતાદ્વૈતની સમીક્ષા અને દેશકાલની વસ્તુસ્થિતિની સમાલોચના સચોટ હતી. જીવનનાં ૬૦ વર્ષ એમણે જે રીતે વીતાવ્યાં હશે, એની કંઇક ઝાંખી એમના વસિષ્ઠગુફાએ કરેલા ઉલ્લેખોમાં દેખાતી હતી. ભીમપુરી અને ગંગાની નસેનસને, વૃત્તિને, સંકેત કે હેતુને એ ખૂબ જ ઝીણવટથી જોતા હતા, અને વજ્ર જેવા કઠોર પણ બની શકે છે એમ મેં ત્યાં જોયું. એ નિષ્ઠુરતામાં જ જાણે ગંગાનું ઘડતર સમાઈ જતું હોય એમ લાગતું હતું.

ભીમપુરી તો એક સેવાપરાયણ, આજ્ઞાધીન, વિનમ્ર પુત્ર જેવો હતો. શિવાએ તો મારી સમક્ષ હજુ હમણાં જ વાચા ઉઘાડી હતી. ગંગાએ એક વહાલસોઈ કોમલહૃદયા પુત્રીની પેઠે વૃત્તિઓના બંધ ઢીલા કરીને કથની કહી નાંખવા જેવું જ કરી નાંખ્યું હતું અને શી આ અજબ વસ્તુસ્થિતિ ઊભી થઇ! મને તો આમાંથી અલૌકિક જીવતાં જાગતાં કથાપાત્રો મળ્યાં. એ પરમહંસ પરિવ્રાજકની અથેતિ:જીવન-

વાર્તા અદ્‌ભુત આત્મરસ ભરેલી, જ્ઞાનવૈરાગ્યથી રંગાએલી, અનુભવથી છલકાતી હોવી જોઈએ એવી પ્રતીતિ વધતી જતી હતી.

આનન્દ અને આશ્ચર્યમુગ્ધ બનતો હું નિરાંતે પડયો હતો. પડખાં ફેરવાતાં હતાં, પણ મન તો પરિવ્રાજકની જીવનસુધાના ઘૂંટડા પીતું હતું. વિચારો, તરંગો, ભાવો, આવેશો જે કહો તે અંગમાં ઊભરાતા હતા અને એનો મદપ્રમાદ વિચારોને શાન્ત કરીને પોતે પણ શાન્ત થવા માંડયો. થોડી અર્ધ સુષુપ્ત જેવી સ્થિતિ શરીરે ભોગવી લીધી અને નીચે થતી વાતચીતનો અવાજ ઉપર સંભળાતાં હું જાગી ઊઠયો.

ઊઠીને મોં ધોવા તથા તાજું પાણી પીવાની ઇચ્છાથી જોગલાને બૂમ મારી ત્યાં તો ગંગા જ ઉપર આવી.

"શું જોઇએ છીએ ? પિતાજી !" કહીને બેસવા જાય છે ત્યાં મને કમંડળુ પકડતાં સમજી ગઈ એટલે "પાણી લાવું છું" કહીને તરત જ નીચે ગઈ.

પાણી આવ્યું, મોં ધોઇને જાગ્રતિ આણી. થોડું પીધું; ચિત્તમાં ગંભીરતા લાગવા માંડી. સ્વા. મોહનાનન્દજીનાં કલ્પનાભર્યાં સંસ્મરણોના પ્રભાવથી કે પરિવ્રાજક જીવનના મનોગત વિહારકાર્યના આનંદથી શરીર શાન્ત, ચિત્ત ગંભીર અને પ્રાણમાં સ્થિરતા લાગવા માંડયાં. હું પથારી પર બેઠો; ગંગા સામે બેસીને બોલી :

"ઊંઘ આવી હતી ? પિતાજી ! ભિક્ષા તો ઠીક હતી ને ? ભાભી દેખાય છે ગંભીર અને શાન્ત, પણ કામકાજ તથા સેવામાં બહુ જ કાળજીવાળાં છે. સ્વામીજી માટે પણ એમને અનહદ ભકિત હતી. એમના શરીરને માફક આવે એવી રસોઇ બનાવે, પ્રેમથી જમાડે, અને સ્વામીજી પણ એના તરફ ખૂબ જ વાત્સલ્ય રાખતા. સ્વામીજી ભાભી તરફ

પક્ષપાત કરતા હોય એવી મને પણ કોઇવાર મીઠી ઇર્ષા આવી જતી. બોલ્યાચાલ્યા વિના મૂંગે મોંએ ઘરકામ કર્યા કરવું અને બધાંની પ્રેમથી સેવા કરવી એ એમનો બહુ મોટો ગુણ છે. આવ્યાં ત્યારે ઉંમર તો બહુ નાની, પણ એમનાં માતુશ્રી બહુ સાલસ સ્વભાવનાં અને પ્રેમાળ હતાં એટલે કેળવણી જ સહનશીલ સ્વભાવની મળેલી. અમે તો એમનાં પગલાંથી જ જાણે સુખી થયાં છીએ એમ કોઇવાર લાગી આવે છે. પિતાજી જીવતા ત્યારે હમેશાં એમ કહ્યા કરતા કે શિવાને લીધે જ મારું ઘર દીપે છે; એને લીધે જ બધાં સલાહસંપથી રહે છે અને જે કાંઈ રુડાં વાનાં થયાં છે એ એનાં પગલાંથી જ છે."

ભાભીનાં ભરપટે વખાણ કરતાં કરતાં ઘરની વડીલ તરીકે સંતોષ જાહેર કરતી હોય એમ ડહાપણ દાખવતી વહાલસોઇ માતાની જેમ ગંગા સ્વાભાવિક બોલી ઊઠી.

"સુન્દર પરિવ્રાજક, ગંગા! જીવન જીવી જાણ્યું; બ્રહ્માનન્દ માણી ગયા એ તો." મારી ગંભીર મનોદશાએ બોલાવી નાંખ્યું.

'પરિવ્રાજક' શબ્દ સમજી નહિ હોય એમ મને લાગ્યું. પાછળનાં વાક્યો ઉપરથી એણે સમજી લીધું કે સ્વા. મોહનાનન્દજી માટે હું બોલી ગયો હતો.

"પિતાજી! સ્વામીજી માટે આપ કહો છો ને?" એણે પ્રશ્ન કર્યો.

"હા ગંગા! સ્વામી મોહનાનન્દજી સાચા પરિવ્રાજક હતા. પરિવ્રાજક શું એ તું સમજે છે ને?" મેં સ્પષ્ટ પૂછ્યું.

"ના, બાપજી! સંતસાધુ, મહાત્મા, સંન્યાસી, જોગી જતિ, બાબા, મુનિમહારાજ એવાં નામ તો હું જાણું છું. કોઇવાર પરમહંસ શબ્દ પણ સાંભળ્યો છે; પણ પરિવ્રાજકનો અર્થ હું સમજતી નથી. હું ક્યાં એવું ભણેલી છું કે એવાં નામના અર્થ જાણું. ઘરબાર છોડીને, માયામમતાનો ત્યાગ કરીને, ઇશ્વરસ્મરણ માટે ત્યાગી થાય એ

સંન્યાસી કહેવાય એટલું જાણું છું. કોઇ મઠ, મંદિર કે એક જ ઠેકાણે રહે, કોઈ ફર્યા જ કરે, તીર્થોમાં દર્શન કર્યા કરે, મોટા મોટા કુંભ જેવા મેળામાં જાય; એ પરમહંસ એટલું હું જાણું છું. પરિવ્રાજક તો આપને મુખે જ સાંભળ્યું." ગંગા આટલું બોલી રહી એટલામાં ભીમપુરી ઉપર આવ્યો. પાછળ શિવા મારે માટે ચાનો લોટોપ્યાલો લઇને આવી.

"ચા પી લો, પિતાજી!" ભીમપુરીએ કહ્યું: "મારે હવે જરા બહાર ખેતરોમાં જવું છે તે જઇ આવું; રાતે આપની પાસે બેસીને લાભ લઇશ. આપ નિરાંતે બે દિવસ રહેવાના છો એમ બધાંયે કહ્યું એટલે મને નિરાંત થઇ."

શિવાએ પ્યાલારકાબીમાં ચા કાઢીને આપી; મેં પીવા માંડી; હું વિચારમગ્ન હતો; મારી સામે એ ત્રણેયનાં આન્તરિક જીવનનાં ચિત્રો ખડાં થતાં હતાં; સ્વા. મોહનાનન્દજી માટેનો ધન્યવાદ મનમાં ગૂંજ્યા કરતો હતો. વળી ભીમપુરી બોલ્યો:

"આપે સ્વામીજીની ચોપડીઓ જોઇ લીધી? એમાં કાંઇ વધારે જાણવા જેવું છે? એમની પાછળ કંઇ વિધિ કરવો પડશે? તન-મન-ધનથી એમને માટે જે કરવા જેવું હોય, એમના પુણ્ય નિમિત્ત ખર્ચ કરવાનું હોય, તે બધું મારે કરવું છે. આપ જેમ કહેશો તેમ કરીશ."

એટલી વારમાં ચાપાન પૂરું થયું. ભીમપુરીનો શિષ્યભાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો; વિયોગ, વિરહ અને વેદનામાંથી એના અંતરમાં અલૌકિક ગુરુભક્તિ જાગી હતી. ગુરુભકિતની શીતલ અને શાન્ત છતાં પ્રોજ્જ્વલ પ્રતિભા એના ચહેરા ઉપર છવાઇ ગઇ.

"ભીમપુરી! તારી બધી વાત સાચી છે; હું ગંગા સાથે એવી જ કંઇ વાત કરવા જતો હતો એટલામાં તમે ચા લઇને આવ્યાં." મેં એના ઝોક પ્રમાણે બોલવા માંડયું.

"ઠીક બાપજી ! ગંગા સાથે આપ બધું ગોઠવી રાખજો. અત્યારે તો હું બહાર જાઉં છું અને પેલી ચોપડીઓ પણ જોઈ લેજો." એમ કહીને એ ઊઠીને નીચે ગયો. શિવા ચાનાં વાસણ લઇને ગઈ. ગંગા બેસી રહી. એનો પરિવ્રાજક શબ્દનો પ્રશ્નાર્થ બાકી હતો.

"ગંગા ! ભીમપુરીની પણ અજબ ધગશ છે. જો ને ! સંન્યાસીની પાછળ કશો ખાસ વિધિ હોતો નથી, કોઇ સ્થાનધારી હોય તો સ્થાનના મોભા તરીકે ગમે તેટલું ખર્ચ કરે, બાકી એમને માટે ખર્ચ કરવાનો બીજો પ્રશ્ન જ ઊભો થતો નથી.

"સંન્યાસ ગ્રહણ કરતી વખતે એવું કર્મકાંડ કરાવાય છે કે એ વખતે એ પાછલી વાત પેઢીના પિતામાતાના ઋણથી મુક્ત થાય છે. એટલું જ નહિ પણ પોતાના શરીરનું પણ સ્વહસ્તે જ શ્રાદ્ધકર્મ પતાવી નાંખે છે પિતૃઋણમાંથી એ રીતે એને મુકત કરાવાય છે. દેવદેવતાનાં ઋણ ભક્તિઉપાસનાથી પૂરાં કરાવાય છે. રહ્યું જ્ઞાનાર્થે ઋષિઋણ, એ પરિવ્રાજક બનીને સ્વાધ્યાય-અભ્યાસ કરી કરાવીને ચૂકવી આપે છે. પિતૃઋણ, દેવઋણ, ઋષિઋણ એ ત્રણે ઋણમાંથી મુક્ત થવાની વિધિ-નિષેધની ગાંઠો અને ગાંસડીઓ એણે તે વખતે જ છોડી નાખીને વેરવિખેર કરવી પડે છે, એટલું જ નહિ પણ વિરજાહોમ કરીને શિખાસૂત્ર જેવાં ચિહ્નો પણ ભસ્મીભૂત કરીને હું તમારા બધાનો સંન્યાસ કરું છું એવું અનુભવના ઉદ્ગાર જેવું બોલીને સમસ્ત જગત્, જગદીશ અને જીવના ભેદભાવોને નિર્મૂળ કર્યા છે, એવી બ્રહ્મઘોષણા એની પાસે આચાર્ય કરાવે છે.

"પછી તો અનિકેત બનેલો, વિશ્વમાત્રને અભયદાન આપીને બ્રહ્મદર્શનમાં નિમગ્ન રહેનારો એ પરમહંસ પરિવ્રાજક યથેચ્છ મુક્ત-વિહાર કરે છે; નિવૃત્તિમાર્ગને પંથ પડેલાં જિજ્ઞાસુ-મુમુક્ષુ ભકતોને અધિકારભેદે બ્રહ્મભાસ્કરનો પ્રકાશ આપે છે; ભેદભાવના અંધકારને

અભેદભાવના ચૈતન્ય એવું તો ચમકાવી–ડરાવી મૂકે છે કે હતું કે નહોતું, છે કે નથી, હશે કે થશે, એવી કશી સંદિગ્ધ ભાષા પણ એના અનુભવમાંયે વાપરી થકાતી નથી.

"હંસ એટલે જીવાત્મા; પરમહંસ એટલે માનવહંસરૂપ જીવભાવનો લોપ કરીને સર્વવ્યાપી આત્માનંદ ભોગવનારું બ્રહ્મહંસના રસભાવ પામેલું, બ્રહ્મવિદ્દનું શરીર; એણે મહાન બ્રહ્મપદ મેળવ્યું એટએ એ પરમહંસ.

વ્રાજક એટલે દેશકાળનાં બંધનમાં શરીર હોવા છતાં મોહ, મમતા અને આસકિતનો ત્યાગ કરીને સર્વત્ર અશરીરી બ્રહ્મભાવે વિહરનાર, વિચરનાર જીવનમુક્ત પરમહંસ.

"પરમહંસ પરિવ્રાજક એટલે સર્વવ્યાપી આત્મભાવમાં વિચરનાર સંન્યાસી, પરબ્રહ્મ સાથે એકતા અનુભવનાર ચતુર્થાશ્રમમાં પણ અલ્પસ્વલ્પ વિધિનિષેધનાં બંધન તોડીને યથેચ્છ વિચરનાર ત્યક્તપરિગ્રહ સંન્યાસી એટલે પરમહંસ પરિવ્રાજક.

"સ્વા. મોહનાનન્દજી સાચા પરમહંસ પરિવ્રાજક હતા એવું મને લાગ્યું છે; એમનામાં આત્મનિષ્ઠા, અભેદ પ્રેમ, નિર્મોહી કરુણા, તેમ જ તમારા જેવાં શરણાગત માટે અનાસક્તિથી ઊભરાતી, જ્ઞાનભક્તિથી તરબોળ બનેલી, વૈરાગ્ય અને શાંતિથી પરિતૃપ્ત થયેલી દયાર્દ્ર મનોદશા હતી.

"તમે તો જીતી ગયાં છો, ગંગા! એમણે તમારે માટે, અને ખાસ કરીને તારે માટે તો પ્રાણ આપ્યા જેવું કર્યું છે એમ તેં જ સ્વમુખે મને કહ્યું છે; અને પ્રારબ્ધનો ચમત્કાર તો જો; તમારાં ભક્તિભાવથી આકર્ષાઇને જીવનના અન્તિમ કાળે એ અહીં આવી ચડયા; હું પણ અકસ્માત્ આવી મળ્યો. વસિષ્ઠગુફામાં આનન્દ

માણ્યો અને કશી લાંબી માંદગી ભોગવ્યા વિના શરીર પંચ તત્ત્વમાં લીન થઇ ગયું; બ્રહ્મભાવે તો એ સર્વવ્યાપક હતા અને છે જ; એમાં કશું પરિવર્તન થયું જ નથી. એ હવે ઘટ ઘટ વ્યાપી થઇ ગયા.

"તમારાં જેવાં ભકિતભર્યાં કુટુંબીઓ પ્રતિ એમની વિશેષ દયા હતી, એટલે તમને વિશેષ લાભ; જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, પ્રેમ, દયા, કરુણા, વાત્સલ્ય, શાંતિ, સંયમ, સદાચાર, તપશ્ચર્યા જેવાં સત્ત્વ-ગુણનાં વૃત્તિસ્વરૂપોનો તમને વિશેષ લાભ મળશે; કારણ કે તમારી દૃષ્ટિ જ એમનાં જ્ઞાનનિષ્ઠા અને ભકિતભાવ તરફ હતી. એ જીવન જીતી ગયા; તમે એમની સેવાભકિતથી ધન્ય ધન્ય બન્યાં. એમણે આપેલા ઉપદેશ પ્રમાણે આત્મભોગી થાઓ એ તમારો પુણ્ય પ્રભાવ."

આટલું બોલીને મારો વાણીપ્રવાહ અટકયો. ગંગા શાન્ત રીતે નીચે મોં રાખીને એકાગ્ર ચિત્તે સાંભળ્યા કરતી હતી. એકે એક શબ્દ કર્ણગોચર બનીને એના હૃદયમાં જાણે કોતરાઇ જતો હોય એવી એની આતુરતાભરી મનોદશા હતી. પરમહંસ–પરિવ્રાજકનો અર્થ સમજ-વામાં, અને પ્રત્યક્ષ રીતે એના પ્રાણપ્રિય ગુરુદેવ સ્વા. મોહનાનંદજીના ગુણગાનશ્રવણમાં એ તલ્લીન બની બેઠી હતી. મારી વાગ્ધારા બંધ થતાં એનાં નેત્ર બંધ થયાં. ભાવનો આવેશ અન્તર્મુખ થતાં અત્યાર સુધી જે શરીર અને પ્રાણની શાન્ત–સ્થિર દશા દેખાતી હતી એમાં નેત્ર બંધ થતાં વધારો થયો. તરત જ એ ઢળી પડી. શરીરનું ભાન ગયું; પ્રાણને પાથરીને, ચિત્તને આન્તરિક મનોમૂર્તિ ગુરુદેવને ચરણે ઢાળીને, બ્રહ્મલીન સ્વા. મોહનાનંદજીના સગુણ–નિર્ગુણ સ્વરૂપનો આનન્દ શોધવા માણવા જ અત્યારે પરમહંસની પાંખમાં હંસબાળ છુપાય એમ ગંગા નામનું શરીર, ગુરુભકત એવું ચિત્ત, મુમુક્ષુપણાની વિવેકબુદ્ધિ, વૃત્તિઓના ઊર્ધ્વગામી પ્રવાહને વાળવા મથતું કોમળ–મધુર હૃદય ગુરુદેવના બ્રહ્મસરમાં એકાકાર બની ગયું.—બન્યું જ હશે

ને! વસિષ્ઠગુફામાં આવું જ કૈંક બન્યું હતું; ઉપાસનાબળને લીધે, ગુરુભક્તિના પ્રસાદને લીધે ગંગાના હૃદયનો ઊર્ધ્વગામી પ્રવાહ તો મેં જોઈ જાણી લીધો હતો—અકસ્માત્ જોવાઈ ગયો હતો. મંત્રતંત્રના કર્કશ–કોમળ બોધપાઠો એ ભણી હતી. ત્યાગવૈરાગ્યના રાગરંગ એ જોઇ ચૂકી હતી; દેશવિદેશમાં ફરીને ઇશ્વરદર્શનના યાત્રાળુઓની સમીક્ષા–પરીક્ષા કરવાના પ્રસંગો પણ એને અનાયાસે કે પ્રારબ્ધયોગે સાંપડયા હતા. પ્રેમાળ પિતા, સહનશીલ ભાઇભાભી અને ભર્યુંભાદર્યું પિયર—એ બધાં તો અનુકૂળ હતાં જ, એમાં સ્વા. મોહનાનંદજી જેવા અનુભવી સંતના શરણનો લાભ મળ્યો; એમણે ગંગાના જીવનમાં છેલ્લા શ્વાસ સુધી સાધનસાધનાના પ્રાણ રેડયા કર્યા, શું શું નહિ શીખવ્યું હોય એ જ પ્રશ્ન થઇ પડે એમ લાગતું હતું.

અને આવી ધ્યાનનિમગ્ન થઇ જવાની મનોદશા તો કોઇ અપૂર્વ કૃપાનું અનુભવફળ હશે એમ મને લાગ્યું. પણ એ વાત તો એ જાગે ત્યારે થાય, ત્યાં સુધી એની પાસે કોઈ હોય તો ઠીક એમ લાગવાથી મેં બૂમ મારી:

“ શિવા! બહેન ઉપર આવ તો.” શિવા આવી; મેં આંગળી ચીંધીને લાંબી થઇને ઢળી પડેલા ગંગાના શરીરને બતાવ્યું. એ સમજી ગઈ હોય એમ ગંગાની પાસે બેસીને એના અંગ પરનાં કપડાં ઠીક કર્યાં. એ પોતે જ બોલી ઊઠી :

“ બાપજી! બેનને આવું ઘણીવાર થાય છે. એમાં ગભરાવા જેવું જરાયે નથી. પિયરમાં આવીને રહ્યાં અને સ્વામીજીનો સત્સંગ થવા માંડયો ત્યારથી એ હંમેશાં એકાન્તમાં બેસીને એમ કહે કે હું ધ્યાનમાં બેસું છું. કોઈ કોઇવાર વખત મળે તો પાંચ–છ કલાક સુધી બેસી રહે. અત્યારે તો ઢળી પડયાં છે. આવું બધાના દેખતાં ભાગ્યેજ બને છે; સ્વામીજીની પાસે ઘણીવાર બેઠાં હોય, ભજન ગવાઇ રહ્યાં હોય, નામધૂન થતી હોય, ત્યારે

કોઇવાર ધ્યાનમાં બેઠાં બેઠાં લીન થઇ જાય અને કોઈવાર ઢળી પણ પડે. સ્વામીજી એમને એમ રહેવા દેવાનું કહેતા. બેન પણ ઊઠીને કહે કે મને જગાડવી નહિ. હું મારી મેળે બેઠી થઇશ. હું તો ભગવાનનાં ધ્યાનમાં લીન થઇ જાઉં છું. અદ્‌ભૂત આનંદ આવે છે. અમે ઘરનાં બધાંય થોડા જપ કે ધ્યાન જેવું કૈંક તો કરીએ છીએ, પણ બેનની તો વાત જ જુદી છે. કામ બધુંય સંભાળે, પણ જરાયે વખત ન ગુમાવે. એકલાં પડયાં કે નીચે એમની જુદી ઓરડી છે, એમાં બંધબારણે બેસી જાય. નીકળે ત્યારે શાન્ત, ગંભીર અને આનન્દથી બધાં સાથે હળેમળે અને કામકાજ કરે હું કોઇવાર પૂછું ત્યારે કહે કેઃ “ભાભી! ગુરુદેવની અદ્‌ભુત કૃપા છે; બીજું શું કહું? એમનાં સ્મરણ માત્રથી હૃદય આનન્દથી ઊભરાઈ જાય છે. શરીરનું ભાન રહેતું નથી. કોઇવાર કંઇ અલૌકિક દશ્ય દેખાય, અને ઘણીવાર હવે તો એકલો આનન્દ જ રહે છે. ઊઠું છું ત્યારે જ એમ લાગે છે કે હું ઊંઘતી નહોતી; સ્વપ્ન પણ નહોતું, અને મહાત્માઓ જેને આત્માનંદ કહે છે એનો અનુભવ ત્યાં થાય છે. આપ તો સમજતા હશો, પિતાજી! હું તો અમસ્તું આટલું બોલી ગઇ. આપને શું કહેવું પડે? એ તો એમની મેળે ઊઠશે.” લાંબું એવું ભાષણ આપી દીધું એમ શિવાને લાગ્યું એટલે જરા એના ચહેરા ઉપર ભોંઠપ આવી.

“કૈં નહિ, શિવા! એ તો ગુરુકૃપાનું અલૌકિક ફળ છે. હું સ્વા. મોહનાનન્દનાં થોડાં, મને લાગ્યાં એવાં વખાણ કરતો હતો એટલે ગંગા ભાવમાં આવીને ઢળી પડી છે. એ તો ભાવસમાધિ કહેવાય. કશી ચિન્તા કરવાનું તો છે જ નહિ. અમે વસિષ્ઠગુફા ગયાં હતાં ત્યાં પણ રાત્રે આવું થઈ ગયું હતું. પણ તે વખતે શરીર સ્થિર બનીને બેસી રહ્યું હતું. તે વખતે વાતો ગંભીર હતી; અત્યારે તમારા ગુરુદેવની ભકિતથી એ તરબોળ બની છે એટલે ભાવસમાધિને લીધે ઢળી પડી છે. આનન્દ છે! ૐ” હું શાન્ત બેઠો; શિવા એની વહાલી અને વડીલ નણંદને માથા ઉપર હાથ મૂકીને કૈંક જપ કરતી હોય એમ લાગતું હતું. એના

હોઠ હાલતા હતા. મેં પેલી હસ્તપ્રતો ઉખેળવા માંડી, એકાદમાં પાનાં ઉથલાવવા માંડયાં. સરસ વાત નીકળી. ગંગાનો જ ઉલ્લેખ હતો. બિહારમાં વૈદ્યનાથ ધામની વાત હતી. ત્યાંના એક નાના એવા મંદિરમાં જ્યારે ગંગા રીબાતી પીડાતી હતી, એણે એના પિતાને પત્ર લખ્યો તે વખતે સ્વા. મોહનાનન્દજીના હિમાલયમાં હશે, એટલે એ પરોપકારી સંતનું હૃદય દ્રવ્યું હશે. એ પોતે ત્યાં ગયા, ગંગાને ઘેર પહોંચતી કરી એનું વર્ણન હતું. થોડાં વધારે પાનાં ફેરવ્યાં; એક અલૌકિક આત્માનુભવી સંતનાં ગુણગાન હતાં. એમનું સ્થાન, શિષ્ય-મંડળ, ઉપાસનાની કેટલી ચર્ચા, ગુરુકૃપાનું રહસ્ય, એવું એવું અદ્દભુત લાગે એવું લખાયેલું હતું. વળી પાછાં થોડાં વધારે પાનાં ફેરવ્યાં. પોતાના ધ્યાન વિષેના અનુભવ અને શાંકરવેદાન્તની અનુભવ-પૂર્ણ ચર્ચા હતી. પોતે કૈંક સારરૂપે વિવેચન લખ્યું હતું.

વિસેક મિનિટ ગઇ હશે. શિવા ગંગાને સાંભળીને શાન્ત બેઠી હતી; એટલામાં ગંગા ધીરે ધીરે જાગ્રત થઇ; મેં પુસ્તક નીચે મૂકયું. ઊઠીને મારી પાસે શિર નમાવીને એણે પ્રણામ કર્યાં; ઊંચું મોં કરીને અશ્રુભીની આંખે મારા તરફ અનિમેષ દૃષ્ટિએ, કરુણાર્દ્ર ભાવથી જોઇ રહી. એના રોમરોમમાં કૃતાર્થતા ભરી હતી. આનન્દની ઝલક મુખ ઉપર છવાઇ હતી.

"પિતાજી! બહુ કૃપા છે આપની, આપ અને સ્વામીજી જુદા નથી એમ મારા ગુરુદેવ કહી ગયા છે એનો મને પ્રત્યક્ષ અનુભવ થયો. જે એ હતા તે આપ છો, અને આપ છો તે એ હતા. એવી જ કૃપાદૃષ્ટિ આપની આ કન્યા ઉપર સદૈવ રાખજો એટલી જ મારી દીન પુત્રીની યાચના!"

ઊઠીને એ શિવાની પાસે સામી ભીંત નજીક બેઠી. ત્રણેય ગંભીર હતાં. મને જ બોલવાનું મન થયું:

"ગંગા! આ બીજા નંબરની નોટબૂક હમણાં જ ઉઘાડી એમાં તો તારી જ વાત લખેલી મળી આવી. આતો બધું જ્યાં જ્યાં એ ફર્યાવિચર્યા હશે અને લખી રાખવા જેવું ઉપયોગી હશે એવું નોંધી રાખેલું છે. વાંચવા જેવું લાગે છે. અત્યાર સુધી તો મેં આ નાની ચોપડી જ જોઈ હતી. એમાં થોડાં નામઠામ અને મુસાફરીની જ વિગત હતી. પણ બીજી મોટી નોટબૂકમાંથી એક ઉઘાડી તો એમાં ઘણી જાણવા જેવી હકીકત હોય એમ લાગે છે. બિહારમાંથી તને અહીં લઈ આવ્યા એ વાત પાનાં ઉઘાડતાં જ પહેલી નીકળી આવી."

ગંગા વધારે સાંભળવા ઉત્સુક થઇ હોય એમ, આત્મભાવમાંથી વિશેષ જાગ્રત થઇ. શિવાએ પણ એવી જ કુતૂહલભરી દૃષ્ટિ કરી. ગંગા બોલી:

"પિતાજી! એ જૂની વાતો હું કેટલીક સંભારું? મેં આપને નથી કહ્યું કે કોઈવાર જીવના જોખમે મારા ગુરુદેવે મને બચાવી લીધી છે. શરીરનો જન્મ તો માતાપિતાએ આપ્યો, પણ અંતરમાં જે ભાવભક્તિનો જન્મ થયો, એ તો મારા માતાપિતા સમાન ગુરુદેવે જ કરાવ્યો છે; મારા જીવનના એ બધી રીતે ઉદ્ધારક છે. મને માતા-પિતાની ભક્તિ શીખવી; મંત્રતંત્રની મોહમાયામાંથી બચાવી; યમનિયમના પાઠ ભણાવ્યા; ધ્યાનધારણામાં એવી સરળતા કરી આપી કે ગુરુદેવને ધ્યેય બનાવીને ભાવભર્યે હૈયે મંત્રજપ કરું કે તરત જ એકાગ્રતા થાય એટલું જ નહિ, પણ અંતરથી બ્રહ્માનંદનો સાગર ઊછળી ઊછળીને મારા રોમરોમમાં તૃપ્તિ કરાવે. બીજા ઘણાયે યોગીઓ હશે; હૃષીકેશનાં અમે પડોશી એટલે અસંખ્ય સન્તસાધુઓના સહવાસમાં આવી ચૂકેલાં. ભજનકીર્તનની રમઝટ સાંભળી છે; કથાઓ સાંભળી છે, જગત્ મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે માટે બ્રહ્મજ્ઞાન મેળવો એવું કહેનારા હજારો મહાત્માઓને ઘેર બેઠાં સૂકોલૂખો રોટલો

આપીને ભિક્ષા કરાવી છે, પણ મારા ગુરુદેવે જે અનુભવનો માર્ગ દેખાડયો કે આપ્યો કે શું કર્યું એ હું નથી કહી શકતી, પણ એમનું જ્ઞાન નિર્મળ હતું, શકિત અદ્‌ભુત હતી. ચારિત્ર્ય સો ટચના સોના જેવું અને ડગલે ને પગલે અમને સાવચેત રાખે એવું હતું. ભાઇ ભાભી અને ઘરનાં બીજાં બધાં અમે એમના તરફ આટલો બધો ભકિતભાવ રાખીએ છીએ એનો ભેદ હવે જ આપને સમજાશે.

"વસિષ્ઠગુફામાં હું ધ્યાનમાં તલ્લીન થઇ ગઇ હતી એ એમની જ કૃપાનું ફળ હતું; આજ પણ એને લીધે જ ભાવમાં આવી ગઇ હતી. આવી બધી વાત આપને કહેવા તથા એમાં વધારે કાંઇ સમજવા જેવું હોય તો જાણવા માટે જ રોકાવાનો આગ્રહ કર્યો હતો.

"સ્વામીજીએ આપને માટે અમને એવું સચોટ કહ્યું છે કે અમારો આપને માટે એમના તરફ હતો તેવો જ ભાવ ઊપજ્યો છે. અમારે મન જેવા એ હતા તેવા આપ છો. આપની અને એમની કૃપા જુદી નથી. એમના વિના બીજા કોઇ સન્તની સાથે ઘરનાં કોઇએ આટલો ગાઢ પરિચય નથી રાખ્યો ને વાતચીતમાં છૂટ પણ નથી લીધી. આપની સાથે પણ અમને લાડઘેલાં બાળકો બનીને રહેવાનું સ્વાભાવિક મન થાય છે, એમાં પણ ગુરુકૃપાનો કૈંક અદ્‌ભુત સંકેત હશે એમ હું તો માનું છું. આપની દયા છે. આટલું બોલીને એ શાન્ત થઇ. નીચેથી 'મામી' શબ્દનો જોગલાનો બોલ સાંભળતાં શિવા ઊઠીને નીચે ગઇ.

"ગંગા ! હું હવે થોડું બહાર ફરી આવું. ભિક્ષામાં આજ સાંજે ખીચડી કરવાનું શિવાને કહેજે. તું પણ હવે જા, કૈંક કામકાજ હોય તો કરી લે. રાતે ભાઇ આવશે ત્યારે બધાં બેસીને સત્સંગ કરીશું."

અત્યારે એ વિષય વધારે ચર્ચવાનું ઠીક ન લાગતાં ખુલ્લી હવામાં, જંગલનાં ખેતરોમાં ફરવા જવાનું મને થયું અને હું તથા ગંગા ઊઠીને

બન્ને નીચે ગયાં. નીચે જઇને જોયું તો તાજું દૂધ આવેલું જોયું, પુત્રવધૂ લાવીને ઘરમાં પ્રવેશ જ કરતી હતી એ જોઈને ગંગાને સૂઝયું એટલે બોલી :

"પિતાજી ! દૂધ તાજું આવ્યું છે; થોડું પી લેશો કે ચા બનાવી આપું ? જલદી કરી આપીશ."

ચાની ના હું નહિ પાડું એવી એને ખાતરી હતી, મારી ટેવો આટલા સહવાસમાં એ જાણી ગઇ હતી. એ સેવાચતુર કન્યાએ ચા બનાવીને પાઇ ત્યાં સુધી આંગણામાં પડેલી નાની એવી પાટ ઉપર બેઠો; ચા પીને જંગલ તરફ રખડવા નીકળી પડ્યો.

## વર્ણક પંદરમો

### છેલ્લો પ્રસંગ

હું બહાર ફરવા નીકળી પડયો બહાર નીકળતાં જ જે કેડીએ પગ વળ્યા એ દિશામાં ચાલવા માંડયું; અને હૃષીકેશથી પણ ફરવા જ નીકળ્યો હતો ને! જુઓને! જન્મથી મૃત્યુ પર્યન્ત આ શરીર—અને કોઇ પણ પ્રાણધારી શરીર કયાં એક જ આસને, સ્થાને, ઘરમાં, ગામમાં, શહેરમાં, વનવગડામાં, સમુદ્રયાત્રામાં, વાયુવિહારમાં, લોકલોકાન્તરમાં કે દેશકાળના પાડેલા ખંડભેદમાં નિત્ય પડયું જ રહે છે? ઊડીને પૃથ્વીની પ્રદક્ષિણા થઈ શકે એવાં વિમાનોની બોલબાલા છે, ચંદ્ર ઉપર પહોંચવાના તરંગો ઊડે છે. ઉપલક દૃષ્ટિએ તો મન જ ઊડે છે. ગતિ કરે છે, વેગથી આવાગમન કરે છે એમ લાગે, પણ પ્રાણના વાહન વિના એ જાય કયાં? પ્રાણ એટલે જ ગતિ–શકિત એ પ્રાણ પિંડસ્થ વાયુને વેગમાં મૂકીને શ્વાસ–ઉચ્છ્વાસ કરાવે, ત્યારે જઠરમાં અગ્નિ પ્રકટે. જેની આહુતિ માટે અન્નજળ જોઇએ એ વૈશ્વાનર ભગવાન્ પ્રાણીને દોડધામ કરાવે—વધારે બોલીએ તો જાણે પેટ એટલે જ પરમાત્મા હોય, એક જ રાશિનાં એ બે છતાં પરમાત્માને પણ ટપી જાય એવું પેટ કયાં કોઇ શરીરને ક્ષણભરની પણ સ્થિરતા માણવા દે છે!

પણ હું કયાં મન–પ્રાણનું પૃથક્કરણ કરવા મંડી પડયો! પગ ઊપડતા હતા; મનમાં શિથિલતા હતી; વૃત્તિઓ તટસ્થ બની બેઠી હતી; ધીરેધીરે અમનસ્કભાવે શરીર ચાલતું હતું; થોડાં ખેતરો વટાવી જતાં દૂર–થોડે જ દૂર એક નાની એવી ટેકરી દેખાઈ.

શરીરમાં મન ફર્યા કરતું હતું; શરીર તો એક જ દિશામા જતું હતું; મન ફરીફરીને બધી દિશાઓ માપીમાપીને પાછું હતું ત્યાં ને ત્યાં, પ્રાણને ખીલે બંધાયેલું હોવાથી શરીરની સાથે મમતા બાંધીને હું-પણાનું ભાન કરાવતું હતું—પોતે જ પોતાની રમતનું મેદાન જોયા કરતું હતું. દૃષ્ટિની સામે બહાર હતાં લીલાછમ નાના નાના કયારા જેવાં ખેતરો: ચડઊતર થતાં લીલા ગાલીચા પાથરેલા જેવાં પગથિયાં જેવાં બનીને એ પર્વતના શિખરને સર્વોચ્ચ સ્થાન અપાવતાં હતાં. હું ચાલ્યો જતો હતો—શરીર ચાલતું હતું. ખેતરો વચ્ચેની પગકેડી આપોઆપ પગને માર્ગ દેખાડતી, કયાંક સીધી તો કયાંક વળાંક પાડતી, સંસારમાર્ગનું રૂપક દાખવતી બહુ લાંબે સુધી દેખાતી હતી. મેં ઉપર ચડવાની દિશા પકડી; ખેતરો પૂરાં થયાં. બસોએક પગલાં ચડતાં ટેકરી ઉપર પહોંચ્યો. આસપાસ નીચાણના પ્રદેશોને દૃષ્ટિમાં ભરતો, આશ્ચર્ય પામતો હું ત્યાં બેસી ગયો.

પશ્ચિમ દિશા તરફ નજર ફરતી હતી. પર્વતીય ગ્રામ્ય જનગણનાં છૂટાંછવાયાં દર્શનો ખેતરોમાં થતાં હતાં. માનવપ્રાણીને ઉદ્યમશીલ બનાવીને પોતપોતાને કામધંધે લાગી ગયા વિના કયાં ચાલે એમ છે? કર્મ શરીરનું અનિવાર્ય, સ્વાભાવિક, પ્રાકૃતિક અને સ્વધર્મ જેવું અંગ બની બેઠું છે, એટલે જ તો.

હું બેઠો; જે દિશામાંથી આવીને બેઠો હતો એ તરફ દૃષ્ટિ ફેરવી. થોડાં વૃક્ષોની ઓથમાં રહીને ભીમપુરીનું મકાન ડોકિયા કરતું હતું. આટલું રહ્યો છતાં, એ દરમ્યાન એક જ કુટુંબના વ્યવહાર, વ્યવસાય અને આતિથ્યમાં એટલો બધો પરોવાઇ ગયો કે આસપાસના પ્રદેશની વસ્તીની આછીપાતળી પૂછપરછ કે ઓળખાણ જ ન થવા પામી. ભીમપુરી, ગંગા, સ્વા. મોહનાનંદજી અને હું—એમ અમારા ચારની પ્રસંગલીલા જ બધાય સમયને ખાઇને સ્વાહા કરી ગઇ.

સાયંકાળ–સૂર્યાસ્તકાળ થવા આવ્યો હતો; પશ્ચિમ તરફ દૃષ્ટિ જતાં જ અસ્તંગત થતા સવિતાનારાયણનાં દર્શન થયાં. રશ્મિસમૂહને સંકેલીને જાણે પરલોકને કંઇક એકનો એક છતાં સનાતન, અને પુરા-પ્રાચીન છતાં નિત્ય નવીન લાગે એવો એ દેવ પ્રાણસંદેશ આપવા જતા હતા.

પરસ્પર પરલોક જેવા લાગતા સ્વદેશની માન્યતાવાળા માનવીને જાણે સંબોધતા હોય: "હે પ્રાણીસમૂહ! અન્ય પદાર્થવસ્તુઓ! આજના દિવસ પૂરતું મારું તેજ તમે ઝીલી ચૂકયાં. હવે એટલી જ વિશ્રાંતિ કરો. આજ તો ચંદ્રદેવ મારા જ ઉષ્માપૂર્ણ પ્રકાશને શીતલ બનાવીને તમને શાંત કરશે. નિદ્રાદેવીની કૃપા થશે અને તમે વિશ્રાંતિ પામશો. કોઈ કોઈ સ્વપ્નમાં મનોમય સંસાર ઊભો કરીને એમાં મ્હાલશો, અવનવાં નામરૂપોની સાથે ગડમથલ કરશો, હસશો, રડશો, દ્વંદ્વને ઝીલશો અને સ્વભાવગત સંસ્કારોને દૃઢ કરતા જશો.

"અને ઓ જાગ્રતિના ઇચ્છુકો, તમે ઊઠો, જાગો, ચેતના ઝીલીને મનમાન્યા કે વણમાન્યા કામધંધે જોડાઈ જાઓ.

ઈશાવાસ્ય ઉપનિષદ્‌ની એક પ્રાર્થના મનમાં સ્ફુરી આવી.

**પૂષન્નેકર્ષે યમ સૂર્ય પ્રાજાપત્ય વ્યૂહ રશ્મીન્ સમૂહ । તેજો યત્તે રૂપં કલ્યાણતમં તત્તે પશ્યામિ યોऽસાવસૌ પુરુષઃ સોऽહમસ્મિ ॥ ૧૬ ॥**

**અર્થ**: હે જગતપોષક સૂર્ય! હે એકલા ગમન કરનાર! હે યમ (સંસારનું નિયમન કરનાર)! હે સૂર્ય (પ્રાણ અને રસનું પોષણ-શોષણ કરનાર)! હે પ્રજાપતિનન્દન! તું તારાં કિરણોને ખસેડી લે (તેજને સંકેલી લે) તારું જે અતિશય કલ્યાણમય સ્વરૂપ (અધિષ્ઠાન) છે એને હું જોઉં છું (અનુભવું છું). આ જે આદિત્યમંડલસ્થ પુરુષ છે તે હું જ છું.

વેદકાલીન ઋષિઓએ કેવી ભવ્ય અને દિવ્ય પ્રાર્થનાઓ કરી લીધી છે. દ્વિજના પ્રાણમંત્ર જેવી ગાયત્રીઉપાસનામાં દ્વૈતમૂલક પ્રાર્થના છે; સૂર્યનારાયણના પૂજવા યોગ્ય તેજનું એમાં ધ્યાન કરવાનું કહ્યું છે; એ તેજ બુદ્ધિને પ્રકાશ આપે, પ્રાણમાં ચેતના ભરે એવી વિનંતિ કરી છે. બુદ્ધિને વિશુદ્ધિ અપાવી વિજ્ઞાન (આત્માનુભવના પાત્ર બનવા જેવી યોગ્યતા) અને પ્રાણમાં ઊર્ધ્વમુખી ઉન્નતિ ભરીને ઠેઠ બ્રહ્મરંધ્ર સુધી કેન્દ્રીભૂત બનીને સમાધિપર્યન્તનાં નિરતિશય સુખ ભોગવવાની શુદ્ધ ઉત્કંઠા દેખાડી છે એ ગાયત્રીની પ્રાર્થનામાં **હું અન્ય અને સવિતા નારાયણ અન્ય** એવી દ્વૈત ભાવનાની ઉપાસના છે.

જ્યારે આ મંત્રમાં કર્મકાંડ તથા દ્વૈતમૂલક ઉપાસના પતી જાય છે. ઉપાસક અને ઉપાસ્યનું અધિષ્ઠાન અભિન્ન છે એવી આત્મજાગ્રતિ થઈ છે. હું અને **તે**ના ભેદભાવ ભૂંસાઈ જાય છે. એક અદ્વિતીય બ્રહ્મનું જ્ઞાનવિજ્ઞાન થાય છે. મિથ્યા અહંકાર શાન્ત થાય છે. રહે છે માત્ર તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશના ફલસ્વરૂપ જીવન્મુક્તિનું અલૌકિક સુખ ભોગવતું, પ્રાણધારી, પંચભૂતનું બનેલું આ માનવ-માળખું. આનંદથી ઊછળી ઊછળીને ચિત્તના તરંગો હવે જાય ક્યાં ? — સ્વરૂપમાં. હવે એ પ્રાર્થના નથી રહી પણ અભેદ સ્વરૂપ મધુર, મિષ્ટ અનુભવના ઉદ્‌ગાર માત્ર છે. આપો, લ્યો, કરો, કર્યું, મળ્યું, મેળવવું છે, અમુક બાકી છે, એવી કશી અપૂર્ણતાની એમાં ગંધ-કલ્પના નથી રહી. બધું પરિપૂર્ણ થયું. હવે તો રહ્યું पूर्णमद पूर्णमिदं બધું પૂર્ણ જ છે એવું તૃપ્તિ અને તુષ્ટિવાળું सः अहम् अस्मि—**તે હું** છું. સૂર્યનારાયણ, સવિતા દેવ, ભર્ગભંડાર, રશ્મિસમૂહ, પ્રાણરાશિ જેવાનું જે સ્વરૂપ છે તે પણ હું જ છું—**સ્વરૂપે.**

× × ×

સ્વા. મોહનાનંદજીની મૂર્તિ આંતરચક્ષુ સમીપ ખડી થઈ; ગુજરાતનો, અનાવિલ કુટુંબનો, સુરત જિલ્લાનો એ બાળક આર્ય-

સમાજના ગુરુકુલમાં વિદ્યાભ્યાસ પામ્યો. નિત્ય કર્મ કરી ચૂક્યો હશે; નૈમિત્તિક પણ કંઈક કર્યાં હશે; કામ્યકર્મ તો એને કરવાં જ નહોતાં; નિષિદ્ધ કર્મો નહિ કરવાનું વ્રતધારણ કર્યું હતું; પ્રાયશ્ચિત્ત તરીકે તપશ્ચર્યાના પ્રચંડ અગ્નિથી પાપરાશિને ભસ્મીભૂત કરી નાંખ્યો હતો; સંધ્યાવંદન, ગાયત્રીમંત્રનાં અનુષ્ઠાન, સ્તોત્રપાઠ કે પૂજાપ્રાર્થના કરીને શુદ્ધ ચિત્તને એકનિષ્ઠ કરી લીધું હશે; અને અંતે શાંકરસિદ્ધાંતને અપનાવીને અદ્વૈતસુખની એ મહાસિદ્ધિ પામ્યો હતો, એ મેં નજરે જોયું.

ભારતવર્ષમાં વિહાર કરી કરીને સંતોને ચરણે બેસીને એણે બ્રહ્મજ્ઞાનના પાઠ ગોખ્યા હશે. તીર્થોદકનાં સ્નાનપાનથી શુદ્ધિ અને તૃપ્તિ મેળવી હશે; અવશ્ય એમના જીવનમાં કંઈક અસાધારણ ઓજસ્ હતું. ચારિત્ર્યબળનો પ્રતાપ દેખાતો હતો. જીવનમાં ત્યાગ હતો, અંતરમાં વૈરાગ્ય હતો, વર્તનમાં પ્રેમ, મૈત્રી અને કરુણા હતાં. પ્રત્યેક ક્ષણે આત્મસંવેદનને લીધે પ્રાણસ્પંદન થતું હતું. સત્સંગી, ભક્ત, જિજ્ઞાસુ કે મુમુક્ષુ પ્રતિ દયા હતાં. નિરભિમાનભાવે અને નિર્મોહીપણે એ સૌની સાથે હળ્યામળ્યા અને રહ્યા હશે અને ખરે જ! આ એક જ કુટુંબમાં આટલું શુભ પરિવર્તન થયું છે, તો બીજે પણ એમનો પ્રભાવ અવશ્યમેવ પડ્યો જ હશે. ધન્ય, ધન્ય થઈ ગયા એ તો!

કોનો મહિમા ગાઉં? બ્રહ્મવિદ્‌નાં ગુણગાન ગાવાં એટલે તો બ્રહ્મનાં જ ભાવભક્તિભર્યાં કીર્તન કરવાં. બ્રહ્મમહિમામાંથી માનવસ્વભાવનો બાધ કરતાં જે રહે, તે છે બ્રહ્મવિદ્ સંતોના વર્તન-સ્વભાવનાં ગુણગાનની ગાથા-કથા. મનુષ્યસ્વભાવને ભૂલો અને બ્રહ્મવિદ્‌માં બ્રહ્મદર્શન પામો; બ્રહ્મભાવ હૃદયમાં ભરો એટલે સંતોના માનવસ્વભાવને વિસારી મૂકો, દેહદૃષ્ટિએ તો એ એક માનવશરીર હતું. જન્મથી મરણ સુધીના છ વિકારવાળું હતું. સ્થૂલ તો પંચભૂતમાં પંચત્વ પામ્યું. સૂક્ષ્મમાં દેહાધ્યાસભર્યો અહંકાર નહોતો એટલે તન્માત્રાઓ તત્ત્વસ્વરૂપમાં

તાદાત્મ્ય પામી. મૂળ સ્વરૂપ તો જેમનું તેમ **હતું-છે-હશે** એવા કાળ-ભેદ કે **લોક, પરલોક** જેવા ખંડભેદ વિનાનું—ॐ मौनम्.

અને આટલું યે એમનો વ્યક્તિત્ત્વવાળો વિચાર કરીએ ત્યારે ને?! અહો ! એ પરમતત્ત્વ ! જન્મીને માનવશરીર મળ્યું, ઉત્તમ વર્ણ મળ્યો, પવિત્ર કુળ મળ્યું, પુણ્યના સંસ્કાર મળ્યા, સંયમસદાચારનાં શિક્ષણ મળ્યાં, વિદ્યાબોધનાં જ્ઞાનવિજ્ઞાન મળ્યાં, પુરુષશરીર મળ્યું એટલે શાસ્ત્રોક્ત ઉપાસના અને પ્રણાલિકાશુદ્ધ આત્મસાક્ષાત્કાર મેળવીને એ તો કૃતકૃત્ય થઇ ગયા. પૃથ્વી ઉપરનું પાર્થિવ શરીર પ્રકાશ્યસ્વરૂપ સૂર્ય, ચંદ્ર તથા અગ્નિદેવની ઉપાસના કરે, ત્યારે ફળ પ્રમાણે જ્યાં સુધી એ બધાંની ગતિ હોય ત્યાં સુધી જીવાત્માઓને એ બધાં પહોંચાડે; પણ પછી ?! પછી તો ગતિ-અગતિથી મુક્ત, પર. અતીત જ્યાં 'એક' એવું યે કહેવાય નહિ ત્યાં તો પેલું કઠોપનિષદ્ કહે છે તેમ જ તો.

ત્યાં તો—

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं**
**नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।**
**तमेवभान्तमनुभाति सर्वं**
**तस्य भासा सर्वमिदं विभाति ॥ १५ ॥**

**અર્થ** :—ત્યાં (એ આત્મસ્વરૂપમાં) સૂર્યપ્રકાશ તો નથી. ચન્દ્રમા અને તારાઓ પણ નથી ચમકતા, અને આ વીજળી પણ ચમકારા નથી કરતી, તો પછી (હોમહવન દ્વારા જેની ઉપાસના થાય છે એ) આ અગ્નિની તો વાત જ ક્યાં કરવી ? એ (આત્મા) ના પ્રકાશમાન થવાથી જ આ બધું પ્રકાશિત થાય છે. અને એના ભાસથી જ બધું ભાસમાન બને છે.

(કઠોપનિષદ્ અ. ૨-૨-૧૫)

વ્યક્ત-અવ્યક્ત, ભાવ-અભાવ, દૃશ્ય-અદૃશ્ય, મૂર્ત-અમૂર્ત, સગુણ

નિર્ગુણ સાકાર. નિરાકાર, બધી લીલા કેવળ બ્રહ્મસ્વરૂપની વિસ્મૃતિને લીધે જ મનોમય માયા ઊભી કરે છે! ॐ!

× × ×

પણ કોણ જાણે કેમ, કઈ રીતે દૃષ્ટિ એક નિર્જન દિશામાં સ્થિર થઇ ગઇ! પરમાત્મા જાણે! અંતર્યામી સમજે! કેટલો સમય ગયો હશે એની ગણત્રી મહાકાલ જાણે! શા માટે એમ બન્યું એનું કારણ મહાકારણ શોધી કાઢે! હું જાગ્રત થયો; નેત્રો ઊઘડયાં; ધ્યાનસ્થ હતો એવું જાગ્રત થતાં ભાન થયું. બ્રહ્મચિંતન સંસારશિલાને પણ સ્વરૂપમાં ન પીગળાવી દે તો પછી એ સૂર્યોનો પણ સૂર્ય કેમ કહેવાય? સૂર્યાસ્ત થઇ ચૂકયો છે. શરીરમાં સ્વાસ્થ્ય છે; ચિત્તમાં ગંભીર ઉપરામતા છે: હૃદયમાં શાન્ત આનન્દામૃતનાં બિન્દુ શિવસ્વરૂપ અહંલિંગ ઉપર ઝર્યાં કરે છે. બધું જાણે ઠરીને ઠામ બેસી ગયું છે.

પાછળથી આગળ આવીને કોઈએ ચરણસ્પર્શ કર્યો. જોઉં છું તો ભીમપુરી આવીને પ્રત્યક્ષ થયો.

“ભીમપુરી! અહીં કયાંથી?” મારાથી એને જોતાં જ બોલી જવાયું.

“ફરવા નીકળી આવ્યા છો, બાપજી? હું પાછળનાં ખેતરમાંથી ઘેર જતો હતો ત્યાં આપને અહીં બેઠેલા જોયા એટલે આવ્યો.” એમ કહીને એ સામે બેસીને આગળ બોલવા માંડયો. “ગુરુદેવ પણ જ્યારે અહીં હોય ત્યારે ઘણીવાર એકલા ફરવા નીકળી પડે અને સાંજના અહીં આવીને મોડી રાત સુધી પણ બેસી રહે. ટેકરી ઊંચી છે, ખેતરો બધાં નીચે રહ્યાં અને કશો ઘોંઘાટ જ નહીં. એમને આ સ્થાન બહુ ગમતું. ચાંદની રાત હોય ત્યારે ઘણીવાર અમે બધાં અહીં આવીને બેસીએ, સ્વામીજી અહીં જ ભિક્ષા મંગાવે અને આનંદ કરાવે.” એણે સ્મરણભંડારનો કોઇ ચોપડો ઉખેળ્યો જાણે!

સાંભળતાં છતાં અર્ધજાગ્રત શો અમનસ્ક રીતે હું એની સામે જોઇ રહ્યો. મારા મૌનથી એને કંઇક આશ્ચર્ય થયું હોય એમ લાગ્યું.

"બાપજી! વળી પાછું મન બહુ ઊંચું થયું છે કે શું? આપને હવે અહીં રહેવું પડે છે એ જરાયે નહિ ગમતું હોય! અમારો આગ્રહ વસમો લાગે છે? ભક્તિનાં માર્યાં બે દિવસ રોકાવાનો આગ્રહ કરીએ છીએ. આપને ત્રાસ થતો હોય તો એમાં મારી જરાયે હઠ નથી. પ્રસન્નતાથી રહો, અમને જરા વધારે સાંત્વન .મળે અને થોડો સત્સંગ થાય પછી પધારો તો સારૂં."

મારા ચહેરા પરની ગંભીરતા જોઇને ભીમપુરી આ પ્રમાણે બોલ્યો; મને પણ સમજાયું કે આંતરિક શાન્તિને મારી ઉદાસિનતા સમજીને એમ બોલ્યો હશે.

"ભીમપુરી! તું કહે છે એવા કશા વિચારમાં હું નહોતો. આ પર્વતીય પ્રદેશમાં અમારા જેવા જે આવે છે એ માત્ર નિર્જન એકાન્તસેવનની ઇચ્છાથી જ. તમે તમારા નિર્દોષ કામધંધામાં હો, શ્રદ્ધાશક્તિ પ્રમાણે ભિક્ષા આપી ચૂકો, એટલે નિર્વાહની કશી દખલગીરી નહીં એથી ખૂબ ઇશ્વિરસ્મરણ થઇ શકે. પણ અત્યારે તો હું બીજી રીતે શાન્ત હતો.

"આજે એક પ્રસંગ બની ગયો. ઘેરથી તું ખેતરોમાં આવ્યો પછી ગંગાબેન મારી પાસે બેઠી હતી. અમે સ્વામીજી વિષે ભક્તિભરી વાતચીત કરતા હતાં. સંન્યાસ, પરમહંસ, પરિવ્રાજક, એવા શબ્દોના ભાવાર્થ હું સમજાવતો હતો. એ એકચિત્તે સાંભળતી હતી એટલામાં સ્વામીજી પ્રતિની અનન્ય શ્રદ્ધાભક્તિ હોવાથી એનું ચિત્ત ગુરુમૂર્તિના સ્મરણમાત્રથી એકાગ્ર થતાં જ ત્યાંને ત્યાં એ ઢળી પડી.

"તું એક વાત નથી જાણતો; વસિષ્ઠગુફામાં સ્વામીજીની તબિયત બગડી એ તને યાદ હશે, એમની સાથે તું ગુફામાં સૂતો

હતો ત્યારે અમે બન્ને મોડી રાત સુધી બહાર તાપણે બેસીને ભક્તિભાવની વાતો કર્યા કરી ત્યારે ગંગા બેઠાં બેઠાં જ ધ્યાનમગ્ન થઈ ગઈ હતી. એના ઉપર ગુરુકૃપાનો શક્તિશાળી પ્રભાવ છે, એટલે ભક્તિભર્યા હૃદયે એ ગુરુસ્મરણ કરે કે તરત જ એનું ચિત્ત એકાગ્ર બનીને ભાવસમાધિનું સુખ ભોગવે છે; શરીર બેઠું રહે કે પડી જાય એની સાથે ભાવસમાધિને ઝાઝો સંબંધ નથી. ગંગામાં શ્રદ્ધાભક્તિનો વેગ વિશેષ છે અને જાણ્યું જોયું પણ બહુ છે; મંત્રતંત્રનાં અનુષ્ઠાનો પણ કરી ચૂકી છે, રિદ્ધ-સિદ્ધિની વાતો પણ જાણે છે; એ માર્ગે જતાં જો સાવધાન ન રહેવાય તો કેટલાં ભયંકર પરિણામ આવે છે એ એણે પોતાના અનુભવથી શીખી લીધું છે; સ્વા. મોહનાનન્દજી જેવા અનુભવી, શક્તશાળી અને અંતર્યામી સ્વરૂપ સંતમાં એને ગુરુબુદ્ધિ છે; એટલે ગુરુશરીરના અંતર્મુખી પ્રાણનો પ્રભાવ એના પ્રાણમાં પ્રવેશ કરે ત્યારે એનું ચિત્ત એકાગ્ર બને છે.

“આવો પ્રસંગ આજ બપોરે વળી પાછો બની ગયો. જાગ્રત થયા પછી એ ઊઠીને નીચે ગઈ અને હું એના એ જ વિચારમાં ફરવા નીકળી પડ્યો. મારી મનોદશા ધીર, ગંભીર, આત્માકાર હતી એટલે હુંયે અહીં અમનસ્ક હતો, તેમાં તારા આવવાથી બાહ્ય જાગ્રતિ આવી. તને ઉદાસિનતા લાગે એ તો ચિત્તવૃત્તિના આત્માનંદની ગંભીર શાંતિનું પરિણામ છે; આનન્દ છે, ભીમપુરી! તમે બધા ધન્ય ધન્ય છો. જે ભક્તિભાવથી જીવો છો, એ જ રીતે, એથીયે વધારે ઉન્નત રીતે છેલ્લા શ્વાસ સુધી જીવી કાઢો એટલે સ્વામીજીની કૃપા સાર્થક થઈ કહેવાય. મારે બીજું કશું લાંબુ પહોળું કહેવાનું નથી.”

ભીમપુરી શાન્ત ચિત્તે સાંભળી રહ્યો હતો, બધું ગંભીરતાથી જાણે પ્રાણમાં પચાવી લેવા મથતો હોય! ખરેખર! આવી એકલી સેવાભક્તિ અને બ્રહ્મવિદ્‌ની એકાકી ભાવે થતી શરણાગતિ આટલું સંતુષ્ઠ, સંયમી અને સત્ત્વશીલ જીવન ઘડતી હશે, એનું મને અનુભવ-

જ્ઞાન થયું. પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું. વિદ્વાન સન્તમહન્તો જોયા છે; દિગ્વીજયી વ્યાખ્યાતાઓ સાંભળ્યા છે, મહન્ત, મઠાધીશ, મંડળેશ્વર, શંકરાચાર્યની પીઠ પર વિરાજતા અને હજુ પણ શંકરાચાર્ય કહેવાતા ચાર ધામના આચાર્યોને નિહાળ્યા છે, અને જિજ્ઞાસુ રીતે પણ અસંખ્ય ચર્ચાચતુર વેદાન્તીઓના ટોળામાં ભમ્યો ભટકયો છું, પણ જે આત્મતૃપ્તિ આ બાહ્ય દૃષ્ટિએ દેખાતા સાદા સીધા નાના એવા કુટુંબમાં જોઈ, એવી ત્યાં જોઈ હશે કે કેમ એ શંકા પડતું છે.

"મહારાજજી!" ભીમપુરીએ મૌન તોડ્યું. સતર્ક દૃષ્ટિથી મેં એની સામે જોયું. એણે વચમાં અટકીને બોલવા માંડયું: "સ્વામીજીની પ્રશંસા કરીને આપ વાતો કરો છે ત્યારે મારું હૃદય ભરાઇ જાય છે. ગંગાને પણ એવા જ ભાવ આવતા હશે એટલે ભાવમાં ને ભાવમાં બેભાન બની જતી હશે એમ માનું છું. એનું હૃદય ખૂબ જ પ્રેમાળ છે. સ્વામીજી તરફ એ તો અનન્ય ભાવે જ જોતી હતી. અમે તો, મહારાજજી! પહાડી ગામડાનાં માણસ. ભણતર નહીં જેવું. સંત-સાધુઓ એકાંત માટે અહીં આવે એમને ચપટી લોટ કે રોટલી-રોટલાનો કડકો ધરીને સંતોષ માનીએ; સ્વામીજીનો પરિચય તો પહેલાં પિતાજીને થયો અને પછી ધીરેધીરે સહવાસ વધ્યો, તેમ તેમ ઘરનાં બીજાં બધાંને સત્સંગનો લાભ મળવા માંડયો.

ગંગાની ભાંજગડ વચમાં બહુ વધી ગઇ હતી. એની ઉપાધ પિતાજીને બહુ હતી તેવામાં સ્વામીજીનો મેળાપ થવાથી પિતાજીને શાંતિ થઈ અને ગંગાનું ગાંડપણ કાઢતાં સ્વામીજીને પણ બહુ મહેનત પડી છે." એણે સંક્ષિપ્ત વૃત્તાંત પૂરું કર્યું.

હું શું બોલું? મારા મનમાં કંઇ જુદા જ વિચારો ઘૂમતા હતા. પણ આખા કુટુંબમાં ભીમપુરી, ગંગા અને એમના પિતાજી ત્રણ મુખ્ય વ્યક્તિઓ સાથે સ્વામીજીનો સંબંધ હતો—અને પોતપોતાના અધિકાર

પરત્વે સૌએ લાભ લીધો હશે. એક સાદા સીધા ગૃહસ્થાશ્રમી તરીકે ભીમપુરીના પિતાએ એમની સેવા કરવા માંડી હશે. તે જ અરસામાં ગંગાએ પેલા બ્રહ્મચારી સાથે મોહાન્ધ બનીને સંબંધ બાંધ્યો હશે. ભીમપુરી તો ઘરધંધો કરે, સ્વામીજી આવે ત્યારે સેવા ઉઠાવે, અને કુટુંબનો નિર્વાહભાર ખેંચતો ખેંચતો એક બાજુ પ્રેમાળ પિતા અને બીજી બાજુ ઉદાર સ્વામીના સુરક્ષિત આશ્રય તળે હોવાથી ગંગાના જીવનમાં ઊંડા ઊતરવા જેટલી એને જરૂર ન જણાઈ હોય, અથવા એનો ઉપયોગ કરવાનું પણ સ્વામીજીએ યોગ્ય ન માન્યું હોય.

ગંગા એક ભાવપ્રધાન સ્ત્રી છે; પ્રેમાળ છે, યૌવનસુલભ કામવિકારે માંત્રિક બ્રહ્મચારી તરફ એ આકર્ષાય એ સ્વાભાવિક હતું. યૌવનની જાતીયવાસનાની ઉત્તેજનાએ એમાં ભાગ ભજવ્યો હોય એમાં કશું આશ્ચર્ય નહિ. છતાં એનામાં કેવળ કામવિકારનું જ પ્રાબલ્ય હતું એમ પણ કહી શકાય એમ નહોતું. મંત્રતંત્રની સાધના વડે મેળવાતી ચમત્કારસિદ્ધિનો મોહ, યોગિની બનવાની મહત્ત્વભરી વાસના, દેવદેવીનાં મનોમય દર્શનનો લહાવો લેવાના કોડ અને સ્વતંત્ર રીતે ભારતવર્ષનાં તીર્થદર્શનો કરવાના મોહથી એણે તો આંધળી દોટ મૂકી હતી.

"ભીમપુરી!" મારી વાચા ઊઘડી; મારું અવલોકન અટક્યું અને એવી જ મતલબનું બોલી નંખાયું. મે કહ્યું: "ભીમપુરી! હું તમારી સાથે તો થોડી રાતો જ રહ્યો, પણ સ્વા મોહનાનંદજીના થોડા પરિચયથી પણ મને બહુ જ વિચાર કરતો કરી મૂક્યો છે. ભારતવર્ષનાં સંન્યાસી જો સત્યસંકલ્પને વર્યો હોય, પરમાત્માની સાથે જ તાદાત્મ્ય સાધવાનો તેનો તીવ્ર સંવેગ હોય, એને માટે જ સંયમ, સદાચાર અને તપશ્ચર્યા તથા ત્યાગનાં સાધન સેવીને જ્યાં જ્યાં અવિદ્યાને લીધે દુઃખી થતા ભક્તો, જિજ્ઞાસુઓ કે મુમુક્ષુઓના સંપર્કમાં આવે ત્યાં યથામતિગતિથી આત્મભોગ આપીને સૌને સત્પથે વાળે તો આ ભારતભૂમિ ધન્ય ધન્ય બની જાય!

"સ્વા. મોહનાનન્દજી મને કોઈ અદ્‌ભુત વ્યક્તિ લાગ્યા છે. એ

મહાપુરુષ સાચા બ્રહ્મવિદ્ હતા એવી મને પણ શ્રદ્ધા થઈ છે. એ વિચારમાં ને વિચારમાં, એ બ્રહ્મલીન મહાત્માના બ્રહ્મભાવમાં હું નિર્વિચાર બની ગયો હોઈશ એમ લાગે છે. હું શાંત બેઠો હતો એટલામાં તું આવ્યો ત્યારે મૌન તૂટ્યું. બાકી બીજી કોઈ ચિંતા મનમાં નથી. રહેવા ન રહેવાના વિચારો અત્યારે તો આવ્યા જ નથી."

"ત્યારે, હવે આપણે ઘેર જશું? પિતાજી!" એણે ઊભા થતાં થતાં મને કહ્યું.

"તું જા; હું થોડી વાર પછી આવું છું." થોડું વધારે બેસી રહેવાની મનોવૃત્તિએ સહજ સ્વભાવે બોલાવી નાંખ્યું.

"ભિક્ષાનું તો આપે કહ્યું હશે," સગવડ પૂછી.

"હું ગંગાને કહીને જ આવ્યો છું, એ બધું તો તૈયાર પણ થઈ ગયું હશે. હું વધારે વાર હવે નહિ બેસું." એની ઉતાવળને લીધે મેં કહ્યું. હું આંતરબાહ્ય દ્વિધા અનુભવતો હતો, શરીર અને ચિત્ત સ્થિરતા અને નિશ્ચલતાના આનંદમાં હતું, ત્યારે મારા યજમાનનો આગ્રહ મારો સંપર્ક સાધીને વિશેષ આનંદ લેવાનો હતો. આવું છું—જલદી આવું છું એમ કહેવા છતાં મનમાં કશી બીજી કલ્પના નહોતી.

ભીમપુરી ગયો. એની પાછળ પાછળ દૃષ્ટિ દોડતી હતી. એ દેખાયો ત્યાં સુધી એને જોયા જ કર્યું, અને પાછી વિચારમાળા ચાલી.

અમનસ્કભાવે હું બેસી રહ્યો હતો. આ તે એકાંતનો, સ્વા. મોહનાનંદજીનાં દેહદર્શનના વિયોગવિષાદનો, અકસ્માત્-પરંપરાની વિચિત્રતાઓનો, ભીમપુરીનાં કુટુંબસૌજન્ય કે આતિથ્યસત્કારની તથા ગંગાની મંથનભરી સાધનામાંથી સરળ અને સરસ માર્ગે વળી જવાના ભાગ્યોદયનો—કંઈક અજ્ઞાત એવો વૈરાગ્યમિશ્ર શાન્તિનો પ્રભાવ ચિત્ત ઉપર પડતો હતો—પડેલો હતો, હવે સાક્ષીભાવે બુદ્ધિએ બધું જોવા

માંડયું. આ સંસારચક્ર, આ મનોમય દૃશ્યપ્રપંચ, સ્વપ્નજાગ્રતની આ આશ્ચર્યવત્ ઘટના, એક જ પરમ તત્ત્વનો વિલાસભર્યો જાણે વાણી-વિકાર! શબ્દબ્રહ્મનો અનિર્વચનીય વિસ્તાર! ખરેખર! મૃત્યુ અને અમૃત વચ્ચેનો રહસ્યભર્યો ઉકેલ તો ઋષિઓ જ આપી ગયા છે.

શ્રીમદ્ ભાગવતના એકાદશસ્કંધનો એક શ્લોક યાદ આવી ચડયો. જીવનનો પરમ ધર્મ શું—પરમ કર્તવ્ય શું—શ્રેયસ્ભર્યું જ્ઞાતવ્ય શું?

**एषा बुद्धिमतां बुद्धिर्मनीषा च मनीषिणाम् ।**
**यत्सत्यमनृतेनेह मर्त्ये नाप्नोति मामृतम् ॥**

ભા.૧૧-૨૯-૨૨

**અર્થ:** મનુષ્ય આ અસત્ અને નાશવાન મનુષ્યશરીર વડે **મને**—અજર, અમર પરમાત્માને પ્રાપ્ત કરે છે, એ જ બુદ્ધિમાનોની બુદ્ધિમાની અને ચતુરોની ચતુરાઈ છે

શરીર મરણશીલ, અધિષ્ઠાન આત્મા અમૃતસ્વરૂપ, પણ અમૃત-પ્રાપ્તિનું સાધન તો આ મર્ત્ય શરીર જ—એના અંતઃકરણ ચતુષ્ઠય સાથે. ધન્ય ધન્ય છે ઋષિઓ! એમનો અનુભવ અને એમની નિષ્કારણ કૃપામાંથી યોજી રાખેલાં સાધન—સાધનાનાં સર્વાંગસુન્દર રહસ્યભર્યાં અધ્યાત્મશાસ્ત્રો ધન્ય છે! પ્રવૃત્તિમાર્ગની પૂર્ણાહુતિ એટલે નિવૃત્તિ-માર્ગથી પણ શાન્તિ.

વાણી મૌન પકડે છે ત્યારે મન આન્તર-મન્થન વડે વિજ્ઞાનમય કોષમાં જઈને બુદ્ધિના વિચારયજ્ઞમાં આહુતિ બની જાય છે. ત્યાં પ્રથમ વિવેકજ્ઞાનનો અગ્નિ પ્રકટે છે; એમાં હોમાય છે મનોમય કોષનાં કલ્પનાભર્યાં ઇન્ધિનો! ॐ સ્વાહા! થતાં થતાં સ્વયંભૂ પ્રકટે છે એમાંથી ॐ શાન્તિ!

× × ×

કેટલો સમય ગયો હશે એનું ભાન ન રહ્યું. વાદળાં નહોતાં;

વરસાદનાં ચિહ્ન નહોતાં; એ તો આ ટૂંકા વિહારમાં અકસ્માતો દેખાડીને સ્વા. મોહનાનન્દજીને બ્રહ્મલીન બનાવવા જ આટલા દિવસ માટે આવી ગયાં. ચાંદની ખીલતી હતી; શીતલ નીરવતા વધતી જતી હતી. સૃષ્ટિમર્યાદામાંથી દૃષ્ટિ અન્તર્મુખ થઇ હતી, એટલે ક્યાં, કોણ, હું-તું એવું બધું લોપ થઇને વિજ્ઞાનમાં શાન્તિ અનુભવતું હતું.

પાછળથી કોઇના બોલવાનો અવાજ સંભળાયો, "આ રહ્યા." એમ સ્પષ્ટ સંભળાવાની સાથે જ જોગલો આવીને પગમાં પડયો. ચમકીને મેં એની સામે જોયું, ત્યાં તો પાછળથી ગંગા, શિવા અને ભીમપુરીની ત્રિપુટીને આવતી જોઇ; બધાં આવ્યાં—આવીને પ્રણામ કરીને સમક્ષ બેસી ગયાં. સંકેત જુદો જ લાગ્યો.

"પિતાજી! અહીં જ આપને માટે બનાવેલી ભિક્ષા લાવ્યાં છીએ. ભાઇએ ઘેર આવીને કહ્યું કે આપ અહીં બેઠા છો, એટલે મને લાગ્યું કે ચાલો ત્યારે ત્યાં જ આપણે એમને ભિક્ષા જમાડીએ; ગુરુદેવ પણ અહીં ઘણીવાર રાત્રે બેસતા અને ભિક્ષાભોજન કરીને સત્સંગ કરાવતા. મને એ યાદ આવ્યું એટલે મેં જ કહ્યું કે ચાલો ત્યારે આજ અનાયાસે બધું ગોઠવાય છે એટલે આપનો લાભ એ રીતે અહીં જ લઇએ." ગંગાએ સ્પષ્ટતા કરી.

આ યદૃચ્છા ગોઠવાયેલો પ્રસંગ જોઇને મને સહજ હસવું આવ્યું. મારી પ્રસન્નતાથી એ બધાં સંતોષ પામ્યાં. નિરાંતે બેઠાં :

"ખીચડી પીરસું ? પિતાજી !" શિવા બોલી; એ પણ હવે તો નિકટવર્તી બની ગઇ હતી. મેં ડોકું હલાવીને હા પાડી.

નાની એવી થાળીમાં ખીચડી પીરસાઇ. ઘી તો ચડતાં જ નાંખી દીધું હતું. અંદર બટાકાવડીઓ નાંખી હતી, થોડો સુગંધી મસાલો પણ હતો, એટલે શાકની કશી જરૂર નહોતી; અને સાથે મઝાનું મીઠું દહીં હતું, પાપડ હતા.

જોગલાએ મને હાથ ધોવરાવ્યા; એટલે નીચે એક કામળી પાથરેલી હતી તેના ઉપર બેઠો. ખીચડીનું ભોજન લેવા માંડયું.

રળિયામણી રાત હતી. હું ધીરેધીરે તજ-લવીંગ અને શુદ્ધ ઘીની સુગંધવાળી ઘ્રાણુ તૃપ્ત કરે એવી અને વડીઓબટાકાવાળી સ્વાદમધુર ખીચડીના ગ્રાસથી પ્રાણને આહુતિ આપતો હતો. ગંગા-શિવા મારી સામે બેઠાં હતાં; ભીમપુરી 'હમણાં આવું છું' કહીને કયાંય અદૃશ્ય થઇ ગયો. જોગલો આમતેમ આંટા મારતો હતો. ભીમપુરીને જતો જોઇને મારાથી સહજ બોલી જવાયું:

"વસિષ્ઠગુફામાં સવારે જઇને સાંજે આવ્યો હતો તેમ અહીં અત્યારે જઇને સવારે આવે એવું ન કરતો."

સહુ હસ્યાં.

"એ તો અહીં થોડાં દૂરનાં ખેતરોમાં આ બાજુ અમે આવ્યાં છીએ એટલે આંટો મારી આવવા જાય છે; જલદી આવી જશે." ગંગાએ ખુલાસો કરતાં કરતાં છેવટે ભાઇને પણ સૂચના આપી દીધી. "ભાઇ! જલદી આવી પહોંચજો." વાતાવરણમાંથી ગંભીરતા, વિષાદ અને વૈરાગ્યને બદલે આનંદ, ઉત્સાહ અને નિર્દોષતા વ્યાપ્યાં.

"કેમ ગંગા! કંઈ પ્રોગ્રામ કરીને આવ્યાં છો કે એમને એમ ચાલી નીકળ્યાં હતાં?" મેં સહજ પૂછ્યું—ખાવાનું ચાલુ હતું.

"ના પિતાજી! સહજ સ્વભાવે જ મનમાં એમ થઇ આવ્યું કે ચાલોને, અજવાળી રાત છે, ગુરુદેવની માનીતી ટેકરી છે એટલે ત્યાં થોડું બેસી આવીએ; કોણ જાણે કયારે આપની સાથે અહીં બેસવાનો ફરી પ્રસંગ આવે!"

"સ્થાન તો સરસ છે, ગંગા!" જમવાનું ગૌણ બનીને વાતચીત જ મુખ્ય વ્યવસાય થઇ પડયો હોય એમ વાતો વધતી જતી હતી.

" હા, બાપજી ! ગામડું ગામ, થોડી એવી ખેતી, નદી નીચે દૂર ભેખડમાં, ઝરણાંનાં પાણીની ખેતી, હિમાલયની તળેટી, અને અમારી સાદી રહેણીકરણીમાં લાંબી ખટપટ નહીં એટલે શાંતિ પણ સારી સાચવી શકાય છે.

" ગુરુદેવની કૃપાથી અમે બધાં સંતોષથી રહીએ છીએ, ભજન-ભાવમાં મન રાખીએ અને થાય એટલી મહેનતમજૂરી કરીને રોટલો રળી ખાઇએ એટલે વધારે ઉપાધિ નથી, છોકરો રેલ્વેમાં નોકરી કરે એટલે ઉપરનું ખર્ચ એમાંથી નીકળી આવે. બાકી ગામડામાં હવે કશી ખાસ કમાણી રહી નથી.

" શહેરના મોજશોખ હવે તો અમારા દેશમાં પણ પેસી ગયા છે. બીજાની ક્યાં વાત કરું; હું નાની હતી ત્યારે આવતા જતા સંત-સાધુઓનો જે સત્કાર થતો તે હવે નથી થતો. બીજાં કારણ તો ગમે તે હોય, અમારી આવક ઘટી હોય, અમે શહેરી બની ગયાં હોઇએ, પણ એક વાત તો નક્કી છે કે માણસોનાં મન જ બદલાઇ ગયાં છે. બહારથી સુંદર દેખાતું ફળ અંદરથી સડતાં સડતાં છેવટે બહાર પણ બગડી જાય, તેવી રીતે મનનો સંતોષ, કે સેવાનો ભાવ ચાલ્યો ગયો એટલે વ્યવહારમાં કુસંપ, સ્વાર્થ અને અભિમાનીપણું બહુ બહાર તરી આવ્યું છે હવે તો.

" હું નીચે ફરી છું, ત્યાં ઉત્તરાખંડ અને ચાર ધામની યાત્રાનું વર્ણન કરતાં કે ગંગા-યમુનાની વાતો કરતાં હોઇએ એટલે બધાં અમારા તરફ પવિત્ર ભાવથી જોતાં અને પ્રેમ કરતાં. યાત્રાળુઓ આવતાં એની અમે સેવા કરતાં; હવે જમાનો બદલાઇ ગયો છે; મજૂરોની પ્રમાનદારી ગઈ, ગોર-પંડ્યાઓની હેરાનગતિ વધી, દેવમંદિરોના પૂજારી મહન્તો લોભી બન્યા; પહેલાંની નીતિરીતિ જાણે કપુરની પેઠે ઊડીને હવામાં ઊડી ગઇ, બાપજી ! " ગંગાએ વર્તમાનદશાની કહાણી કહેવા માંડી. એનું અવલોકન જાણે કોઇ ઇતિહાસવેત્તાની વાણી ભાખવા માંડ્યું.

"ગંગા! આપણે સંસારની બદલાતી દશાની જ વાતો કર્યા કરીએ, ત્યાં સુધી આપણી સાંસારિક દૃષ્ટિ જતી નથી. સંસાર સારો હતો તે ખરાબ થાય છે, જમાનો બદલાઇ ગયો, એ વાત વ્યવહારની દૃષ્ટિએ સોળે આના સાચી હોવા છતાં, જેને નિવૃત્તિને માર્ગે અને અધ્યાત્મજ્ઞાનના સાધને લાગી જવાનું હોય છે, એણે તો વૈરાગ્યદૃષ્ટિ કેળવ્યા વિના છૂટકો જ નથી. પુરાણો વાંચો, મહાભારત કે રામાયણ વાંચો, વેદનાં કે ઉપનિષદ્નાં પાત્રોનાં વર્ણનો સાંભળો, બધાયમાં એક વાત ચોક્કસ જાણવા મળશે કે મનુષ્યસ્વભાવ અનાદિકાળથી ત્રિગુણાત્મક છે. ભવસાગરમાં ત્રણે ગુણના ભરતીઓટ થયા કરે છે. કયારેક સત્ત્વગુણ વધારે હોય તો કયારેક રજોગુણ કે તમો ણ; એમાં વત્તાઓછાનું પ્રમાણ દેખાય, પણ એકેય ગુણનો પૂરેપૂરો અભાવ તો હોય જ નહીં.

"વ્યવહારને જ મુખ્ય માન્યા કરીએ એટલે એની એ ગડમથલ ચાલ્યા કરે. ઋષિઓ, અવતારો, આચાર્યો, સંતસાધુઓ, રાજા-મહારાજાઓ અને અત્યારના દેશનેતાઓ તથા દેશસેવકો જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સત્ત્વગુણ સચવાય, વધે અને મનુષ્ય-જીવન સંયમી તથા સદાચારી થાય એ માટે ધર્મઘોષણા કરી ગયા છે, પણ જેઓએ સંસારમાં હમેશને માટે સત્ત્વગુણ રહેવા જોઇએ એવી આશાથી સુધારણા કે સેવા કરી છે, એ બધા પસ્તાયા છે, જેઓ પ્રારબ્ધયોગે, ઇશ્વરપ્રીત્યર્થે કે અનાસક્તિથી શુભેચ્છા અને શુભકર્મનો માર્ગ દેખાડી ગયા છે, એ બધામાં કલ્યાણ તો એમનું પોતાનું જ થયું છે, બાકી આ જગત્, આ વ્યવહાર, આ સંસાર, આ મનુષ્યજાત તો હમેશાં કાળધર્મ પ્રમાણે સ્વભાવવશ બનીને ત્રણ ગુણની રમત રમ્યા જ કરે છે.

"પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગનાં શાસ્ત્રો જ જુદાં છે. એ બેનો મેળ ખાય નહીં તેથી જ આપણા સમાજમાં આશ્રમની વ્યવસ્થા રાખી છે. સંસારવ્યવહારનો પક્ષ મુખ્યત્વે ગૃહસ્થાશ્રમ સુધી જ ચાલે; ત્યાં

સુધી પ્રવૃત્તિમાર્ગ રહે અને એમાં ધર્મ એટલે સમાજધોરણની સાથે ઈશ્વરભક્તિનું સાધન ગોઠવાય એવી રહેણીકરણી સચવાય તથા અર્થ અને કામના પુરુષાર્થ સુધીનાં શાસ્ત્રોનો ઉપયોગ થાય.”

એટલામાં શિવાએ ગંગાની સામે જોઈને મંદ હાસ્ય કર્યું, કંઈક ઇશારો કરતી હોય એમ; મારું બોલવાનું બંધ થયું; બંને ભણી વારાફરતી મેં જોયા કર્યું; ગંગા હસીને બોલી :

“બાપજી! આપ પહેલાં ભોજન કરી લો. ખીચડી ઠંડી થઈ જાય છે, પછી નિરાંતે સત્સંગ તો અમારે કરવો જ છે ને!”

હું બોલ્યા જ કરતો હતો. હાથ થાળી ઉપર ફર્યા કરતો હતો, વાણી બોલતી હતી એટલે કોળિયો બિચારો મોંમાં જઈને કરે પણ શું? જીભમાં બે ધર્મ છે; સ્વાદનો અને વાણીનો. બે કામ સાથે બને જ નહીં. મને પણ ગંગાએ કહ્યું ત્યારે જ ભાન આવ્યું કે હું વાતોના વેગમાં બોલ્યા કરતો હતો. વાણીના પ્રવાહે સ્વાદચર્વણના કાર્યને રોકી રાખ્યું હતું. હું પણ હસ્યો. શિવા ઊઠીને જોગલાની પાસે ગઈ. ગંગા વણબોલી બેસી રહી, હું કોળિયાને મોંમાં મૂકવા મંડયો. દાંત–જીભ કામમાં પડયાં. સરસ્વતી દેવી વૈખરીમાંથી મધ્યમામાં ઊતરી પડયાં.

“વાતવાતમાં ખાવાનું પણ ભાન ન રહે એ જોયું ને? ગંગા!” એટલું બોલ્યો એટલે ગંગા હસીને બોલી :

“એ તો, બાપજી! મન જે ઈંદ્રિયોની સાથે કામ કરતું હોય એટલું જ એને ભાન રહે ને?”

એણે સત્ય કહી નાંખ્યું. કોઈની સાથે વાતમાં મશગૂલ હોઈએ ત્યારે જોયું–નજોયું થાય છે. ધ્યાનબહેરાં કોઈ કહેવાય છે એનું કારણ પણ એ જ.

ગંગા વધારે ન બોલી. હું પણ જમવાનું પતાવવાની ઉતાવળમાં

હતો. મામીભાણેજ—શિવા અને જોગલો અજવાળિયામાં આમતેમ ફરતાં ફરતાં ધીરેધીરે વાતો કરતાં હતાં.

જમવાનું પૂરું થયું. ઊઠીને હાથ-મોં ધોયાં. વરિયાળીનો મુખવાસ ગંગા ઘેરથી લાવી હશે તે લીધો અને પાછો બેઠો હતો ત્યાં જઈને શરીરને ગોઠવી દીધું, શિવાએ આવીને વાસણ ઉપાડી લીધાં. ગંગા થોડું આમતેમ ફરીને જોગલાને લઈને મારી પાસે આવીને બેઠી.

"પિતાજી! ઘેર હમણાં જવું છે કે ભાઈ આવે ત્યાં સુધી અહીં બેસવું છે? શરીરે તો ઠીક છે ને? આપ કંઈક ઉદાસ તો જરૂર લાગો છો."

બેચાર ક્ષણ શાન્ત મનથી મેં વિચાર કરી જોયો. ભિક્ષા લેતી વખતે અને તે પહેલાં થોડી ગંભીર મનોવૃત્તિ હતી; વાતચીત પણ એવી જ ગંભીરતાથી, ગંભીર વસ્તુ સંબંધેની ચાલુ હતી એ બધા ઉપરથી ગંગાએ અનુમાન બાંધીને ઉપર પ્રમાણે પ્રશ્ન કર્યો.

અંતરને સચેત કરીને હું બોલવા લાગ્યો. સંભવ છે કે અત્યારના તટસ્થ વલણને લીધે, પ્રસંગની ગંભીરતાને લીધે, વિશેષ અન્તર્મુખ વૃત્તિને લીધે ચહેરા ઉપર ગંભીરતા આવી ગઈ હોય!

"ના ગંગા! ખાસ કશુંયે નથી; શરીર પણ ઠીક જ છે; આ ટેકરી બહુ મઝાની છે. દૃશ્ય રળિયામણું છે. સ્વામીજીના ભાવભક્તિભર્યાં સ્મરણોને લીધે હું અહીં ભીમપુરીના આવ્યા પહેલાં ધ્યાનમગ્ન જેવો બની ગયો હતો એની છાયા ચહેરા ઉપર કદાચ જણાતી હશે. કશી ચિન્તા કરવા જેવું તો છે જ નહિ."

એટલી વારમાં શિવા વાસણ માંજીને ત્યાં આવી પહોંચી. કશી વાતચીત ન થઈ. દસ-પંદર મિનિટ મૌન જ રહ્યું, અને તેવી જ ગંભીર શાન્તિ રહી.

વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન, સંતસેવા, ગુરુભક્તિ જેવાં જ્ઞાનસાધનની અનિવાર્ય આવશ્યકતા; સત્પથગામી સાધકના જીવનમાં એ બધાનું થતું પ્રત્યક્ષ દર્શન; સંતોનાં ભાતભાતના સ્વતંત્ર સ્વભાવગત જીવનો; જીવનમુક્તિનો બ્રહ્માનન્દ; માનવજન્મની શ્રેષ્ઠતા અને સફળતા; આર્યોનાં અદ્વિતીય આત્મદર્શનભર્યાં ઉપનિષદ્—એવું એવું મનોરાજ્ય મારા અંતરમાં ચાલવા માંડ્યું. બાહ્ય દૃષ્ટિની સન્મુખ ગામડામાં ઉછરેલી, વૈધવ્યને દીપાવનારી, સ્વાભાવિક રીતે જ ધર્મકર્મને વરેલી, સન્તશરણથી પાવન થયેલી એક આર્ય સન્નારી બેઠી છે. એના ચિત્તમાં પણ શાન્તિ છે. બ્રહ્મસ્વરૂપ ગુરુદેવના દેહદર્શનના વિયોગનો વિષાદ એના અન્તરમાં ભરેલો છે. સત્સંગની અપાર પ્રતિભાને લીધે જાતીયવાસનાના વિકારને ભસ્મીભૂત કરીને એ સીધું સાદું જીવન જીવતી, એક ધન્ય સન્નારી છે.

સ્વા. મોહનાનન્દ નામનું શરીર બ્રહ્માનન્દનું આસ્વાદન કરીને ચતુર્થાશ્રમને દીપાવે એવું હતું. જ્ઞાનવૈરાગ્યના અગ્નિસમા ભગવા રંગના વેષપરિધાનને શોભાવનારું માનવશરીર જળપ્રવાહ પામ્યું. ધન્ય સંન્યાસ! ધન્ય એ પરમહંસ! ધન્ય પરિવ્રાજક! ૐ આનન્દ! ૐ શાન્તિ!

એટલામાં ગંગા બોલી :

"પિતાજી! મારે હવે શું કરવું? વાંચવાનો મને અભ્યાસ નથી. ઘરના કામકાજથી તો આ ભાભીએ મને છૂટી કરી નાંખી છે. મારું ભજન-ધ્યાનનું નાવડું સરળ રીતે ચાલ્યા કરતું હતું એટલામાં ગુરુદેવ અદૃશ્ય થઇ ગયા. મારી તો બધી ઓથ નાશ પામી જાણે. જપ અને ધ્યાન કર્યા કરું છું, અને ગુરુદેવનો ઉપદેશ છે કે લોકપરલોકનો કે દ્વૈત-અદ્વૈતનો શાસ્ત્રાર્થ કે વાદવિવાદ કર્યા વિના ધ્યાનથી અંતર્યામી આત્મસ્વરૂપનો અનુભવ વધારવો એ જ ઉત્તમ છે. સચ્ચિદાનંદથી

ચિત્તને તૃપ્ત રાખવું, બધા પ્રાણીપદાર્થનું **સ્વરૂપ** તો એ જ છે એવો નિશ્ચય રાખવો; પૂર્વાધ્યાસને લીધે ચિત્ત ચંચળ બનીને શરીરની સાથે એકતા માને ત્યારે દૃષ્ટિ–દૃશ્યના ભેદ પડે છે અને ત્રણ અવસ્થાઓનો સંસાર સાચો છે એમ જણાય છે.

"એ અજ્ઞાન મારું પોતાનું છે એ પણ હું જાણું છું. કારણ કે હું પોતે જ સ્વરૂપનો નિશ્ચય દૃઢ કરી શકતી નથી તેથી દ્વૈતની સ્ફુરણા થાય છે. એમાં બીજા કોઇને દોષ દેવાનો કે નિમિત્ત માનવાનો કશો અર્થ જ નથી. સૌ પોતપોતાના અજ્ઞાનને લીધે સુખી થાય છે અને દેહભાવ રાખીને કર્મભોગ ભોગવે છે.

"મને આવું શિક્ષણ ગુરુદેવે આપ્યું છે, એમની અનહદ કૃપા છે કે ગુરુપ્રદત્ત મંત્રનો જપ અને ગુરુમૂર્તિના ભક્તિભર્યા ધ્યાનથી તરત જ ચિત્ત અન્તર્મુખ થઇ જાય છે; અંતરમાં દિવ્ય ભાવ ઊભા થાય છે; ગુરુદેવને સાક્ષાત્ પરબ્રહ્મસ્વરૂપે નિહાળું છું એમાં અપાર આનંદ આવે છે અને ત્યારે પછી ધ્યાતા–ધ્યેય વિનાની દશા આવે છે તેનું તો શું વર્ણન કરું? બાપજી! એમના તો મારા ઉપર ચારે હાથ હતા. આપ પણ એવા આશીર્વાદ વરસાવ્યા કરો કે હું મારા સાધનમાં દૃઢ રહું અને છેલ્લા શ્વાસ સુધી મને આત્મસ્વરૂપ ભૂલી ન જવાય." એમ કહીને એ મરા પગમાં નમી પડી. ચરણસ્પર્શ કર્યા; થોડીવાર પડી રહી. ભાનમાં હતી. આનંદનો વેગ હતો; શ્વાસોચ્છ્વાસ ઉતાવળે ચાલતો હતો. સાત્ત્વિકભાવથી હૈયું ભરાઇ ગયું હતું. મેં માથે હાથ મૂકીને "ઊઠ બહેન!" એમ કહ્યું એટલે એ બેઠી થઇ. ચહેરા ઉપર ગંભીર પ્રસન્નતા હતી, જાણે પોતાને કૃતકૃત્ય માનીને અલૌકિક આત્મતૃપ્તિ અનુભવતી હોય! મેં કહ્યું:

"ગંગાબહેન! તારો માર્ગ સારો છે એટલું જ નહીં પણ શાસ્ત્રોક્ત છે. આત્માનો અનુભવ કરવામાં જ્યાં ત્યાં જે ગુરુકૃપાનો

ઉલ્લેખ આવે છે, અને બધા ધર્મ કે સંપ્રદાયમાં એ કૃપાની અનિવાર્ય આવશ્યકતા બતાવીને, એના ઉપર જ શરૂથી અંત સુધી ભાર મૂક્યો છે, એનું કારણ એ છે કે મનુષ્યનું શરીર મનોમય, ભાવમય અને સંકલ્પમય છે. જેવો ભાવ રાખે તેવું વર્તન મનુષ્ય કરે છે એ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ; સંસારી ભાવવાળો પોતાનો સંસારી સ્વભાવ વધારે એટલે એવા અંતઃકરણમાં આસુરી સાંસારિક ભાવ પ્રમાણે આસુરી તથા રાક્ષસી ભાવ પ્રમાણે રાક્ષસી શક્તિ પ્રમાણમાં જાગ્રત થાય છે. માણસનું મન એ દિશામાં ગતિ કરી શકે; સાંસારિક ભાવવાળાનું મન બહિર્મુખ બનીને પ્રાણ તથા ઈંદ્રિયોની :સાથે વિષયોની પ્રાપ્તિ માટે કર્મો કરે એનું નામ પ્રવૃત્તિ, અધોગતિ કે બહિર્મુખવૃત્તિ. જ્યારે એ સાત્વિક બનીને નિષ્કામ કર્મો કરે, ઇશ્વર-ભકિત માટેના ભાવ વધારે, આત્મસાક્ષાત્કાર માટે ધ્યાનધારણા જેવી ઉપાસના તથા તત્ત્વજ્ઞાનના અનુભવ માટે વિવેક વૈરાગ્યથી માંડીને શ્રવણ, મનન, નિદિધ્યાસન માટે સાધના કરે કે ધ્યાનધારણામાં ઉપકારક થાય એવાં જપ, પાઠ, પૂજા, અનુષ્ઠાન, કર્મકાંડ, આસન, પ્રાણાયામ, મુદ્રાઓ વગેરે કરે એ બધું નિવૃત્તિ, ઉન્નતિ કે અન્તર્મુખ વૃત્તિ કહેવાય.

"સાંસારિક મનુષ્યોના ભાવબળ અને પ્રાણબળના પ્રભાવથી એના સહવાસીઓને જેમ પ્રેરણા મળે છે, તેવી જ રીતે નિવૃત્તિને માર્ગે વળીને જે માનવ-મનુષ્યો આત્માનુભવ કરે છે, એમના ચિત્તમાં ભગવદ્ભાવ, આત્મભાવ તથા પ્રાણબળનું અન્તર્મુખી ઓજસ્ પ્રકટે છે. એવા નિવૃત્તિમાર્ગના સાધકોના સંપર્કમાં આવનારાઓ એમની કૃપા મેળવે એમની નિષ્કામ સેવા કરે, એમનું ધ્યાનચિંતન કરે, ત્યારે એવા અનુભવીઓના દિવ્ય આત્મભાવ, અને વિશુદ્ધ પ્રાણબળનો પ્રવાહ અન્તર્મુખી બને છે. આન્તરિક ઊર્ધ્વગતિનો એ પ્રાણપ્રવાહ આસન, પ્રાણાયામ જેવી આન્તરિક ક્રિયાઓ તથા ભગવદ્ભક્તિના

ભાવને ઊર્ધ્વમુખી કરે છે, એટલે સ્વાભાવિક રીતે જ શિષ્ય પોતાના અધિકાર પ્રમાણે આત્મસાક્ષાત્કાર સુધી પહોંચે છે.

'દીવાથી દીવો પ્રકટે' એ કહેવત પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં પુસ્તકજ્ઞાન નહીં, પણ ગુરુમંત્ર, ગુરુઉપદેશનું શ્રવણ, ગુરુની પ્રસન્નતા, કૃપા, કરુણા વગેરે જે કહો તેને મુખ્ય સાધન માન્યાં છે: પુસ્તક વાંચોવિચારો તે ગુરુમુખથી; જપ માટે મંત્રશ્રવણ કરો તે ગુરુમુખથી; અનુષ્ઠાનપૂજા વગેરે કરો તે ગુરુદેવના સાન્નિધ્યથી, એમને પ્રસન્ન કરો અને તમારો આત્માનંદ ખીલશે; એમની અનન્ય ભાવે સેવા કરો અને તમારું ભાવનાબળ તથા પ્રાણનું ઓજસ્ વધશે.

"એમાં વર્તમાનકાળે કેટલોક દુરુપયોગ થયો છે, કારણ કે આ સાધન ગુરુપરંપરાગત હોવા છતાં શિષ્ય જો સંસારથી સંપૂર્ણ વિરક્ત અને ગુરુદેવનો અનન્ય ભક્ત ન હોય તો કશી કાર્યસિદ્ધિ થતી નથી. **વૈરાગ્ય** અને **ભક્તિ** એ છે એ માર્ગે વળવાનાં અત્યંત અનિવાર્ય અને આવશ્યક સાધન. ગુરુ અને શિષ્ય બન્ને સાચા અધિકારી હોવા જોઇએ. આજનો શિષ્ય જ આવતી કાલનો ગુરુ બનવાનો છે, અને એ જો સાચો શિષ્ય નહીં હોય તો દંભી ગુરુ બનશે એવો ભય છેવટે સાચો નીવડે છે.

"કસોટી આકરી છે; ખરા ખોટાની પરીક્ષા કરવી અઘરી છે, પણ જેને એ માર્ગે જવું છે એણે તો પોતે સંપૂર્ણ વિરક્ત અને અનન્ય ભક્ત બની જવું જોઇએ. સાધકમાં વૈરાગ્ય હશે તો એ દંભી, કપટી, સ્વાર્થી ગુરુઓથી ઠગાવાનો નથી, એ જો સાચો નિષ્કામ હશે તો ગુરુની વાસનાજાળમાં ફસાવાની બીક નથી. સકામતાની, વાસનાની, મોહમમતાની, અભિમાનની, ઇંદ્રિયભોગની અણુમાત્ર ગંધ જો ચિત્તમાં હશે તો એ માર્ગે ચડવું જ અસંભવિત છે.

"પણ ગંગા! તારે બીજી ભાંજગડમાં પડવાની જરૂર નથી. તું

તારે જે રીતે સમજી છે, અને ધ્યાન-જ્ઞાન કરે છે એ પ્રમાણે કર્યા કર. આંટીઘૂંટીના આડાઅવળા કે અટપટા તર્ક કર્યા વિના ગુરુદેવે જે શીખવ્યું કહ્યું છે, એ માર્ગ જ સાચો છે, સરળ છે, શાસ્ત્રોક્ત છે, સનાતન છે, અને ગુરુપરંપરાનો છે, એવી શ્રદ્ધા રાખીને સાધના કર્યે જા."

થોડું શાસ્ત્રીય પદ્ધતિથી વિવેચન કરવા જતો હતો ત્યાં અંતરથી 'સાવધાન!' એવો આત્મનાદ સંભળાતો હોય એમ લાગ્યું. શા માટે આ નિર્દોષ શ્રદ્ધાભર્યા સાધકચિત્તને બુદ્ધિની આંટીઘૂંટીમાં નાંખીને વ્યર્થ ચંચળતા ઊભી કરવી? આટલું સાચું, આટલું થયું, આટલું બાકી છે એવી અભાવ અને અપૂર્ણતાની શંકા કર્યા કરવી એ તો છે રજોગુણનાં અસંતોષ તથા લોભવૃત્તિ. ગીતામાં કહ્યું છે કે:

**मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतस: ।**
**राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिता: ॥**

અ ૯-૧૨

ખોટી (ગજા ઉપરાંતની, નિષ્ફળ જાય એવી, અસંભવિત અને અશક્ય) આશા રાખનારાઓ (એ પ્રમાણે) વ્યર્થ કર્મ કરનારાઓ, (એને માટેના) વ્યર્થ જ્ઞાન (સમજણ) વાળાઓ (સાચા જ્ઞાન વિનાના એટલે) જડબુદ્ધિવાળાઓ (મોહ ઊપજાવે એવી) મોહિની (મહામાયા) પ્રકૃતિ જે રાક્ષસી અને આસુરી છે એનો આશ્રય લેનારા હોય છે.

આમાં પ્રકૃતિને 'મોહિની' કહી છે; કારણ કે એ જ મોહ પમાડનારી માયા છે. ભગવાન્ વિષ્ણુએ મોહિની (સ્ત્રી) સ્વરૂપ ધારણ કરીને રાક્ષસોને અમૃત કલશ માટે મુગ્ધ કર્યા હતા. આ મોહિની એવી છે કે પરમ તત્ત્વમાં પણ અપૂર્ણતા દેખાડે છે; આત્મ-બ્રહ્મ-અધિષ્ઠાન એક અને અદ્વિતીય છે, અદ્વૈત સ્વ-રૂપ છે, એમ ન માનવા દેતાં લોક-લોકાન્તરવાળા બ્રહ્માંડને સત્ય મનાવે છે. સંસારમાં મોહ રખાવીને

ઉન્નતિને બ્હાને રજોગુણપ્રધાન સત્ત્વગુણવાળી સિદ્ધિ અને ચમત્કારની વાસનામાં ફસાવે છે. એ મોહિની એટલે જ સ્વભાવ કે પ્રકૃતિ અને એ જ માયા, અવિદ્યા, અજ્ઞાન જે કહો તે. વિરક્ત સાધકે તો શ્રદ્ધા અને ભક્તિથી આત્માની પૂર્ણ ભાવમય મનોવૃત્તિ કેળવવાની છે. ગંગા એ માર્ગે સરળતાથી ચઢી ગઈ છે; આત્મસુખની ભોક્તા બની છે, એને રહસ્યોનું વિજ્ઞાનશાસ્ત્ર સમજીને કરવું છે શું ? સાકર હાથમાં આવી, મોંમાં મૂકી, મધુરતા ચાખી, શરીરમાં મિશ્ર બની ગઈ, લાભ થયો, પછી એ શેની બનેલી છે, જેમાંથી બની તે પદાર્થ કયા દેશમાં નીપજે છે, સાકર બનાવવાનો વિધિ શું છે, એમાં કેટલી જાતભાત છે, એ કેમ મેળવાય–એવી ભાંજગડમાં પડવાની જરૂરત જ ક્યાં રહી?

"ગંગા! મેં કહ્યું તેમ તું જે કરે છે તે મને સર્વોત્તમ લાગે છે. સાધન સરળ છે, સુખકર છે, શાંતિદાયક છે; સમજણ સાચી છે, તેથી મારે એમાં કશું નવું કહેવા શીખવવા જેવું નથી, કાંઈ જ બાકી નથી એમ કહું તો પણ ચાલે."

મેં એને અનુમોદન અને પ્રેરણા આપે એવું કહી નાંખ્યું, એની શ્રદ્ધા દૃઢ થાય, અનુભવની સત્યતા સમજાય એટલું જ એને માટે યોગ્ય હતું એમ મને લાગ્યું.

"પિતાજી! આપની કૃપા નિરંતર મારા ઉપર આવી ને આવી જ રહેજો એટલી મારી પ્રાર્થના છે. આ બાળકીને ન ભૂલશો, બને તો આ તરફ આવીને દર્શનસેવાનો લાભ જરૂર આપશો. સ્મરણ માત્રથી પણ અમારી સંભાળ રાખજો; આપનાં જ બાળકો છીએ એ ભૂલશો નહિ ! પિતાજી ! હું ગરીબ કન્યા વધારે શું કહું ?"

કશું વિશેષ બોલવાની આવશ્યકતા જ નહોતી રહી. અને એટલી વારમાં તો ભીમપુરીએ આવીને ગંગાને કહ્યું :

"ભિક્ષા કરાવી સ્વામીજીને? બેસવું છે કે હવે ઘેર જશું? પિતાજી!"

"ના, હવે નથી બેસવું; ચાલો ઘેર જઇએ." હું બોલ્યો એટલે બધાં ઘર તરફ જવા ઊપડયાં. કશી વધારે વાત ન થઈ. હું મેડા ઉપર ગયો. ગંગા ફાનસ લાવી.

"પિતાજી! આરામ કરવો છે કે અમે બધાં ઉપર આવીએ?" એણે પૂછ્યું.

"ના, હવે તો આરામ કરવાનું મન થાય છે. ત્યાં ઘણું બેઠાં આજ; સવારે હું જવાનો છું એટલું ધ્યાનમાં રાખજે." મેં જવાની વાત કહી, એથી જાણે એના ઉપર વજ્રપ્રહાર થયો હોય એમ લાગ્યું.

"જશો જ? બાપજી! નહિ રોકાઓ બેએક દિવસ?" બોલતાં બોલતાં એ ત્યાં જ બેસી ગઈ.

"ગંગા! હવે શા માટે મને તમે બધાં રોકો છો? મારે બીજે ઘણે ઠેકાણે જવાનું છે. કાલ સવારે જાઉં જ હવે તો. ભવિષ્યની વાત પરમાત્મા જાણે. તમારાં બધાંનો અકસ્માત્ પરિચય થયો તેથી બહુ આનંદ થયો." હું બોલ્યો એટલે ગંગાએ ભીમપુરીને બૂમ મારીને ઉપર બોલાવ્યો. મારો જવાનો નિશ્ચય એને કહ્યો; વિશેષ ન બોલતાં "ઠીક, બાપજી! જેવી આપની ઇચ્છા!" એમ કહીને બંને નીચે ગયાં. હું પથારી પર નિદ્રાદેવીની કૃપા મેળવવા લાંબો થયો.

મઝાની ઊંઘ આવી. સવારે ઊઠ્યો; દાતણપાણીથી પરવારીને ચા પીધી. ભીમપુરીએ આવીને મને આપવા માટેનાં સ્વ. મોહનાનંદજીનાં પુસ્તકો બાંધ્યાં; હું નાહીધોઇને તાજાં બનાવેલાં પુરીશાકનો નાસ્તો કરીને નીચે આંગણામાં આવ્યો. હૃષીકેશ સુધી પહોંચાડવા ભીમપુરી તૈયાર થયો. પુસ્તકોમાંથી યથાયોગ્ય ઉપયોગ કરવાનું, અને એમને

વિષેની કોઇ જાણવા જેવી હકીકત હોય તો જણાવવાનું ગંગાએ કહ્યું જેનો મેં સ્વીકાર કર્યો; ગંગા નીચે નમીને, ભક્તિપૂર્વક ચરણસ્પર્શ કરતાં કરતાં ગળગળી બની ગઈ; એની આંખોમાં સાત્ત્વિક અશ્રુપ્રવાહ હતો. બધાંયે પ્રણામ કર્યા. હું અને ભીમપુરી રસ્તે ચડ્યા.

હવે રસ્તો ભૂલી જવા જેવું કશું બને એમ નહોતું. બારેક વાગે હૃષીકેશ પહોંચ્યા. ભીમપુરી ખૂબ જ પ્રેમથી દંડવત્ પ્રણામ કરીને 'કૃપા રાખજો' એટલું જ બોલીને ઘેર રવાના થયો.

આ અકસ્માત્ પ્રસંગોમાં એક પરિવ્રાજક ભેટ્યા. કૃપાપાત્ર શિષ્યા ગંગા મળી; અનન્ય સેવક ભીમપુરીનું ઓળખાણ થયું. ગૃહસ્વામિની શિવાનો સેવાભાવ જોયો; અને એ બધું જાણે એક પરિવ્રાજકના શેષ જીવનની અલૌકિક બ્રહ્મલીલા! ૐ

●

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૧૪ | શંકર | શાંકર |
| ૭ | ૧૪ | પહેરે | પહેરે, |
| ૮ | ૬ | નાનકદેવ. | નાનકદેવ, |
| ૧૭ | ૨૨ | અટલે | એટલે |
| ૨૧ | ૫ | અમારે | અમારો |
| ૨૨ | ૧૩ | મહાત્મ્ય | માહાત્મ્ય |
| ૨૨ | ૨૭ | મંથન | મંથન થાય |
| ૨૩ | ૧૫ | સાસંગ | સત્સંગ |
| ૨૬ | ૧૫ | પ્રાણસ્થૂલ | પ્રાણ સ્થૂલ |
| ૨૬ | ૧૬ | ધમનની | ધમણની |
| ૨૬ | ૨૦ | અકસ્થત | અકસ્માત્ |
| ૨૭ | ૧૮ | કેટકેલી | કેટકેટલી |
| ૨૭ | ૨૫ | નીચે જોઇ એ | નીચે જોઇએ |
| ૨૮ | ૧૦ | મન હોય | મન ન હોય |
| ૨૮ | ૧૩ | શા માટે | શા માટે ? |
| ૨૯ | ૨૪ | ધર્મ-શાળામાં | ધર્મ-શાળાની |
| ૨૯ | ૨૭ | ખાશ | ખાસ |
| ૩૦ | ૨૭-૨૮ | વધારો ન કટતા | વધારે નિકટતા |
| ૩૨ | ૧૭ | અમા | એમાં |
| ૩૨ | ૧૮ | વાત ? | વાત થાય ? |
| ૩૨ | ૨૨ | ન્રે | ન્રૈ |
| ૩૩ | ૧૭ | મનતોડ | તનતોડ |
| ૩૪ | ૨૪ | વિતક | વીતક |
| ૩૭ | ૧ | લાગ્યે; | લાગ્યો; |
| ૩૭ | ૨. ૪ | અકસ્માત્ | અકસ્માત |
| ૩૮ | ૧૯ | એઓ | એવો |
| ૩૯ | ૧ | સ્વપનની | સ્વપ્નની |
| ૪૦ | ૧૨ | ખાશ | ખાસ |
| ૪૨ | ૨૪ | એહીં | અહીં |
| ૪૩ | ૨૨ | કલાલ | કલાક |
| ૪૪ | ૧૯ | પ્રર્થના | પ્રાર્થના |
| ૪૪ | ૨૦ | દત્તાત્રયે | દત્તાત્રયે |
| ૪૪ | ૨૨ | વિવેચક | વિવેચન |
| ૪૫ | ૧૨ | ધર્મનિતિ | ધર્મનીતિ |
| ૪૫ | ૨૧ | ઇશ્ર | ઇશ્વર |
| ૪૬ | ૮ | વિકસવે | વિકસાવે |
| ૪૬ | ૧૧ | મનમાંની | મનમાની |
| ૪૭ | ૩ | પેડ઼ | પેડ઼ો |

| પૃષ્ઠ | પંક્તિ | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|
| ૪૮ | ૨૭ | ભક્ષા | ભિક્ષા |
| ૬૪ | ૬ | જન્માનું | જન્મનું |
| ૭૦ | ૧૦ | ભા કરે | ઊભા કરે |
| ૮૧ | ૨૩ | આમ | આપ |
| ૯૨ | ૧૩ | ગંગાજીની | ગંગાની |
| ૯૭ | ૩ | વાહલસોઇ | વ્હાલસોઇ |
| ૧૦૬ | ૧૮ | એકે એક | એક એક |
| ૧૧૨ | ૧૫ | ચિતામાં | ચિંતામાં |
| ૧૪૦ | ૨૨ | ગંગા | ગંગા ! |
| ૧૮૪ | ૧૨ | બિભત્સ | બીભત્સ |
| ૧૮૬ | ૧૩ | બાધની | બધાની |
| ૧૮૬ | ૧૪ | માંષયો | માંડયો |
| ૧૯૩ | ૪ | એના | એવા |
| ૨૦૯ | ૧ | એમાંથીકશું | કશું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|
| ૨૧૬ | ૧૬ | જંવનો | જવાનો |
| ૨૨૩ | ૧૮ | આપણા | આપણે |
| ૨૨૬ | ૭ | ક હારી | કૈંક હારી |
| ૨૩૮ | ૫ | સ્વ. | સ્વા |
| ૨૩૯ | ૪ | સ્વ | સ્વા. |
| ૨૪૧ | ૨ | એમાં | એમ |
| ૨૪૩ | ૨૨ | ૨વ | સ્વા. |
| ૨૪૬ | ૧૭ | નિદોર્ષ | નિર્દોષ |
| ૨૪૯ | ૬ | એટલે | અને |
| ૨૪૯ | ૧૬ | અનો | એનો |
| ૨૫૧ | ૧૯ | પ્રાઢ | પ્રૌઢ |
| ૨૫૬ | ૧૦ | વાત | સાત |
| ૨૬૧ | ૧૩ | સાંભળીને | સંભાળીને |
| ૨૬૩ | ૨૪ | મને | મન |
| ૨૮૧ | ૧૦ | તમો ણ; | તમો ગુણ; |